[૧૯૪૨ - 1942]

(1)

કિંમત ત્રણ આના | શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર | Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૭-૧૮

મુંબઇ : ૧૫ જાન્યુઆરી ૧૯૪૨ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૨

## કર્મક્ષય અને પ્રવૃત્તિ

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજતમહોત્સવ પ્રસંગે તે સંસ્થાની કાર્યવાહક સમિતિ તરફથી એક સુન્દર અને સુશોભિત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ બહાર પાડવામાં આવ્યો છે. આ ગ્રંથમાં જુદા જુદા વિદ્વાન લેખકોના ગુજરાતી, અંગ્રેજી તેમજ હિંદી લેખોનો સંગ્રહ તેમજ તે સંસ્થાની આજ સુધીની કાર્યવાહીનો [illegible]વાર વૃતાન્ત સંગ્રાહિત કરવામાં આવેલ છે. તેની કીંમત રૂા. ૩) (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે અને સૌ કોઇ જિજ્ઞાસુ ભાઇ બહેનોએ તે ગ્રંથ વસાવવા લાયક છે. મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાંથી એ ગ્રંથ મળી શકશે. એ ગ્રંથના પ્રારંભમાં આવેલો કિશોરલાલ ઘ. મશરૂવાળાનો 'કર્મક્ષય અને પ્રવૃત્તિ' એ મથાળા નીચે એક મનનીય લેખ અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. પરમાનંદ)

એક સજ્જન મિત્ર લખે છે. "કેટલાક સાધુઓ કહે છે કે કર્મનો સંપૂર્ણ ક્ષય થયા વિના મોક્ષ સંભવતો નથી, અને કર્મથી નિવૃત્ત થયા વિના કર્મક્ષય સંભવતો નથી માટે નિવૃત્તિ માર્ગ જ આત્મજ્ઞાન અથવા મોક્ષનો માર્ગ છે, કેમકે જે કાંઇ કર્મ કરવામાં આવે તેનું ફળ અવશ્ય થવાનું જ એટલે કે જ્યાં સુધી મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત રહેશે ત્યાં સુધી, ભલે તે અનાસક્તિથી કરતો હોય તોય, કર્મફળનાં ભારથી મુક્ત નહિ થઇ શકે. તેથી, કર્મબંધનનું આવરણ હઠવાને બદલે ઉલટુ ધાટું થશે. પરિણામે તેની સાધના ખંડિત થશે. લોકકલ્યાણની દૃષ્ટિએ ભલે અનાસક્તિવાળો કર્મયોગ ઇષ્ટ હોય, પણ તેથી આત્મજ્ઞાનની સાધના સફળ નહિ થાય આ વિષે તમારા વિચાર જાણવા ઇચ્છું છું."

મારા નમ્ર મત પ્રમાણે કર્મ શું, કર્મનું બંધન અને ક્ષય શું, પ્રવૃતિ અને નિવૃતિ શું, આત્મજ્ઞાન અને મોક્ષ શું, વગેરેની આપણી કલ્પનાઓ ઘણી અસ્પષ્ટ હોવાથી આ બાબતમાં આપણે ગુંચવાઈ જઇએ છીએ અને સાધનોમાં ગોથાં ખાઇએ છીએ.

આ બાબતમાં પહેલાં એ સમજી લેવું જોઇએ કે શરીર, વાણી કે મનની ક્રિયામાત્ર એટલે કર્મ, એવો જો અર્થ લઇએ તો જ્યાં સુધી દેહ છે. ત્યાં સુધી કર્મ કરવાનું સાવ છોડી દેવું શક્ય જ નથી. કથાઓમાં આવે છે તેમ કોઇ મુનિ સો વર્ષ સુધી નિર્વિકલ્પ સમાધિમાં નિશ્ચેષ્ટ થઇને ભલે પડી રહે, પણ જે ક્ષણે તે ઉઠશે તે ક્ષણે તે કાંઇક પણ કર્મ કરવાનો જ. આ ઉપરાંત જો આપણી એવી કલ્પના હોય કે આપણું વ્યક્તિત્વ દેહથી પર જન્માંતર પામતું જીવરૂપે છે, તો તો દેહ વિનાયે તે ક્રિયાવાન્ રહેશે. જો કર્મથી નિવૃત્તિ થયા વિના કર્મક્ષય થઇ શકે એમ ન હોય તો કર્મક્ષય થવાનો કયારેયે સંભવ નથી એમઅર્થ થાય.

માટે નિવૃત્તિ અથવા નિષ્કર્મતાનો અર્થ સ્થૂળ નિષ્ક્રિયતા સમજવામાં ભૂલ થાય છે. નિષ્કર્મતા સૂક્ષ્મ વસ્તુ છે. તે આધ્યાત્મિક એટલે બૌદ્ધિક, માનસિક, નૈતિક, ભાવના (લાગણી) વિષયક અને એથીયે પર બોધાત્મક (સંવેદનાત્મક) છે. क, ख, ग, घ, ચાર જણા प, फ, ब, भ, ચાર ભૂખ્યાઓને સરખું અન્ન આપે છે. ચારે બાહ્યકર્મ કરે છે અને ચારેને સરખી સ્થૂળ તૃપ્તિ થાય છે. પણ क લોભથી આપતો હોય, ख તિરસ્કારથી આપતો હોય. ग પુણ્યેચ્છાથી આપતો હોય घ આત્મભાવથી સહજપણે આપતો હોય, તેમજ प દુઃખ માની લેતો હોય, फ, મહેરબાની માની લેતો હોય, ब ઉપકારક ભાવે લેતો હોય, અને भ મિત્રભાવે લેતો હોય. આવા ભેદોને પરિણામે અન્નવ્યય અને ક્ષુધાતૃપ્તિરૂપી બધાનું બાહ્ય ફળ સરખું હોવા છતાં કર્મના બંધન અને ક્ષયની દૃષ્ટિએ ઘણો ફરક પડી જાય છે. તેજ પ્રમાણે क. ख. ग., घ પાસે प, फ, ब, भ, અન્ન માંગે છે અને ચારે જણ તેમને ન જમાડે તેમાં કર્મથી સરખી પરા વૃત્તિ છે; અને ચારેની સ્થુળ ભૂખપર સરખું પરિણામ થાય છે. છતાં, ન જમાડવાની કે ન પામવાની પાછળની બુદ્ધિ, લાગણી, નીતિ, સંવેદના વગેરેના ભેદથી એ કર્મપરાવૃત્તિથી કર્મનાં બંધન અને ક્ષય સરખા નહિ થાય. ત્યારે, અહીં પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાથે પરાવૃત્તિ અને વૃત્તિ શબ્દ પણ યાદ રાખવા જેવા છે. પરાવૃત્તિ એટલે નિવૃત્તિ નહિ, પણ ઘણા ખરા લોક પરાવૃત્તિને જ નિવૃત્તિ માની બેસે છે અને વૃત્તિ અથવા વર્તન એટલે પ્રવૃત્તિ નહિ, પણ ઘણા ખરા લોકો વૃત્તિને જ પ્રવૃત્તિ સમજે છે. વૃત્તિ એટલે માત્ર વર્તવું. પ્રવૃત્તિ એટલે ખાસ જાતના આધ્યાત્મિક ભાવોથી વર્તવું. પરાવૃત્તિ એટલે વર્તનનો અભાવ. નિવૃત્તિ એટલે વૃત્તિ તેમજ પરાવૃત્તિ સંબંધી પ્રવૃત્તિથી જુદા પ્રકારની એક વિશેષ પ્રકારની આધ્યાત્મિક સંવેદના. હવે કર્મબંધન અને કર્મક્ષય વિષે ઘણાના મનમાં કાંઇક એવો ખ્યાલ રહેલો લાગે છે કે કર્મને નામે જાણે દરેક પાસે એક જાતની પુંજી છે. પાંચ હજાર રૂપીઆ પેટીમાં મૂકી રાખ્યા હોય અને તેમાં કાંઇ ઉમેરો ન થાય, પણ ખર્ચાયા કરે તો બે–ચાર વર્ષ કે પચીસ વર્ષે પણ છેવટે તે ખૂટી જવાના. પણ જો માણસ તેને ધંધામાં રોકે તો તેમાં વધઘટ થવાની અને સંભવ છે કે પાંચ હજારના લાખ થઇ જાય અને લાખ ન થતાં ઊલટું દેવું થઇ જાય, તો તે ખોટ પણ ચિંતા અને દુઃખ ઉત્પન્ન કરે. સામાન્ય રીતે માણસો આવી ચિંતા અને દુઃખના સંભવથી ગભરાતા નથી અને લાખ થવાના

### 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકો પ્રત્યે

'પ્રબુદ્ધ જૈન'ના કાર્યવાહકો શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજત મહોત્સવમાં ખૂબ રોકાયેલા હોવાના કારણે પહેલી જાન્યુઆરીએ 'પ્રબુદ્ધ જૈન'નો અંક પ્રગટ થઇ શકયો નથી. જાન્યુઆરીની પંદરમી તારીખ બહુ નજીક આવે છે. તેથી બન્ને અંક એક સાથે પ્રગટ કરવામાં આવે છે. હવે પછીનો અંક ફેબ્રુઆરીની પહેલી તારીખે પ્રગટ કરવામાં આવશે. **તંત્રી 'પ્રબુદ્ધ જૈન'**

સંભવથી નાખુશ થતા નથી. તેઓ રૂપીઆનો ક્ષય કરવા ઇચ્છતા નથી અને રૂપીઆના બંધનમાં પડવાથી ત્રાસ પામતા નથી. નિવૃત્તિમાર્ગી સાધુઓ પણ મંદિરોમાં અને પુસ્તકાલયમાં વધતા પરિગ્રહથી ચિંતાતુર થતા નથી. પણ કર્મનામની પુંજીને આપણે એવી કલ્પી છે કે તે જાણે એક પોટલું હોય અને તે ખોલી નાંખી જેમ બને તેમ ખૂટાડી દેવામાં જ શ્રેય હોય, કર્મોનો વેપાર કરી તેમાંથી લાભ ઉઠાવવામાં નહિ. કર્મને પુંજીની જેમ સમજવાથી તેને ખૂટાડવાની આવી કલ્પના ઉઠી છે. પણ કર્મનો વળગાડ રૂપીઆની પોટલી જેવો નથી અને વૃત્તિ-પરાવૃત્તિ (અથવા સ્થુળ પ્રવૃત્તિ નિવૃત્તિ) થી એ પોટલી ઘટતી વધતી નથી. જગતમાં કોઈ પણ ક્રિયા થાય, જાણ્યે થાય કે અજાણ્યે થાય તે વિવિધ પ્રકારના સ્થુળ અને સૂક્ષ્મ પરિણામો એકી વખતે કે જુદે જુદે વખતે તુર્ત જ કે કાળાંતરે, એક સામટાં કે રહી રહીને ઉપજાવે છે. એ પરિણામો પૈકી એક પરિણામ તે કર્મ કરનારના જ્ઞાન અને ચારિત્રની ઉપર કોઇક જાતની રજ જેટલીયે અસર ઉપજાવવી તે થાય છે. કરોડો કર્મોની એવી કરોડો અસરોને પરિણામે દરેક જીવનું જ્ઞાન-ચારિત્રનું વ્યક્તિત્વ ઘડાય છે. એ ઘડતર જો ઉત્તરોત્તર શુદ્ધ થતું જાય-વધારેને વધારે જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય ઇત્યાદિ પ્રત્યે ઢળતું જાય તો તેના કર્મનો ક્ષય થાય છે એમ કહેવાય. જો તે ઉત્તરોત્તર અશુદ્ધ થતું જાય,-અજ્ઞાન, અધર્મ રાગ ઇ. પ્રત્યે વધતું જાય તો તેના કર્મનો સંચય થાય છે એમ કહેવાય. આમ કર્મોની વૃત્તિ પરાવૃત્તિ નહિ, પણ કર્મની જીવના જ્ઞાન-ચારિત્ર પર થતી અસર તે બંધ અથવા મોક્ષનું કારણ છે. જીવન દરમિયાન મોક્ષ એટલે એવી એક ઉચ્ચ સ્થિતિનો આદર્શ કે જે સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિના જ્ઞાન-ચારિત્ર પર એવી અસર ઉપજી જ ન શકે કે જેથી તેમાં ફરીથી અશુદ્ધિ પેસી શકે. આ માટે કરવાનાં કર્મોનો વિવેક તો જરૂર કરવો પડે. દા. ત. અપકર્મ ન કરાય; સત્કર્મ જ કરાય. કર્તવ્યરૂપ કર્મ કરવાં જ જોઇએ. અકર્તવ્ય કર્મો છોડવાંજ જોઇએ. ચિત્તશુદ્ધિમાં મદદગાર એવા દાન, તપ અને ભક્તિના કર્મો કરવાં ઘટે વગેરે. તેજ પ્રમાણે કર્મો કરવાની રીતમાં યે વિવેક કરવો પડે. જેમ કે જ્ઞાનપૂર્વક કરવાં; કાળજીપૂર્વક કરવાં; સત્ય, અહિંસા આદિ નિયમો સંભાળીને કરવાં; નિષ્કામપણે અથવા અનાસક્તિથી કરવાં વગેરે. પણ કર્મોથી પરાવૃત્ત થવાથી કર્મક્ષય થાય છે એ કલ્પના ભૂલ ભરેલી છે. કર્તવ્યરૂપ કર્મથી પરાવૃત્ત થવાથી કદાચ સકામપણે અથવા અથવા આસક્તિથી કરેલાં સત્કર્મોથી વધારે કર્મ બંધ થવાનો પૂરો સંભવ છે.

આની વધારે સવિસ્તર ચર્ચા માટે "ગીતા-મંથન" વાંચવા વિનંતિ છે. **કિશોરલાલ ઘ. મશરૂવાળા**

## પં. જવાહિરલાલનું એક નિવેદન

(છેલ્લા ડીસેંબર માસ દરમિયાન લંડનના 'ન્યુસ ક્રોનીકલ' ઉપર પંડિત જવાહિરલાલ નહેરૂએ એક નિવેદન મોકલ્યું હતું. તે હિંદી રાજકરણને બહુ સ્પષ્ટ કરતું હોવાથી અનુવાદિત કરીને નીચે આપવામાં આવે છે. તંત્રી.)

'ન્યુસ ક્રોનીકલ'ના સદ્ભાવભર્યા સંદેશા માટે હું બહુ આભારી છું અને તરેહતરેહના તરંગો મનને ભમાવી રહ્યા છે અને હિંદી પ્રજા અને અંગ્રેજ સરકાર વચ્ચેનો સંબંધ અતિશય તંગ બનેલો છે તેવા કપરા સમયમાં હિંદની માંગણીઓ પ્રત્યે અનેક અંગ્રેજ મિત્રો તરફથી દર્શાવાતી લાગણીભરી સહાનુભૂતિની હું કદર કરું છું. જુદા જુદા દેશોમાં વસતા વિચારકોમાંથી થોડાએકનો પણ સાથ બહુ અગત્યનો છે અને મનને સંકુચિત બનતું અટકાવવામાં મદદરૂપ બને છે.

આજના હિંદનું અવલોકન કરતાં અંગ્રેજી રાજ્યકારભારની પદ્ધતિ સામે પ્રજાના સર્વવર્ગોમાં અતિશય ઉંડી શત્રુવટ વ્યાપેલી દેખાય છે. આ શત્રુવટ ભૂતકાળના અને વર્તમાનકાળના ઇતિહાસનું સ્વાભાવિક પરિણામ છે, પણ અંગ્રેજ સરકારની આજની રાજ્યનીતિએ અને તેના પ્રતિનિધિઓનાં ભિન્ન ભિન્ન વક્તવ્યોએ આ શત્રુવટને વધારે ઉગ્ર બનાવી છે. લોકોના મન ઉપર આજ બાબત પ્રધાનપણે ઉભેલી છે અને અનેક વ્યક્તિઓને હલાવી રહેલા વધારે વિશાળ ખ્યાલો પ્રજાની દૃષ્ટિમાં ગૌણ સ્થાન ધરાવે છે.

અમારી અંદર અંદર મોટા મતભેદો છે એ વાત સાચી છે, પણ સાથે સાથે એ પણ એટલું જ સત્ય છે કે અમારી વચ્ચે બીજું ઘણું મોટું વિચારસામ્ય છે, જે વધારે અગત્યનું છે અને દુરંદેશી રાજનીતિજ્ઞોની આ વિચારસામ્યને અને આ સર્વસામાન્ય ભૂમિકાને વધારે જોર અને પ્રેરણા આપવાની ફરજ હતી. આને બદલે અંગ્રેજી રાજ્યસત્તા તદ્દન આપખુદ, પરદેશી અને જુલ્મી તો છે જ પણ એ ઉપરાંત એ સત્તાએ હિંદુસ્થાનમાં પક્ષભેદો ઉભા કરવામાં અને ઉત્તેજવામાં સૌથી વધારે ફાળો આપ્યો છે. આ પરિસ્થિતિનો સામનો માત્ર સરકાર સાથે અસહકાર કરવાથી જ થઇ શકે. કારણ કે આજે તો રાષ્ટ્રવાદજ પ્રજાસમુહમાં સૌથી મોટામાં મોટું પ્રેરક બળ બનેલું છે. ભલે કેટલીક વ્યક્તિઓ વધારે વિશાળ દૃષ્ટિબિન્દુઓથી પ્રેરાઇને અસહકારની નીતિમાં ફેરફાર કરવો જોઇએ એમ ઇચ્છે. પણ તેઓ લોકોના દિલમાંથી અંગ્રેજ સરકાર અને તેમણે ઉભા કરેલા રાજ્યબંધારણ પ્રત્યેની ઉંડી શત્રુવટ અને અવિશ્વાસની લાગણીને દૂર કરી શકતા નથી. આ શત્રુવટ અને અવિશ્વાસની લાગણી તો જ્યારે આખા દૃષ્યમાં પરિવર્તન થાય અને જુની વિશ્વવ્યવસ્થા હંમેશના માટે વિદાય લઇ રહી છે એવી સુખદ પ્રતીતિ થાય ત્યારે જ ઘટવાનો સંભવ રહે છે.

લડાઇ પુરી થયા બાદ શું કરવામાં આવશે તે સંબંધે ગમે તેટલી ખાત્રી અને આશા આપવામાં આવે તો પણ જુની દુનિયાનો અન્ત આવે છે એવી પ્રતીતિ ઉભી થઇ શકે તેમ નથી. કારણ કે આજે લોકોને શબ્દોમાં શ્રદ્ધા રહી નથી. આજે જે નજર સામે બની રહ્યું છે તે જ ખરૂં મહત્વનું છે. આટલાંટિકનો ઢંઢેરો હિંદુસ્થાનને લાગુ પાડવામાં આવે તેથી કશો ફેર પડવાનો નહોતો. એમ છતાં પણ હિંદુસ્થાનને તેથી બહાર રાખવામાં આવ્યું છે એ હકીકત ભારે સૂચક છે અને અંગ્રેજી રાજ્યનીતિ કયા સિદ્ધાન્તો ઉપર ઉભી છે તે મધ્યાહ્નના સૂર્યની માફક સ્પષ્ટ કરે છે. જો કે આમો માનીએ છીએ કે સંખ્યાબંધ નાનાં રાષ્ટ્રોના સ્વતંત્ર અસ્તિત્વના દિવસો ગયા છે અને ચોક્કસ મૂળભૂત સિદ્ધાન્તો ઉપર સ્વતંત્ર પ્રજાઓ વચ્ચે વિશ્વવ્યાપી સહકારની કોઇ યોજના ઉભી થવી જ જોઇએ, એમ છતાં પણ હિંદની આઝાદીમાં જ અમને અત્યારે વાસ્તવિક રસ છે. શ્રી એચ. જી વેલ્સે રજુ કરેલી માનવીની સર્વ સામાન્ય હક્કોની જાહેરાત કેટલાક ઉમેરા સાથે આવકારદાયક છે એમ મારા પુરતું હું જરૂર કહી શકું.

હિંદુસ્થાન કોઇ પણ શહેનશાહતની અન્તર્ગત કોઇ પણ સ્થાન-પછી એ સ્થાનને ગમે તેવું શોભાભર્યું નામ આપવામાં આવે તોપણ-સ્વીકારશે નહિ. હિંદુસ્થાન એક મહાન પ્રજા છે અને એક પવિત્ર માતૃભુમિ છે કે જેણે ભૂતકાળમાં એશીઆના અનેક પ્રજાગણો ઉપર ભારે સંસ્કારછાપ પાડી છે. તે કાંઇ

અન્ય પ્રજાવૃક્ષની શાખારૂપ એક વસાહત નથી. તે દુનિયાની સર્વ પ્રજાઓ સાથે સુખશાન્તિ અને સદ્‌ભાવપૂર્વક રહેવા અને જીવવા માંગે છે, એમ છતાં પણ જેની સાથે હજારો વર્ષની સંસ્કાર-ગ્રંથીથી તે જોડાયેલ છે તે પડોશીઓ પ્રત્યે અને ખાસ કરીને પૂર્વમાં ચીન અને બર્મા અને પશ્ચિમમાં ઇરાન અને બીજા દેશો પ્રત્યે હિંદુસ્થાન સ્વાભાવિક રીતે વિશેષ મમતા ધરાવે છે.

તેથી હિંદુસ્થાનની આઝાદી સ્વીકારવી અને અંગ્રેજ સરકારની ઓગસ્ટની અળખામણી જાહેરાતને અને એવી બીજી સર્વ જાહેરાતોને કચરાની ટોપલીમાં ફેંકી દેવી એ સૌથી વધારે અગત્યનું છે. તો અને ત્યારે જ અમારા ભૂતકાળના સંબંધના ભયાનક અને પ્રાણશોષક વારસામાંથી અમે છુટી શકીએ અને મિત્રદાવે એકમેક હાથ મીલાવી શકીએ.

હું સમજી શકું છું કે જ્યારે દુનિયાને એકત્ર રાખનાર તત્ત્વો ખળભળી ઉઠયા છે ત્યારે રાષ્ટ્રીય મુદ્દાઓ ઉપર જ આપણું બધું ધ્યાન એકત્રિત કરવું ન જોઇએ અને આખા દૃષ્યને સમગ્રપણે નિહાળવું જોઇએ. આ વિગ્રહમાંથી આપણને ગમે ન ગમે એવી અનેક બાબતો ઉભી થાય છે અને જે બાબતો તરફ આપણને પક્ષપાત હોય તેને બનતો ટેકો આપવા જેટલું જ કર્તવ્ય આપણે હાથ ધરવાનું રહે છે. આ લડાઇ જીતાવી જોઇએ એટલું કહેવું બસ નથી, પણ આજનો વિગ્રહ જે હેતુઓ સિધ્ધ કરવા માટે ચાલી રહ્યો છે તે હેતુઓ પણ સિધ્ધ થવા જ જોઇએ અને તે માટે તે હેતુઓ સ્પષ્ટપણે રજુ થવા જોઇએ અને તે દિશાએ અત્યારે શકય હોય તેટલું અમલમાં મુકાવું જોઇએ. કોંગ્રેસનો આ મુદ્દો એક સરખો કાયમ રહ્યો છે અને આજે પણ એજ મુદ્દો કોંગ્રેસ આગળ ધરે છે.

અમારામાંના કેટલાક વધારે વિશાળ મુદ્દાઓ ઉપર વધારે ભાર મુકવાનું ઇષ્ટ ગણે તો પણ જ્યાં સુધી હિંદની આખી રાજકીય ભૂમિકાનું પરિવર્તન ન થાય અને લોકવ્યાપી શત્રુવટ મૌલિક ફેરફારો વડે નાબુદ કરવામાં ન આવે ત્યાં સુધી અમારા એ પ્રયત્નો વંધ્ય જ રહેવાના. એ સૌ કોઇએ બરોબર સમજી લેવું જોઇએ કે કેટલાક રાજકીય કેદીઓની મુક્તિનો કશો જ અર્થ નથી. એ તો એક પ્રકારની ચેલેંજ છે કે જે દેશે ઉપાડી લેવી ઘટે છે.

આ વિગ્રહે રાષ્ટ્રીય વ્યવહારોમાં સશસ્ત્ર યુધ્ધ પાછળ રહેલી બેવકુફી અને અધર્મમયતાની પુરી પ્રતીતિ કરાવી છે. હું શાન્તિવાદી (Pecifist) નથી, પણ હું માનું છું કે સર્વ પ્રજાઓનું નિઃશસ્ત્રીકરણ વર્તમાન વિગ્રહના જાહેર થયેલા હેતુઓમાંનો એક હેતુ હોવો જોઇએ. મને બરોબર ભાસે છે કે આપણને ગમે કે ન ગમે પણ લડાઈ ચાલવાની જ છે અને એ સંબંધમાં ઉદાસીનભાવ ધારણ કરવો શકય જ નથી.

ઉપર સૂચવેલી ભૂમિકા સ્વીકારવામાં આવે તો એમ સહજ ફલિત થાય છે કે અમારે બને તેટલો ટેકો અને સહકાર આપવો જોઇએ. પણ ઉપરની ભુમિકા સ્વીકાર્યા સિવાય અને એ પગલાંઓ લીધા સિવાય સંગીન મદદ શકય નથી. ખાસ કરીને ચીન અને રશીઆ જે અમારા કેટલાએક આદર્શોના પ્રતિનિધિ છે અને જેમણે અસાધારણ ધૈર્ય દાખવ્યું છે અને ગમે તેટલાં બલિદાનો આપતાં પાછું વાળીને જોયું નથી તે બન્ને દેશના લોકો પ્રત્યેની અમારી સહાનુભૂતિ અને સાથ મારે વ્યક્ત કરવાં જોઇએ.

વિગ્રહના વર્તમાન બનાવો હિંદુસ્થાન સાથે અતલગનો સંબંધ ધરાવે છે અને રાજકીય અને માનસિક ભૂમિકા ક્ષણે ક્ષણે બદલાતી ચાલી છે. જ્યાં સુધી આજના હિંદ અને બ્રીટન વચ્ચેના સંબંધમાં પલટો આણવામાં ન આવે અને હિંદને સ્વતંત્ર જાહેર કરવામાં ન આવે અને સર્વ પ્રજાઓનો સમાન ભૂમિકાથી સહકાર મેળવવામાં ન આવે ત્યાં સુધી આજની વિષમ પરિસ્થિતિનું લોકોને સાચું ભાન આવવું મુશ્કેલ છે.

મૂળ લેખકઃ **પંડિત જવાહિરલાલ નેહરૂ**

અનુવાદકઃ **પરમાનંદ**

# 'મહાત્માજી સાથેનો મારો મતભેદ'

(ડીસેંબરની મધ્યમાં ભરાયેલ લખનૌ યુનીવર્સીટીના પદવીપ્રદાન સમારંભના પ્રસંગે શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચાર્યે વ્યાખ્યાન આપતાં ગાંધીજી સાથેના પોતાના મતભેદનું વિવરણ નીચે મુજબ કર્યું હતું. આજે ચાલી રહેલી જુદી જુદી વિચારધારાઓ યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે આ વિવરણ ધ્યાન ઉપર રાખવાની ખાસ જરૂર છે. પરમાનંદ)

રાષ્ટ્રીય રાજનીતિના અનુસંધાનમાં અહિંસાનો સિદ્ધાન્ત અને તેના અમલસંબંધે મારી અને મહાત્માજી સાથે મતભેદ પડયો છે એમ બેશક તમારા સાંભળવામાં આવ્યું છે. આ બાબત ચોતરફ ચર્ચાય છે અને લોકોને આ એક કુતુહલનો વિષય બનેલ છે. આ કુતુહલથી મારા સાંભળવા મુજબ તમે પણ મુકત નથી. કોંગ્રેસના કાર્યક્રમ સંબંધે અમારી વચ્ચે રહેલા મતભેદનું અહિં તમારી સમક્ષ વિવરણ કરવું યોગ્ય નથી તેમ ઇષ્ટ પણ નથી. પણ આજની પરિસ્થિતિમાં જે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉપસ્થિત થયા છે તેની તાત્ત્વિક ચર્ચા અહિં અસ્થાને નહિ ગણાય.

આજથી બાવીશ વર્ષ પહેલાં બંધારણપૂર્વકની પરિણામશૂન્ય હીલચાલના ચક્રાવામાંથી આપણને મહાત્માજીએ રસ્તો દર્શાવ્યો અને કોંગ્રેસને કબજે કરી. જો આપણી માગણી ન્યાયપૂર્ણ હોય અને તે માટે જરૂરી ભોગ આપવાને આપણે તૈયાર હોઇએ તો મહાત્માજીએ આપણને સમજાવ્યું કે પ્રતિપક્ષ આપણી માંગણી સરળપણે સ્વીકારવાને તૈયાર ન હોય અને તેનો વિરોધ પશુબળ સિવાય બીજા કોઇ ઉપાય વડે ટાળી શકાય તેમ ન હોય તો પણ આપણા દિલને ઘેરી વળતી નિરાશામાંથી છૂટવાનો એક માર્ગ છે. તેમણે આપણને અસહકાર અને સત્યાગ્રહના ઉપાયો શિખવ્યા અને અહિંસક આક્રમણના રસ્તાઓ બતાવ્યા, જેનો આપણે છેલ્લાં વીશ વર્ષથી ઠીક ઠીક સફળતાપૂર્વક ઉપયોગ કરતા આવ્યા છીએ. આ અનુભવે આપણને બાહ્ય સફળતાથી પણ વિશેષ કાંઇક આપ્યું છે. આપણામાં અપાર બળનું ભાન ઉત્પન્ન કર્યું છે અને આ ભાનની કીંમત સ્થૂળ સફળતા કરતાં પણ ઘણી વધારે છે; કારણ કે તેથી આપણે પરાજય અને નિષ્ફળતાનાં માઠાં પરિણામોથી બચી જઇએ છીએ અને ગમે તેવી પ્રતિકુલ પરિસ્થિતિ સામે ટકી રહેવાની આપણામાં તાકાત ઉદ્‌ભવે છે.

આમ છતાં પણ કોઇ પણ કાર્યસિદ્ધાન્તના અમલનું સ્વરૂપ ફરતા જતા સંયોગો મુજબ ફેરવતા રહ્યા સિવાય ચાલે જ નહિ. આ જટિલ વિશ્વમાં કોઇ પણ સિદ્ધાન્ત જરૂરી બાંધછોડ સિવાય અમલમાં મુકી શકાતો નથી અને તેમાં પણ જ્યારે આપણને માત્ર છુટી છવાઇ વ્યક્તિઓ સાથે નહિ, પણ નરનારીઓના વિપુલ સમુદાય સાથે વ્યવહાર કરવાનો હોય છે અને આપણા માથે એવા વિચિત્ર સંયોગો ઉભા કરવામાં આવ્યા હોય છે કે તેમાં કોઇ પણ સાધનનો સીધો અમલ શકય જ ન હોય ત્યારે તો ઉપર જણાવેલ બાંધછોડ અનિવાર્ય બની જાય છે.

હિંસાત્મક પધ્ધતિમાં આપણે પશુબળના ઉપયોગ વડે પ્રતિપક્ષનો નાશ કરીએ છીએ. વિરોધીનો અન્ત લાવીને આપણે

વિરોધને જીતીએ છીએ. અહિંસાત્મક પધ્ધતિમાં આપણે હૃદયપલટો કરીને વિરોધનો છેડો લાવીએ છીએ. આપણે પ્રતિપક્ષીને જીવતો રાખીએ છીએ પણ તેના વિરોધને નાબુદ કરીએ છીએ. આ હૃદયપલટો જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં સમજાવટથી સાધવામાં આવે છે. સમજાવટ શકય ન હોય ત્યાં આપણે આપણી જાત ઉપર આફત–યાતના–નોતરીએ છીએ અને માનસશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાન્તો મુજબ સામાના દિલમાં અસરકારક રીતે ઇષ્ટ વળણો ઉપજાવી શકીએ છીએ. પ્રતિપક્ષ મુંઝાઇ જાય, તદ્દન અસહાય બની બેસે અને પોતાનું બધું બળ ગુમાવી બેસે એવી ઉપરથી દેખાતી અહિંસક કાર્યપદ્ધતિ સત્યાગ્રહ નથી પણ હિંસક પધ્ધતિનો જ એક પ્રકાર છે. સત્યાગ્રહમાં આવા કોઇ સ્થૂળ ઉપયોવડે પ્રતિપક્ષને મુંઝવવાનો ઉદ્દેશ હોતો નથી. આપણે તો પ્રતિપક્ષની નૈતિક વૃત્તિ અને લાગણીઓને સ્પર્શીને અને તેનામાં રહેલી સત્યાભિમુખ દૃષ્ટિને જાગૃત કરીને તેનામાં એક એવું દુઃખસંવેદન ઉત્પન્ન કરવાનું રહ્યું, કે જેમાંથી તે સત્યાચરણ કરીને જ મુક્ત થઇ શકે. આ સિધ્ધાંતનો અમલ કરવા જતાં અને જે વાસ્તવિક સંયોગો વચ્ચે આપણે કાર્ય કરવાનું હોય છે તે ધ્યાનમાં લેતાં આપણી સામે અનેક મર્યાદાઓ અને નાની મોટી બાંધછોડ કરવી પડે તેવા નિમિત્તો આવીને ઉભાં રહેવાનાં. એ વાત તો લાંબા વખતથી સ્વીકારાયલી છે કે આપણે આન્તરરાષ્ટ્રીય સ્પર્ધા, લોભ અને વિગ્રહનો એકાએક અન્ત આણી શકીએ તેમ નથી. એ પણ લાંબા સમયથી સ્વીકારાયલું જ છે કે સમાજસ્વાસ્થ્યના વિરોધી તત્ત્વો સામે જાન માલના રક્ષણ માટે પશુબળના ઉપયોગની અપેક્ષા રહેવાની જ. એ પણ આપણી નજર સામે હતું જ કે આરોગ્ય અને તન્દુરસ્તી ખાતર પણ અહિંસાનો અમલ કરવા જતાં અનેક અપવાદો સ્વીકારવા પડશે જ. અહિંસાના અમલમાં આવી બાંધછોડો આપણે સ્વીકારીએ તેનો અર્થ એમ નથી કે આપણે અહિંસાના સિદ્ધાન્તનો જ સદન્તર ત્યાગ કરીએ છીએ. આપણી દૃષ્ટિ એક સરખી અહિંસા તરફ જ ઢળેલી હોય છે; પણ સાદી સમજ અને નરી વાસ્તવિકતાની ઉપેક્ષા કરીને આપણે એ સિધ્ધાન્તનું જ ખુન કરવા માંગતા નથી.

હિંદુસ્થાનનું રક્ષણ અમારામાંના કેટલાકની દૃષ્ટિએ આવો એક અપવાદ ગણવા યોગ્ય મુદ્દો છે. આ મુદ્દો આજ પહેલાં કોઇ પણ વખતે આવી રીતે આપણી સામે ઉપસ્થિત થયો ન હોતો, પણ આ અપવાદ આપણા લક્ષ્ય બહાર ન હતો. હવે વર્તમાન વિગ્રહ અને હિંદી સ્વાતંત્ર્ય સંબંધે અંગ્રેજી સરકારનું વળણ–આ બે કારણોને લીધે જે સંયોગો ઉભા થયા છે તે સંયોગો વચ્ચે રાષ્ટ્રરક્ષણનો પ્રશ્ન અને અહિંસાનો પ્રશ્ન આ બન્નેનો સમન્વય અશકય બનેલો હોય એમ લાગે છે. કોઇપણ યુદ્ધ સામે આપણે વિરોધ કરવો જ જોઇએ એવો સિદ્ધાન્ત ગાંધીજી આગળ ધરી રહ્યા છે. પણ અમારામાંના કેટલાકને લાગે છે કે એક તો હિંદુસ્થાનની અંગ્રેજી રાજ્યતંત્રમાંથી મુક્તિ અને બીજુ ન્યાયી હેતુઓ સિદ્ધ કરવા માટે કોઇ અમુક પક્ષમાં જોડાવું યોગ્ય છે કે નહિ એવી કોઇ પણ વિગતને ધ્યાનમાં ન લેતાં સમગ્ર યુદ્ધનો કોઈપણ કાળે અને કોઇપણ સંયોગોમાં વિરોધ કરવો આ બે ધ્યેયને એક સાથે પહોંચી વળવાની આજનું હિંદુસ્થાન તાકાત ધરાવતું નથી.

હિંદુસ્થાનનો રાજ્યવહીવટ સંપૂર્ણપણે આ લડાઇ દરમિયાન અને આ લડાઇના જ કારણે કામચલાઉ હિંદુ મુસલમાનોની એકત્ર બનેલી રાષ્ટ્રીય સરકારને સોંપાઇ જવો જોઇએ એ હિંદી પ્રજાની ખરેખર ન્યાયપૂર્ણ અને વ્યાજબી માગણી છે. જરૂરી કાર્યસાધકતાની દૃષ્ટિએ પણ આજનું બીનબંધારણીય અને આપખુદ મધ્યવર્તી અને પ્રાન્તીય સરકારી તંત્ર એક એવી કંગાળ અને જોખમી રચના છે કે કોઇપણ ભીષણ આક્રમણ આવતાં ગંજીપાના મહેલની માફક ભાંગીને ભુકો થતાં વાર લાગે તેમ નથી. હિંદની વ્યાજબી અને ન્યાયી માગણીનો ઇન્કાર કરીને બ્રીટન હિંદનો–રાષ્ટ્રીય મહાસભાના હિંદનો કે મોસ્લેમ લીગના હિંદનો, સ્વતંત્ર અને સ્વયંભૂ સહકાર મેળવી શકે તેમ નથી. આ સિવાય બીજા કોઈ પણ ધોરણે બળજોરીથી લેવું હોય તે સરકાર લઇ શકે છે પણ સહકાર તો મળે તેમ છે જ નહિ. કોંગ્રેસ અને મોસ્લેમ લીગ આ બાબતમાં સોએ સો ટકા એકમત છે અને કોઇ પણ શબ્દછળ વડે આ પરિસ્થિતિ બુદ્ધિમાનોની દુનિયાથી ગુપ્ત રહે શકે તેમ નથી. કોંગ્રેસ અને મોસ્લેમ લીગ વચ્ચે સમાધાન ભલે થયું ન હોય, પણ બ્રીટન સામે ઉભેલી ઉપર જણાવેલી હકીકત પરત્વે આંખ આંખ આડા કાન થઈ શકે તેમ છે જ નહિ.

એવા કેટલાક લોકો છે કે જેઓ આપણી અમુક દરખાસ્ત સ્વીકારવામાં આવી કે ન આવી તે બાબતને બહુ જ મહત્વ આપે છે. જે બ્રીટીશ સરકાર આપણા દેશમાં બળજોરીથી નિયામક સ્થાન ભોગવી રહેલ છે તે સરકારે આપણી અમુક દરખાસ્તની અવગણના કરી તેની તેની તેજ દરખાસ્ત ફરીને રજુ કરવામાં કેટલાક લોકો સ્વમાનની હાનિ સમજે છે. આપણા પ્રતિપક્ષે આપણી અમુક દરખાસ્ત સ્વીકારી જ નહિ તે જ દરખાસ્ત આજના સંયોગોમાં બીજી રીતે વ્યાજબી લાગતી હોય તો તે દરખાસ્ત આપણા પ્રતિપક્ષે તે એકવાર સ્વીકારી નહિ એટલાજ કારણસર હમેશને માટે રદ થયેલી ગણવી જોઇએ તેવો આગ્રહ અહિંસક રાજનીતિને સંમત હોઇ ન શકે. જો આપણને અહિંસાના મૂળભૂત તત્ત્વોમાં શ્રદ્ધા હોય તો આપણે આપણી ઓછામાં ઓછી માંગણીઓ નક્કી કરવી જોઇએ અને ગમે તેવી દેખીતી નિરાશા વચ્ચે પણ તેને વળગી રહેવું જોઇએ.

આપણામાં એવા પણ કેટલાક છે કે જેઓ અરાજકતાનું જ ચિન્તવન કરી રહ્યા છે અને જેઓ અરાજકતાના વિકાસમાં જ આપણા દેશના ભાવી વિષે મોટી આશા બાંધી રહ્યા છે. આવી અરાજકતાને વધતી અટકાવે એવી દરેક બાબતનો તેઓ વિરોધ કરવાના જ. એમ કહેવાની મારા માટે જરૂર હોય જ નહિ કે અરાજકતા આવી પડે તો આપણે તેને પહોંચી વળવા જરૂર પ્રયત્ન કરીએ, પણ અરાજકતાને આપણે નોતરીએ તો નહિ જ. ઇરાદાપૂર્વક અરાજકતાના માર્ગે જવું યોગ્ય નથી, ઇષ્ટ પણ નથી.

વારૂ, ત્યારે ગાંધીજી અને મારી વચ્ચે આ મતભેદ છે. જો હું આ બાબત વધારે સ્પષ્ટતાથી રજુ કરી શકયો ન હોઉં તો તેનું કારણ એ છે કે હું વધારે વિગતમાં ઉતરવા માંગતો નથી અને આજના વર્તમાન રાજકારણની ચર્ચામાં તમને ખેંચી જવા ઇચ્છતો નથી.

હું ગાંધીજીનો એક કેવળ સાધારણ સાથી નથી. છેલ્લાં વીશ વર્ષથી હું તેમની સાથે કામ કરતો આવ્યો છું અને તેમના સિદ્ધાન્તો અને કાર્યપદ્ધતિનો અમલ કરવામાં અને વિકસાવવામાં તેમને સંગીન રીતે મદદ કર્યાનું મને વ્યાજબી અભિમાન છે. તેમની સાથે હું અનેક બંધનોએ બંધાયલો છું અને અમારા બન્નેના માર્ગ જાણે કે જુદા પડતા હોય તેવો મતભેદ અનુભવવામાં અને સ્વીકારવામાં અમારામાંથી કોઇને કશો પણ આનંદ હોઇ ન શકે. પણ આવો મતભેદ ઉભો થવાનો જ હોય તો નમ્રપણે અને દીન ભાવે અમારે તે મતભેદનો સ્વીકાર કરવો જ રહ્યો.

બે વર્ષ પહેલાં ડૉ. સર શાહ સુલેમાન આવા જ પ્રસંગે આ યુનીવર્સીટીના સ્નાતકો સમક્ષ વ્યાખ્યાન આપવા આવ્યા હતા, ત્યારે તો આ લડાઇનો પ્રારંભ જ થયો હતો. તે વખતનું તેમનું વ્યાખ્યાન આશાવાદથી ભરેલું હતું. વર્તમાન વિગ્રહનો હેતુ પશુબળ અન્ત આણવાનો અને આન્તરરાષ્ટ્રીય વ્યવહારોમાંથી હિંસાને નાબુદ કરવાનો છે એમ તેમણે જણાવ્યું હતું. છેલ્લા વિગ્રહમાં બન્યું તેમ આ વિગ્રહના પરિણામે પશુબળના ઉપયોગનો અન્ત આવે તેમ નથી એ તો સાવ દેખીતી વાત છે. એક યા બીજા આકારમાં જાતીય અહંકાર અને શ્રેષ્ઠતાનો ખ્યાલ ચાલુ જ રહેવાનો હોય એમ લાગે છે. લોભ અને મહત્વાકાંક્ષા ખલાસ થશે, સંતોષાશે કે સ્વાભાવિક રીતે નાબુદ થશે એવી કોઇ આશા દેખાતી નથી. આ દુનિયામાં મહત્ત્વના ફેરફારો થશે, પણ મને ભય છે કે દુનિયાની આફતોનો અન્ત નહિ આવે. આજે તો આપણને હજુ લડાઇનો છેડો પણ દેખાતો નથી અને એ સ્પષ્ટ છે કે આ લડાઇથી કોઇનું-પશ્ચિમની પ્રજાનું કે પૂર્વની પ્રજાનું -ભલું થવાનું છે જ નહિ. આપણા દેશની સ્વાતંત્ર્ય-પ્રગતિમાં આ વિગ્રહે મોટો અન્તરાય નાંખ્યો છે. અહિંસાવાદની પ્રગતિમાં પણ તેણે ભારે અટકાયત ઉભી કરી છે. ખરેખર આ વિગ્રહનાં આક્રમણયુદ્ધો તેમ જ રક્ષણનિમિત્તે કરવા પડતાં યુદ્ધો અનેક ઉંચા જીવનસિદ્ધાન્તોને દૂર દૂર હડસેલી મૂકશે.

આવાં અનેક અમંગળ શુકનો તેમજ અનિષ્ટ ચિહ્નો હોવા છતાં આપણે ખાત્રી રાખવી જોઇએ કે અહિં એકત્ર થયેલા સ્તાનકો સક્રિય રાજકારણમાં ભાગ લેતા થાય તે પહેલાં અમારી પેઢીએ શરૂ કરેલા સ્વાતંત્ર્ય યુદ્ધના પરિણામે આ દેશમાં અમુક પ્રકારનું સ્વરાજશાસન અમલમાં આવી ચુક્યું હશે જ. યુવાન નરનારીઓ! અમે આઝાદીની જે કક્ષા સિધ્ધ કરી હશે તેને વિશેષતઃ વિકસાવવાની ફરજ અને અધિકાર તમારો હશે. અમોએ પ્રાપ્ત કરેલી આઝાદી જેવી અને જેટલી હશે તેનાં અવશિષ્ટ બંધનો અને મર્યાદાઓ તોડી નાખવાં અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય હાંસલ કરવું એ તમારો ધર્મ અને તમારો અધિકાર બનશે.

જો તમે તે ધ્યેયને અહિંસક પદ્ધતિવડે **અને** અરાજકતાને બદલે વ્યવસ્થિત રહીને સાધી શકશો તો તે હિંદુસ્થાનનું પરમ સુભાગ્ય લેખાશે. સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા બાદ દેશનો રાજ્યવહીવટ નિર્માણ કરતાં અહિંસાના સિદ્ધાન્તનો વધારેને વધારે અમલ કરવાનું કામ તમારૂં રહેશે. પરદેશી રાજ્યસત્તામાંથી મોક્ષ મળવા સાથે અહિંસાનો અંત આવતો નથી. હું તો ધારૂં છું કે વધારે મોટું કાર્ય તો આઝાદી પ્રાપ્ત થયા બાદ જ શરૂ થાય છે. ત્યારબાદ સમયે સમયે કસોટીના પ્રસંગો ઉભા થશે અને સ્વાતંત્ર્ય સિદ્ધિ બાદ અહિંસા પ્રત્યેની આપણી વફાદારીના પ્રમાણમાં જ હિંદનું સુખ અને સ્વાસ્થ્યની વૃદ્ધિ થશે.

અનુવાદકઃ-**પરમાનંદ** મૂળલેખકઃ-**ચક્રવર્તી રાજગોપાલાચાર્ય**

---

## સંઘને મળેલી દિવાળીની બોણી

| | |
|---|---|
| ૭૦૧] | તા. ૧-૧૨-૪૧ના 'પ્રબુદ્ધ જૈન' માં જણાવ્યા મુજબ |
| ૨૦] | ડૉ મોહનલાલ હેમચંદ |
| ૧૫] | શ્રી કેશવલાલ મંગળચંદ |
| ૧૫] | ડૉ અમીચંદ છગનલાલ |
| ૧૦] | મેસર્સ ચોકસી બ્રધર્સ |
| ૫] | શ્રી વસંતલાલ મગનલાલ |
| ૫] | શ્રી અજમેરા |
| ૫] | શ્રી કાંતીલાલ ડી કોરા |
| ૭૭૬] | |

## ડૉ. પોપટલાલ સંઘવીનું દુઃખદ અવસાન

તા. ૧૮-૧૨-૪૧ ના રોજ લીંબડી નિવાસી ડૉ. પોપટલાલ સંઘવીના અકાળ અવસાનની નોંધ લેતા ભારે દિલગીરી થાય છે. ડૉ. પોપટલાલ સમાજ કે રાષ્ટ્રમાં મોટો ક્ષોભ ઉત્પન્ન કરનાર કે ક્રાન્તિકારી વિચારોના આંદોલનો ઉભા કરનાર કોઇ રાજકીય કે સામાજીક નેતા નહોતા. તેમણે લીંબડીના ખુણે જીવનનો ઘણો ખરો ભાગ વ્યતીત કર્યો અને એક કુશળ ડાક્ટર તરીકે આસપાસ વસતી જનતાને પાર વિનાની સેવા આપતે આપતે પોતાનું સરળ, સાદું, અને એકાન્ત સેવાભાવી જીવન પુરૂં કર્યું. કેટલાક



મોટા માણસો મરી જાય છે અને છાપાઓમાં તેમનાં અવસાનની મોટી મોટી નોંધો આવે છે; છતાં સામાન્ય જનતાને તેમની જન્મ્યા મર્યાની કશી જ પડી હોતી નથી. કેટલાક એવું જીવન જીવી જાય છે કે છાપાઓ તેમની નોંધ લેકે નલે, પણ તેમની સેવાનો લાભ પામેલા સંખ્યાબંધ નરનારીઓ તેમના અવસાન સાંભળીને 'આજે આપણો કોઇ સ્વજન ગુમાવ્યો' એવું દુઃખપૂર્ણ સંવેદન અનુભવે છે. ડૉ. પોપટલાલ આવા એક માનવી હતા; તેઓ જનતાના માણસ હતા; તેમના જવાથી કાઠિયાવાડની જનતાએ એક સાચો અને સેવાનિષ્ટ પુરૂષ ગુમાવ્યો છે. નિર્વ્યાજ સેવા આપનાર માનવીઓની જનતાએ હંમેશાં ઉણપ જ અનુભવી છે.

ડૉ. પોપટલાલનો મુખ્ય જીવનવ્યવસાય ડોક્ટરનો હતો. પણ તેઓ કેવળ ડોક્ટર નહોતા. તેઓ ચુસ્ત રાષ્ટ્રવાદી હતા અને જરૂર પડયે રાષ્ટ્ર ખાતર કે પોતાના વતન ખાતર ગમે તેટલો ભોગ આપવાને તેઓ સદા તૈયાર રહેતા. ૧૯૩૦-૩૨ ની સત્યાગ્રહની લડત દરમ્યાન સત્યાગ્રહ છાવણીઓને તેમણે અનેકવિધ સેવાઓ આપી હતી. લીંબડીની પ્રજાકીય હીજરતનો અવસર ઉપસ્થિત થતાં લીંબડીના રાજવી કુટુંબ સાથેનો ગાઢ સંબંધ તેમજ લીંબડીમાં ખુબ જામેલી પ્રેકટીસની જરા પણ પરવા કર્યા સિવાય તેમણે તે હીજરતમાં ઝંપલાવ્યું હતું અને જીવનના અન્ત સુધી હીજરતને તેઓ વળગી રહ્યા હતા અને લીંબડી પ્રજામંડળના મંત્રી તરીકે કામ કરી રહ્યા હતા. તેમના જીવનની મુખ્ય વિશેષતાઓ હતી સૌજન્ય અને સેવાભાવ. આ બે ગુણોએ તેમને અનેકના મિત્ર બનાવ્યા હતા અને અનેક દુઃખી વ્યાધિગ્રસ્ત માનવીઓના ઇષ્ટદેવતા બનાવ્યા હતા. તેમના પવિત્ર આત્માએ આ જીવનમાં શાન્તિ કે નિરાંત નહોતી અનુભવી. અવિરત પરિશ્રમ અને દર્દીઓની પરિચર્યા પાછળ પોતાનું આખું જીવન તેમણે ઘસી નાખ્યું હતું. અહિં જેણે આરામ નથી લીધો તેને પરમાત્માના આવાસમાં શાન્તિ મળવાની છે જ. તેમનું પરોપકારપૂર્ણ જીવન આપણ સર્વને પ્રેરણારૂપ બને અને આપણા જીવનમાં ભરેલી સ્વાર્થમયતાની માત્રા ઓછી થાય એજ તેમના જીવનની સાચી કદર છે.

**પરમાનંદ**

# સર મણિલાલ બાલાભાઈ નાણાવટીનું વ્યાખ્યાન.

શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના રજતમહોત્સવના પ્રમુખસ્થાનેથી સર મણિલાલ બાલાભાઇ નાણાવટીએ વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે:—

## જ્ઞાનોપાસનાનું મહત્ત્વ

મનુષ્ય જીવનનો પરમ પુરૂષાર્થ મુક્તિ છે અને તે પ્રાપ્ત કરવા માટે જૈન મહર્ષિઓએ બે મુખ્ય સાધનો ગણાવ્યા છે: (૧) સમ્યગ્ જ્ઞાન અને (૨) સમ્યક્ ક્રિયા. સમ્યગ્ જ્ઞાનનો જીવનમાં જ્યારે અમલ થાય છે ત્યારે તે સમ્યક્ ક્રિયારૂપ બને છે એથી સાચી જ્ઞાનોપાસના એજ મુક્તિમાર્ગનું ભવ્ય પ્રવેશદ્વાર છે.

જૈન ધર્મનો ઇતિહાસ એક રીતે જ્ઞાનોપાસનાનો જ ભવ્ય ઇતિહાસ છે. અતિ પ્રાચીન કાળના ઇતિહાસનું પ્રથમ પૃષ્ટ ઉઘાડતાંજ યુગાદિદેવ શ્રી ઋષભદેવજીનાં દર્શન થાય છે. તેઓને આપણે અવિકસિત માનવબુધ્ધિમાં શિલ્પ, કર્મ, ભાષા, ગણિત આદિ વિદ્યાઓના સંસ્કારો રોપતાં જોઇએ છીએ. તેઓએ પ્રવર્તાવેલો એ બુધ્ધિવાદનો યુગ ધીમે ધીમે આગળ વધે છે અને આર્ય સંસ્કૃતિની ખીલવણી થાય છે. તેમના પગલે બીજા તીર્થંકરો પણ ચાલે છે અને છેવટે ચરમ તીર્થંકર પ્રભુશ્રી મહાવીર વર્તમાન ઇતિહાસના એક મહાન નવયુગપ્રવર્તક તરીકે માલમ પડે છે. તેઓ સકળ રાજ્યવૈભવનો ત્યાગ કરી સાડા બાર વર્ષ સુધી ભિષણ તપશ્ચર્યા કરે છે તથા શુદ્ધ જ્ઞાન પામ્યા પછી તેનો સર્વત્ર અખૂટ ઉત્સાહથી પ્રચાર કરે છે. સંસ્કૃતનો મોહ છોડી તેઓ પોતાની મધુર સાદી લોકભાષામાં મનુષ્યજીવનનો ઉદ્દેશ (પરમાર્થશાસ્ત્ર,) વિશ્વનું સ્વરૂપ (Cosmology), ષડ્દ્રવ્યો અને તેનું સ્વરૂપ (Physics & Chemistry), જીવનશાસ્ત્ર (Biology, Botany, Zoology), નવતત્ત્વ (Ethics & Religion) વગેરે વિષયો પર સ્યાદ્વાદયુક્ત જ્ઞાન પ્રસરાવે છે. તેમનું આ શિક્ષણ લોકજીવનમાં મહાન ક્રાંતિ લાવે છે. આધિભૌતિક પૂજા અને યજ્ઞયાગાદિના સ્થળે અહિંસા, આત્મશોધન, સંયમ અને જ્ઞાનોપાસના પ્રચાર પામે છે. ઉચ્ચ નીચના ભેદો દૂર થઇ સત્યપૂજા (Heroworship) દાખલ થાય છે. સ્ત્રીસમાજ અને શૂદ્રો આત્મવિકાસ કરવાના સરખા અધિકારી બને છે.

## શિક્ષણના સૂત્રધારો

પ્રભુ મહાવીર પછી જ્ઞાનગંગા અસ્ખલિત રાખવાનું કાર્ય તેમના ધુરંધર આચાર્યોએ અને ઉપાધ્યાયોએ કર્યું છે. બંધારણની દૃષ્ટિએ આચાર્ય જો કે ઉપાધ્યાયના વડા ગણાય છે, પરંતુ શિક્ષણને લગતી સર્વ જવાબદારીઓ ઉપાધ્યાયની છે. તેઓ તેમના વિભાગના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે જ કામ કરે છે. પ્રભુ મહાવીર પછી જેઓએ આ રીતના શિક્ષણની જવાબદારી માથે લીધી છે, એઓનો ઉલ્લેખ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ, આચાર્યવંશથી ભિન્ન વાચકવંશની ગણતરીમાં નીચે મુજબ કરે છે:—

સુધર્મા સ્વામી, જંબુસ્વામી, શય્યંભવસૂરિ, યશોભદ્રસૂરિ, સંભૂતિવિજય, ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્થૂલિભદ્રજી, મહાગિરિ, સુહસ્તિસૂરિ, બહુલજી, સ્વાતિસૂરિ, શ્યામાચાર્ય, શાંડિલ્યસૂરિ, સમુદ્રસૂરિ, ચંડસૂરિ, ધર્મસુરિ, ભદ્રગુપ્ત, વજ્રસ્વામી, આર્યરક્ષિત, નંદિલક્ષ્મણ, નાગહરિત, રેવતીનક્ષત્ર, સિંહસૂરિ, સ્થંડિલાચાર્ય, હિમવંત ક્ષમાશ્રમણ, નાગાર્જુનસૂરિ, ગોવિંદવાચક, સંજમવિહૃતુ, ભુતદિન, લોહિત્યસૂરિ અને દુષ્યગણિ.

આ સિવાય પાંચસો ગ્રંથોના પ્રણેતા ભગવાન ઉમાસ્વાતિ, મહાન તત્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્ય, સર્વદર્શનના અઠંગ અભ્યાસી મહાન નૈયાયિક શ્રી સિદ્ધસેન દિવાકર, સકલદર્શન પારંગામી આચાર્ય શ્રી સમન્તભદ્ર, ચૌદસો ચુમાલીશ ગ્રંથના પ્રણેતા શ્રીમાન હરિભદ્રસૂરિ વગેરેએ પણ જ્ઞાનોપાસનામાં અપૂર્વ ફાળો આપ્યો છે. આર્યખપુટાચાર્ય અને પાદલિપ્તાચાર્ય જેવા રસાયણ અને તંત્રવિદ્યાના નિષ્ણાતોની સેવા પણ ભૂલાય તેમ નથી.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પછી પટ્ટધર અને વાચકવંશની ચુંટણી કેટલો વખત ભિન્ન રહી હશે તે બરાબર કહી શકાતું નથી; પરંતુ તેમની પછી પણ શ્રી શિલાંકસૂરિ, શ્રી દ્રોણાચાર્ય, અભયદેવસૂરિ, શ્રી મલયગિરિ આચાર્ય, શ્રી મુનિચંદ્રસૂરિ, શ્રી વાદિદેવસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી જિનભદ્રસૂરિ, શ્રી હીરવિજયસૂરિ, શ્રી હરિશ્ચંદ્ર, ધનંજય, દેવનંદિ, વાદિરાજ, સોમદેવ અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જેવા મહાન જ્યોતિર્ધરો થયા છે કે જેઓએ લોકજીવનમાં ભિન્ન ભિન્ન વિષયોનું શિક્ષણ આપવાના હેતુથી મહાન ગ્રંથોની રચના કરી છે.

## સરસ્વતીની આરાધના

જ્ઞાનોપાસક જૈનશ્રમણોએ કરેલી સરસ્વતીદેવીની આરાધનામાં ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ન્યાય, યોગ અને અધ્યાત્મશાસ્ત્રથી માંડીને સાહિત્ય, કાવ્ય, કોષ, કથા, નાટક, વ્યાકરણ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સંગીત, ધનુર્વિદ્યા, આયુર્વેદ, રસાયણશાસ્ત્ર, જ્યોતિષ, ખગોળ, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, રત્નપરીક્ષા આદિ અનેક વિષયોનો સમાવેશ થાય છે. આ સાહિત્ય તેઓએ સંસ્કૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, ગુજરાતી, હિન્દી, મરાઠી, કાનડી અને તામીલ વગેરે ભાષામાં નિર્માણ કર્યું છે અને જૈનોએ કરોડો રૂપિયા ખર્ચી તેની નકલો કરાવી જ્ઞાન પ્રચારાર્થે જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રાખી છે.

લોકસમૂહમાં શિક્ષણનો પ્રચાર કરનારી આ ભવ્ય સાધુ–સંસ્થા ઉપરાંત વલ્લભીપુર પાસે સ્વતંત્ર જૈન વિદ્યાપીઠ હોવાનું અનુમાન પણ કેટલાક વિદ્વાનો કરે છે. તદ્ઉપરાંત મહારાષ્ટ્રમાં કોલ્હાપુર પાસેના જ્યોતિબાના પહાડ પરનાં ખંડેરો કર્ણાટકના બંકાપુર ગામનો વર્તમાન જૈનમંદિરનો શિલાલેખ તથા સતલગીનો ૧૦ માં સૈકાનો શિલાલેખ જૈનોના સ્વતંત્ર વિદ્યાલયો હોવાની સાક્ષી પૂરે છે.

## વ્યવહારિક કેળવણી

તે સમયનો જૈન સમાજ શ્રમણસંસ્થા પ્રત્યે ભક્તિભાવ રાખતો અને તેમની નવી નવી સાહિત્યરચનામાં ખૂબ રસ લેતો હતો, છતાં સામાન્ય વ્યવહારિક કેળવણી માટે તો અન્ય સમાજની જેમ તે પણ પોતાના બાલકબાલિકાઓને કલાચાર્ય તથા શિલ્પાચાર્યો પાસે જ મોકલતો. કલાચાર્ય તેઓને વાંચન, લેખન, ગણિત, ઇતિહાસ તથા પુરૂષોની બહોંતેર અને સ્ત્રીઓની ચોસઠ કળાઓ શિખવતા, જ્યારે શિલ્પાચાર્યો ચિત્રકામ, સુથારીકામ, શિલ્પકામ, ઇજનેરીકામ વગેરે શિખવતા. આ આચાર્યોની પ્રથા કુલપરંપરાથી ચાલી આવતી, તેથી તેમની નિષ્ણાતતા ઉંચા પ્રકારની હતી. તેઓ પ્રાયઃ એકાદ ગામ કે શહેરના લતામાં બેસી જઇ ત્યાં પોતાની શાળા ખોલતા. કેટલાક આચાર્યો ખાસ રાજવંશી પુરૂષો તથા શ્રીમંત પુત્રોને જ શિક્ષણ આપતા. ટૂંકમાં એ વખતે ભારતના ગામડે ગામડે નિશાળો હતી અને તે દ્વારા બધો આમ વર્ગ જરૂરી શિક્ષણ મેળવી શકતો. આર્ય સંસ્કૃતિમાં વિદ્યાદાન મૂળથી પવિત્ર વસ્તુ મનાઇ હતી અને તે દાન બદલ વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ થતાં જે કાંઇ રકમ આપતો તે રાજીખુશીથી સ્વીકારવામાં આવતી.

આ સમયે ભારતવર્ષમાં ઉચ્ચ કેળવણી માટે પણ ઘણો સુંદર પ્રબંધ હતો. તક્ષશિલા, નાલંદા, નવદ્વીપ, વિક્રમશીલા, ઉદ્દન્તપુરી, મિથિલા, કાશી, ઉજ્જૈની વગેરેમાં મોટી વિદ્યાપીઠો હતી. દક્ષિણ ભારતમાં મહાન સંગમો હતા, જ્યાં દરેક વિષયના ધુરંધર વિદ્વાનો રહેતા હતા. અમુક વિદ્યાપીઠો અમુક વિષયો માટે પંકાતી હતી. એથી જે વિદ્યાર્થીને જે વિષયમાં નિષ્ણાત થવું હોય તે ત્યાં જઇને અભ્યાસ કરતો.

આ વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા આવનારના ખાનપાનનો બંદોબસ્ત ઘણીવાર સમાજ તરફથી થતો અને ઘણીવાર રાજ-કુટુંબો તથા શ્રીમંત વર્ગ તરફથી તેમને છાત્રવૃત્તિઓ (Scholarships) મળતી હતી. આથી વિદ્યાર્થીઓ નિરાંતે અધ્યયન કરી શકતા હતા અને જે વિષયનું જ્ઞાન મેળવવા તે આવ્યા હોય તે વિષયમાં નિષ્ણાત થઇને તેઓ પાછા ફરતા હતા.

**પરિવર્તનકાળ**

પરંતુ કાળક્રમે આપણી આ પ્રાચીન શિક્ષણ પ્રણાલિકાની ઉજ્વલ કારકીર્દિ મધ્યયુગના અંત સમયમાં ઝાંખી પડવા લાગી. આ અરસામાંજ રાજાઓના અરસપરસના ઝઘડા, ધર્મગુરૂઓના ક્ષુદ્ર મત-મતાંતરોની મારામારી અને યુગબળ પિછાણવાની આપણી ટૂંકી દૃષ્ટિને લીધે ભારતવર્ષમાં અંગ્રેજ સત્તાની સ્થાપના થઇ તેની સાથે જગત પર પોતાની પ્રચંડ શક્તિઓ દર્શાવતું પશ્ચિમનું વિજ્ઞાન પણ આવ્યું. આથી આપણી સઘળી જીવનપ્રણાલિકામાં ભારે પરિવર્તનો શરૂ થયાં.

સૌથી પ્રથમ આપણી આર્થિક વ્યવસ્થા તૂટી. પરદેશથી યંત્રોમાં તૈયાર થઈને જથ્થાબંધ માલ આવવા લાગ્યો, અને રાજ્યકર્તાઓના ટેકાથી તેનો ખૂબ પ્રચાર થવા લાગ્યો. તેથી આપણા હાથકારીગરીના અનેક ધંધાઓ એક પછી એક તૂટતા ગયા અને લાખો કારીગરો બેકાર બન્યા. આપણાં ગામડાંઓ જે આજ સુધી સ્વાશ્રયી હતા તેમાં બેકારીનાં દર્શન થયા અને કારીગરો વગેરે બેકાર થતા વેપારીઓને રોજી પણ તૂટવા લાગી. ધીમે ધીમે પરિસ્થિતિ એવી જ ઉત્પન્ન થઇ કે જેથી આપણી સામાજિક અને આર્થિક સ્થિતિમાં મહાન પલટો આવી ગયો.

બીજું પરિવર્તન એ થયું કે વાહનવ્યવહારની ઝડપને લીધે દૂર દૂરના દેશો આપણી વધારે નજીક આવ્યા. તેની સાથે તેમનું સાહિત્ય, તેમનું તત્વજ્ઞાન તથા સામાજીક રીતરિવાજો પણ આવ્યા. આ વસ્તુઓએ જુની વસ્તુઓ પરથી આપણી શ્રધ્ધા ડગમગાવવા માંડી; નવી વસ્તુઓ સ્વીકારતાં અને તેને અનુકુળ થતાં એક બાજુ ભારે સંકોચ થવા લાગ્યો અને બીજી બાજુ પ્રાચીન વસ્તુઓને આપણે દૃઢતાથી વળગી રહી શકયા નહિ; તેથી આપણી સ્થિતિ ઘણી વિચિત્ર થઈ પડી. શું સારૂં અને શું ખોટું તેનો નિર્ણય કરવો ઘણો મુશ્કેલ જણાવા લાગ્યો. દરેક બાબતમાં ભારે મનોમંથનો શરૂ થયા.

**નૂતન કેળવણી**

નવી ઢબની કેળવણી ઇ. સ. ૧૮૫૪ માં વુડના ખરીતાથી આવી. ત્યાર બાદ મેકોલેની યોજના આવી અને રાજકર્તાઓની સહાયથી તે યોજના મુજબની કેળવણીની નાની મોટી શાળાઓ દેશના એક છેડાથી બીજા છેડા સુધી સ્થપાતી ગઇ. ટુંક સમયમાં આ સંસ્થાઓએ ધાર્મિક શિક્ષણને અલગ રાખીને આપણી તમામ વ્યવહારિક કેળવણીનું સુકાન હાથમાં લીધું.

રાજ્યસત્તાએ આ નૂતન ઢબથી કેળવાયેલાઓને જ સરકારી નોકરીઓ આપવા માંડી તથા તેમનો માનમરતબો ખૂબ જળવાય છે તેવી છાપ બેસાડી. તેથી જનસમૂહ તેની તરફ આકર્ષાયો અને પોતાના બાળકોને આ જાતની કેળવણી આપવા લાગ્યો.

આ કેળવણીથી પશ્ચિમના વૈજ્ઞાનિક વિચારોને સારો ટેકો મળ્યો અને ધીમે ધીમે પ્રાંતીય ભાવનાઓ ઓછી થઇ રાષ્ટ્રીય ભાવનાનો જન્મ થયો. એ સાથે આપણા મન પર એવી પણ છાપ પડી કે જાણે આપણો પ્રાચીન યુગ અંધકારનો યુગ હતો. તેના સાહિત્યમાં, શિક્ષણમાં, કલામાં ખાસ દમ ન હતો અને હવે જ સંસ્કૃતિનો સાચો ઉદય થઇ રહ્યો છે. પરંતુ એ ભાવના મહર્ષિ દયાનંદ સરસ્વતી, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ અને એનીબેસન્ટ જેવાએ તોડી. તેઓએ પોતાની અનેરી પ્રતિભાથી હિંદુ ધર્મની—આર્યસંસ્કૃતિની—અનેક ઉમદા બાબતો જગત આગળ રજુ કરી અને ફરીથી ભારતના લોકોમાં ધર્માભિમાન જાગ્રત થયું.

આ ક્રાન્તિયુગમા જૈનાચાર્યો પાછળ પડયા હોય તેમ જણાય છે. તેઓએ અંગ્રેજી ભાષાનો તથા પશ્ચિમના વિજ્ઞાનનો પ્રામાણિક અભ્યાસ કરી સમાજને દોરવણી આપવાની જરૂર હતી પરંતુ તેઓ એ દિશામાં ઉદાસીન જ રહ્યા. માત્ર ત્રણ વ્યક્તિઓએ એ દિશામાં પ્રયાસ કર્યો. પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ, પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

આજ સમયે જૈન સમાજના કેળવાયેલા વર્ગમાં સમાજ અને ધર્મ માટે કાંઇક કરી છુટવાની ભાવના જોર પકડી રહી હતી. તેણે ઇ. સ. ૧૯૦૨ માં ફલોધિ મુકામે જૈન શ્વેતાંબર કોન્ફરન્સને જન્મ આપ્યો. તે સંસ્થાના પ્રચાર અને પ્રયાસથી તથા ઉપરના દીર્ઘદર્શી આચાર્યોના ટેકાથી આજની આપણી ઘણીખરી કેળવણીસંસ્થાઓ હસ્તીમાં આવી છે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભ સૂરી-શ્વરજીના શુભ પ્રયાસનું પરિણામ છે. ઇ. સ. ૧૯૧૫ માં તેઓના સદુપદેશથી આ વિદ્યાલય સ્થપાયું છે. એના વિકાસ માટે તેઓ-શ્રીએ કરેલા પ્રયાસો અનેક ધન્યવાદને પાત્ર છે.

આ વિદ્યાલય નાની મોટી અનેક મુશ્કેલીઓમાંથી નીકળી આજે જૈન સમાજની કેળવણીની પ્રથમ પંક્તિની સંસ્થા તરીકે બહાર આવ્યું છે. આ સ્થિતિ લાવવામાં તેના કાર્યકર્તાઓએ ખૂબ મહેનત ઉઠાવી છે તેથી તેમને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

આ સંસ્થાએ પોતાની પહેલી પચ્ચીશીમાં કુલ્લે રૂા. ૭૮૫,૭૬૪-૧૫-૨ નો ખર્ચ કેળવણી પાછળ કર્યો છે. પરિણામે તેમાંથી નીચે મુજબ ૨૪૯ ગ્રેજ્યુએટો તૈયાર થયા છે:—

૭૫ બી. એ., ૫૯ બી. એસ સી., ૩૨ બી. કોમ., ૧૮ બી. ઇ., ૪૨ એમ. બી. બી. એસ., ૫ એલ. સી. પી. એન્ડ એસ., ૫ બી. એજી., ૧ એલ. એમ. ઇ. ૧ આર. ટી. સી., ૩ આર. ટી. એમ., ૩ એલએલ. બી., ૨ વ્યાકરણ તીર્થ, ૧ ન્યાય તીર્થ, ૧ એમ. એ., ૩ સેનીટરી એન્જીનીયર.

આ ઉપરાંત ૨૬૧ વિદ્યાર્થીઓ તેનો થોડો ઘણો લાભ લઇ ગયા છે.

આ રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે જૈન સમાજની ઉચ્ચ કેળવણીમાં જે ફાળો આપ્યો છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

આજે આ વિદ્યાલયમાં દાખલ થવા માટે સંખ્યાબંધ અરજીઓ આવે છે, પણ કાર્યકર્તાઓને સંસ્થાની નાણાવિષયક મર્યાદાનો ખ્યાલ કરી તેમાંના ઘણા વિદ્યાર્થીઓને નિરાશ કરવા

પડે છે. જો આ સંસ્થાને પુરતું ફંડ મળે તો આમાંના કોઇ વિદ્યાર્થીને નિરાશ થવું ન પડે.

### દાનનો પ્રવાહ સુધારો

ઉચ્ચ કેળવણી લેનારાઓને પૂરતી સગવડ આપનાર આપણા સમાજમાં આ એકની એક સંસ્થા છે છતાં તેની નાણાવિષયક સ્થિતિ આમ કેમ ? આપણો સમાજ જો કે પ્રાચીન કાળનો સમૃધ્ધ જૈન સમાજ નથી છતાં. તેમાં હજી અનેક ધનવાનો પડયાં છે અને દાનનો પ્રવાહ પણ વહી રહ્યો છે. પરંતુ કેટલીક ખોટી માન્યતાઓને લીધે તે એવી રીતે વહી રહ્યો છે કે તેનું જે પરિણામ આવવું જોઇએ તેટલું આવતું નથી. કેટલાક ભાઇઓ શુભેચ્છાથી દાન કરે છે; પરંતુ તેના ઉપયોગ માટે પોતાની નાનકડી જ્ઞાતિ અને સ્થાનની જે મર્યાદા મૂકે છે તેથી તેની ઉપયોગિતા ઘણા અંશે કમી થાય છે. આવા નાના નાના ને છુટાછુટા ફંડોને જો એકત્ર કરવામાં આવે અને 'જૈન એજ્યુકેશન જનરલ ફંડ' જેવું ફંડ સ્થાપવામાં આવે તો તે દ્વારા ઘણું સંગીન કાર્ય થઇ શકે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વહીવટ નમુનેદાર છે. તેની દરેક વસ્તુ બંધારણપૂર્વક થાય છે. દર વર્ષે તેનો નિયમિત રિપોર્ટ જનતાની સેવામાં રજુ થાય છે. તેમાં તેના હસ્તકના તમામ ટ્રસ્ટો, ચાલુ ખર્ચ, વિદ્યાર્થીઓની વર્તમાન સંખ્યા તથા લોન રિફંડની પ્રામાણિક માહિતી રજુ થાય છે. તેથી કોઇને તે સંબંધી ટીકા કરવાનો અવકાશ નથી.

### ધાર્મિક કેળવણી

આપણા છાત્રાલયો ને વિદ્યાલયોમાં સહુથી મોટો પ્રશ્ન ધાર્મિક કેળવણીનો છે. દાન આપનારો વર્ગ એમ જરૂર ચાહે છે કે અમે જે દાન કરીએ છીએ તેના પરિણામે સમાજમાં ધર્મ-ભાવનાયુક્ત ગૃહસ્થો પેદા થાય. આથી લગભગ દરેક શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત રાખવામાં આવે છે. પણ પણ તેનું પરિણામ જોઇએ છીએ તો બહુ નિરાશા ઉપજે છે. આનું કારણ શું ? મને લાગે છે કે ધાર્મિક શિક્ષણ કોને કહેવું તે સંબંધી આપણા વિચારો જ સ્પષ્ટ થયા નથી, અથવા સ્પષ્ટ થયા છે તો તે મુજબ આપણે કાર્ય કરી શકતા નથી.

ધાર્મિક કેળવણીનો સંબંધ સમસ્ત જીવન સાથે છે. જે કેળવણીથી સારાસાર સમજવાની શક્તિ આવે, બીજાને ઉપયોગી થવાની ભાવના પેદા થાય અને ચારિત્ર ઉત્તમ પ્રકારે ઘડાય તેજ ધાર્મિક કેળવણી છે. માત્ર સૂત્રોનાં રટણ કરવાથી કે પોપટિયું જ્ઞાન પ્રાપ્ત કરવાથી ધર્મભાવના પ્રગટી શકતી નથી. હાલ તો ઘણાભાગે આવી જ રીતે કેળવણી અપાય છે; તેથી બુદ્ધિવાદના યુગમાં ઉછરતો વિદ્યાર્થી તે તરફ બેદરકાર બને છે અને કદાચ ફરજિયાત રીતે કાંઇક ગ્રહણ કરે છે તો સંસ્થા છોડવાની સાથે ભુલી જાય છે.

આધુનિક વિદ્યાર્થી જૈન સમાજની હાલની પરિસ્થિતિ જોઇને જૈન સંસ્કૃતિ અને સમાજ વિષે જે કલ્પનાઓ ઘડે છે તે ઘણી નિર્માલ્ય હોય છે. તેથી જૈન તરીકેની અસ્મિતા તેનામાં પ્રગટતી નથી. એથી ધાર્મિક શિક્ષણમાં જૈનધર્મનો ઇતિહાસ શિખવવા માટે ખાસ કાળજી લેવી જોઇએ. આ ઇતિહાસનું શિક્ષણ એ ઢબે આપવું જોઇએ કે જેનાથી તેને પોતાના પ્રાચીન પૂર્વજો અને તેમનાં મહાન કાર્યો માટે ગૌરવ લેવાનું મન થાય, તેમજ જગતની એક ઉત્તમ સંસ્કૃતિના વારસદાર હોવા માટે અભિમાન ઉપજે. આવું અભિમાન જે એક સદ્‌ગુણ છે અને સમાજોન્નતિ માટે અત્યંત આવશ્યક છે તે પ્રગટે નહિ ત્યાં સુધી સાચા જૈનો ઉત્પન્ન કરવાનાં આપણા સ્વપ્નાં સિદ્ધ થાય નહિ તે દેખીતું છે. મારા આ કથનનો અર્થ સાંપ્રદાયિક ઝનુન પેદા કરવાનો નથી તે સ્પષ્ટ કહી દઉં. સાંપ્રદાયિક ઝનુન મનુષ્યની ઉન્નતિ કરવાને બદલે અવનતિ કરે છે. એનો પાયો અંધશ્રદ્ધાઉપર રચાયેલો હોય છે જ્યારે હું તો ઉપરના કથનથી સમજણપૂર્વકની સત્યપૂજાની હિમાયત કરૂં છું.

ધાર્મિક શિક્ષણમાં બીજી મહત્વની વસ્તુ 'ધર્મોના તુલનાત્મક અભ્યાસ'ની છે. ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવાનું હોય તેમાં તો આ અભ્યાસ હોવો જ જોઇએ. એથી ખોટું ઝનુન ઓછું થાય છે અને દૃષ્ટિ વિશાળ બને છે. સાથે જ આપણી વસ્તુ કસોટીમાં પાર ઉતરેલી જણાતાં તેના પર અડગ શ્રદ્ધા જામે છે.

આ મુદ્દાઓને લક્ષમાં રાખી આપણે શિક્ષણક્રમ ઘડવો જોઇએ અને તેને માટે ખાસ પાઠયપુસ્તકો વિદ્વાનો દ્વારા તૈયાર કરાવવા જોઇએ. કોલેજના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ઉપરાંત વ્યાખ્યાનમાળાઓ દ્વારા આ જ્ઞાન આપવું જોઇએ જેમાં નીતિના ઉચ્ચ સિદ્ધાન્તો તેમના મનમાં ઠસાવવાનું ભૂલવું ન જોઇએ.

### શરીર સુધારો

હાલનો જૈન સમાજ મુખ્યત્વે વેપારી સમાજ હોઇ શરીર તરફ બેદરકાર રહે છે. આજના જૈન છોકરા છોકરીઓના દેહ પર નજર કરો તો કેટલાંનાં શરીર ખડતલ અને તંદુરસ્ત દેખાશે ? આ નિર્માલ્યતા દૂર કરવાની શરૂઆત સંસ્થાઓએ કરવી જોઇએ. ખુલ્લી હવા વ્યાયામ અને રમતગમત પર બરાબર લક્ષ અપાવું જોઇએ, જેથી અહીંથી તૈયાર થનારા વિદ્યાર્થીઓ શારીરિક આદર્શ પણ પોતાની સાથે લઈ જાય અને જ્યાં જાય ત્યાં તેનો પ્રચાર કરે. હું પોતે એવું ઇચ્છું છું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થા શહેરની ગીચ વસ્તીને બદલે વિશાળ કંપાઉંડવાળું કોઇ પરાનું સ્થાન પસંદ કરે અને ઉપર જણાવેલા આદર્શને અમલમાં મુકે.

### ખાનપાનની તાલીમ

ખાનપાન સંબંધમાં પણ આપણી સ્થિતિ ઉતરતા પ્રકારની જ છે. હાલનો આપણો ખાનપાનનો ક્રમ શરીરને પોષવા કરતાં સ્વાદને પોષવા પર જ વધારે રચાયેલો છે. ઘણાખરા સંયોગોમાં આપણે તેના ગુલામ બની જઇએ છીએ. પરદેશના પ્રવાસમાં પણ ખાસ ખોરાકનો જથ્થો સાથે લઇ જતા અને તેવા ખોરાકની શોધમાં અનેક જૈન અને હિંદુ સ્ત્રીપુરૂષોને મેં જોયા છે ત્યારે મને એક જ વિચાર આવ્યો છે કે આપણા ઘરોમાં ખાનપાન માટે જે તાલીમ મળવી જોઇએ તે નહિ મળવાનું જ આ પરિણામ છે. જે સ્થાનમાં ગયા હોઇએ ત્યાંનો નિરામિષ આપણને ખપતો આહાર લઇ કેમ ન ચલાવી શકીએ ? છાત્રાલયો આ બાબતમાં મદદગાર થઇ શકે. આ બાબતને લીધે હિંદુસમાજ ઘણા દિવસો સુધી બીજી કોમોની સરખામણીમાં પછાત રહ્યો હતો.

### શિસ્તપાલન

શિસ્ત એ ચારિત્રનું મહત્વનું અંગ છે અને તેની તાલીમ વિદ્યાર્થી અવસ્થામાં જ મળવી જોઇએ. બુદ્ધિશાળી પણ શિસ્ત-હીન વ્યક્તિઓનો સમાજ કદી આગળ પ્રગતિ કરી શકતો નથી. જૈન સમાજમાં ઘણા પ્રસંગોમાં આપણે શિસ્તનો જે અભાવ જોઇએ છીએ તે દૂર કરવો હોય તો તેના ભાવિ સુકાનીઓને તેની અત્યારથી જ બરાબર તાલીમ આપવી ઘટે.

### વિજ્ઞાનમાં રસ લ્યો

આજનો જમાનો વિજ્ઞાનનો છે. જે દેશની પાસે તેનું જ્ઞાન વધારે તે પોતાનો વધારે વિકાસ સાધી શકે છે. ઇંગ્લાંડ, અમેરિકા,

(અનુસંધાન પૃષ્ટ ૧૭૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જાન્યુઆરી ૧૫ ૧૯૪૨


## બારડોલીનો ઠરાવ

'પ્રબુધ્ધ જૈન' ના વાંચકો હિંદી રાજકારણ અને રાષ્ટ્રીય મહાસભા સંબંધે પુરી માહીતી પામે એ આશયથી આપણા કેટલાક અગ્રગણ્ય નેતાઓનાં નિવેદનો તેમ જ બારડોલી ખાતે મળેલી કારોબારી સમિતિની કેટલીક વિગતો આ અંકમાં આપવામાં આવી છે. બારડોલીનો મુખ્ય ઠરાવ ૧૯૪૦ ના સપ્ટેમ્બર માસમાં થયેલા મુંબઇના ઠરાવને જ વળગી રહે છે અને એ રીતે આજની પરિસ્થિતિમાં હજુ કશો ફરક પડતો નથી. પણ મુંબઇનો ઠરાવ સર્વ કોઇ યુધ્ધોનો વિરોધ કરવાનું સૂચવતો નથી, પણ અંગ્રેજ સરકાર આપણને સ્વતંત્ર અને સ્વાધીન બનાવતી નથી તેથી વર્તમાન યુધ્ધનો જ વિરોધ કરવાની આજ્ઞા કરે છે એમ સ્પષ્ટ થવાથી ગાંધીજી કોંગ્રેસની વતી વ્યકિતગત સત્યાગ્રહ ચલાવવાની જવાબદારીથી મુક્ત થાય છે. આને લીધે બારડોલીની બેઠકે હિંદી રાજકારણમાં અતિ મહત્વની એક પરિસ્થિતિ ઉભી કરી છે. ગાંધીજી આપણાથી છુટા પડતા નથી એમ ચોતરફથી કહેવામાં આવે છે અને એક કથન એક રીતે સાચુ પણ છે. કોંગ્રેસ અને ગાંધીજી વચ્ચે, ગાંધીજી અને તેમના અભિપ્રાયથી જુદા પડતા અબુલકલામ આઝાદ, પં. જવાહિરલાલ નહેરૂ, રાજગોપાલાચાર્ય વિગેરે નેતાઓ વચ્ચે એક એવા તાદાત્મ્યની ગાંઠ પડેલી છે કે ગાંધીજી એમાંના કોઇથી વાસ્તવિક અર્થમાં છુટા પડી શકે તેમ છે જ નહિ. વળી જુદા પડતા આગેવાનોને તેમની સલાહ લીધા વિના ચાલવાનું નથી અને તેમની સલાહનો લાભ મળ્યા વિના પણ રહેવાનો નથી, આમ છતાં પણ આજે આપણી આખી કોંગ્રેસને દોરવાની જવાબદારી ગાંધીજીના શિરે હોય અને ન હોય એમાં કોઇથી પણ ઉપેક્ષા કરી ન શકાય એવો આખી પરિસ્થિતિપરત્વે અતિ ગંભીર ફરક તો પડે છે જ. કોંગ્રેસ આજે સત્યાગ્રહની લડત બંધ રાખે છે; માત્ર ગાંધીજીને અહિંસાપ્રેરિત યુદ્ધવિરોધના સમર્થનમાં સત્યાગ્રહ કરવાની અને તેમને યોગ્ય લાગે તેવા માણસો પાસે સત્યાગ્રહ કરાવવાની છુટ આપે છે. બારડોલીનો ઠરાવ નક્કી કરતાં કારોબારી સમિતિને દશ દિવસ લાગ્યા તેનું શું કારણ? સમિતિની બેઠકના પ્રારંભમાં જ, અબુલ કલામ આઝાદ જણાવે છે તે મુજબ, ગાંધીજીએ જ એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે આપણે આજના વિગ્રહનો વિરોધ શા માટે કરીએ છીએ? આપણા વિરોધનું સ્વરૂપ તો અહિંસક છે, વિવેક, વિનય અને મર્યાદાથી ભરેલું છે, પણ એ વિરોધનું પ્રેરક કારણ શું છે? ગાંધીજીના અભિપ્રાય મુજબ આપણે અહિંસાવાદીઓ માનવી-સંહારથી ભરેલી કોઇ પણ લડાઇમાં સાથ આપી શકીએ નહિ. તે માટેજ આ વિગ્રહનો વિરોધ આપણા માટે ધર્મ્ય બને છે. અન્ય સભ્યોના અભિપ્રાય મુજબ આપણું મુખ્ય સાધ્ય સ્વરાજ્ય પ્રાપ્તિ છે અને અહિંસા એ સાધ્યનું સૌ કોઇએ સ્વીકારેલું એક સાધન છે. આપણી આ માંગણી સરકાર સ્વીકારે અને આપણને સ્વરાજ મળી જાય તો ત્યાર બાદ આ અહિંસાની નીતિ આપણને બંધનકર્તા ગણાય નહિ. મુંબઇનો ઠરાવ પણ આજ મુદ્દો રજુ કરે છે એમ સૌ કોઇએ જણાવ્યું અને ગાંધીજીને પણ કબુલ કરવું પડયું.

ગાંધીજીને અનુસરવા જતાં આજના તાત્કાલિક સંયોગોમાં અંગ્રેજ સરકાર સાથે પડેલી આપણી મડાગાંઠ કોઇ રીતે છુટે તેમ નથી એમ ભાસવાથી અને હજુ પણ આપણી સાથે સરકાર પતાવટ કરવા માંગતી હોય તો સરકારને આપણે એક તક આપવી એ હેતુથી બારડોલીનો ઠરાવ ઘડાયો હોય એમ લાગે છે. વળી અહિંસા સૌ કોઇને ઇષ્ટ હોવા છતાં એમ છતાં પણ આપણો દેશ સ્વતંત્ર બન્યા બાદ પણ દેશરક્ષણ માટે પણ અમે હિંસાનો એટલે સશસ્ત્ર સૈન્યનો આશ્રય નહિ લઇએ અથવા તો જો સરકાર ખરેખર આપણા દેશને આઝાદ બનાવે તો અમે સરકારને અને સાથે સાથે પોતાના સ્વાતંત્ર્ય ખાતર ઝઝુમતા રશીઆ અને ચીન જેવા દેશોને સશસ્ત્ર સહાય નહિ કરીએ અને કોઇ પણ સંયોગોમાં અહિંસા જ અમારૂં પ્રવર્તક બળ અને પ્રેરક નીતિ રહેશે એ હદ સુધી અહિંસાનો સ્વીકાર કેટલાક સભ્યોને માન્ય નહોતો. બારડોલીનો ઠરાવ આવા ચિત્રવિચિત્ર વિચારણાંઓનું પરિણામ છે.

એ ઠરાવ સર્વાનુમતે થયો હોય એવો સૌનો ખ્યાલ છે. એમ છતાં પણ અહિંસાપ્રેરિત યુદ્ધવિરોધ સંબંધે ગાંધીજીએ જે નિશ્ચયાત્મક અભિપ્રાય રજુ કર્યો છે તે અભિપ્રાય સાથે સરદાર વલ્લભભાઇ પટેલ, રાજેન્દ્ર બાબુ, આચાર્ય કીરપલાણી, અબદુલ ગફારખાન, શંકરરાવ દેવ અને પ્રફુલ્લ ઘોષ પોતપોતાનું મળતાપણું જાહેર કરે છે. આ બધા કારોબારી સમિતિના સભ્યો છે. સરદાર વલ્લભભાઇ પટેલ, રાજેન્દ્રબાબુ અને કિરપલાણીજી એક સંયુકત નિવેદનમાં જણાવે છે કે ભિન્ન ભિન્ન વિભાગ અને વર્ગના પ્રતિનિધિ તરીકે બારડોલીના ઠરાવને તેમણે સંમતિ આપી છે અને એ કારણસર તેમણે રાજીનામું આપ્યું નથી, પણ વ્યકિતગત રીતે તેઓ ગાંધીજીના વિચાર સાથે સંપૂર્ણ મળતા થાય છે. મદ્રાસવાળા ટી. પ્રકાશમ્ પણ બારડોલીના ઠરાવ સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને ગાંધીજીને મુખ્ય સ્થાને પુનઃ નિયુકત કરવા અનુરોધ કરે છે.

આવી રીતે કોંગ્રેસમાં એક અણધાર્યો નવો વિચારવમળ ઉભો થયો છે અને તેનાં કેવાં પરિણામો આવશે તેની કલ્પના અત્યારે આવી શકતી નથી. અખિલ હિંદ મહાસભા સમિતિ વર્ધા ખાતે આ માસની પંદરમી તારીખે મળવાની છે. એ સભામાં બે વિચારપક્ષોની મોટી અથડામણ ઉભી થવાનો સંભવ છે. આ દિવસો દરમ્યાન સરકાર પણ કાંઇ જાહેરાત કરે છે કે નહિ તે જોવાનું રહે છે. આ રીતે વર્ધા ખાતે મળતી સભા દેશના રાજકીય ઇતિહાસમાં અસાધારણ મહત્વ ધારણ કરે છે. આપણે બધા આ કટોકટીના સમયમાં ભિન્ન ભિન્ન વિચારપક્ષોમાં ન વહેંચાતાં કોઇ સર્વસંમત વિચારશ્રેણી ઉપર આવી શકાય એવું માર્ગદર્શન પામીએ એમ સૌ કોઈ અંતરથી ઇચ્છે. ગાંધીજી જ્યાં છે ત્યાં આપણું સર્વ કાંઇ શુભ જ થશે એવી એવી આપણે જરૂર આશા રાખીએ.

પરમાનંદ

---

### શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા
### સુવર્ણ મહોત્સવ સમારંભ

પ્રસ્તુત સમારંભ જાન્યુઆરી માસની ૧૭ તથા ૧૮ મી તારીખે શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવનાર છે.

# ખાદી: સાદાઈની માતા કે ગરીબની કામધેનૂ !

"ખાદી શા માટે પહેરવી ?" એ પ્રશ્ન, જો આપણી આંખો સમસ્ત દેશના હિત તરફ પૂજ્ય મહાત્માજીએ ખોલી ન હોત તો, કોઇએ પુછયો પણ ન હોત અને તેની તાત્વિક દ્રષ્ટિએ ચર્ચા કરવાની દરકાર પણ કરી ન હોત. છેલ્લા બે દાયકા થયા દેશનો આ મહાન આર્થિક પ્રશ્ન ઘણાઓએ વિધવિધ દ્રષ્ટિએ છણ્યો છે. કોઇએ "સ્વરાજનો પાયો ખાદી ઉપર માંડયો છે, તો કોઇએ "મહાસભાના સ્વીકૃત ધ્યેય" તરીકે ખાદી સ્વીકારી છે. કોઇએ મહાત્માજીએ કહ્યું માટે "બાબા વાકયં પ્રમાણં" માન્યું છે, તો કોઇએ "યુગના પવન" તરીકે તેમાં ઝંપલાવ્યું છે. કોઇ વિરલાને "હિન્દની ગરીબાઇ" દૂર કરવાના ઉપાય તરીકે, તો કોઇને લોપ થતી કળાને જીવતી રાખી કારીગરોને કામ આપવાના ઘરગતુ સાધન તરીકે ખાદી અતિ મહત્વની લાગી છે. વૈરની ધૂનમાં ફરતા કોઇને એમ પણ લાગ્યું છે કે "ખાદીથી લેન્કેશાયર કે મેન્ચેસ્ટરનાં કારખાનાં બંધ કરાવી વિલાયતમાં બેકારી ફેલાવી સરકારને હંફાવી શકાશે" તો કોઇએ ખાદીને "રાષ્ટ્રિય અસ્મિતાના સુંદર પ્રતીક" સમ માની છે. નાણાશાસ્ત્રીઓને "નાણાની નીકો" સુતરના તારમાં દેખાઇ છે, જ્યારે ગ્રામ્યસેવકોએ "ગરીબની ભાખરી" તેમાં ભાળી છે. આ રીતે સૌ સમયના વહેનમાં વહ્યા છે. દરેક પોતપોતાની દ્રષ્ટિમાં ખરા છે, પરંતુ ખાદીના પ્રશ્નનો સંપૂર્ણ વિચાર તો નીચેની દ્રષ્ટિથી જ થઈ શકશે.

(૧) અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ.
(૨) હિંદની કારીગરી તથા કામગીરીની દ્રષ્ટિએ.
(૩) રાષ્ટ્રિય દ્રષ્ટિએ.
(૪) સામાજીક દ્રષ્ટિએ.
(૫) ધાર્મિક દ્રષ્ટિએ.
(૬) નૈતિક દ્રષ્ટિએ.

૧. **અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ ખાદી**—અર્થશાસ્ત્ર ભાખે છે કે જ્યારથી હિંદનો કાચો માલ સસ્તે ભાવે આપી તૈયાર માલ મોંઘા ભાવે આપણે લેતા થયા ત્યારથી જ દેશની ગરીબાઇના ગણેશ મંડાયા છે." પ્રતિવર્ષે અબજો રૂપિયા પરદેશથી આવતા માલ પાછળ પરદેશી મજુરોને મજુરીના, પરદેશી વ્યાપારીઓને નફાના, પરરાજ્યોને દાણ-જકાતના, પરદેશી રેલ્વે, સ્ટીમરો અને લોરીઓને ભાડાના, સહિસલામતી માટે વીમાના અને જો રંગાઈ કે છપાઇ હોય તો રંગ, રંગાઇ અને ધોલાઇના આપીએ છીએ. આ રીતે દેશનું દ્રવ્ય પૂરની માફક વહી જતાં દિવસે દિવસે ભારત તંગ દશામાં આવતું જાય છે. અને પ્રજા કામવિહોણી બને છે. એટલું ચોકસ છે કે "વિશ્વમાં નવીન સર્જન તો એકલી ધરતીમાતા જ કરી શકે છે, બાકી મનુષ્યો તો ઉત્પન્ન થયેલી ભૂમાતાની પ્રસાદી ઉપર કારીગીરી કરી, વપરાશને યોગ્ય બનાવી, તેનો વિનિમય કરી, પોતાની મહેનતનો બદલો જ મેળવે છે" એટલે એક દેશનો કાચો માલ લઇ બદલામાં પાકો માલ આપવાના વિનિમયમાં બીજા દેશને કારીગરી કે મજુરીની કીંમત ખાઇ જવાની હોય છે. અર્થશાસ્ત્ર માનવશ્રમને જ સાચું દ્રવ્ય, સાચો અર્થ ગણે છે. એટલે "જે દેશમાં માનવ-શ્રમના ક્ષેત્રો વધુ હોય તે દેશ વધુ સમૃદ્ધ ગણાય" તેથી ખાદી ભારતમાં બને કે વિલાયત કે જાપાનમાં બને તેમાં ઝાઝો ફેર નથી, પણ તે દ્વારા લૂંટાતી મજુરી અને શ્રમજીવી વર્ગનું મજુરી માટેનું બંધ થતું ક્ષેત્ર જ અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ મહાન પ્રશ્ન છે. હિન્દનું કે કોઇ પણ દેશનું સાચું દ્રવ્ય અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ, બીજા દેશના તૈયાર માલના વ્યાપારના નફાથી જમા થતા દ્રવ્યમાં નથી, પણ જમીનમાંથી ઉત્પન્ન થયેલ પેદાશમાં અને તે દ્વારા પ્રજાને મળતી મજુરી અને કામગીરીમાં જ છે. હિન્દની સ્થિતિ તો એટલી બધી સુંદર છે કે આપણે ત્યાં પુષ્કળ કાચો માલ છે, મજુરો છે, અને માલના વાપરનારા છે; પણ લાચાર! આપણી બેદરકારીથી આપણે કાચો માલ તથા મજુરી બન્ને ગુમાવી ભીખારી સત્વહીન અને બેકાર બની પરાશ્રિત બનતા જઇએ છીએ.

માનવીની પ્રાથમિક જરૂરીયાતોમાં મુખ્ય પોષણ અને પહેરણ (વસ્ત્ર) છે. આમાંથી પોષણ દેશમાંથી જ પુરૂં પડે છે. પરન્તુ વસ્ત્ર માટે પરદેશ ઉપર કે યંત્ર ઉપર મોટો આધાર રાખવો પડે છે. ભારતના લાખો માનવીઓ પોતાના ઝુંપડામાં શાન્તિથી કામ કરીને દેશને અને અમુક પ્રમાણમાં પરદેશને પણ વસ્ત્ર પુરાં પાડતા; તેને બદલે તે જ દેશને કાચો માલ અને વિપુલ શ્રમજીવીવર્ગ કામ માટે તૈયાર હોવા છતાં પણ તયાર કાપડ મીલોમાંથી ખરીદવું પડે છે તે કાંઇ ઓછા દુઃખની વાત નથી. ઘણા કહે છે કે હાલમાં યાંત્રિક બળોથી ચાલતી મીલોએ કાપડ ઉત્પાદનનું કાર્ય કરવા માંડયું છે. એટલે તેટલો પૈસો તો દેશમાં રહેશે. આ ખરૂં હશે. પણ તેથી કંઇ ઝુંપડે ઝુંપડે માનવીને ધંધો નહિ મળે. તેથી થોડા માલેતુજારો ઉભા થશે; પણ તે દ્રવ્ય દેશમાં વ્યાપક નહિ બને. ખાદીના પ્રશ્નની પાછળ કાચો માલ વાપરવાનો, ઝુંપડે ઝુંપડે કામ પહોંચાડી ગરીબોની રોજીમાં પુર્તી કરવાનો અને તે રીતે દેશભરમાં કામવિહીનતા ટાળવાનો મહાન્ ઉદ્દેશ છે.

દરેક દેશમાં કાચો માલ ઉત્પન્ન કરી તેમાંથી રોજી મેળવનારાની સંખ્યા ઓછી હોય છે, પણ કાચા માલમાંથી પાકો માલ બનાવી રોટી રળનારાની સંખ્યા પ્રમાણમાં ઘણી વધારે હોય છે. તેથી દેશ જ્યારે કાચો માલ પરદેશીઓને કે કારખાનાઓને સસ્તે ભાવે આપે છે, ત્યારે કાચો માલ તૈયાર કરનારા થોડા માણસો જ રોજી મેળવી શકે છે, પરન્તુ મોટા ભાગના મજુરો કે કારીગરો કે જે કાચા માલમાંથી પાકો માલ બનાવવા વાળા છે તેને ભૂખે બેસી રહેવા જેવું થાય છે. આ રીતે દેશના ઘણા માણસો બેકાર બને છે, ઉપરાંત તેઓ માટે માલ તૈયાર કરવાની મજુરી કારખાનાવાળાને ચૂકાવવી પડે છે. આ જાતના દ્વિમુખી ઘસારાથી પાયમાલી અને ગરીબાઇ સિવાય બીજું સંભવે પણ શું ? શ્રમજીવીઓ વર્ષમાં છ માસ તદ્દન કામધંધા વગરના ગુમાવે છે, જ્યારે ઉજળિયાત વર્ગમાં સ્ત્રી વર્ગ તદ્દન બેકાર બેસી ગામગપ્પા અને કુથલીમાં વીતાવે છે. કરોડો માનવીઓનો સમય જે દેશમાં નિરર્થક વહી જતો હોય અને પોતાની જરૂરિયાત મેળવવા માટે બીજાનો સમય ખરીદવો પડતો હોય, તે દેશ ફરીને સમૃદ્ધ થાય તેવી આશા અસ્થાને છે!

આગળના હિન્દમાં અને અત્યારના હિન્દમાં આટલો બધો ફેરફાર થવાનું કારણ શું ? અગાઉના વખતમાં હિન્દ ઉપર પરદેશીઓનાં અનેક આક્રમણો થયાં, હિંદ વારંવાર ધવાયું, વારંવાર લૂંટાયું અને મુસલમાન વિજેતાઓના જુલમોથી વર્ષો સુધી તવાયું, તોપણ રિદ્ધિ સિદ્ધિ તેની તે જ રહી, શાન્તિપ્રિય, બંધારણવાદી બ્રિટીશ રાજ્ય થતાં કયાં ગઇ ? મુસલમાનો ભારતને માદરવતન બનાવી વસ્યા, તેની કળા અને કારીગીરીના ભોકતા બની તેને ઉત્તેજન આપ્યું. દેશના મજુરોને, કારીગરોને પોતાનો શોખ પૂરો પાડવા અનેક પ્રકારની કારીગરી માટે નવાજ્યા. પરદેશમાંથી નિપૂણ કારીગરોને બોલાવી દેશમાં નવી કળા દાખલ કરાવી. દેશનું નાણું દેશમાં રાખ્યું, જ્યારે બ્રિટીશો વ્યાપારી બની પોતાની કારીગરી-કળા વેચવાની કુટિલ નીતિથી અહિં આવ્યા. તેમણે થોડાક વ્યાપારીઓને સાધી પોતાના દલાલ બનાવ્યા, પોતાનો માલ પ્રજામાં ફેલાવ્યો, અને ધીમે ધીમે અહિંની કળા કે કારી-

ગરીને મારી નાંખી, તે એટલે સુધી કે વિલાયતી માલની વપરાશમાં પ્રજાને ખરી ખાનદાની, શ્રીમંતાઇ અને અમીરાઈ દેખાવા માંડી, જ્યારે દેશી માલના વાપરનારા અણઘડ, ગામડિયા અને પછાત લાગવા માંડયા. લોકોએ દેશી માલનો વપરાશ ત્યજ્યો, એટલે કારીગરોએ પોતાના ગૃહઉદ્યોગ તજ્યો. પરિણામ દેશ આખાએ પોતાનો સુખી દીનમણિ જ્યો. ત્યજ્યાં રાજા વ્યાપારી થાય ત્યાં પ્રજા ભૂખે જ મરે તે ચોક્કસ છે. દ્રવ્ય જાય તે ભારત માટે બહુ મોટી વાત નથી, પાંચ વર્ષની કુદરતની કૃપા ભારતના ભંડાર પુનઃ ભરી આપવા શક્તિમાન છે; હિન્દના કરોડો સંતાનોની મહેનત માતાને પુનઃ સમૃદ્ધ કરવા શક્તિવાન છે; પણ દ્રવ્ય રળવાની શક્તિ, દ્રવ્ય રળવાનું ક્ષેત્ર અને શ્રમને અપનાવી લેવાની તમન્ના જાય તેને કેમ પહોંચાય? દેશની કારીગરી અને રોજી દિન પ્રતિદિન મરતી જાય છે, પ્રજામાં બેકારી અને સુસ્તી ફેલાતી જાય છે, પ્રજાનાં શ્રમના ક્ષેત્રો બરબાદ થતાં જાય છે અને આવતી કાલે શું ખાશું અને કેમ જીવશું તેની ચિંતા બચ્ચાથી વૃદ્ધ સર્વને થતી જાય છે. પ્રજામાં નબળાઇ અને નિરાશાએ જોર જમાવ્યું છે અને કામને વાંકે મળેલી નવરાશે નખ્ખોદ કાઢી નાંખે તેવો તેજોવધ અને સંસ્કૃતિનો નાશ કર્યો છે, આ ખોટ ભારતને માટે ભારે છે.

આ રીતે આપણે પારકાનો તૈયાર માલ ખરીદી ખરીદીને જાતે જ ખરીદાઇ ગયા છીએ (ગુલામ બન્યા છીએ). છતાં આંખ ઉઘડતી નથી. જગતની ચડતી પડતીનો ઇતિહાસ લખનારાઓ કહે છે કે "જે દેશ સ્વતંત્ર રીતે પંડ વાપરી પોતાનું પેટ ભરતાં શીખશે તેજ જીવી શકશે. અને કાળના પ્રબળ ઘસારા સામે ટકી શકશે" ભારતવાસીઓ જરા વિચારો કે આપણા હાથમાં શું કામગીરી છે, કારીગીરી કે હુન્નર છે, શું નવીન સરજવાની કળા છે કે ગમે ત્યાંથી પેટીયું કાઢીએ? દેશની કળા કે બનાવટને કયાં પ્રજાનું ઉત્તેજન છે કે પંડ વાપરીએ? અને દેશમાં ઘરે ઘરે માલ તૈયાર કરવાની તમન્ના છે કે હુન્નર અજમાવીએ અને રોટી રળીએ? આજે તો કારકુની, મહેતાગીરી, કે કોઇનાં કારખાનામાં પંડ પીસી મોટા ભાગને પેટ ભરવું પડે છે. દેશની આ જાતની આર્થિક સંકડામણ અટકાવવા, અનેકને રોજી આપવા અને ઘરના આબાળવૃદ્ધ સર્વને નાશકારક નવરાશમાંથી ઉગારવા માટે જ દેશ પાસે ખાદી અને અન્ય સ્વદેશીનો કાર્યક્રમ પડયો છે.

એક પાંચ માણસના કુટુંબનો સરાસરી હિસાબ કાઢતાં તૈયાર માલ અને હાથની ખાદીમાં કેટલો ફેર પડે છે તે જોઇએ. એક માણસને દરવર્ષે સરાસરી ૪૦ વાર ખાદી એટલે દશ શેર ખાદી જોઇએ તો પાંચ માણસ માટે સવામણ ખાદી જોઇએ. તે માટે ૩॥ મણ કપાસ કે જેની કીંમત રૂા. ૧૨ થી ૧૫ થાય તેમાંથી બે ભાગના એટલે ૨॥ મણ કપાસિયા જતાં ૧॥ મણ રૂ (કાપુસ) બાકી રહે. કપાસિયાની કીંમતમાંથી ચરખાવાળા અને પીંજારાને મજુરી મળે અને દરરોજ આખા ઘરદીઠ માત્ર છ રૂપિયાભાર સુતર બનાવવામાં આવે તો વરસ દહાડે બધા રૂનું સુતર થાય, જે વણાવતાં વણામણના રૂા. ૩૫ થી ૪૦ મળી રૂપિયા ૫૦ કે ૫૫ માં પાંચ માણસનાં કપડાં થવા ઉપરાંત આપણે આપણા પાડોશી ચરખાવાળાને રૂપિયા દોઢ, પીંજારાને રૂપિયા દોઢ, વણકરને રૂપિયા ૪૦ જેટલું કામ આપી શકીએ.

આજ રીતે દસ હજાર એટલે ૨૦૦૦ કુટુંબની વસ્તીવાળા ગામનો વાર્ષિક હિસાબ તપાસીએ તો માલુમ પડશે કે ખાદીથી કેટલું દ્રવ્ય ગામમાં બચે છે. દર માણસ દીઠ સરાસરી ૪૦ વાર ખાદી પ્રમાણે ૧૦૦૦૦ માણસ માટે ચાર લાખ વાર ખાદી એટલે ૨૫૦૦ મણ ખાદી જોઇએ. દર કુટુંબ રોજ માત્ર છ તોલા સુતર બનાવે તો મજુરીના મણના દશ રૂપિયા લેખે ઘરનું કામકાજ કરતાં કરતાં ૨૫૦૦૦ રૂપિયા ગામમાં રહે. તૈયાર થયેલ સુતરને વણાવતાં જો એક સાળે રોજ પાંચ વાર કાપડ તૈયાર થાય તો ૧ વર્ષના (વાર તહેવારના ચાળીસ દિવસ બાદ કરતાં) ૧૬૦૦ વાર કાપડ એક માણસ કાઢી શકે. તે પ્રમાણે ૪ લાખ વાર કાપડ માટે ૨૫૦ વણકરોને દરેકને વાર્ષિક રૂપિયા ૩૨૦ પ્રમાણે રોજી મળે. એટલે કુલ વણામણના રૂપિયા એંસી હજાર ગામમાં રહે. પીંજારાને ૨૫૦૦ મણ રૂની પૂણી કરામણ મણે રૂપિયા પ્રમાણે અઢી હજાર મળે, જેમાંથી ૧૦ પીંજારાં કુટુંબ આનંદથી રહી શકે. રેંટિયા, સાળો વિગેરે માટે બે સુતારના કુટુંબોને રોજી મળે. કોરૂં કાપડ ધોવા માટે પાંચ ધોબીના ઘર અને બે રાસ બનાવવા વાળાના કુટુંબ નભી શકે. રંગરેજ વિગેરેના ૨૦ ઘર આનંદથી રહે તેટલું ખાદી રંગતાં કમાય. નીચેનો કોઠો જોતાં જણાશે કે—

| | | મજુરી રૂા. | કેટલાં કુટુંબ કામ કરે |
|---|---|---|---|
| (૧) | કપાસ લોઢામણી | ૨૫૦૦ | ૫ |
| (૨) | પીંજારા | ૨૫૦૦ | ૫ |
| (૩) | કંતામણ | ૨૫૦૦૦ | |
| (૪) | વણકર | ૮૦૦૦૦ | ૨૫૦ |
| (૫) | ધોબી | ૧૦૦૦ | ૫ |
| (૬) | રંગરેજ | ૧૦૦૦૦ | ૨૦ |
| (૭) | સુતાર | ૫૦૦ | ૨ |
| (૮) | રાસ બાંધનારા | ૫૦૦ | ૨ |
| | | રૂા. ૧૨૨૦૦૦ | ૩૩૯ |

અઢી હજાર મણ ખાદી માટે ૭૫૦૦ મણ કપાસ જોઇએ, જેની કીંમત મણના ચાર રૂપિયા ગણાતાં ૩૦૦૦૦ રૂપિયા થાય. આ કીંમત તથા મજુરીના રૂા. ૧૨૨૦૦૦ મળી ૧૫૨૦૦૦ રૂપિયાની ઉથલ પાથલ ઉપર વ્યાપારી પોતાની હકસી માત્ર પાંચ ટકા લે તો રૂપિયા ૭૬૦૦ થાય, જેમાંથી પાંચ વ્યાપારીને વાર્ષિક રૂપિયા ૧૫૦૦ ની આવક આપી શકીએ. આને બદલે તે ગામ પરદેશી કે બીજું યાંત્રિક બળથી તૈયાર થતું કાપડ લે તેને રૂપિયા ૧૨૨૦૦૦ મજુરી ૭૬૦૦ વ્યાપારીની હકસીના મળી રૂપિયા ૧૨૯૬૦૦ ગામમાંથી કાઢી લગભગ ૩૫૦ કુટુંબને એટલે ૧૫૦૦ થી ૧૭૦૦ માણસને રોજીમાંથી દૂર કરી, ફુરસદના વખતે કામ કરતાં અટકાવી આપણે બેકાર બનાવીએ છીએ. એક ઘરગતુ કારીગરીની પાછળ હમેશાં બીજી બે ચાર કારીગીરી કે કામગીરી વળગેલી જ હોય છે, એટલે એક મરતાં બીજી કારીગીરીને મરવું જ પડે છે. એ તો બધાનો અનુભવ છે કે મજુરો તથા કારીગરો હમેશાં ખર્ચાળ તથા પોરસીલા હોય છે, તેથી જો તે સારી રીતે કમાતા હોય છે તો ગામનો બીજા પ્રકારનો વ્યાપાર વાણિજ્ય જરૂર વધારે છે. દરવર્ષે સવાલાખ જેટલા રૂપિયા ગામમાં ફરતા થાય તો દસ વર્ષે સાડાબાર લાખ રૂપિયા માત્ર મજુરીના જ કાયમ વ્યાપારી તેમજ બીજા ઉપયોગ માટે ગામમાં રહે, જેમાંથી ખેડુતો કે કારીગરોની એક બેંક સારી રીતે ચલાવી શકાય, અનાજ કે ઘાસચારો સારા પ્રમાણમાં સંગ્રહી શકાય જે દુષ્કાળ જેવા પ્રસંગોએ કામ લાગે.

આ તરંગીના તરંગ જેવાં સ્વપ્નાઓ ફલિત કરવા, પ્રજાની મુખ્ય જરૂરીયાત અનાજ અને ઘાસના ભંડારો ભર્યા રાખવા અને વેડફાતી શક્તિને પુનઃ સજીવ કરવા અર્થશાસ્ત્ર કહે છે કે દરેક વ્યક્તિએ ખાદી પહેરવી જરૂરની છે.

(અપૂર્ણ)

વ્રજલાલ ધ. મેઘાણી

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવ સમારંભ

ડીસેંબર માસની ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ તારીખના દિવસો દરમ્યાન શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવ સમારંભ ઉજવાઇ ગયો. એ સમારંભનો પ્રારંભ ૨૭ તારીખની સવારમાં થયેલ 'રસોત્સવ' દર્શનદ્વારા કરવામાં આવ્યો હતો. આ 'રસોત્સવ'માં શ્રી રામનારાયણ વિ. પાઠકે રચેલા 'કુલાંગાર' અને 'જક્ષણી' એ બે નાટકો ભજવવામાં આવ્યા હતા. અને એ ઉપરાંત એક નવાબનું પ્રહસન, ક્રિકેટ નૃત્ય, રંગોળી નૃત્ય, પુજારિણી નૃત્ય, સમુહવાદન, તથા ગરબાઓનો વિવિધ રસપૂર્ણ કાર્યક્રમ રજુ કરવામાં હતો. આજ સુધી શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી રજુ કરવામાં આવેલ સંગીત, નૃત્ય અને અભિનયના કાર્યક્રમો કરતાં આ 'રસોત્સવ' વધારે ચઢિયાતું અને કળાપૂર્ણ હતું.

તે જ દિવસે બપોરે વિદ્યાલયમાંથી પસાર થયેલા વિદ્યાર્થીઓનું શ્રી રમણીકલાલ મગનભાઈ મોદીના પ્રમુખપણા નીચે એક આનંદ સંમેલન યોજાયું હતું. શ્રી રમણીકલાલ મોદી વિદ્યાલયના સૌથી પહેલા ગ્રેજ્યુએટ–તેઓ આજે કેટલાંય વર્ષોથી હરિજન પ્રવૃત્તિમાં જોડાયલા છે અને ગાંધીજીના વિચારોને અનુરૂપ જીવન ગાળી રહ્યા છે. આ સંમેલનમાં તેમણે પ્રમુખસ્થાનેથી ભારે ઉદ્બોધક વ્યાખ્યાન આપ્યું હતું. સંમેલને ભૂતપુર્વ વિદ્યાર્થીઓ વચ્ચે સંગઠ્ઠન અને ભ્રાતૃભાવની લાગણી પેદા કરી હતી.

તે દિવસે રાત્રીના સર હરીલાલ ગોશળીયાના પ્રમુખપણા નીચે અંગ્રેજી તેમ જ ગુજરાતી ભાષામાં વિદ્યાલયના વિદ્યાર્થીઓની વકતૃત્વ હરીફાઇ ગોઠવવામાં આવી હતી. અંગ્રેજી ભાષામાં બોલનાર વિદ્યાર્થીઓને આગળથી વિષયો નક્કી કરી આપવામાં આવ્યા હતા અને ગુજરાતીમાં બોલવાવાળાને વિદ્યાર્થીઓને એજ વખતે જે વિષય કહેવામાં આવે તે વિષય ઉપર તાત્કાલિક બોલવાનું હતું. સમગ્ર વકતૃત્વ પ્રદર્શન ભારે વિનોદજનક તેમ જ ઉત્તેજક હતું. કેટલાકની નિરૂપણ શૈલિ સુન્દર હતી તો કોઇ કોઇના વિચારોમાં મૌલિકતા પણ જોવામાં આવતી. પ્રમુખ સાહેબે પણ બહુ પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું અને જે વિદ્યાલય આજે કેવળ જૈન વિદ્યાર્થીઓની સગવડોનો વિચાર કરે છે તે વિદ્યાલયે વિદ્યાર્થીનીઓ માટે પણ આવી સગવડો અને રહેવાનું સ્થાન ઉભું કરવાની આવશ્યકતા ઉપર ખુબ ભાર મુકયો હતો.

બીજે દિવસે સવારે રમતગમતનું સંમેલન હતું. આ રમતગમતના કાર્યક્રમમાં માત્ર વિદ્યાર્થીઓએ જ ભાગ લીધો હતો એટલું જ નહિ, પણ કાર્યવાહક સમિતિના યુવાન તેમ જ વૃદ્ધ સભ્યોએ તેમ જ જુના વિદ્યાર્થીઓએ પણ જુદી જુદી બાબતોમાં ભાગ લીધો હતો. આ સંમેલનના પ્રમુખ શ્રી. મકનજી જુઠાભાઇ મહેતા હતા અને જુદી જુદી હરીફાઇના પરિણામો પ્રમાણે ઇનામો આપવાનું કાર્ય સૌ. ગુલાબબહેન મકનજી મહેતાએ કર્યું હતું. આ આખા સંમેલનનો આનંદ અને વિનોદ જુદા જ પ્રકારનો હતો.

બપોરના ત્રણ વાગે ગોવાલિયાટેંકના મેદાનમાં ઉભા કરવામાં આવેલ ભવ્ય મંડપમાં સર મણિલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે રજત મહોત્સવને લગતો મુંબઇની જનતાનો એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. વિવિધ વ્યકિતઓ તરફથી આવેલી શુભેચ્છાના સંદેશાઓ વિદ્યાલયના મંત્રી શ્રી. ચંદુલાલ સારાભાઇએ વાંચી સંભળાવ્યા હતા. વિદ્યાલયની સ્થાપનાથી આજ સુધી વિદ્યાલયના મંત્રી તરીકે સેવા આપનાર શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ સંસ્થાના આજ સુધીના કાર્યની રૂપરેખા રજુ કરી હતી અને તેના અનુસંધાનમાં એક ભારે લાગણીપૂર્ણ ભાષણ કર્યું હતું. ત્યાર બાદ પ્રમુખ સાહેબનું ભાષણ થયું, જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે. આ ભાષણ સારી રીતે લખાયેલ હોવા છતાં તેમના જેવા અનુભવી અને કેળવાયેલા ગૃહસ્થ પાસેથી વર્તમાન શિક્ષણક્રમની અનેક સમસ્યાઓનો ઉકેલ આપતા અને અનેક વ્યવહારૂ સૂચનાઓથી ભરેલી વ્યાખ્યાનની આશા રાખવામાં આવેલી તે ફળીભૂત થઇ નથી. તેઓ અઠવાડીઆ પહેલાં જ પોતાના હોદ્દાની જવાબદારીથી નિવૃત્ત થયા હતા અને ત્યારથી તેઓ પ્રસ્તુત સભામાં આવ્યા ત્યાંસુધી માંદગીના બીછાને જ હતા. તેથી આ વ્યાખ્યાન તૈયાર કરવા માટે તેમને બહુ જ ઓછો અવકાશ હતો. તેમણે કરેલું વ્યાખ્યાન ભૂતકાળનું એક સુંદર ચિત્ર રજુ કરે છે; વર્ત-

---

(પૃષ્ટ ૧૭૦ થી ચાલુ)

જર્મની, જાપાન વગેરે તેનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો છે. આપણે પણ વ્યાપાર રોજગાર, હુન્નરકલા, ખેતીવાડી, ઇજનેરી આદિ કામોમાં આગળ વધવું હોય તો વર્તમાન વિજ્ઞાન શાસ્ત્રોનો બરાબર અભ્યાસ કરવો જોઇએ. એ માટે વિદ્યાર્થીઓને દેશ તથા પરદેશમાં શિક્ષણ લેવાની વિશેષ સવલતો આપવી જોઇએ. દેશ સંરક્ષણ માટે જરૂરી લશ્કરી તાલીમ તેના દરેક અંગો સાથે લેવાની આજે આપણને ખાસ જરૂર છે. જૈન વિદ્યાર્થીઓ હવે તેમાં પણ શા માટે ન જાય? આગળના સમયમાં ૫૦ ટકા જૈનો તલવાર બાંધતા હતા અને સ્વદેશના રક્ષણમાં ઉત્તમ ફાળો આપતા હતા તેની હું યાદ આપું છું.

### વિદ્યાર્થીઓને !

વિદ્યાર્થી બંધુઓ! તમે જૈન ધર્મના ઉદયની આશાઓ છો! દેશના ભાવિ સૈનિકો છો! માત્ર આજીવિકા મેળવવાની શક્તિ આવે તેથી તમારા મહાન આદર્શોની સિદ્ધિ થવાની નથી. તે માટે તમારામાં સંગીન જ્ઞાન, શારીરિક બળ, સામુદાયિક કામ કરવાની તાલીમ અને સેવાની ઉત્કટ ભાવના હોવી જોઇએ. સંસ્થામાંથી તૈયાર થઇને બહાર પડયા પછી પણ ઉચ્ચ આદર્શોને વળગી રહેવું જોઇએ. અહીંથી નીકળેલા દરેક વિદ્યાર્થી પર સંસ્થાની વિશિષ્ઠ છાપ હોવી જ જોઇએ. જ્યારે જનતા આ બધું બરાબર નિહાળશે ત્યારે તેનો પ્રેમ આવી સંસ્થાઓ માટે અનેકગણો વધી જશે.

### જૈન સમાજને વિજ્ઞપ્તિ.

જૈન બંધુઓ! આપ જૈન સમાજનો ખરેખર ઉત્કર્ષ ચાહતા હો તો નાની નાની બાબતોના મતભેદો અને ઝઘડાઓમાં પડવાનું છોડી દઇ રચનાત્મક કાર્યક્રમની પાછળ લાગો. કેળવણીનો પ્રચાર તેમાંનું એક મુખ્ય કાર્ય છે. એ કાર્ય આપ બરાબર પાર પાડશે તો વર્તમાનકાળની અનેક વિકટ સમસ્યાઓનો આપોઆપ ઉકેલ આવી જશે. સાધુમુનિરાજો! આપ મહાન તીર્થંકરો અને પૂર્વાચાર્યોના વારસદાર છો તે યાદ કરશો. તેઓએ જે નિષ્ઠાથી જ્ઞાનોપાસના કરી હતી, લોકજીવનમાં જ્ઞાનનો પ્રચાર કર્યો હતો તે જ નિષ્ઠાથી આપ પણ જ્ઞાનોપાસના કરો. એનાં ફળો હંમેશાં મધુરાંજ આવશે.

અંતમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ઉત્તરોત્તર ફત્તેહ ઇચ્છું છું અને તેના દ્વારા જન સમાજને અનેક પ્રભાવશાળી વ્યક્તિઓ મળે તેવી આશા રાખું છું.

માનકાળ ઉંપર તેઓ ઉડતી દૃષ્ટિ નાંખે છે. વર્ધા શિક્ષણ યોજના આજે સર્વ શિક્ષણશાસ્ત્રીઓની એરણ ઉપર ટીપાઇ રહી છે તે વિષે આ ભાષણમાં કશો ઉલ્લેખ જ ન મળે. પોતાના લખાણને વધારે સ્પષ્ટ કરતાં અમેરિકાની શિક્ષણ પદ્ધતિની તેમણે ખૂબ પ્રશંસા કરી હતી અને બની શકે તેટલા વિદ્યાર્થીઓને અમેરિકા ભણવા જવાની તેમણે ભલામણ કરી હતી. કોઇ શ્રીમંત ગૃહસ્થ ગરીબની ગરીબાઇ ભુલી જાય એ સ્વાભાવિક છે, પણ શ્રી. મણિભાઇ જેવા અનુભવી અર્થશાસ્ત્રી હિંદુસ્થાનની ગરીબીને આટલી હદ સુધી ભુલી જાય એ જરા આશ્ચર્ય પમાડે તેવું છે.

તેમનું વ્યાખ્યાન પુરૂં થયા બાદ બીજાં ત્રણ ચાર વકતાઓના ભાષણો થયાં. શ્રી. મણિભાઇએ પોતાના વ્યાખ્યાન દરમિયાન આવી સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત રાખવામાં આવે છે તે સંબંધે કેટલોક ઉલ્લેખ કરેલો, તેના અનુસંધાનમાં શ્રી. ચીમનલાલ ચકુભાઇએ બહુ જ સુંદર વિવેચન કર્યું હતું. સર્વ ભાષણોમાં તેમનું [illegible]ષણ શ્રેષ્ટ લેખાયું હતું. 'વંદેમાતરમ્' ના મંગળગીત વડે એ મેળાવડો વિસર્જન થયો હતો.

રાત્રીના પંડિત સુખલાલજીના પ્રમુખપણા નીચે રમણીકલાલ મોદીએ 'અહિંસા' ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું. આ ભાષણ કેવળ વિચારપાંડિત્ય દર્શાવનારૂં નહોતું, પણ તેની પાછળ તેમની ચોકકસ પ્રતીતિ અને જીવન સાધનાની છાયા હતી. ઉપસંહાર કરતાં પંડિત સુખલાલજીએ કેટલાક અસ્પષ્ટ મુદ્દાઓને એટલી સરસ રીતે સ્પષ્ટ કરી આપ્યા કે એકત્ર થયેલ મંડળી તેમને મુગ્ધપણે સાંભળી જ રહી હતી.

ત્રીજા દિવસે સવારે સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. બપોરે કાર્યવાહક સમિતિના સભ્યો અને પસાર થયેલા અને વર્તમાન વિદ્યાર્થીઓએ સાથે જમણ લીધું હતું. સાંજે એક ભવ્ય ઉપાહાર સંમેલન યોજવામાં આવ્યું હતું. રાત્રીના મુંબઇ ઇલાકાના માજી પ્રધાન બાળા સાહેબ ખેરના પ્રમુખપણા નીચે પંડિત સુખલાલજીએ 'ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ' એ વિષય ઉપર અસાધારણ વિદ્વત્તાથી ભરેલું વ્યાખ્યાન આપ્યું હતું. ભારતીય સંસ્કૃતિનો પ્રદેશ તો અતિશય વિશાળ છે, પણ પંડિતજીએ પોતાના વિષયને ભારતના 'પ્રવર્તક અને નિવર્તક ધર્મો' પુરતો મર્યાદિત કર્યો હતો અને એ બન્ને પ્રવાહોની રૂપરેખા રજુ કરીને એ બન્ને પ્રવાહોની અસંગત મેળવણીના પરિણામે આજના સર્વ ધર્મો કેવી વિકૃતિને પામ્યા છે તેનો આબેહુબ ખ્યાલ આપ્યો હતો ખેર સાહેબે પણ એટલો જ વિચારપ્રેરક ઉપસંહાર કર્યો હતો. પંડિત સુખલાલજીનું ભાષણ અને ખેર સાહેબ પ્રમુખ સ્થાને એ તો ગંગા યમુનાના સંયોગ જેવું, સુવર્ણમાં રત્નને મઢવા જેવું, સોનામાં સુગંધને મેળવવા જેવું હતું.

ચોથા દિવસે સવારે 'વિદ્યાપતિ' નું રજતપટ જોવા માટે જુનાનવા વિદ્યાર્થીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યો રોકસી સીનેમામાં એકત્ર થયા હતા. સાંજના વિદ્યાલયના વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન હતું અને તેમાં પ્રારંભકાળથી આજસુધી કાર્યવાહક સમિતિમાં ચુંટાતા આવેલા શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ સંમેલનનું પ્રાસ્તાવિક વિવેચનો બાદ અલ્પ ઉપહાર વડે આનંદપુર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

આવી રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજત મહોત્સવનો સમારંભ વિદ્યાલયની પ્રતિભાને શોભાવે અને વધારે તેવી રીતે અનેકવિધ કાર્યક્રમદ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

**પરમાનંદ**

# રાષ્ટ્રપતિને ગાંધીજીનો પત્ર

બારડોલીમાં મળેલી કા. વા. સમિતિનો ઠરાવ થયો તે અરસામાં ગાંધીજીએ રાષ્ટ્રપતિ મૌલાના અબુલ કલામ આઝાદ ઉપર નીચે મુજબ એક પત્ર લખ્યો હતો:–

**પ્રિય મૌલાના સાહેબ,**

કાર્યવાહક સમિતિ સાથેની ચર્ચા દરમ્યાન મને માલુમ પડયું કે ૧૯૪૦ ના સપ્ટેમ્બર માસમાં મુંબઇ ખાતે થયેલા અખિલ હિંદ મહાસભા સમિતિના ઠરાવનો અર્થ કરવામાં મેં ભુલ કરી હતી. હું તેનો એવો અર્થ કરતો હતો કે આ યુદ્ધમાં કે કોઇ પણ યુદ્ધમાં અહિંસાના કારણે કોંગ્રેસ ભાગ લઇ શકે નહિ. મને આશ્ચર્ય થયું કે ઘણા ખરા સભ્યો મારા અર્થને સ્વીકારતા નહોતા. મુંબઇનો એ ઠરાવ ફરીથી વાંચતાં મને પણ માલુમ પડયું કે મારાથી જુદા પડતા સભ્યોનો ખ્યાલ સાચો હતો અને ઠરાવની શબ્દ રચનામાં ઉતરી ન શકે એવો અર્થ હું ઘટાવી રહ્યો હતો. ઉપર જણાવેલી ભુલ માલુમ પડતા અહિંસાને જેમાં ગૌણ સ્થાન હોય એવી ભૂમિકા ઉપર ચાલતી યુધ્ધવિરોધી લડતમાં કોંગ્રેસને દોરવાનું કાર્ય મારા માટે અશકય બને છે. દાખલા તરીકે ગ્રેટબ્રીટન સામે રહેલી અપ્રીતિની ભૂમિકા ઉપર જ ઉપસ્થિત થતી યુધ્ધવિરોધી હીલચાલને હું સંમત ન કરૂં. જો હિંદુસ્થાનને આઝાદ બનાવવામાં આવે તો વર્તમાન યુધ્ધમાં બ્રીટનને સક્રિય સાથની સૂચના ઉપર જણાવેલ ઠરાવના ગર્ભમાં રહેલી છે. જો મારો અભિપ્રાય એ મુજબ હત અને સ્વતંત્રતા મેળવવા ખાતર પશુબળના ઉપયોગને હું ઉચિત ગણતો હત અને એમ છતાં પણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના બદલા તરીકે યુદ્ધ પ્રયત્નમાં સાથ આપવાનો ઇન્કાર કરતો હોત તો મારા દેશને ન છાજે એવું વર્તન કર્યાનો મેં ગુન્હો કર્યો છે એમ હું માનત. મારી ચોકકસ માન્યતા છે કે માત્ર અહિંસાજ હિંદુસ્થાનને અને દુનિયાને આત્મવિનાશમાંથી બચાવી શકે તેમ છે. આમ હોવાથી હું એકલો હોઉ કે અથવા કોઇ સંસ્થા કે વ્યક્તિઓ સાથે હોય તો પણ ગમે તેવી સ્થિતિમાં મારે મારૂં ધર્મકાર્ય ચાલુ જ રાખવું જોઇએ. તેથી મુંબઇના ઠરાવે મારા માથે જે જવાબદારી મૂકી છે એમાંથી મને મુક્ત કરવા કૃપા કરશો. જે પ્રકારની અહિંસામાં હું માનું છું તે પ્રકારની અહિંસામાં માનતા હોય તેવા જે કોઇ કોંગ્રેસવાદીઓને હું પસંદ કરૂં તેમને સાથે લઇને સર્વ પ્રકારના યુદ્ધો સામે મારા વિચારો વ્યક્ત કરવાની છુટ મેળવવા માટે હું સવિનયભંગની લડત ચાલુ રાખવા માંગું છું. આ કટોકટીના સમયે લોકોને પોતપોતાના સ્થાનમાં સ્થિર રાખવા અને મદદ આપવા માટે જેમની સેવાની જરૂર હશે તેમને સવિનયભંગ માટે હું પસંદ કરીશ નહિં.

**ગાંધીજીના પત્ર ઉપર કા. વા. સમિતિએ કરેલો ઠરાવ**

કાર્યવાહક સમિતિ ગાંધીજીએ ઉપસ્થિત કરેલા મુદ્દાનું વ્યાજબીપણું સ્વીકારે છે અને તેમણે ઉલેખેલા મુંબઇના ઠરાવે તેમના માથે જે જવાબદારી મૂકી છે તેમાંથી તેમને મુક્ત કરે છે, પણ આ સમિતિ તેમને ખાત્રી આપે છે કે સ્વરાજ્ય પ્રાપ્તિ માટે તેમની દોરવણી નીચે સ્વીકારવામાં આવેલી અહિંસાની નીતિ જે લોકજાગ્રતિ કરવામાં તેમજ બીજી રીતે પણ આટલી બધી સફળ નિવડી છે તે નીતિને કોંગ્રેસ વળગી રહેશે. કા. વા. સમિતિ તેમને વિશેષ ખાત્રી આપે છે કે આઝાદ હિન્દમાં પણ અહિંસાનું ક્ષેત્ર બને તેટલું વિકસાવવા કોંગ્રેસ આતુર રહેશે. આ સમિતિ આશા રાખે છે કે સવિનયભંગનો જેમાં સમાવેશ થાય છે તેવા તેમના ધર્મકાર્યને આગળ ધપાવવામાં મહાસભાવાદીઓ તેમને પૂરી મદદ કરશે.

અનુવાદક–**પરમાનંદ**

# બારડોલીનો પ્રસ્તાવ

(જે ઠરાવ બારડોલી ખાતે મળેલી રાષ્ટ્રીય મહાસભાની કા. વા. સમિતિએ દશ દિવસની વાટાઘાટના પરિણામે ઘડયો છે અને એમ છતાં આજે ખૂબ ચર્ચાસ્પદ બની રહ્યો છે, જેના પરિણામે કોંગ્રેસની આગેવાનીથી ગાંધીજી છુટા થયા છે અને જે ઠરાવ ચાલુ માસની પંદરમી તારીખે વર્ધા ખાતે મળનાર અખિલ હિંદ મહાસભા સમિતિની સભામાં મુખ્યપણે ચર્ચાવાનો છે તે ઠરાવ નીચે મુજબ છે. પરમાનંદ)

કાર્યવાહક સમિતિ છેલ્લી મળી તેને આજે ચૌદ મહીના થયાં છે. તે દરમિયાન આ દુનિયા વિગ્રહના વમળમાં વધારે ને વધારે ગુંચવાતી ગઇ છે અને આત્મ–વિનાશને માર્ગે જોસભેર ગતિ કરી રહી છે. કારાવાસમાંથી છુટયા બાદ કા. વા. સમિતિના સભ્યો ફરીથી એકત્ર થયા છે અને તેમણે માનવ ઇતિહાસના આ કમનસીબ વર્ષ દરમિયાન બનેલા રાષ્ટ્રીય અને આન્તરરાષ્ટ્રીય બનાવો ઉપર ગંભીરપણે વિચારો ચલાવ્યા છે.

જુની સમસ્યાઓ નવો આકાર ધારણ કરે છે અને લડાઇ અનેક નવા પ્રશ્નો સાથે હિંદુસ્થાનની સરહદ સમીપ આવી પહોંચી છે એવા કટોકટીના વખતે રાષ્ટ્રીય મહાસભાને અને હિંદી પ્રજાને દોરવણી આપવાની જવાબદારી વધારે વિષમ બને છે. આ જવાબદારીને કા. વા. સમિતિ હિંદી પ્રજાના સહકાર વડે જ પહોંચી શકે તેમ છે. જે સિદ્ધાંતો અને હેતુઓને છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન રાષ્ટ્રીય મહાસભા વળગી રહી છે તેને ધ્યાનમાં રાખવાનો અને દુનિયાની આજની પરિસ્થિતિને અને સંશયાસ્પદ બનેલી પ્રજાગણોની આઝાદીને અનુલક્ષીને તે સિદ્ધાન્તો અને હેતુઓ વિષે વિચાર કરવાનો કા. વા. સમિતિએ પ્રયત્ન કર્યો છે. આ સમિતિ એમ પણ માને છે કે સાચી શાન્તિ અને સ્વતંત્રતા સ્વાધીન રાષ્ટ્રોના વિશ્વવ્યાપી સહકાર ઉપર જ સ્થપાઇ શકે અને ટકી શકે તેમ છે.

આ સમિતિએ ૧૯૩૯ ના સપ્ટેંબર ૨૪ મી તારીખે બહાર પાડેલ નિવેદનમાં વર્તમાન વિગ્રહ પ્રત્યેના પોતાનું વળણ યથા સ્વરૂપે વ્યકત કર્યું હતું અને તેમાં નાઝી અને ફાસીસ્ટ આક્રમણોને વખોડી કાઢવામાં આવ્યા હતા અને સાથે સાથે જો લડાઇના ઉદ્દેશો સ્પષ્ટ કરવામાં આવે અને તે ઉદ્દેશોનો શકય હોય તેટલો અમલ કરવામાં આવે તો સ્વાતંત્ર્ય અને લોકશાસન પક્ષે મદદ કરવાની ઇચ્છા પણ જાહેર કરવામાં આવી હતી.

જો પ્રજાસ્વાતંત્ર્ય અને લોકશાસન ખરેખર વર્તમાન વિગ્રહનું ધ્યેય હોય તો તે ધ્યેયમાં શાહીવાદનું વિસર્જન અને હિંદુસ્તાનની આઝાદીનો સ્વીકાર થવો જ જોઇએ. અંગ્રેજ સરકારની વતી ત્યારબાદ કરવામાં આવેલી જાહેરાતો અને તેની પ્રત્યાઘાતી દમનપૂર્ણ રાજનીતિએ સ્પષ્ટ કર્યું હતું કે આ સરકાર તેની શાહી ચુડ અને હીંદી પ્રજાનું શોષણ એમના એમ કાયમ રાખવા માંગતી હતી. હિંદી રાષ્ટ્રીયતાનું ઇરાદાપૂર્વક અપમાન કરવું, અનિયંત્રિત એકહથ્થુ સત્તાને કાયમ રાખવી અને ભેદવર્ધક પ્રત્યાઘાતી તત્વોને ઉત્તેજતા રહેવું એ અંગ્રેજી રાજનીતિનો સાર હતો. કોંગ્રેસે માનભરી પતાવટને માટે રજુ કરેલી પ્રત્યેક દરખાસ્તનો સરકાર તરફથી ઇન્કાર કરવામાં આવ્યો હતો, એટલું જ નહિ પણ વિનીત ગણાતી સંસ્થાઓએ જાહેર કરેલા અભિપ્રાયોની પણ અવગણના કરવામાં આવી હતી.

આ કારણોને લીધે હીંદી પ્રજાના સ્વમાન અને પ્રાથમિક હકકોની રક્ષા કરવાના તેમજ રાષ્ટ્રીય હીલચાલની ઉચ્ચ ભૂમિકા જાળવી રાખવાના હેતુથી યોગ્ય લાગે તે માર્ગે કોંગ્રેસને દોરવા માટે ગાંધીજીને વિનંતિ કરવાની કોંગ્રેસને ફરજ પડી હતી. પ્રતિપક્ષને બને ત્યાં સુધી અને ખાસ કરીને લડાઇના કપરા સંજોગોમાં નહિ મુંઝવવાની ઇચ્છાથી ગાંધીજીએ પોતે નક્કી કરેલા ચોક્કસ ધોરણને પહોંચી વળે તેવી પસંદ કરાયલી વ્યકિતઓ પુરતી જ સત્યાગ્રહની હીલચાલને મર્યાદિત રાખી હતી. આ સત્યાગ્રહને શરૂ કર્યાને આજે ચૌદ મહિના ઉપર થવા આવ્યું છે, અને આજ સુધીમાં ૨૫૦૦૦ કોંગ્રેસવાદીઓએ જેલવાસ સ્વીકાર્યો છે અને સરહદી પ્રાંતમાં તેમજ અન્યત્ર હજારો માણસોને સત્યાગ્રહ કરવા છતાં પકડવામાં આવ્યા નથી.

આ સમિતિ ગાંધીજીની દોરવણીની અને પ્રજાએ એ દોરવણીને આપેલા જવાબની સન્માનપૂર્વક કદર કરે છે અને આને લીધે આજ સુધી પ્રજાનું બળ એકસરખું ટકી રહ્યું છે એવો અભિપ્રાય ધરાવે છે. અંગ્રેજ સરકાર હિંદની આઝાદી પ્રત્યે એક સરખો વિરોધ દાખવી રહેલ છે અને લોકોની લાગણી અને ઉમદા ભાવનાઓને ઠોકરે મારીને એકસરખી આપખુદ સત્તાનો અમલ ચલાવી રહેલ છે. સ્વાતંત્ર્ય અને લોકશાસનની જાહેરાતો અથવા તો આ વિગ્રહ દરમ્યાન આવી પડેલી આફતો અને સંકટોએ તેમના વળણ કે રાજનીતિમાં કશો ફેરફાર કર્યો નથી, અને જે કાંઇ ફેરફારો નીપજ્યા છે તે પરિસ્થિતિને બગાડવામાં જ પરિણમ્યાં છે.

કેટલાક રાજકીય કેદીઓના છુટકારાનું કશું મહત્ત્વ કે ઉપયોગીતા નથી અને સરકારી નિવેદન સ્પષ્ટ કરે છે કે આ છુટકારાને રાજનીતિના કોઇ પણ ફેરફાર સાથે સંબંધ નથી. હિંદી સંરક્ષણ ધારા નીચે સંખ્યાબંધ માણસોને કશું કામકાજ ચલાવ્યા શિવાય પરહેજ કરવામાં આવ્યા છે. તેઓ વધારે ઉગ્ર સ્વદેશાભિમાની છે અને પરદેશી સત્તા દૂર કરવાને અધીરા છે અને દેશની આઝાદી હાંસલ કરવાની પ્રતિજ્ઞાવાળા છે એજ તેમનો ગુન્હો છે. આ લોકો હજુ પણ જેલમાં પુરાયલા છે.

જો કે હિંદ સાથે અંગ્રેજ સરકારના વ્યવહારમાં કશો ફરક પડયો નથી એમ છતાં પણ આજે યુરોપીય વિગ્રહે જે વિશ્વવ્યાપી સ્વરૂપ ધારણ કર્યું છે અને તેથી હિંદુસ્થાન માટે જે નવી પરિસ્થિતિ ઉભી થાય છે તેનો કા. વા. સમિતિએ ગંભીરપણે વિચાર કરવો–જ જોઇએ. જે દેશો અન્ય બળવાન સત્તાઓના આક્રમણના ભોગ થઇ પડયા છે અને જેઓ પોતાની સ્વતંત્રતાની રક્ષા ખાતર જ લડી રહ્યા છે તેમની પ્રત્યે સ્વાભાવિક રીતે કોંગ્રેસને પુરી સહાનુભૂતિ હોય જ; પણ હિંદ સ્વતંત્ર અને સ્વાધીન બને તો જ હિંદ રાષ્ટ્રીય ધોરણ ઉપર દેશરક્ષણની જવાબદારી ઉપાડી શકે અને આ વિગ્રહના ઉલ્કાપાતે ઉપસ્થિત કરેલી વધારે વ્યાપક સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ બની શકે. હિંદુસ્થાનની રાજકીય ભૂમિકા અંગ્રેજ સરકાર પ્રત્યેની શત્રુવટ અને અવિશ્વાસની લાગણીઓ ઉપર રચાયલી છે અને ગમે તેટલાં મોટાં મોટાં વચનો આપવામાં આવે તો પણ આ ભૂમિકામાં ફરક પડવા સંભવ નથી અને ફેસીસ્ટ રાજ્ય પધ્ધતિથી જે જુદી પાડી શકાય તેમ નથી એવી અહંકારથી ભરેલી શાહીવાદી રાજ્યપધ્ધતિને પરાધીન હિંદ સ્વેચ્છાથી પ્રેરાઇને કશી મદદ કરી શકે તેમ નથી. આ સમિતિ તેથી જાહેર કરે છે કે ૧૯૪૦ ના સપ્ટેંબરની ૨૬ મી તારીખે અખિલ હિંદ મહાસભા સમિતિએ પસાર કરેલો ઠરાવ એના એ આકારમાં ઉભો રહે છે અને કોંગ્રેસની રાજનીતિને આજે પણ એ ઠરાવ યથાર્થપણે વ્યકત કરે છે.

અનુવાદકઃ–**પરમાનંદ**

# દાનની દિશા બદલો

દેશ ભરનાં ગામડાં અને શહેરોમાં છુટા છવાયા જૈનો વસે છે. વર્ષો પહેલાં જૈનો ગામડાં તેમજ શહેરોમાં ઠીક ઠીક સુખી હતા. વખત બદલાયો અને ગામડાંમાં ધંધો રોજગાર પડી ભાંગ્યો, જેના કારણે ધીમે ધીમે ગામડાંમાંથી ઘણાં કુટુંબો શહેરોમાં આવકનાં સાધનો મેળવવાની લાલચે આવવા લાગ્યાં અને તેઓ નાના મોટા પગારની નોકરીઓ મેળવી જીવનનિર્વાહ મુશ્કેલીથી ચલાવવા લાગ્યા. આમાંના કેટલાક ધંધાના અભાવે સટ્ટાના બુરા નાદમાં પડયા, જેનાં પરિણામે પ્રખ્યાત પેઢીઓની હયાતી નાબુદ થઇ અને કેટલાક લોકો અતિ કંગાળ સ્થીતિમાં આવી પડયા. શહેરોમાં આવનાર ભાઇઓનો કેટલોક ભાગ ઉપર પ્રમાણે નોકરીએ ચડી જીવન-નિર્વાહ ચલાવે છે ત્યારે કેટલોક ભાગ તો આવડતના અભાવે અને નોકરી કરવામાં ભોગવવી પડતી અનેક જાતની હાડમારીઓ સહી લેવાની અશકિતના લીધે વગર મહેનતના સટ્ટાના ધંધામાં પડી જાય છે. નસીબ સંજોગે તેઓમાંથી કોઇ કોઇ ભાઇ ધનવાન થાય છે. એ જોઇને મહેનત વગર ધનવાન થવાની લાલચ ઘણાંને થાય છે અને સટ્ટાના નાદમાં ઝુકાવે છે. પણ બધા કાંઈ ભાગ્યશાળી હોતા નથી. તેમજ ધંધાની ફતેહબાજી અને નસીબ બધાનાં સરખાં હોતાં નથી. એટલે એ ધંધામાં પડનારમાંથી ઘણા ખરાની આર્થિક સ્થિતિ કાંઈ બહુ સારી હોતી નથી. અને ઘણાની સ્થિતિ તો ઘણી દયાજનક હોય છે. એ સટ્ટાનો ધંધો કરનાર ભાઇઓને ચોવીશે કલાક ચિંતાનો ભાર મગજ ઉપર રહ્યા કરે છે. માટે આવા અસ્થિર ધંધામાં પડવા કરતાં સ્વતંત્રપણે મહેનત મજુરીથી પ્રમાણિકપણે કાંઇક મેળવી જીવનનિર્વાહ કરવો એ ઉત્તમ છે એમ સરવે જૈનોએ સમજવું જરૂરી છે.

આપણી સમાજમાં જે થોડા ધનવાનો છે અને લાખો કે હજારોની વાર્ષિક આવકવાળા છે તેઓએ પોતાના સાધર્મી ભાઇઓની ગરીબાઇ કેમ ઓછી થાય તેવા ઉપાયો વિચારવા જોઇએ. તેઓ પુરતા હવા ઉજાસવાળાં અને પુરતી મોકળાશવાળી જગામાં રહી શકે તેવાં મકાનો ઉભાં કરવાં, તેમનાં બાળકો ઉંચું શિક્ષણ પામી સારા શહેરીઓ બને તે સારૂ શિક્ષણનાં દરેક જાતનાં સાધનો પુરાં પાડવાં, તથા સમાજના બાળકોના માયકાંગલા દુર્બળ દેહ વધારે મજબુત, કસાયેલા અને સુદૃઢ બને એવી કસરતશાળાઓ સ્થાપવી, ગામડાંમાં રહેતાં ગરીબ કુટુંબો માટે નાના નાના ગૃહઉદ્યોગો સ્થાપવા, તેમજ ગામડાનાં દરેક બાળક કે બાળકી અક્ષરજ્ઞાનથી વંચિત ન રહે તેવી શાળાઓની જોગવાઇ કરવી—આવી અનેક બાબતો પાછળ પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરવા શ્રીમાનોએ સદા તત્પર રહેવું જોઇએ.

અત્યાર પહેલાં આપણા પૂર્વજોએ ધર્મગુરૂઓની આજ્ઞા પ્રમાણે ધાર્મિક કાર્યો પાછળ કરોડો રૂપીઆ ખરચ્યા છે. પણ તેનાથી ધર્મ કે સમાજની ઉન્નતિ થઇ હોય એમ જણાતું નથી. ઉલટું આપણે બંને બાબતમાં પછાત પડયા છીએ. લાખોની સંખ્યામાં ગણાતાં જૈનોની વસ્તી ફકત અમુક લાખની સંખ્યાની અંદર સમાઇ જાય છે. આપણા પૂર્વજોની જાહોજલાલીનાં તો સ્વપ્નાં જ રહ્યાં છે. વસ્તુસ્થિતિ આમ છે તો પછી આપણા દાનનો પ્રવાહ એવી રીતે બદલવાની શું જરૂર ઉભી થઇ નથી કે જેથી ધર્મ અને સમાજની ઊન્નતિ થાય અને સમાજના નીચલા થરના ભાઇઓને જીવનકલહ ઠીક ઠીક હળવો બને?

આપણે હજુ પણ સમાજ અને ધર્મની ઉન્નતિની ખરી નાડ પારખી શકયા નથી. ખરો ડોકટર કે હકીમ તો એજ કહી શકાય કે જે રોગીના રોગનું ખરૂં નિરીક્ષણ કરી તે પ્રમાણે તેનો ઉપચાર કરે. આપણા પૂર્વજોએ ખર્ચેલા કરોડો રૂપીઆ ધર્મ કે સમાજની ઉન્નતિ કરી શકયા નથી એ બાબતમાં ભૂતકાળનો ઇતિહાસ સાક્ષી રૂપ છે. આપણે આ બાબત સમજી શકયા નથી એ સમાજનું કમભાગ્ય છે. હજુ પણ આપણે એજ જુની પ્રણાલિકા મુજબ દર વર્ષે હજારો અને લાખો રૂપીઆ ખરચીએ છીએ. આ આપણી વણીક બુદ્ધિને શરમાવનારૂં છે. ઉપધાન, તપ જેવા ધાર્મિક ઉત્સવોના જલસા પાછળ, "નિવૃત્તિ નગરો" રચવા પાછળ, અને તપ કરનારને સાદા ભોજનથી પારણા કરાવવાને બદલે તેમની સ્વસ્થતાને નુકશાન કરે તેવાં જાત જાતનાં પકવાનો, શકિતવર્ધક દવા, ચુરણો અને સ્વાદિષ્ટ સુંદર ભોજન કરાવવા પાછળ લાખો રૂપીઆ ખરચીએ છીએ ત્યારે આપણે ભુલી જઇએ છીએ કે સમાજના એક ભાગને એક ટંકનું પુરતુ સાદું ભોજન મળતું નથી; ઘણા કુટુંબોને ભુખ્યા પેટે દિવસોના દિવસો કાઢવા પડે છે; કેટલીક વિધવા અને અસહાય બહેનોને પોતાની મર્યાદા સાચવવા કે સમાજના બાળકોને ઠંડીથી બચવા પુરતાં કપડાં પહેરવાને મળતાં નથી. ઘણા ગામડાંના જૈન ભાઇઓ કાંદા, બટાટા, અને એવી બીજી ત્યાજ્ય ગણાતી વસ્તુઓનું વેચાણ કરવાનો ધંધો કરી મહામુશ્કેલીએ ગુજરાન ચલાવે છે. એવા જૈનો પણ છે કે જેઓ ખેડુતને ત્યાં પાણી ભરી તેમજ બીજી મજુર કોમની માફક જીવન ચલાવે છે. આવા ગરીબાઇનો ભોગ બનેલા સાધર્મી ભાઇઓના ઉધ્ધાર માટે અને સમાજમાંથી ગરીબાઇ દૂર કરવા આપણે બેદરકાર બન્યા છીએ એ આપણા માટે ઘણું દુઃખદ છે. માત્ર સમાજના ભલાની કાંઇ પણ દરકાર નહિ કરનારા અને માત્ર પોતાની જ માનપ્રતિષ્ઠા યેન કેન પ્રકારેણ વધારવાનાં સ્વપ્નાં સેવતા ધર્મગુરૂઓની ઘેલછાભરેલી આજ્ઞાને આધીન થઇ લાખો રૂપીઆ ખરચવા આપણે તૈયાર થઇએ છીએ એ આપણી સારાસાર વિચાર કરવાની વિવેકબુદ્ધિની ન્યૂનતા દેખાડે છે. ધર્મગુરૂઓની ગમે તે આજ્ઞાને આધીન થઇ લાખો રૂપીઆ વેડફી નાખવા તૈયાર થવું એ દાનની રીત જ નથી. કારણ જે દાનથી ધર્મ કે સમાજનો અભ્યુદય સધાતો નથી, ગરીબાઇ ભોગવતા સમાજના ભાઇ બ્હેનોનો ઊધ્ધારે થતો નથી એવું દાન બહારથી ગમે તેટલું ઉજવળ દેખાતું હોય; સમાજમાં પ્રતિષ્ઠા અને માન મળતાં હોય તો પણ નિરર્થક છે. પછી ભલે દાન કરનાર અને દાન કરવાની પ્રેરણા કરનાર પોતાને ધન્ય માને?

જો આપણે ખરેખરા વણીક હોઇએ અને અંધશ્રધ્ધાએ ખરચાતા લાખો રૂપીઆથી ધર્મ અને સમાજની ઉન્નતિ થતી નથી એમ પ્રમાણિકપણે સમજતા હોઇએ તો આવા ઉત્સવો નિમિત્તે થતા ખરચા તરફ આપણો વિરોધ દેખાડવો જોઇએ અને સમાજને ચેતવવી જોઇએ. શ્રીમંતોને લક્ષ્મીનો સદ્‌વ્યય સમાજ અને ધર્મની ઉન્નતિ થાય એવા શુભ કાર્યો પાછળ ખરચવાની પ્રેરણા કરવી જોઇએ. આપણી પાસે બીજી સમાજના શ્રીમંતોએ કરેલી આવી સખાવતોનાં અનેક દૃષ્ટાંતો છે. નાની પણ સાહસિક પારસી કોમના શ્રીમંતોની લાખો કરોડોની સખાવતોની પધ્ધતિ જુઓ. કપોળ અને ભાટીયા કોમના શ્રીમંતોએ કોમની ઉપયોગિતા તરફ નજર રાખી કરેલી સખાવત તપાસો અને એવી કોઇ શુભ યોજનાપૂર્વક સમાજના ભાઇ બહેનોની ગરીબાઇ દૂર થાય અને તેમનો ઉદ્ધાર થાય એવી દિશાએ તમારી લક્ષ્મીનો પ્રવાહ વહેતો કરો એવી સમાજના શ્રીમંતોને મારી વિજ્ઞપ્તિ છે. અંધેરીમાં ઉપધાન ક્રિયાના નામે મહીના દોઢ મહીનાના સમારંભ પાછળ હજારો રૂપીઆનું જ્યારે આંધણ થઇ રહ્યું છે ત્યારે આ મારી વિજ્ઞપ્તિ વધારે અર્થવાળી બને છે. જૈનોમાં દાનવૃત્તિ છે, પણ દાનની દિશા

# કેળવણી પ્રચારની અનિવાર્ય આવશ્યકતા

(શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના રજત મહોત્સવ સંમેલન પ્રસંગે વિદ્યાલયના મંત્રી શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ કરેલા નિવેદનની નોંધ.)

કોઇ પણ સંસ્થાને રજત મહોત્સવ ઉજવવાનો પ્રસંગ ખૂબ ગૌરવતું કારણ હોય છે. આ સંસ્થાને એવી તક મળી તે માટે તે પરમાત્માની કૃપા સમજી પોતાને ધન્યવતી માને છે.

સને ૧૯૧૫ના જુન માસમાં આ સંસ્થાની સ્થાપના થઇ. તારાબાગ, લવલેન, ભાયખલામાં એની સ્થાપના કરી તે વખતે ૧૫ વિદ્યાર્થીઓ હતા. સ્થાપવામાં પ્રેરણા મુનિમહારાજ શ્રી. વલ્લભ વિજયજી (ત્યારપછી શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી) ની હતી. પણ શરૂઆત કરી ત્યારે તેઓશ્રી વિહાર કરી ગયા હતા.

ત્યારપછી સંસ્થાને તે જ વર્ષમાં વંડેકર બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ, લઇ આવ્યા, ત્યાં લગભગ પાંચ વર્ષ રહી, છઠ્ઠે વર્ષે સંસ્થા માટે મકાન ખરીદ્યાં. ગોવાળીઆ ટેંક રોડ પર બે લાખ ખરચી વિદ્યાલય ભવન બાંધ્યું મકાનો ખાતે લગભગ ચાર લાખનો ખર્ચ થયો.

સંસ્થાનો લાભ ૫૧૧ વિદ્યાર્થીઓએ લીધો છે. તેમાંથી ૨૪૯ ગ્રેજ્યુએટ થયા છે.

| | | |
|---|---|---|
| સંસ્થાને | રૂ. | ૧,૫૧,૬૬૪—૨—૯ ના ટ્રસ્ટો મળ્યાં. |
| સંસ્થાએ | રૂ. | ૭,૮૫,૭૫૪-૧૫—૨ નો ખર્ચ કર્યો. |
| સંસ્થાને | રૂ. | ૮,૯૫,૦૧૮-૧૧—૮ ની મદદ મળી. |
| સંસ્થાએ | રૂ. | ૫,૦૩,૨૬૪—૯—૬ વ્યાજ ભાડું અને રિફંડ વિ. ના મેળવ્યા. |
| સંસ્થાને | રૂ. | ૧,૩૩,૦૯૦-૧૪-૩ લોન રીફંડ ખાતામાં વસુલ થયા. |

સાહિત્ય ક્ષેત્રે આ સંસ્થા તરફથી કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, હરિભદ્રસૂરિ અષ્ટક, પ્રગટ કરવામાં આવ્યા છે અને ઉત્તરાધ્યયન સૂત્ર પ્રગટ કરવાની તૈયારી ચાલી રહી છે.

માધ્યમિક શિક્ષણમાં મદદ કરવા માટે નીચેનાં ફંડો છે.

શ્રી. સારાભાઇ મોદી લોન ફંડ

„ સારાભાઇ મોદી ઉચ્ચ શિક્ષણ લોન ટ્રસ્ટ

**ટ્રસ્ટોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| શેઠ વાડીલાલ સારાભાઇના | રૂા. ૧,૦૦૦૦૦) |
| „ દેવકરણ મુળજી ટ્રસ્ટ | „ ૫૦,૦૦૦) |
| „ પાનાચંદ માવજી „ | „ ૨૨,૫૦૦) |
| „ ઉત્તમચંદ ત્રીભોવનદાસ અને વલ્લભદાસ ટ્રસ્ટ | „ ૨૨,૦૦૦) |
| „ દેવીદાસ કાનજી ટ્રસ્ટ | „ ૧૦,૬૩૦) |
| „ દામોદરદાસ ભીમજી ટ્રસ્ટ | „ ૧૦,૦૦૦) |
| „ પુરૂષોત્તમ સુરચંદ „ | „ ૭,૫૦૦) |

આ સંસ્થાને ધનવાન ગણવાની કેટલાક ભુલ કરે છે. આ સંસ્થા ઉલટી દેવાદાર છે. આ સંસ્થાએ દેવકરણ મેન્શનનું વેચાણ લેવા દેવું કર્યું છે. આ સંસ્થાને દરવર્ષે ખોટ આવે છે. તેથી બનતી આર્થિક સહાયની આ સંસ્થા હમેશાં અપેક્ષા રાખે છે. આ સંસ્થાને અજોડ કહેવી એ અનુચિત છે. એને હજુ વિશ્વ વિદ્યાલયના કોડ છે. સ્ત્રીઓ, બ્હેનો માટે બહુ કરવાની ભાવના છે. સાહિત્ય ક્ષેત્રમાં ગુજરાતી રાસા અને યુનિવર્સિટી યોગ્ય સાહિત્ય પ્રગટ કરવું છે. સંસ્કૃત અને અર્ધમાગધીનો વિકાસ કરવો છે આ સંસ્થા અજોડ તો આ બધું થાય ત્યારે કહેવાય.

જૈન કોમે આ સંસ્થાને ખૂબ અપનાવી છે. ૨૫ વર્ષમાં એણે લવાજમ, ચાલુ, પરચુરણ અને ટ્રસ્ટ ખાતામાં થઇ રૂા. ૯૪૬, ૬૮૨-૧૩-૧૦ આપ્યા અને હજુ હજારોનાં વચનો ઊભાં છે. મહાવીરના નામે જ્યાં જઇએ ત્યાંથી મળે છે પણ મળે છે એમ એના કોડ વધતા જાય છે. આભાર તો કેટલાકનો માનીએ? પાર નથી! પણ થોડાં નામો લેવાં ઘટે.

પ્રેરક—વિજય વલ્લભ સૂરિ. કાર્યવાહક શેઠ દેવકરણ મુળજી, શેઠ મોતીલાલ મુળજી, શેઠ ગોવિંદજી ખુશાલભાઇ, શેઠ હીરાલાલ બકોરદાસ, શેઠ હેમચંદ અમરચંદ, શેઠ નરોત્તમદાસ ભાણજી કાપડીઆ, શેઠ નાનચંદ કસ્તુરચંદ મોદી, શેઠ સારાભાઈ મગનભાઇ મોદી વગેરે. બાકી તો આપ્યું છે અને આપશો. વહીવટમાં ભૂલ થઇ હોય તો ક્ષમા કરશો.

એક વાતની સ્પષ્ટતા કરવાની છે. જૈન ધર્મ અનેકાંતવાદી છે. એનો આશય ખૂબ વિચારણા માગે છે. વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કરતા આવડે એ જૈન. નિશ્ચયવાદી થઇ જાય એ અજૈન. સમાજ ચલાવવો છે; હજારો મંદિરોને જાળવવા છે; અનેક શાસ્ત્ર ગ્રંથોના ઉદ્ધાર કરવા છે.

અહિંસાના સંદેશા જગતને પહોંચાડવા છે. જગતની મુંઝવણ non-violence દ્વારા દૂર કરવી છે. સમાજમાં કોઇ લાંબો હાથ કરી ભીખ ન માગે એમ કરવું છે. વ્યાપાર વધારવો છે અને, જુના અને નવાનો મેળ સાધવો છે. આ કાર્ય કેળવણી સિવાય શક્ય નથી. ખૂબ ચર્ચાને પરિણામે નિર્ણય થયો છે કે ધાર્મિક કેળવણી પણ વિજ્ઞાનની વર્તમાન કેળવણી વગર લગભગ નિરૂપયોગી થઇ જાય છે. નવયુગને મર્યાદામાં ધર્મ રાખી શકશે અને ધર્મની કેળવણી વૈજ્ઞાનિક પદ્ધતિએ અપાય તો જ કારગત નીવડશે.

વચ્ચેના અંધકાર યુગનાં ઘણાં સૂત્રો અત્રે કામ આપી શકે તેમ નથી. એની ઘડ બેસાડવા માટે માનસશાસ્ત્ર અને નવયુગનાં ઘડતરો વિચારવાં જ પડે અને તેને માટે અહિં સ્થાન છે અને તેમ થયા કે કર્યા વગર જે સામાજિક અને ધાર્મિક ઉન્નતિ ઇચ્છતા હોય તેઓ ખાલી ફાંફાં મારે છે. સમાજ વિકાસનાં સૂત્રોમાં અભ્યાસ વગર, દર્શનકાળ અને જ્ઞાનકાળના સૂત્રોના તફાવતના ઝીણવટવાળા અભ્યાસ વગર અને પ્રાચીન અર્વાચીન ઇતિહાસના વિવેકપૂર્વકના જ્ઞાન વગર સમાજ ઉન્નતિ અશક્ય છે એટલું જ નહિ પણ આ યુગમાં પશ્ચાદ્‌ગતિ કરાવનાર થાય છે. સમાજનું નાવ જેણે હાથમાં ધરવું છે, શ્રી મહાવીર પરમાત્મા જેમને સોંપી ગયા છે, તેમણે એક અથવા બીજા પ્રકારે આ રસ્તો લીધા સિવાય અન્ય માર્ગ નથી. કેળવણી વગર સમાજની પ્રગતિ નથી અને કેળવણીના પ્રયાસનું હાસ્ય કરવું કે એને માટેના દાનની અવગણના કરવી એ દીર્ઘદૃષ્ટિની અલ્પતા બતાવે છે.

માટે મારી વિજ્ઞપ્તિ કે કેળવણીદ્વારા સમાજને સંગઠિત કરો. કેળવણીને અપનાવી જનતાને એનાં ફળો દેખાડો અને જનતા તમને એનો સીધો જવાબ આપશે. કેળવાયલાની કિંમત એના માસિક પગાર કે એની માસિક આવકમાં નથી, ઇન્કમટેક્ષમાં

(અનુસંધાન પૃષ્ટ ૧૭૯ જુઓ કોલમ ૨ જું.)

---

બદલાયા વિના એ દાનવૃત્તિનો અમલ જૈન સમાજને જરા પણ આગળ લઇ જવાને બદલે પાછળ અને પાછળ જ ધકેલે છે અને આજે આપણી ઘટની જતી સંખ્યા અને બીજી રીતે થઇ રહેલા આપણી કોમના હ્રાસ ઉપરથી આ બાબત કોઇને પણ સહજ સમજાય તેવી છે. હજુ પણ આ બાબત આપણે ધ્યાનમાં નહિ લઇએ તો ક્યારે લઇશું?

મણિલાલ મોકમચંદ શાહ.

# "શ્રાવકોના પૈસાનો ધુમાડો"

શ્રી 'મુંબઇ સમાચાર'ના તા. ૨૯-૧૨-૪૧ના અંકમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજત મહોત્સવને લગતા જાહેર મેળાવડાની ખબર આપતાં તેના ખબરપત્રીએ "શ્રાવકોના પૈસાનો ધુમાડો' એ મથાળા નીચે ત્યાં હાજર રહેલા કોઇએ નહિ સાંભળેલી એવી નીચેની હકીકત જણાવી હતી.

"શ્રી. ચીમનલાલ શાહે ભાષણ કરતાં કેટલાક સાધુ મુનિરાજો શ્રાવકો પાસે ઉપધાન, વરઘોડા અને મંદિરો પાછળ કેવી ગંજાવર રકમો ખરચાવી ધનનો ગેરવ્યાજબી વ્યય કરાવે છે"–ઇત્યાદિ.

આ બાબત વિષે તા. ૩-૧-૪૨ ના મુંબઇ સમાચારમાં વિદ્યાલયના મંત્રીએ જાહેર ખુલાસો કરતું જણાવ્યું હતું કે "ઉપરની હકીકત બરાબર નથી. શ્રી. ચીમનલાલ ચકુભાઇએ માત્ર એટલું જણાવ્યું હતું કે અત્યારે પણ જૈન દાનના પ્રવાહનો ઉપદેશ ઉપધાન, ᠆દિર કે વરઘોડા તરફ વધારે હોય છે તેવા વખતે પચ્ચીશ વર્ષ પહેલાં એક જૈન સાધુ કેળવણી તરફ દાનનો પ્રવાહ ફેરવવા ઉપદેશ આપે એ હકીકત ઘણી ધન્યવાદપ પાત્ર છે અને ગૌરવથી ભરપૂર છે"

આ સત્ય હકીકત જાણવા છતાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના કથન વિષે ખોટી સમજુતી ઉભી કરનારો જે સાર મુંબઇ સમાચારમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે સામે વિરોધ જાહેર કરવા માટે કેટલાક જાણીતા શ્રીમાન ગૃહસ્થોની સહીથી તા. ૪-૧-૧૨ રવિવારના રોજ અંધેરી મુકામે એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. આ સભાના પરિપત્ર ઉપર શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના એક ટ્રસ્ટી શેઠ અમૃતલાલ કાળીદાસે સહી કરી હતી. આ સભામાં જે કાંઇ બન્યું તેની હકીકતો મેળવતાં માલુમ પડે છે કે એ સભામાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહને તો લગભગ ભુલી જવામાં આવ્યા હતા, અંધેરી નગરીના નિવૃત્તિનગરમાં ચાલી રહેલ ગંજાવર ઉપધાનસમારંભ શ્રાવકોના પૈસાનો ધુમાડો છે કે નહિ એ બાબત સમજાવવાનું બાજુએ રહી ગયું હતું અને એ સભાના અધ્યક્ષ શ્રી. વિજય રામચંદ્ર સૂરીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ અને તે સંસ્થા સાથે સંબંધ ધરાવતી કેટલીક બાબતો અને વ્યકિતઓ ઉપર લગભગ બે કલાક સુધી સતત વાગ્ધારા ચલાવી હતી અને પોતાના દિલમાં કંઇ કાળથી ભરાઇ રહેલો રોષ ધરાઇ ધરાઇને ઠાલવ્યો હતો. બોલતે બોલતે જેમ કેટલાક જૈન સાધુઓ મુહપત્તિ બાજુએ મુકી દે છે તેમ એક જૈન સાધુને ઉચિત વાણીસંયમ કે વચનગુપ્તિ જાળવવાની ચિન્તા તેમણે છોડી દીધી હતી અને સાંભળનાર શ્રોતાગણો મહારાજનો અસ્ખલિત અને અનિયંત્રિત વાણીપ્રવાહ સાંભળીને કેવળ સ્તબ્ધ બની ગયા હતા. શ્રી વિજય રામચંદ્ર સૂરીના એ વ્યાખ્યાને મુંબઇના જૈન સમાજમાં ખૂબ ખળભળાટ ઉત્પન્ન કર્યો છે; જૈન સમાજમાં આજ સુધી પ્રવર્તી રહેલી શાન્તિનો તેમણે ભંગ કર્યો છે; અને તેઓ મુંબઇ ખાતે પધાર્યા ત્યારે તેમના સંબંધે કરવામાં આવેલી આગાહી આટલી મોડી મોડી પણ તેમણે ખરી પાડી છે.

શ્રી અમૃતલાલ કાળીદાસ જૈન સમાજની એક જાણીતી અને અગ્રગણ્ય વ્યકિત છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના એક ટ્રસ્ટી છે. ટ્રસ્ટીનો ધર્મ જે સંસ્થાના પોતે ટ્રસ્ટી હોય તેની માલમીલ્કત સંભાળવામાં જ પર્યાપ્ત થતો નથી પણ તેમની ફરજ સંસ્થાની જાહેર પ્રતિષ્ટાની ચોકી કરવાની અને સંસ્થા વિરુધ્ધ કોઇ પણ વ્યકિત જાહેરમાં અઘટિત ઉદ્દગારો કાઢે તો તેને યોગ્ય ઉત્તર આપવાની રહે છે. તે માત્ર માલમીલ્કતના ટ્રસ્ટી નથી પણ આખી સંસ્થાના ટ્રસ્ટી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વિનાકારણ અવહેલના કરનારી આ સભા બોલાવવામાં તેઓ સહી આપે અને એક જૈન સાધુ એ સંસ્થાને ઉદ્દેશીને તેના કાર્યવાહકો પરત્વે આવું–સાધારણ સભ્યતાની સીમાને વટાવી જતું–નિંદાપ્રવચન કર્યે જાય તે નીચી પાઘડીએ સાંભળ્યા કરે એ એ એક પ્રતિષ્ઠિત સંસ્થાના ટ્રસ્ટીપદને જરા પણ શોભા આપનારું ન ગણાય.

અને 'શ્રાવકોના પૈસાનો ધુમાડો' એ તો સ્વતંત્ર વિષય છે, જેની ચર્ચા આપણે હવે પછીના અંકમાં કરીશું. **પરમાનંદ.**

---

(પૃષ્ઠ ૧૭૮ થી ચાલુ)

ભરાતી રકમ કે એના બેંક બેલન્સમાં નથી. એ જીવન જ અનોખું છે. ઓછા ભાડાની એક ઓરડીમાં સાદાઇથી રહેનાર અને ઉચ્ચ વિચાર ઘડનારના ઘરની વ્યવસ્થા, બાળઉછેર કે વાતચીત જોશો તો આશ્ચર્ય થશે. એની સાથે સરખામણી કરી શકાય એવી સ્થિતિ, એવી શાંતિ, એવી સ્થિરતા, એવી ગભીરતા તમને અન્યત્ર નહિ મળે અને ખરી વાત ચારિત્રની છે. વર્તન ઉપર જીવનસાફલ્યનો આધાર છે અને વર્તનનિર્ણય સદ્અસદ્વિવેક પર આધાર રાખે છે અને વિવેક કેળવણી વગર અશકય છે.

ગમે તે દૃષ્ટિબિન્દુથી જોઇએ. કેળવણી વગર પ્રગતિ અશકય છે અને જ્યારે આપણે સમજશું કે કેળવણીના વિશાળ અર્થમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે, ત્યારે આપણી પ્રગતિ અનિવાર્ય છે. આવું આવું કાંઇક કરવા આ સત્ર આરંભ્યો છે. એમાં જેમણે લાકડાં, સમિધ્ નાંખ્યા તેનો આભાર છે, ઋત્વિજોનો આભાર છે, પ્રેરકનો આભાર છે અને જનતાનો સહાનુભૂતિ માટે આભાર છે.

આ અને આવી સંસ્થા આપણો પ્રાણ છે, એને વિકસાવવી એમાં આપણો ઉદય છે, એની પ્રગતિમાં સાથ આપવો એમાં આપણી સંતતિનું કલ્યાણ રહેલું છે, અને એને માટે તનમનધનની સહાય કરવી એ આપણા સર્વનું પરમ કર્તવ્ય છે.

કેળવણીનું ફળ એક અને એકધારૂંજ આવશે. એ જૈનને મળે કે લુહાણાને મળે, બ્રાહ્મણને મળે કે વાણીયાને મળે. પરિણામે રાષ્ટ્રભાવ ખીલે છે, વાડાભાવ નાશ પામે છે અને આપણે ઉઘાડી આંખે જોઇએ તો આપણી ચારે બાજુએ બનતું જોઇ શકાય છે.

કેળવણીના વિકાસમાં ધર્મનો હ્રાસ સમજે કે મનાવે તે આખા વર્તમાન યુગને સમજ્યા નથી. એના ઝોકનો તેમણે અભ્યાસ કર્યો નથી; એમણે દર્શનકાળ અને જ્ઞાનકાળનો તફાવત જાણ્યો નથી; તેમણે સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી. બાકી કેળવણીની નિંદા કરવી એ અંધારાને અપનાવવા અથવા એમાં પ્રકાશ માનવા જેવું છે. કદાચ અઢારમી અને ઓગણીસમી સદીની અંધકાર દશાનો એને અવશેષ ગણીએ તો ખોટું ન ગણાય. એ મનોદશા દૂર થતી જાય છે, પણ જેમ જલ્દી દૂર થાય તેમ વધારે સારૂં.

આ સંસ્થાને સમાજે આપેલ સહકાર, પ્રેરણા અને ઉદારતા માટે અંતઃકરણથી આભાર માનતાં આ સંસ્થાનો અનેકવિધ વિકાસ રજુ કરનાર સુવર્ણજયંતી થાઓ અને તમારામાંના યુવાનો એને ઉજવો એવું અંતઃકરણથી હું ઇચ્છું છું. જૈનધર્મ વિશાળ છે, એમાં જ્ઞાતિભેદ નથી, એમાં મતભેદ નથી, એમાં વિશાળતાના પાયા સમજાવનાર નયવાદ છે અને એને ન્યાય (Logic) સાથે એટલો ગાઢ સંબંધ છે કે એનાથી રાષ્ટ્રભાવ તો શું પણ આંતરરાષ્ટ્રીય ભાવ વધે, દીપે અને ઝળકે તેમ છે. આ માર્ગે આપણી પ્રગતિ થાઓ !

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ**

# ગાંધીજીનું નિવેદન

(તા. ૩૦ મી ડીસેમ્બરે ગાંધીજીએ છાપાવાળાઓને મુલાકાત આપતાં નીચે મુજબ નિવેદન કર્યું હતું.)

મારી માફક અન્ય કોઇની જો એવી માન્યતા હોય કે મુંબઇના ઠરાવથી અહિંસાના કારણે ચાલુ વિગ્રહમાં ભાગ લેવાનું કોંગ્રેસને માટે તદ્દન અશકય બન્યું હતું, તો તેઓ સમજી લે કે મુંબઇના ઠરાવે પતાવટનું દ્વાર તદ્દન બંધ કર્યું ન હતું. એ ઠરાવ મુજબ પૂનાનો ઠરાવ તો જરૂર રદ થયો હતો અને તેથી પૂનાની દરખાસ્ત પણ રદ થઇ હતી. કા. વા. સમિતિ મારફત કોંગ્રેસે હવે સ્પષ્ટ કર્યું છે કે ખાસ કરીને અહિંસાના કારણે કોંગ્રેસ યુદ્ધમાં ભાગ ન લઇ શકે એવી આજની મડાગાંઠ નથી. આ મડાગાંઠ ઉકેલવાની ચાવી હવે તો મુખ્યત્વે કરીને અંગ્રેજ સરકારના જ હાથમાં રહી છે. આ મડાગાંઠ કેમ ઉકલે તે સંબંધે કોઇ પણ પ્રકારનું સુચન કાર્યવાહક સમિતિના ઠરાવમાં કરવામાં આવ્યું નથી એ વ્યાજબી થયું છે. તેનો આધાર ફરતા સંજોગો ઉપર રહે છે; પણ મારા અભિપ્રાય પ્રમાણે મુખ્ય સંયોગ સરકાર પોતે જ છે. અનેકવાર અપમાનિત થયેલી કા. વા. સમિતિ નવી દરખાસ્ત કરીને વધારે અપમાન નોતરવા નથી માંગતી. આખરે તેના મુદ્દાઓ તદ્દન સ્પષ્ટ છે. કોંગ્રેસને શું જોઇએ છીએ અને તે શું માગે છે એ સૌ કોઈ જાણે છે. સૌ કોઇએ સમજી લેવું જોઇએ કે કોંગ્રેસ જે વસ્તુ ઉપર આજ સુધી મુસ્તાક રહી છે તે કરતાં કશું પણ ઓછું સ્વીકારવામાં નહિ આવે. તેથી બીજું પગલું ભરવાની આખી જવાબદારી સરકાર ઉપર આવે છે. આજના વખતમાં આટલી જ બાબત પ્રસ્તુત છે.

કેટલાક અંગ્રેજ મિત્રો જેઓ હિન્દુસ્થાનની આઝાદીમાં રસ લઇ રહ્યા છે અને જેઓ પોતાની પ્રજાને પણ ચાહનારા છે તેમનો આગ્રહભર્યો એક તાર આવ્યો છે. મે તે તારનો જવાબ આપ્યો નથી. તેમણે મને સદ્દગત એંડ્રયુઝના વારસાનું સ્મરણ આપ્યું છે. તેઓ ગમે તે કહેવા માંગતા હોય, પણ તે એકજ હોઇ શકે. ચાર્લી એંડ્રયુઝને મારી વચ્ચે એક અણતૂટ ગાંઠ હતી કે કોઇ પણ સંજોગોમાં આપણા અંતઃકરણના અવાજ સાથે બાંધછોડ કરવી નહીં અને મેં જે કાંઇ કર્યું હોય તે સર્વ બાબતમાં મારો નિડરપણે દાવો છે કે હું મારા અંતઃકરણના આદેશ મુજબ જ વર્તતો આવ્યો છું. મૌલાના સાહેબ ઉપરના પત્રમાં મે સ્પષ્ટ કર્યું છે કે હિંસા અહિંસાની ઉપેક્ષા કરીને કોઇપણ સંજોગમાં યુધ્ધમાં સહકાર આપવાની વાતને હું સંમત કરી શકું નહીં. કારણ કે તેનો અર્થ જે આદર્શને છેલ્લાં વીશ અથવા તો વધારે વર્ષો સુધી આપણે વળગી રહેતા આવ્યા છીએ તેનો ઇન્કાર કરવા બરાબર થાય. હું તે વારસો હિન્દુસ્થાનની આઝાદી ખાતર પણ વેચી નાંખવાનો ગુન્હો ન કરૂં, કારણ કે તેવી આઝાદી ખરી આઝાદી નહીં હોય.

મને લાગે છે કે આજ સુધી કદી નહીં જાણેલી એવી હિંસાત્મક ખુનરેજીમાં જે દુનિયા ગુંગળાઇ રહી છે તેના ઉધ્ધારનો સંદેશ કોઈ દેશ આપી શકે તેમ હોય તો તે દેશ હિન્દુસ્થાન છે. જ્યારે રાષ્ટ્રિય મહાસભા મારફત હિંદુસ્થાને અહિંસાની નીતિ સ્વીકારી, ત્યારે કોઇ મહાસભાવાદીને ખ્યાલ નહોતો કે આટલા થોડા સમયમાં બીજી લડાઇ અને તે પણ આવી ખુનખાર લડાઇ આવીને ઉભી રહેવાની છે. હિંદુસ્થાનની કસોટીનો સમય આવી રહ્યો છે અને જે જીવલેણ વ્યાધિમાં સમસ્ત માનવજાત સપડાયલી છે તેમાંથી ઉગરવા માટે અહિંસા પૂરેપુરૂં અસરકારક સાધન છે એવી જેની નિશ્ચય માન્યતા છે તેવો હું સીધી કે આડકતરી રીતે આ યુધ્ધમાં સહકાર આપવાનું સ્વીકારી શકું જ નહીં અને તેથી હું કોંગ્રેસની બહાર જાઉં છું.

કોંગ્રેસમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો ધરાવનાર અનેક સ્ત્રીઓ અને પુરૂષો છે, અને તેથી કા. વા. સમિતિ ભિન્ન ભિન્ન અભિપ્રાયો ધરાવનાર વર્ગોના પ્રતિનિધિઓની બનેલી હોય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. એ કા. વા. સમિતિ ત્રણ વર્ગોમાં વહેંચાયેલી છે અથવા તો એમાં ત્રણ પ્રકારની વિચારણા ધરાવતા વર્ગો જોવામાં આવે છે.

(૧) પહેલો લઘુમતી વર્ગ કે જે શુદ્ધ અહિંસાના કારણે યુદ્ધમાં ભાગ ન જ લઇ શકાય એમ માને છે.

(૨) બીજો વર્ગ કે જે એમ માને છે કે કોઇ પણ સંજોગમાં લડાઇમાં ભાગ ન જ લઇ શકાય તે સીમા સુધી અહિંસાને કોંગ્રેસે લઇ જવાની જરૂર નથી.

(૩) ત્રીજો વર્ગ કે જે અહિંસામાં માનનાર લઘુમતી જેટલાજ વર્તમાન પરિસ્થિતિ પરત્વે ચોકકસ મંતવ્યો ધરાવે છે.

કા. વા. સમિતિના મંત્રીએ જે ઠરાવ છાપામાં આપ્યો છે તે આ ત્રણ વર્ગોની સંયુકત ચર્ચાનું પરિણામ છે. જાહેર જનતાને અને મહાસભાવાદીઓને એ ઠરાવ એ ભુમિકા ધ્યાનમાં રાખીને વાંચવાની હું વિનંતિ કરૂં છું. મને આશા છે કે દરેક માણસ એ તો કબુલ કરશે જ કે કાર્યવાહક સમિતિ કોઇપણ પ્રકારના ઉતાવળીયા નિર્ણય ઉપર આવી નથી. જે મહાન સંસ્થાની તે પ્રતિનીધિ છે તેની પ્રતિભાને અનુરૂપ ઠરાવ ઘડવા પાછળ ગમે તેટલો સમય જાય તેની તેણે દરકાર કરી નથી.

જે મહાસભાવાદીઓ હું જે રીતે અહિંસાને સમજું છું તે રીતની અહિંસામાં માનતા હોય તેમને એક વાત મારે કહી દેવી જોઇએ કે કા. વા. સમિતિના ઠરાવનો જે અર્થ હું ઘટાવું છું તે રીતે વિચારતાં તેમણે જરા પણ ભય ચિંતવવાનું કારણ નથી. એ ઠરાવ અહિંસા વિષેના પોતાના અભિપ્રાયને વળગી રહેવાની એટલું જ નહિ પણ એ અભિપ્રાયનો બને તેટલો પ્રચાર કરવાની તેમને છુટ આપે છે. જ્યાં સુધી કોંગ્રેસ યુદ્ધ-પ્રયત્નમાં સાથ આપવાનો નિર્ણય ન કરે ત્યાં સુધી જ તેઓ કોંગ્રેસમાં રહી શકે છે. સર્વ મહાસભાવાદીઓને પોતાના અભિપ્રાયને અનુકુળ બનાવવાની તેમને છુટ છે. મને પુરી ખાત્રી છે કે કા. વા. સમિતિ આવા માનસિક પરિવર્તનને આવકારભર્યું લેખશે. પણ રાષ્ટ્રજીવનના આ કટોકટીના સમયે પોતાના વિચાર અને વલણ અચોક્કસ રાખતા મહાસભાવાદીઓને હું ચેતવણી આપું છું તેમજ કોંગ્રેસમાં સત્તા મેળવવાની ખાતર જ આ પક્ષ કે તે પક્ષમાં જોડાવાની નબળાઇ દાખવનારને પણ હું ચેતવણી પાપુ છું. જે લોકો એ પ્રમાણે વર્તશે તેઓ પ્રજા માટે શક્તિ અને સામર્થ્ય મેળવવાના ધ્યેયમાં નિષ્ફળ નિવડશે. કોંગ્રેસ તેમજ આખી દુનિયા જીવનના સામાજીક, રાજકીય તેમ જ કૌટુંબિક સર્વ અંગોમાં અહિંસાને પરમધર્મ તરિકે સ્વીકારે એમ હું અંગત રીતે ઇચ્છું; પણ બાયલાપણા માટે તો કોઇ પણ સ્થિતિમાં અવકાશ છે જ નહિં. આપણે બધા બાયલા બનીએ તે કરતાં તો આપણે બધા હિંસક બનીએ એ હું વધારે પસંદ કરૂં. તેથી દરેક મહાસભાવાદી પોતાના વિચાર અને વળણોને ચોક્કસ કરે અને તેને અમલમાં મુકવા પાછળ જરૂરી ધૈર્ય અને હિંમત દાખવે એવી હું આશા રાખું છું.

અનુવાદક: **પરમાનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો | શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર | Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૯

મુંબઇ : ૧ ફેબ્રુઆરી ૧૯૪૨ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

## સાપેક્ષતાવાદ

[ શૃંગાર રસમાં સુરૂચિની હદ કયાં પુરી થાય અને અશ્લીલતા કયાં શરૂ થાય તે વિષે શ્રી. હરિભાઉ ઉપાધ્યાયે શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો અભિપ્રાય પુછેલો. તે પ્રશ્નની ચર્ચા કરતાં શ્રી. કિશોરલાલભાઇએ છેવટે એમ અભિપ્રાય આપેલો કે "સ્રીપુરૂષના પ્રેમયુક્ત સંબંધોનું આલેખન ચિત્રદ્વારા શબ્દદ્વારા, નાટકદ્વારા કે સંકેત (ઇશારા) દ્વારા થયેલું હોઇ, જો તેનું એકંદર પરિણામ પ્રેક્ષક અથવા શ્રોતા, તથા લેખક અને ભાગ લેનારાં પાત્રોમાં કામ-વિકારનો સંચાર કરાવવાવાળું અને આખર જતાં તેમનામાં વીર્યવમનની તલબ ઉત્પન્ન કરાવનારૂં થતું હોય, તો તે અશ્લીલ છે. પછી જોઇએ તો તેનું બાહ્ય સ્વરૂપ ગ્રામ્ય હોય કે શિષ્ટ, સાહિત્યિક હોય કે વૈજ્ઞાનિક હોય. જો તે આલેખન કામશામક અને સ્થિરવીર્ય થવામાં મદદ કરનારૂ હોય તો તે શ્લીલ-સભ્ય-છે. તેના ફળથી તેની પરીક્ષા કરવી જોઇએ." આ પ્રમાણે શ્રી. કિશોરલાલભાઇનો અભિપ્રાય રજુ થતાં કેટલાક વિદ્વાનો તરફથી એવી મતલબની ટીકા કરવામાં આવી કે 'શ્લીલ' કે 'અશ્લીલ' એ સાપેક્ષ બાબત છે. એક જ વસ્તુનું નિરૂપણ એક વ્યક્તિને શ્લીલ લાગે ત્યારે અન્ય વ્યક્તિને અશ્લીલ લાગે. તેથી શ્લીલ-અશ્લીલની ચોક્કસ મર્યાદા બાંધવાને આપણી પાસે કાંઇ સાધન છે જ નહિ. આ બાબતનો જવાબ શ્રી. કિશોરલાલ ભાઇએ 'સાપેક્ષતા-વાદ' એ મથાળા નીચે 'જીવન સાહિત્ય' નામના હિંદી માસિકમાં પ્રગટ કરેલો. તેનો અનુવાદ ગયા નવેમ્બર માસના 'શિક્ષણ અને સાહિત્ય'માં પ્રગટ થયેલો જોવામાં આવે છે. જૈન વિચારસરણીમાં 'સાપેક્ષતાવાદ' અથવા તો 'અનેકાન્તવાદ'ને બહુ જ મહત્વનું સ્થાન છે; તેથી એ લેખ જૈન દર્શનના અનુયાયીઓએ ખાસ મનન કરવા લાયક છે એમ સમજીને અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પરમાનંદ ]

સત્ય, ધર્મ, સદાચાર, નીતિ આદિ અનેક વિષયોમાં સાપેક્ષતાવાદની દૃષ્ટિએ શંકા ઉઠાવવાની એક વૃત્તિ આ જમાનામાં કંઇક જોરપૂર્વક ઉઠી છે. જૈનદર્શનના સ્યાદ્વાદ અથવા અને-કાન્તિકવાદનું જ એ એક ભિન્નરૂપ છે. તલવાર અને સોય એક દૃષ્ટિએ એક જ વસ્તુ છે અને બીજી દૃષ્ટિએ જુદી જુદી વસ્તુઓ છે. એટલે, એમને એક કહેવાનો આગ્રહ રાખનાર પણ ખરૂં કહે છે અને ભિન્ન કહેનાર પણ ખરૂં કહે છે, અને બન્ને ખોટું પણ કહે છે. આથી નિરપેક્ષ દૃષ્ટિએ આપણે ન તો તેમને એક કહેવી જોઇએ, ન તો ભિન્ન કહેવી જોઇએ. આ એ તર્ક-પરંપરાનું નાનકડું સ્વરૂપ છે. એ જ રીતે સાપેક્ષતાવાદીઓ કહે છે કે, કોઇ આચાર, વિચાર કે ઉચ્ચાર સત્ય, ધર્મ, નીતિ વગેરેથી યુક્ત છે કે અસત્ય, અધર્મ, અનીતિ વગેરેથી, તે આપણે નિશ્ચયપૂર્વક ન કહી શકીએ; કારણ કે સત્ય, ધર્મ, નીતિ વગેરે માપવાનો કોઇ નિરપેક્ષ ગજ છે જ નહિ. આ વિચારને અનુસરી, મેં શ્લીલ અને અશ્લીલ સાહિત્યમાં ભેદ પાડવાની એક દૃષ્ટિ રજુ કરી ત્યારે અનેક વિદ્વાન લેખકોએ મારા ગજનો વિરોધ કર્યો અને લગભગ એમ સિદ્ધ કરી બતાવ્યું કે, શ્લીલ-અશ્લીલની મર્યાદા સમજવા માટે આપણી પાસે કાંઇ સાધન જ નથી.

સાહિત્ય-પરીક્ષણ મારો વિષય નથી, અને અકસ્માતજ આ ચર્ચા મારે માથે આવી પડી. મારા એ લેખમાં કંઇ વિચાર-દોષ ન હોય તો પણ બીજા વિચારકોનો મારી સાથે પ્રમાણિક મતભેદ પણ હોઇ શકે. કેટલાક વિષયો એ જાતના હોય છે જે હંમેશા ચર્ચાસ્પદ જ રહે છે, અને અમુક હદ સુધી ચર્ચા થઇ ગયા પછી પોતાનો મત પ્રગટ કરીને મૌન ધારણ કરવું એમાંજ ડહાપણ છે. પોતાનો કોઇ સંપ્રદાય ઉભો કરવાની દૃષ્ટિ રાખ્યા વગર આવી ચર્ચા થાય તો મતભેદ હોવા છતાં, પરસ્પર આદર અને મૈત્રીનો સંબંધ કાયમ રહે છે. આ દૃષ્ટિએ શ્લીલ-અશ્લીલતા વિષેની મારી વિચારશ્રેણીનો વિરોધ કરનારા મિત્રોને જવાબ આપવાની દૃષ્ટિએ કાંઇ લખવાનું મને ઉચિત નથી લાગતું. આ લેખ તો એ ચર્ચામાં આપેલા સાપેક્ષતાવાદનો જ કાંઇક વિચાર કરવા માટે લખવામાં આવ્યો છે. મારા લેખોમાં હંમેશાં એવો પ્રયત્ન હોય છે કે, વિચારધારા ચલાવવાની આપણી પદ્ધતિ સ્વતંત્ર, સ્પષ્ટ અને સાફ હોય-અને અનુભવના ક્ષેત્રમાં આવનારી હોય; બનતા સુધી કોઇ કલ્પના, માન્યતા, પૂર્વગ્રહ કે વાદને આધારે ન થઇ હોય. આથી જે નિરપેક્ષતા અનુભવની મર્યાદા બહાર હોય તેને પણ વ્યવહારને માટે કાલ્પનિક જ કહેવી જોઇએ.

એ વાત સાચી છે કે, કેટલીક વસ્તુઓ અમુક દેશકાળ એટલે કે પરિસ્થિતિમાં સત્ય, ધર્મ, નીતિ વગેરેથી યુક્ત માની શકાય અને બીજી પરિસ્થિતિમાં એથી ઊલટી માની શકાય. પરંતુ કેવળ નૈતિક વિષયોમાં જ એમ નથી. સામાન્ય સ્થૂળ પદાર્થોનાં ગુણવર્ણનમાં પણ એમ જ હોય છે. ઉકળતું પાણી ઉકળતા લોઢાના રસની દૃષ્ટિએ બહુ જ ઠંડી વસ્તુ છે અને જમા-વેલા પાણી (બરફ) ને જમાવેલા ઓકસીજન આગળ બહુ ગરમ પદાર્થ કહી શકાય. છતાં બરફની ગરમીથી પોતાની ટાઢ ઉડાવવી અથવા ઉકળતા પાણીનો સ્પર્શ કરવો એ કોઇ માણસ માટે શકય નથી. મનુષ્ય માત્રને માટે નિશ્ચયપૂર્વક બરફ બહુ ઠંડો જ છે અને ઉકળતું પાણી બહુ ગરમ જ છે. ઠંડી અને ગરમી સાપેક્ષ ગુણ હોવા છતાં, માણસની પોતાની સહનશકિતના માપથી બરફ અતિ શીતળતાના ક્ષેત્રમાં અને ઉકળતું પાણી અતિ ઉષ્ણતાનાં ક્ષેત્રમાં છે. પોતાના શરીરની ઉષ્ણતાને ધ્યાનમાં રાખીને તેણે એક ગજ બનાવ્યો છે અને વ્યવહારને માટે એજ માપ એને માટે પૂરતું જ નહિ, બલકે અનિવાર્ય પણ છે. માણસોની પ્રકૃત્તિ ભિન્ન ભિન્ન હોય છે. અને દરેકનો ઠંડી ગરમીનો નિર્ણય કંઇક ભિન્ન હોઇ શકે. પરંતુ આ ભેદ ન્યૂનતમ અને અધિકતમની વચ્ચે આવેલા એક નાનકડા સ્થાન-માં જ રહે છે. ઉદાહરણાર્થે, ખુશનુમા ઠંડીની વ્યાખ્યા ૪૦° થી ૭૦° અંશની વચ્ચે જ હોઇ શકે, અને ગરમીની ૮૦° થી ૧૦૦°

અંશની વચ્ચે. ૩૦° અંશની ઉષ્ણતાને અસહ્ય ગરમ કહેનાર અથવા ૧૩૦° અંશની ઉષ્ણતાને ગરમ ન સમજે એવો માણસ મળવો સંભવિત નથી. અને અનુભવથી એમ પણ કહી શકાય છે કે સાધારણ રીતે માણસને માટે ઠંડી ગરમીના ફેરફારો સુખપૂર્વક સહન કરવાની મર્યાદા ૬૫° થી ૮૫° અંશ સુધીની છે. ૬૫° થી નીચે ઘણાને કંઇક ઠંડી લાગશે અને ૮૫° થી ઉપર કંઇક ગરમી લાગશે. ત્યારે જાડી ગણતરી પ્રમાણે અને આમ જનતાને નજરમાં રાખીને એમ કહેવામાં વાંધો નથી કે હવામાં શીતોષ્ણતાની સુખપ્રદ માત્રા ૬૫° થી ૮૫° અંશ છે. એટલે 'યુકત તાપ' (એરકન્ડિશન્ડ) મકાનોમાં ઘણું ખરૂં ૭૦° થી ૭૫° અંશ સુધી ગરમી રાખવાનો પ્રબંધ કરવામાં આવે છે.

૬૫° થી ૮૫° જેવા કંઇક નિશ્ચિત આંકડા આપણે આપી શકીએ છીએ; કારણ કે આપણે થરમોમિટર બનાવી દીધું છે. પરંતુ થરમોમિટરની ભાષા ન જાણતો હોય તો પણ માણસ પાસે પોતાનો સ્વાનુભવ માપવાનો એક અંકરહિત માપદંડ હોય છે. આંકડાની પરિભાષામાં તે ન બોલી શકે. પણ એનો અર્થ એ નથી કે એને એની જાડી ગણતરી પ્રમાણે પણ કંઇ કલ્પના નથી. દરેકને એવી કલ્પના છે, એટલે તો બે મિત્રો મળતાં જ 'આજે બહુ ગરમી છે, આજે વધારે ઠંડી છે, આજે બહુ સારો દિવસ લાગે છે, હવે ટાઢ ઊડી ગઇ, હવે તાપ પડવા માંડયો છે,' વગેરે કહે છે. દરેકનું ઠંડી ગરમીનું માપ જુદું જુદું હોવા છતાં સ્થૂળ હિસાબે સમાન અનુભવ છે અને એ સમાન અનુભવ પ્રમાણે તેઓ વ્યવહાર કરી શકે છે. આ બધી ભાષા સાપેક્ષ ગુણો વિષે હોવા છતાં સૌએ એક સમશીતોષ્ણ માધ્યમ માન્યું છે, અને એકબીજાને સમજવા માટે તે પૂરતું લાગે છે.

આ જમાનાના વૈજ્ઞાનિકોએ તાપના નિરપેક્ષ શૂન્યાંશનું પણ એક સ્થાન માન્યું છે. તે સ્થાન પાણીના શૂન્યાંશથી ૩૭૩° અંશ નીચે છે. પરંતુ સંભવ છે કે આવતા જમાનામાં એને પણ સાપેક્ષ ઠરાવવામાં આવે. પણ માનવ વ્યવહારોમાં આજનો નિરપેક્ષ શૂન્યાંશનો ગજ પણ રોજનાં કાર્યોમાં વાપરવામાં નથી આવતો. રોજના કાર્યોમાં તો શીતોષ્ણતાની જળ પર જે અસર થાય છે તેને જ દૃષ્ટિ આગળ રાખીને બનાવેલું થરમોમિટર વાપરવામાં આવે છે અને તે ઘણું ઉપયોગી જણાય છે,

એજ રીતે સત્ય-અસત્ય, નીતિ–અનીતિ, સદાચાર–દુરાચાર, શ્લીલ–અશ્લીલ વગેરેમાં નિરપેક્ષ સત્ય, નીતિ, સદાચાર, શીલ વગેરેની વ્યાખ્યા શોધી શકતા હોઇએ તો ભલે એ પ્રયત્ન કરીએ. પરંતુ તે વ્યાખ્યા ન મળે ત્યાં સુધી ભલે વિશિષ્ટ દેશકાળના માણસો માટે આપણે એક વ્યવહારોપયોગી સામાન્ય માણસોના અનુભવના ક્ષેત્રમાં આવનાર ગજની વ્યાખ્યા બનાવી લઇએ તો તે પૂરતી છે. એક સાવ બાળબુદ્ધિ, મૂઢ અથવા અત્યંત સ્થિર–બુદ્ધિ જ્ઞાનીના મન પર કળા કે સાહિત્યના કોઇ નમુનાની શી અસર થાય છે કે નથી થતી, એ બન્ને છેડા છોડી દેવા જોઇએ. તે છેડા થરમોમિટરનાં શૂન્યાંશ અને ૨૧૨° છે. જેમ સામાન્ય માણસો માટે સુખપૂર્વક ઉપભોગ્ય ઠંડી ગરમી ૬૫° થી ૮૫° અંશ વચ્ચેની છે, તેજ પ્રમાણે તેમને માટે નિર્દોષ કળા અને સાહિત્યની, અનુભવનાં ક્ષેત્રમાં આવી શકે તેવી, એક મર્યાદા આંકી શકાય અને વ્યવહાર માટે તે પૂરતી છે.

શ્લીલ અશ્લીલ નક્કી કરવાની મેં જે વ્યાખ્યા બનાવી તે વ્યવહારોપયોગી છે કે નહિ તેનો વિચાર કરવો જોઇએ. સાહિત્ય અને કળાનો ઉપભોગ કરનારા કોઇ અત્યંત બાળક બુદ્ધિ, મૂઢ અથવા અત્યંત સ્થિરબુદ્ધિ જ્ઞાની નથી હોતા. તેઓ સંસારમાં રચ્યાપચ્યા રહેતા સામાન્ય લોકો હોય છે. તેમના મનમાં કાંઇને કાંઇ ભાવો પેદા કરવા માટે જ સાહિત્ય અને કળાનું સર્જન થાય છે. એ સર્જન કરનારા પર પણ કાંઇને કાંઇ ભાવોની અસર થયેલી હોય છે. ભાવ એ જ્ઞાન તંતુની દ્વારા થતો એક શારીરિક ફેરફાર છે. શરીર પર અનેક પ્રકારની અસર પડી શકે છે. તેમાં એક અસર કામ પ્રકોપની પણ છે. એ કોઇ કલ્પનિક વસ્તુ નથી, પ્રત્યક્ષ અનુભવની વસ્તુ છે. અમુક સાહિત્ય કે કળાનું સર્જન કરનાર અને તેનો ઉપભોગ કરનાર સો કે હજાર સામાન્ય માણસોના મન પર તેની શી અસર થાય છે અથવા થવાનો સંભવ છે તે શોધવું મુશ્કેલ નથી. જો સામાન્ય માણસ ગણાનાર કર્તા કે ભોકતામાંના કોઇને પણ તે કામ–પ્રકોપ કરાવનારી વસ્તુ હોય અથવા હોવાનો સંભવ હોય, તો તે અશ્લીલતાના ક્ષેત્રમાં આવનારી વસ્તુ છે.

આજ રીતે સામાન્ય જનોને ઉપયોગી થાય તેવી સદાચાર-દુરાચાર, નીતિ–અનીતિ, સત્ય–અસત્ય વગેરેની વ્યાખ્યાઓ બનાવવી મુશ્કેલ નથી. દાખલા તરીકે, આત્મ[illegible] ('સોલ ફોર્સ' અથવા 'સ્પિરિચ્યુઅલ ફોર્સ') અને નીતિ–બળ ('મોરલ ફોર્સ') નાં ભેદ અને લક્ષણ આ પ્રમાણે થઇ શકે; જે બળ કોઇ માણસને કોઇ ઉદ્દેશની સિદ્ધિ માટે પોતાના સુખસંપત્તિ અને પ્રાણનું સુદ્ધાં બલિદાન આપવાની શક્તિ આપે છે તે આત્મબળ છે. અને જે બળ કોઈ માણસને સુખ સંપત્તિની પ્રાપ્તિ અને પ્રાણનું રક્ષણ કરવાના પ્રયત્નોમાં કંઇક મર્યાદા આંકીને, પ્રલોભન હોવા છતાં એ મર્યાદા ન છોડવાની તાકાત આપે છે, તે નીતિ–બળ છે. આ ઉપરથી કહી શકાય કે, સત્ય અને નીતિ એ વસ્તુઓ છે, જે ક્રમશઃ આત્મબળ અને નીતિ–બળ એટલે કે માણસની બલીદાન શક્તિ અને સંયમ શક્તિને વધારે છે; અને અસત્ય તથા અનીતિ તે વસ્તુઓ છે કે જે તેમને ઘટાડે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ વ્યાખ્યાઓ સાપેક્ષ જરૂર છે; પરંતુ તેથી તે નકામી નથી. આ માપો આપણા અનુભવની કક્ષામાં આવે એવાં અને સૌ સમજી શકે એવાં છે.

આપણા ધાર્મિક સાહિત્ય અને કળામાં પણ અશ્લીલ વસ્તુઓ રહેલી છે. તેમને ધાર્મિક શ્રદ્ધા સાથે જોડવામાં આવી છે, એટલે સજ્જન અને સદાચારી ભકતો પણ તેમને સન્માને છે અને તેમની અશ્લીલતા પ્રત્યે દુર્લક્ષ કરે છે એ ખરૂં. પણ એ વિચારન્યૂનતાનું જ એક પરિણામ છે. વારાંગનાઓ પણ પોતાના ગ્રાહકો આગળ ધાર્મિક સાહિત્ય અને કળાની ચીજો જ રજૂ કરે છે એમ સાંભળ્યું છે. તેમનો હેતુ અવશ્ય કામ–પ્રકોપ કરવાનો જ હોય છે, અને તે માટે આ ચીજોને તેઓ ઉપયોગી માને છે, તેથી તો તેમનો આશ્રય લે છે. દંભી અને પાખંડી ગુરૂ પોતાની શિષ્યાઓ સાથે કૃષ્ણ–ગોપીનું અનુકરણ કરતા કેમ માલુમ પડે છે? ધર્મને નામે સાહિત્ય અને કળામાં અશ્લીલ વસ્તુઓ પેસી ગઇ છે; તેથી તો તેઓ તેનો અનુચિત લાભ લે છે. આ વસ્તુઓ ધાર્મિક સાહિત્ય અને કળામાં હોવાને કારણેજ તેમને શુધ્ધ, નિર્દોષ કે શ્લીલ કહેવા હું તૈયાર નથી; બલ્કે હું કહીશ કે કૃષ્ણ–ગોપી અને બીજા દેવોના પણ એવાં શૃંગાર વર્ણનોએ અને એને ઉચિત માનનાર તત્વવિચારે આપણી સંસ્કૃતિ અને સમાજમાં ઘણી અપવિત્રતા અને ગંદકી ફેલાવી છે અને આપણા સમાજની અધોગતિ કરી છે.

'જે કંઇ થાય છે તે ઠીક જ છે, એમ સાબિત કરી શકાય છે.' એ પ્રતિપાદન કરવાને માટે આપણે સાપેક્ષતાવાદનો ઉપયોગ ન કરવો જોઇએ. મારા અભિપ્રાય પ્રમાણે, તેનો ઉપયોગ કેવળ સમભાવથી બીજા પક્ષનું દૃષ્ટિબિંદુ સમજવા માટે અને તેના કે આપણી કયાં ભૂલ થાય છે તે શોધવા માટે છે. સ્યાદ્વાદનો પણ એજ ઉપયોગ છે.

**કિશોરલાલ ઘ. મશરૂવાળા.**

# વ્યાખ્યાન વાચસ્પતિના વ્યાખ્યાનનો કડવો અનુભવ.

સાધારણ મનોવૃત્તિના માણસોમાં આપણે જોઇશું તો જો કોઇ એમની કે એમના કાર્યની વિરૂદ્ધ ટીકા કરશે તો તરત જ તેઓ પોતાની બધી શક્તિથી એ ટીકા કરનારનો સામનો કરશે. એટલું કર્યા વિના એમને જંપ જ નહિ વળે. અને કોઇ એમને બે શબ્દ વિરોધના સંભળાવી ગયું હોય તો જ્યાં સુધી એને ચાર શબ્દ સામા નહિ સંભળાવે ત્યાં સુધી એમને ચેન જ નહિ પડે. અને એ ચાર શબ્દ સંભળાવવાની તક તેઓ શોધતા જ રહેશે. આવી મનોદશા સામાન્ય રીતે નીચી કોટીના માણસોમાં વધારે પડતી હોય છે. તેથી આપણને એમની આવી મનોદશા માટે કંઇ આશ્ચર્ય પડતું નથી. પણ જ્યારે કોઇ અસાધારણ ગણાતી વ્યક્તિને એ પ્રમાણે વર્તતી આપણે જોઇએ છીએ, ત્યારે આશ્ચર્ય થાય છે અને સાથે અફસોસ પણ થાય છે; કારણ કે આપણે અસાધારણ વ્યક્તિઓ પાસે ઘણી આશા રાખીએ છીએ.

જ્યારે મેં શનિવાર તા. ૩ જીના 'મુંબઇ સમાચાર' માં છપાયેલી જૈન સમાજને લગતી એક હકીકત વાંચી ત્યારે મને નવાઇ ઉપજી. એક જણે એક શબ્દ વિરોધનો ઉચ્ચાર્યો એમ માની લઇ તેને માટે આટલો ઉહાપોહ? શ્રી. ચીમનલાલ ચકુભાઇનું ભાષણ મેં પુરેપુરૂં સાંભળ્યું હતું. તેમાં 'ધુમાડો' શબ્દ મારે કાને પડયો નહોતો. છતાં આ 'ધુમાડો' શબ્દને માટે ચાલેલી ચર્ચા અને તેનો જવાબ આપવામાં આવશે એ વાંચી આશ્ચર્ય થયું. શ્રી. ચીમનલાલ ચકુભાઇ એક વિદ્વાન અને વિચારક યુવક છે. એમની વાણીમાં સંયમ છે, એમની દલીલો પાછળ વિચારોનું સામર્થ્ય છે. મારો એમની સાથે જરાયે અંગત પરિચય નથી. પણ જ્યારથી મેં બે ત્રણ વખત એમને સાંભળ્યા છે ત્યારથી એમની વિશાળ વિચારસરણી પ્રત્યે હું માન ધરાવવા લાગી છું. એમણે તે દિવસે કરેલા વ્યાખ્યાનમાં કોઇના પર અંગત ટીકા કરી નહોતી. બાકી આ યુગમાં દરેક વ્યક્તિ પોતાની માન્યતાઓ જનતા સમક્ષ રજુ કરવા સ્વતંત્ર છે. સુશિક્ષિતો અને જુનવાણીઓ વચ્ચેનું વિચારોનું ઘર્ષણ તો દરેક સમાજમાં ચાલે જ છે. એટલે આ ઘર્ષણ જૈન સમાજમાં જ છે એવું નથી. જે કાર્યો જુનવાણી વિચાર ધરાવનારાઓને અતિ મહત્ત્વના લાગે તેજ નવા વિચારનાઓને તદ્દન નિરર્થક લાગે એમાં આશ્ચર્ય નથી. સૌ પોતપોતાની માન્યતા અનુસાર વર્તવા સ્વતંત્ર છે.

મેં શ્રી. વિજય રામચંદ્રસૂરીનાં વ્યાખ્યાનોની ખુબ પ્રશંસા સાંભળી હતી. એમને એક વખત સાંભળવાની સૂચના પણ મિત્રોએ કરી હતી. તેઓ દરેક વાત સચોટ દલીલો દ્વારા સરસ રીતે સમજાવવાની શક્તિ ધરાવે છે એમ સાંભળ્યું હતું. પણ અનુકુળતા ન આવવાથી એમને સાંભળવાની ઈચ્છા રહી જતી હતી. એટલે તા. ૪ રવિવારના દિવસે સમય પણ હતો અને સાથે આવનારા પણ મળી ગયા; એટલે અંધેરી હું વ્યાખ્યાન સાંભળવા ગઇ. એઓશ્રી 'ધુમાડા' શબ્દનો શો જવાબ આપશે એ સાંભળવાની ખાસ જીજ્ઞાસાથી હું ગઇ એવું નહોતું. તે દિવસે બીજાઓ જનારા મળી ગયા એટલે તે દિવસે જવાનું બન્યું. એક તો મેં શ્રી. વિજય રામચંદ્ર સૂરીનાં કોઈ દિવસ દર્શન પણ નહોતાં કર્યાં, એટલે એમનાં દર્શન થશે અને અંધેરીમાં ચાલતા તપને અને તપસ્વીઓને પણ નિહાળવાનું મળશે અને સાથે વ્યાખ્યાનનો લાભ પણ મળશે એમ વિચારી વહેલાં તૈયાર થઈ સવારના આઠ વાગ્યા પહેલાં તો અમે અંધેરી પહોંચી ગયાં. જેમની વાણીની મેં ખુબ પ્રશંસા સાંભળી હતી તેનો લાભ આજે મળશે એવી આશા સાથે હું વ્યાખ્યાનમંડપમાં જઈ બેઠી. લગભગ નવ વાગવાની થોડીવાર પહેલાં વ્યાખ્યાન શરૂ થયું અને ધીમે ધીમે મૂળ વિષયની શરૂઆત થઇ અને તે લગભગ સવાઅગીઆરે અમે ઉઠયા ત્યારે પણ ચાલુ જ રહ્યું. કેટકેટલી આશાથી હું વ્યાખ્યાન સાંભળવા ગઇ હતી? પણ મારી આશા નિરાશામાં પરિણમી ગઇ. અને છેવટે કંટાળીને સવાઅગીયારે અમે ત્યાંથી ચાલી નીકળ્યા. 'ધુમાડો' શબ્દ ઉચ્ચારનાર તો ચીમનલાલ ચકુભાઇને ગણવામાં આવ્યા હતા, છતાં વ્યાખ્યાનમાં તો એમને તદ્દન વિસારી દઇ માત્ર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યને અને કાર્યકર્તાઓને જ વખોડવામાં આવ્યા હતા. મુક્તિમાર્ગને પ્રવાસે નિકળેલા એક આચાર્યને આવી એક સાધારણ બાબત પર અસ્ખલિતપણે વાક્પ્રહાર કરી સમય વેડફતાં જોઇ મને ભારે ખેદ થયો. ભગવાન મહાવીરે આત્માર્થીઓને એક ક્ષણનો પણ પ્રમાદ ન સેવવાનો ઉપદેશ આપ્યો છે, ત્યારે એમના માર્ગે ચાલનારા સાધુઓ એક નજીવા શબ્દનો જવાબ આપવા માટે કલાકો કેમ વેડફી શકે? સમતારસમાં લીન બનેલા મુનિઓ પોતાના કાર્યને કોઇ નિંદે કે પ્રશંસે તેની લેશ પણ પરવા કરતા નથી. એઓ કોઇને વિરોધી ગણાતા નથી. આત્માને મુક્તિને માર્ગે આગળ વધવામાં મદદ કરે તે સિવાયની કોઇ પણ વસ્તુનો સ્વપ્ને પણ તેઓ વિચાર કરતા નથી.

એક સમર્થ ગણાતા આચાર્યને પોતે માની લીધેલા વિરોધ પક્ષની ઉણપોને વર્તમાનપત્રોમાંથી શોધતા જોયા ત્યારે ખેદ થયો. શ્રી. મહાવીર જૈની વિદ્યાલયના વિદ્યાર્થીઓએ કાર્યકર્તાઓને ગમે તે ભેટો આપી હોય તેની સાથે ત્યાગી મુનિઓને શો સંબંધ? આવી ક્ષુલ્લક બાબતપર એમને વિચાર પણ કેમ આવે? આત્મચિંતવનમાં મગ્ન બનેલા મુનિઓ સંસારીઓની પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીન જ હોય. આત્માની મુક્તિ એ જ જેમના જીવનનું અંતિમ ધ્યેય છે, તેવા મુનિઓને ગમે તેવા વિરોધો પણ આત્મચિંતવનથી વિચલિત કરી શકતા નથી. અનેક ઉપસર્ગો વચ્ચે પણ જેમની સમતા ડગી ન હોતી, ઉપસર્ગો કરનારા પ્રત્યે જેમને કિંચિત્ માત્ર પણ રોષ નહોતો ઉપજ્યો એવા પરમ શાંત પ્રભુ મહાવીરના શાસનના આચાર્યની સમતા કેવી હોવી જોઇએ? ગમે તેવા પ્રસંગો પણ ભગવાન મહાવીરના સાચા ઉપાસકોની શાંતિનો ભંગ કરવા અસમર્થ નિવડયા હતા એવી આપણે અનેક કથાઓ સાંભળી છે. આપણે પોતાને શ્રી મહાવીર પ્રભુના ઉપાસક ગણાવીએ છીએ, છતાં એક શબ્દમાત્રનો વિરોધ સહેવા પણ આપણે શક્તિમાન નથી તો બીજું શુ સહન કરી શકવાના છીએ? ભગવાન મહાવીરે સમતાનો આદર્શ પોતાના જીવનદ્વારા આપણી સમક્ષ રજુ કર્યો છે. પોતાનું અહિત કરનારનું પણ જે અહિત ન કરે તેનું નામ જ સાધુ. સાધુપુરૂષો સ્વપ્ને પણ કોઇનું અહિત થાય એવા શબ્દો કે કાર્યો કરતા નથી, ત્યારે એક ત્યાગી મુનિને પોતાનું કશું અહિત કર્યું નથી એવી સંસ્થા અને તેના કાર્યકર્તાઓ ઉપર વિરોધનો વાક્પ્રહાર કરતા જોઇ મને વિચાર આવ્યો કે આ શું સાધુ પુરૂષોનો સમભાવ કહેવાતો હશે? જેઓ કોઇના હૃદયને દુઃખ થાય એવો એક શબ્દ પણ ન ઉચ્ચારે તેવા મુનિઓ ગમે તેવા દાખલા વિરોધીઓને માટે આપી શકે ખરા?

પોતાના વિરોધી પ્રત્યે પણ મહાન પુરૂષો અનંત કરૂણા ધરાવે છે. હૃદયની વિશાળતા એજ મહાન આત્માઓનું લક્ષણ છે, પછી ચાહે એ સાધુના વેશમાં હો યા સંસારીનાં વેશમાં. વસ્ત્રો સાથે આત્માને સંબંધ નથી. ત્યાગીના વસ્ત્રો પાછળ પણ ઘણીવાર સંકુચિત હૃદયો છુપાયેલાં હોય છે, જ્યારે સંસારીના વસ્ત્રો પાછળ

(અનુસંધાન પૃષ્ટ ૧૮૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ફેબ્રુઆરી ૧ ૧૯૪૨

## "શ્રાવકોના પૈસાનો ધુમાડો"

જેવી રીતે કોઇ પણ વસ્તુ કે પદાર્થનું સ્વરૂપ આપણા જાણવામાં આવે તેને તે વસ્તુના કે પદાર્થના જ્ઞાન તરીકે આપણે ઓળખીએ છીએ; એમ છતાં પણ સમગ્ર જ્ઞાનના બે પ્રકાર કરી શકાય (૧) સમ્યગ્ જ્ઞાન એટલે કે આત્માને, જીવનતત્ત્વને કે સમાજકલ્યાણને લગતું જ્ઞાન અને (૨) અસમ્યગ્ જ્ઞાન એટલે કે કશા પણ ઉન્નત લક્ષ્ય સાથે સંબંધ નહિ ધરાવતી અનેક પામર બાબતોને લગતી માહીતી, તેવી જ રીતે અંગત આનંદ ઉપભોગ સાથે સંબંધ ન ધરાવતી હોય એવી સામાજિક બાબતો માટે જ્યારે કોઇ વ્યકિત અમુક રકમ વાપરે છે ત્યારે તે વ્યકિતએ એ રકમનું દાન કર્યું કહેવાય, એમ છતાં પણ દાનના પણ ઉપર જણાવ્યા મુજબ બે પ્રકાર કરી શકાય. (૧) સમ્યગ્ દાન એટલે દેશ, કાળ અને પાત્રની અપેક્ષાઓ ધ્યાનમાં રાખીને કરાયલું દાન અને (૨) અસમ્યગ્ દાન એટલે દેશ, કાળ અને પાત્રની અપેક્ષાઓની તદ્દન ઉપેક્ષા કરીને કોઈ પણ સામાજિક કાર્ય માટે મનસ્વીપણે ખર્ચાતું દ્રવ્ય. જે દાન પાછળ દેશ, કાળ અને પાત્રનો પુરો વિવેક કરવામાં આવ્યો હોય તે વિવેકયુકત દાન કહેવાય. બાકીનું દાન સમાજને જોઇતો ફાયદો કરી શકતું નથી, એટલું જ નહિ પણ સમાજ-કલ્યાણને ઘણી વખત ભારે હાનિ કરે છે. એક બાબતની એક સ્થળે ખાસ જરૂર હોય તેની બીજા સ્થળે બીલકુલ જ જરૂર ન હોય; એક પ્રવૃત્તિ એક કાળે બહુ જ ઉપયોગી હોય તે અન્ય કાળે બીલકુલ ઉપયોગી ન હોય. દેશ અને કાળ ઉભયની અપેક્ષાઓ અમુક પ્રકારનાં દાનને બહુ જ આવકારદાયક લેખતી હોય એમ છતાં જેને એ દાનનો લાભ મળતો હોય એ એ દાનને પાત્ર ન હોય. આવી જ રીતે અમુક વ્યકિત, સંસ્થા કે પ્રવૃત્તિને અમુક હદ સુધી મદદની જરૂર હોય તે કરતાં વધારે મદદ કરવામાં આવે તો મદદ પામતી વ્યકિત, સંસ્થા કે પ્રવૃત્તિ તેનો દુરૂપયોગ કરે એવો સંભવ હોય અને અન્ય વ્યકિત, સંસ્થા કે પ્રવૃત્તિ–તેવી મદદથી વંચિત રહે તેમ બને. આવો અનેકદેશીય વિવેક કોઇ પણ દાનની યોગ્યાયોગ્યતા નક્કી કરવામાં બહુ જ ઉપયોગી ભાગ ભજવે છે.

જનકલ્યાણને પોષક સર્વ કોઇ પ્રવૃત્તિઓ ધાર્મિક પ્રવૃત્તિઓ ગણાય છે. મંદિરો, ઉપાશ્રયો, છાત્રાલયો, વિદ્યાલયો, ઉદ્યોગગૃહો, બાળાશ્રમો, ધર્મશાળાઓ, દવાખાનાઓ, સાર્વજનિક કુવાઓ, પુસ્તકાલયો, વાંચનાલયો, અન્નસત્રો, અનાથાશ્રમો, સ્વામીવાત્સલ્યો (એટલે સમુહ જમણો) સામાજિક ઉત્સવો. આવી અનેક પ્રવૃત્તિઓ જનતાના સ્વાસ્થ્ય, આનંદ કે પ્રગતિને પોષનારી હોઇને આદરણીય ગણાય છે. આમ છતાં પણ એમાંની દરેક પ્રવૃત્તિને દેશકાળની અપેક્ષા લાગુ પડે જ છે. દાખલા તરીકે એક નાનું સરખું ગામડું કે જ્યાં જૈનોની વસ્તી ઠીક ઠીક પ્રમાણમાં હોય ત્યાં એક ચાર પાંચ હજારનું જિનમંદિર બાંધવામાં આવે કે એક એક નાનો સરખો ઉપાશ્રય ઉભો કરવામાં આવે તો તેના ઔચિત્ય સામે કોઇ વાંધો ન લે; પણ જ્યાં પાંચ મંદિરો તો ઉભાં હોય ત્યાં છઠ્ઠું મંદિર ઉભું કરવામાં આવે, બે ઉપાશ્રય ખાલી પડયા હોય ત્યાં પોતાના માનીતા આચાર્ય માટે ખાસ ત્રીજો ઉપાશ્રય ઉભો કરવામાં આવે, ત્યાં તે વધારાનું મંદિર કે ઉપાશ્રય કેવળ પૈસાનો ધુમાડો જ છે એમ કોઇ કહે તો તે જરા પણ અતિશયોકિત કરતો નથી. આ બાબત માત્ર મંદિર કે ઉપાશ્રયનેજ લાગુ પડે છે એમ નથી; કેળવણીની સંસ્થાઓને પણ આજ દૃષ્ટિ લાગુ પડે છે. જ્યાં એક છાત્રાલય પુરૂં ભરાયલું ન હોય કે એક હાઇસ્કુલ સરખી ચાલતી ન હોય ત્યાં પોતાના વડીલનું નામ અમર રાખવાના હેતુથી કે પોતાની નામના વધારવાના હેતુથી કોઇ વ્યકિત નવું છાત્રાલય કે નવી હાઇસ્કુલ ઉભી કરે તો તે પણ દ્રવ્યનો ધુમાડો જ કરે છે એમ જરૂર કહેવાય. આવી જ રીતે દેશમાં ભારે દુષ્કાળ હોય ત્યારે છુટે હાથે વહેંચાતું અન્ન ખરો પરોપકાર ગણાય, જ્યારે સામાન્ય સમયમાં ખુલ્લા રહેતાં અન્નસત્રો કેવળ પ્રમાદ અને નિરૂદ્યમને પોષવામાં જ પરિણમે. એક કાળે ધર્મપ્રચારની દૃષ્ટિ સ્થળે સ્થળે મંદિરો ઉભા કરવાની પ્રવૃત્તિને ભારે જોર આપે તો બીજા કાળે ધર્મ–સંરક્ષણની દૃષ્ટિ સાધર્મીજનોના ઉદરનિર્વાહની કે અજ્ઞાનનિવારણની ચિન્તાને વધારે પ્રાધાન્ય આપે. એક નાની કોમમાં ભિન્ન ભિન્ન ધોરણોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે અનેક શિષ્યવૃત્તિઓ હોય ત્યાં જ કોઇ વ્યકિત તે જ કોમના વિદ્યાર્થીઓ માટે વળી એક નવી શિષ્યવૃત્તિ સ્થાપે તો તે દાન આખરે વિદ્યાર્થીઓને વધારે મોજમજાહ તરફ જ લઇ જવામાં પરિણમે. કોઇ એક પંચમહાવ્રતધારી સાધુને સંયમપોષક આહાર વહોરાવવામાં આવે એ ધર્મકૃત્ય ગણાય; પોતાના પક્ષપાતના પાત્ર કોઇ જૈન સાધુને વારંવાર ઘેર બોલાવીને જાતજાતનાં માલમિષ્ટાન્ન વહોરાવવામાં આવે એ અસમ્યગ્ દાન કહેવાય અને પરિણામે ઉભયના પતનનું નિમિત્ત બને. આ વિવેચનનો અર્થ એટલો જ છે કે દેશ, કાળ અને પાત્રનો પુરો વિવેક કરીને જે દાન કરવામાં આવે તે જ યોગ્ય અને ધર્મ્ય છે; બીજું દાન અયોગ્ય અને ઘણી વખત અનર્થજનક બને છે.

આ પ્રશ્ન બીજી એક દૃષ્ટિથી પણ વિચારવો ઘટે છે. તપ જીવનને શુદ્ધ કરવાનું એક અગત્યનું સાધન છે. દરેક ધર્મ સંયમ ઉપર ખુબ ભાર મુકે છે. રસેન્દ્રિયના અસંયમને સર્વ અસંયમનું મૂળ ગણવામાં આવે છે. રસેંદ્રિયનો સંયમ એટલે તપ. તે બે રીતે થાય. એક તો રસાસ્વાદવાળી ચીજોનો બને તેટલો ત્યાગ કરવો અને મિતાહારી બનવું; બીજું અવારનવાર ઉપવાસ કરીને ચાલુ આહારના ભારથી મન અને શરીરને હળવાં રાખવાં કે જેથી આધ્યાત્મિક પ્રવૃત્તિમાં સહેલાઇથી આગળ વધી શકાય. હવે જે ઉપવાસનો આશય રસેંદ્રિય ઉપર કાબુ મેળવવાનો છે તે ઉપવાસની આગળ અને પાછળ અત્તરવારણા અને પારણાના નામે દુધપાક પુરી અને મિષ્ટાન્ન ઉડાડવામાં આવે તો એ ઉપવાસ અર્થશૂન્ય બને છે એટલું જ નહિ પણ આગળ પાછળની પ્રક્રિયાઓ વડે રસેંદ્રિયની લોલુપતામાં જ વૃદ્ધિ કરનાર બને છે. આવી જ રીતે જૈન ધર્મમાં ઉપધાનની એક સમુહક્રિયાનું વિધાન કરવામાં આવ્યું છે. ઉપધાનનો આશય ત્યાગી સાધુના જીવનની પ્રાથમિક તાલીમ આપવાનો છે. જેવી રીતે શરીર અને મનને ખડતલ બનાવવાના હેતુથી સમુહતાલીમનાં નાનાં મોટાં અનેક સત્રો યોજાય છે તેવી જ રીતે ધાર્મિક દૃષ્ટિએ જીવનનું ઘડતર કરવાના હેતુથી ઉપધાનનું સત્ર યોજવામાં આવેલ છે. ઉપધાન સમુહક્રિયા છે. બીજા તાલીમ સમારંભોમાં સંખ્યાબંધ માણસો જોડાય છે તેમ આવા ઉપધાન સમારંભમાં પણ સંખ્યાબંધ માણસો

જોડાય છે. ઉપધાન ક્રિયામાં એક દિવસ ઉપવાસ કરવાનો હોય છે અને બીજે દિવસે એકાસણું એટલે કે એક ટંક ખાવાનું હોય છે અને સાધુઓ જેવું કઠણ જીવન ગાળવાનું હોય છે. આ ક્રિયા સાધારણ રીતે સુડતાલીશ દિવસની હોય છે. અંધેરીમાં શ્રી વિજયરામચંદ્ર સૂરીના નેતૃત્વ નીચે આવો એક મોટો સમારંભ થઇ ગયો. આ સમારંભ સાદામાં સાદી રીતે ઉજવાયો હત તો કોઇને કશું પણ કહેવાનું ન રહેત. પણ અંધેરીના ઉપધાન-સમારંભ પાછળ જે પૈસાનું આંખો મીંચીને પાણી કરવામાં આવ્યું છે તે જૈન સમાજની વિવેકબુદ્ધિને ખૂબ શરમાવે તેવું છે. એકાસણાને દિવસે ભાતભાતની વાનીઓ-દુધપાક, શિખંડ, બાસુંદી, બદામની બરફી, પીસ્તાની બરફી, ફરસાણુ, શીરો, મેસુબ, મોહન-થાળ-ઉપધાન ક્રિયામાં જોડાયેલા લગભગ હજાર ભાઇબ્હેનોને પીરસવામાં આવતા હતા. ખાઓ-માંદા પડો-તો પણ ખાઓ-આવો અવસર ફરીને નહિ મળે. આ ઉપરાંત આ ઉપધાન સમારંભને સ્વાકાત આપનાર સંખ્યાબંધ સ્ત્રીપુરૂષોને ચાલુ જમાડવાની જેગા ગોઠવણ કરવામાં આવી હતી. રવિવારે તો આખો દિવસ રસોડું ખુલ્લું રહેતું. જે કોઈ આવે તે જમીને જાય. આજે કળીના લાડવા તો આવતી કાલે બરફીચુરમું, પછી મેસુબ તો ત્યાર પછી મોહનથાળ. સાંભળવા મુજબ ઘણી વખત દુધપાક, શીરો તેમ જ અન્ય ખાદ્ય પદાર્થો એટલા બધા વધી પડતા કે તે બધું ખાડો ખોદીને ભૂમિશરણ કરવું પડતું. આ બધું શ્રાવકોના પૈસાનો કેવળ ધુમાડો નહિ તો બીજું શું કહેવાય? અસમ્યગ્ દાનનું આથી વધારે સચોટ બીજું કયું દૃષ્ટાન્ત હોઇ શકે? અને આ બધું કયારે કે જ્યારે દેશભરમાં હજારો માણસો બેકાર છે અને ભુખે મરે છે, જ્યારે વિશ્વવિગ્રહના ભયંકર દાવા-નળમાં એક પછી એક દેશ હોમાતા જાય છે અને માનવી માત્રના દુઃખનો ગુણાકાર દિનપ્રતિદિન વધતો રહ્યો છે, જ્યારે ઠેકાણે ઠેકાણે ભુખે મરતાં લોકો અનાજની દુકાનો ઉપર ધાડ પાડી રહ્યા છે અને એ જ કારણે કેટલાય આપઘાતના બનાવો બની રહ્યા છે.

જ્યારે આપણે એમ કહીએ કે અમુક શહેરમાં અમુક આચાર્યની ગાદી છે ત્યારે તે ગાદી એટલે વીશ પચ્ચીશ મણ રૂની બનાવેલી તે આચાર્ય મહારાજને બેસવાની ગાદી એમ કોઇ નથી સમજતું, પણ એ શહેરના જૈનો ઉપર એ આચાર્ય મહા-રાજનો અસાધારણ પ્રભાવ છે અને પોતે ધારે તે ત્યાં તેઓ કરાવી શકે છે એટલો જ એ ગાદીનો વાસ્તવિક અર્થ હોઇ શકે. એવી જ રીતે અમુક બાબતોમાં પૈસાનો કેવળ ધુમાડો કરવામાં આવે છે એમ કોઇ કહે ત્યારે સરકારી નોટનાં બંડલેબંડલ એકઠાં કરીને બાળી નાંખવામાં આવે છે એમ કોઇ અર્થ નહિ કરે; પણ જનસમાજની દૃષ્ટિએ કેવળ નિરૂપયોગી પ્રવૃત્તિમાં અથવા તો બીજી ખુબ તાકીદની સામાજીક જરૂરિયાતો ઉભી હોય તેની ઉપેક્ષા કરીને ખાનપાન, ઉદ્યાપન અને વરઘોડાઓ પાછળ જ્યારે દ્રવ્યનો પુષ્કળ વ્યય કરવામાં આવે ત્યારે શિષ્ટ ભાષામાં આવા દ્રવ્યવ્યયને અસમ્યગ્ દાન કહેવામાં આવે અને લોકભાષામાં તેને પૈસાનો ધુમાડો કહી શકાય.

અને આ ધંધો કેટલાક આત્માર્થી સાધુઓ કે બે ચાર આચાર્યો બાદ કરો તો શ્વે. મૂ. વિભાગના કયા અગ્રગણ્ય આચાર્યે નથી કર્યો? અંધેરીના ઉપધાન તો તાજેતરનો બનાવ છે. પણ તળાજામાં એક સાદું સુંદર મંદિર પુરતું હતું, ત્યાં બીજું આલી-શાન મંદિર ઉભું કરાવનારે બીજું શું કર્યું છે? કંદમગિરિની ઉજ્જડ ટેકરીને ગગનચુંબી દેવાલયોથી ઢાંકી દેનાર આચાર્યે પણ બીજું શું કર્યું છે? આગમમંદિર, જ્ઞાનમંદિર, ગુરુ-મંદિર, આવાં અનેક તુતો જૈનોનું પુષ્કળ દ્રવ્ય આજે બરબાદ કરી રહ્યાં છે. જ્યાં કોઇ પણ મોટા સ્થળે કોઇ આચાર્ય મહા-રાજ પધાર્યા તો સમજી જ લેવાનું કે ઉપધાન, ઉજમણાં, અઠ્ઠાઇ મહોત્સવ, જમણવાર, વરઘોડાની પરંપરા ચાલવાની જ. દુનિ-યામાં ભલે બેકારી હોય, દુષ્કાળ હોય, ભુખમરો હોય,-એ બેકારી, દુષ્કાળ કે ભુખમરો સાધારણ રીતે આપણા જૈન શ્રીમા-નોને કે પ્રસ્તુત સાધુગણને સ્પર્શતા જ નથી. આ સાધુગણ ઉપ-દેશે છે કે 'ધાર્મિક સભારંભો કરો, ઉત્સવો કરો, જમણવારો કરો-ધર્મથી જ ધન મળશે.' એ સાધુગણમાં શ્રદ્ધા ધરાવનાર શ્રીમાન વર્ગ તેમણે ઉપદેશેલી ધર્મકરણી કરે છે અને સાથે સાથે સટ્ટાના દાવ ખેલે છે. તે શ્રીમાનોને ધન મળતું જાય છે એટલે તેમની શ્રદ્ધા સુદૃઢ થતી જાય છે અને તેઓ વધારે ને વધારે મોટા ધાર્મિક સમારંભો યોજતા જાય છે, બીનજરૂરી મંદિરો બંધાવે છે અને એક બાજુએ અનેક મૂર્તિઓ અપૂજ્ય રહેતી હોય છે ત્યાં બીજી બાજુએ સંખ્યાબંધ મૂર્તિઓ ઘડાવે છે. આમ દુનિયાના સુખદુઃખથી બેપરવા પોતપોતાના તાનમાં મશગુલ શ્રીમંતો તથા સાધુઓની ગોઠડી ચાલ્યા જ કરે છે અને ચાર દિવસના ચાંદરણા જેવી અનેક ઉત્સવલીલાઓ ઉજવાયા જ કરે છે.

આજનો ચર્ચાપ્રસ્તુત જૈન સાધુ એક ભવ્ય પ્રાણી છે. તેમને કહીએ કે જૈનો કેળવણીમાં બહુ પછાત છે, તેમના માટે વિદ્યાર્થી-ભવનો ખોલવાનું કહો; તો તેઓ કહેશે કે એ સંસાર વધારનારો વિષય છે; તેમાં અમારાથી કશું ન કહેવાય. તેમને કહીએ કે જૈનો બેકાર છે, ભુખે મરે છે; તેઓ ઉદ્યોગધંધે ચઢે તેવી કોઇ યોજના બતાવો તો તેઓ જવાબ આપશે કે એ તો સૌ પોતપોતાના કર્મનું ફળ ભોગવે છે તેમાં સાધુ શું કરે? મહારાજ, લોકોને સ્વદેશી વાપરવાનું કહો તો કહેશે કે મારો દેશ અને પારકો દેશ એ રાગદ્વેષ અમને ન ખપે. મહારાજ ખાદી! તો કહેશે કે ખાદી પણ આખરે આરંભ સમારંભની ક્રિયા છે; તેનો ઉપદેશ અમા-રાથી કેમ અપાય? મહારાજ, અસ્પૃશ્યતા નિવારણને તો ટેકો આપો. તો કહેશે કે એ સમાજરચનાનો વિષય છે; અમે તેથી પર છીએ. બીજી બાજુએ પુસ્તકોના ભંડારો ભરાય, મંદિરો ઉપર મંદિરો ચણાવાય, વરઘોડા અને નવકારશીઓ થાય, ઉજ-મણાં અને ઉપધાન સમારંભો ચાલે. એટલું જ નહિ પણ તીર્થોના ઝગડાઓ ચલાવવામાં આવે. એ બધું કોના ઉપદેશ અને આદેશથી? જે બાબતો પોતાને ઇષ્ટ ન હોય તેમાં તો તેઓ સમાજથી પર, ઐહિક દુનિયાથી પર, મારા તારાથી પર, અને જે બાબતોમાં પોતાનું દિલ રાચતું હોય તેમાં તો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તે મારો અને સ્થાનકવાસી તે પારકો; આ કરો, તે કરો; તે દર્શાવે તે બધો પ્રશસ્ત આરંભ સમારંભ અને બીજો અપ્રશસ્ત. તેમનો રાગે પ્રશસ્ત અને તેમનો દ્વેષે પ્રશસ્ત. તેમને હોય છે માત્ર પોતાની પ્રતિષ્ઠા જાળવવાની અને શ્રીમાનોમાં નિરન્તર ધાર્મિક વહેમો પોષવાની ચિન્તા. તેમની દુનિયા હોય છે પોતાને વન્દન કરતા જૈન ઉપાશ્રયમાં એકઠા થતા નરનારીઓની બનેલી અને બહુ બહુ તો એક નાના સરખા સંપ્રદાય પર્યન્તની. તે રટે છે 'મિત્તિ મે સવ્વ ભુએસુ' અને ચિન્તવે છે અન્ય સંપ્રદાયના સ્વામી-ભાઇ વિષે પણ અમૈત્રીની ભાવના. દુનિયાનાં દુઃખો અને સંકટો, અન્યાયો અને અત્યાચારો, શોષણો અને દૂષણો તેમને હૈડે કદિ અડ-કતા નથી કે તેમનું એક પણ રૂંવાડું ફરકાવતા નથી. આવા સાધુઓ ધાર્મિક ગણાતી અનેક વન્ધ્ય પ્રવૃત્તિઓમાં જૈનોનું પુષ્કળ દ્રવ્ય ખરચાવ્યે જ જાય છે અને એ તરફ કોઇ આંગળી ચીંધે તો તેમના તરફ ધુંવાંધુંવા થાય છે. કોઇ કેળવણીની પ્રવૃત્તિ આદરે, કોઇ ઉદ્યોગગૃહ ખોલે, કોઇ છાત્રાલય ઉઘાડે તેમ જનતાની પ્રગતિ સાધનારી કે સ્વાસ્થ્ય વધારનારી એક પણ પ્રવૃત્તિ તેમને સુઝતી

નથી અને એવી જે કોઇ પ્રવૃત્તિ ચાલતી હોય તેને જડમૂળથી ઉખેડી નાંખવાનું કહેવામાં તેમને સાધુતાની ઇતિકર્તવ્યતા દેખાય છે. વર્તમાનની તેમને સમજણ નથી અને ભાવીનું તેમને દર્શન નથી. તેઓ ભૂતકાળમાં રહે છે અને ઉજમણા–વરઘોડાના ઠાઠ-માઠમાં અને ઝણઝણાટમાં ચોથો આરો અનુભવે છે. જે સમાજના આવા ગુરૂઓ છે, તે સમાજે આજના કટોકટીભર્યા સ્થિતિ-કલહ વચ્ચે લાંબો સમય ટકવાની આશા રાખવી તે પડછાયાને પદાર્થ માનવા બરોબર છે.

એક ભાઇએ ઉપધાન ઉજમણાં આદિ ક્રિયાઓ પાછળ ખરચાતા દ્રવ્યને શ્રાવકોના પૈસાનો ધુમાડો કહ્યો એમ છાપામાં આવ્યું અને એક ધુરંધર આચાર્ય ધમધમી ઉઠયા. તે ભાઇએ એમ કહ્યું જ નથી એ જાણવામાં આવવા છતાં તે ભાઇ પ્રત્યે 'મિચ્છામિ દુકકડમ્' કહેવાની સભ્યતા પણ તેમણે ન દાખવી. પૂજા, તપ, જપ, ઉપધાન–એની સામે કોઇને વાંધો નથી. પણ આજે જે રીતે ચાલી રહ્યું છે તે જ ઉપધાન ક્રિયાનું સ્વરૂપ હોય –દિવસોના દિવસો સુધી એકાન્તરે માલ મિષ્ટાન્નની ઉજાણીઓ એ જ ઉપધાન ક્રિયાનો સાર હોય તો–મારો સીધો પ્રશ્ન છે કે આવા ઉપધાનને 'શ્રાવકોના પૈસાનો કેવળ ધુમાડો' નહિ તો બીજું કહેવાય શું ?

**પરમાનંદ.**

## કેટલાક સમાચાર અને નોંધ

**ખોદ્યો ડુંગર, કાઢયો ઉંદર !**

આજથી દશેક મહીના ઉપર માલેગાંવ મુકામે અમુક ધાર્મિક સમારંભના નિમિત્તે એકત્ર થયેલા શ્વે. મૂ. જૈનોએ શ્વે. મૂ. વિભાગમાં પડી ગયેલા પક્ષોને એકત્ર કરવાના હેતુથી શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે લગભગ ત્રીશેક સભ્યોની એક ઐકય સમિતિ ઉભી કરી હતી. એ સમિતિએ દશ મહીનાના ગાળે થોડા દિવસ પહેલાં પહેલીજ વાર મળીને નીચે મુજબના બે અદ્ભુત ઠરાવો કર્યા છે.

**ઠરાવ ૧** "શ્રી જૈન મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની કોઇ પણ સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધના અને બીજા દીક્ષા સંબંધના ઠરાવો આથી રદ કરે છે.

આ ઠરાવ શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સે પાસ કરવાનો છે.

**ઠરાવ ૨** ઐકય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિધ્ધાંતો અને પ્રચલિત અનુષ્ટાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે હોદ્દેદારો તરફથી તેને હીણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહિ. આ ઠરાવ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ અને ધી યંગમન્સ જૈન સોસાયટીએ પાસ કરવાનો છે."

આ બે ઠરાવોની વિશેષ સમાલોચના આગળ ઉપર.

**જૈનશાસનનો જયજયકાર કે શ્રાવકોના પૈસાનો ધુમાડો?**

તા. ૧૨ મી ડીસેંબરના 'મુંબઇ સમાચાર'માં જૈન શાસનનો જયજયકાર' એ મથાળાથી અંધેરી ખાતે સમાપ્ત થયેલ ઉપધાન સમારંભની શરૂઆતની ૫૧ માળની બોલીની આવક નીચે મુજબ જણાવવામાં આવી છે :–

રા. ૨૧૦૦૧) શેઠ માણેકલાલ ચુનીલાલ પ્રથમ માળના, અને છઠી માળના પણ તેઓશ્રીના રા. ૫૦૦૧) મળી રા. ૨૬૦૦૨), રા. ૭૦૦૧) શેઠ જીવતલાલ પ્રતાપસી બીજી માળના, રા. ૬૦૦૧) શેઠ બકુભાઇ મણિલાલ (ત્રીજી,) ૫૦૦૧) શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી (ચોથી,) રા. ૫૦૦૧) શેઠ છોટાલાલ વલ્લભજી (પાંચમી,) રા. ૩૦૦૧) શેઠ બકુભાઇ મણિલાલ (સાતમી) રા. ૩૧૦૧) શેઠ મુળચંદ મોકમચંદ (આઠમી,) રા. ૨૦૦૧) શેઠ બકુભાઇ મણિલાલ (નવમી) અને તે પછી એક હજારથી બે હજારમાં ઘણા ભાઇઓ છે. જેમાં મુખ્યત્વે રૂ. ૧૮૦૧) શેઠ મણિલાલ કરમચંદ રૂ. ૧૫૦૧) શેઠ ભુરલાલ રૂપચંદ અને રૂ. ૧૪૦૧) શેઠ બાલુભાઈ વીરચંદ રૂ. ૧૫૦૧ શેઠ રીખવાજી મનાધરના હતા.

આ ઉપરાંત બાકીની માળોની આવક લગભગ એક લાખની થઇ હોવાનું સંભળાય છે. આ આવક દેવદ્રવ્ય ગણાય. દેવદ્રવ્ય એટલે એવું દ્રવ્ય કે જેનો ઉપયોગ જનસેવાના કોઇ પણ કાર્યમાં થઇ ન જ શકે. સાંભળવા મુજબ આ દ્રવ્યનો ઉપયોગ અંધેરીમાં જે સ્થળે આવો મહાન ઉપધાન સમારંભ ઉજવાયો તે જ સ્થળે એક ભવ્ય જિનાલય બંધાવવા પાછળ થવાનો છે. જો આમ હોય તો જ્યાં જૈનોની વસ્તી ગણી ગાંઠી છે અને જ્યાં આજે પણ બે મંદિરો હયાતી ધરાવે છે, ત્યાં ત્રીજું મંદિર ઉભું કરવામાં આવશે. જો આવડી મોટી આવકનો આખરે આજ ઉપયોગ થવાનો હોય તો તેને શ્રાવકોના પૈસાનો સદ્વ્યય કહેવો કે ધુમાડો કહેવો એ સ્પષ્ટ કરવાની જરૂર રહેતી જ નથી.

**પરમાનંદ.**

---

( પૃષ્ટ ૧૮૩ થી ચાલુ )

પણ ઉદાર હૃદયનાં દર્શન અનેકવાર થાય છે. મહાત્માઓની મહત્તા એમના હૃદયની ઉદારતા, એમના પ્રેમની વિશાળતાને લઇને હોય છે, વસ્ત્રોને લઇને નહિ. મહાન આત્માઓને કોઇની ટીકા કે વિરોધ અસ્વસ્થ બનાવી શકતા નથી. જો એમને એક નાનો સરખો શબ્દ અસ્વસ્થ બનાવી શકે અને એટલા ખાતર તેમના તરફથી એ શબ્દ બોલનારને કે શબ્દ જ્યાં બોલાયો હોય તે સંસ્થાને વિવાદ ચલાવી તોડી પાડવાના ઉપાયો યોજવામાં આવે તો એમની અને સામાન્ય ભૂમિકાના માણસોની વચ્ચે કંઇ ફરક નથી. તેઓ ભગવાન મહાવીરના અનુયાયી હોવાનો દાવો કરવા છતાં એમના બતાવેલા માર્ગથી તદ્દન વિરૂધ્ધ માર્ગે જાય છે અને વિચાર કરતા નથી કે પોતે ભગવાન મહાવીરના કથનાનુસાર વર્તે છે ખરા કે નહિ ? તેમણે એમના કયા ઉપદેશને જીવનમાં ઉતાર્યો છે જેને લઇને તેઓ એમના અનુયાયી હોવાનો દાવો કરી શકે છે? એનો વિચાર તેઓ કદી કરે છે ખરા? જેમણે વિરોધીઓ પ્રત્યે પણ પ્રેમનો જ વર્ષાદ વરસાવ્યો એવા પ્રભુ મહાવીરના વિશ્વપ્રેમનું એક કિરણ પણ તેમનામાં પ્રવેશ્યું છે ખરૂં? ભગવાન મહાવીરની અનંત શાંતિનું એક બિંદુ પણ તેમનામાં પ્રગટયું છે ખરૂં ? જો તેઓ પોતે પ્રભુ મહાવીરને પગલે ચાલતા ન હોય તો બીજાને એ માર્ગે તેઓ દોરી શકે ખરા ? આપણે પોતે ક્રોધ કરતા હોઇએ ત્યારે બીજાને ક્રોધ ન કરવાનો ઉપદેશ આપી શકીએ ખરા ? પ્રભુ મહાવીરનો સાચો ઉપાસક જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં શાંતિનું સામ્રાજ્ય પાથરે. એ હોય ત્યાં કલેશ તો સંભવે જ કયાંથી ? એટલું જ નહિ પણ કલેશ હોય તે પણ ન રહે. વૈર વિરોધ ધરાવનાર શ્રી. મહાવીર પ્રભુના ઉપાસક હોવાનો દાવો કરી શકે જ નહિ. સાધુપુરૂષો કોઈની નિંદા કરે જ નહિ એવી મારી માન્યતા હતી અને છે. પણ આ મારી માન્યતા અંધેરીના વ્યાખ્યાન દરમ્યાન ખોટી પડેલી જોઇ મને ઘણો ખેદ થયો. કોઈ અસાધારણ ગણાતા મુનિને પારકી નિંદા કરતાં સાંભળવાનો આ અનુભવ મારા માટે ખરેખર પહેલો જ હતો.

**સરલાબહેન સુમતિચંદ્ર શાહ**

### શ્રી વિજયરામચંદ્રસૂરી વિષે ઠરાવ

તા. ૨૧–૧–૪૨ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચેનો ઠરાવ પસાર કર્યો છે.

શ્રી વિજયરામચંદ્રસૂરીએ તા. ૪-૧-૧૯૪૨ ના રોજ અંધેરી મુકામે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને તેના કાર્યકર્તાઓ ઉપર સંયમ તેમજ વિવેકતજી કેટલીક અયોગ્ય ટીકાઓથી ભરપૂર પ્રવચન કરેલ છે તે તરફ આ સંઘ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને તેમના આ જાતના વલણ પ્રત્યે દુઃખ અને દીલગીરી પ્રદર્શિત કરે છે.

# શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું વ્યાખ્યાન

(શ્રી માંગરોળ જૈન સભા સુવર્ણમહોત્સવ દરમ્યાન શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ જૈન હાઇસ્કુલના મકાનનાં ઉદ્દઘાટન પ્રસંગે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ નીચે મુજબ વ્યાખ્યાન આપ્યું હતું. તંત્રી.)

સભાના ઇતિહાસમાં આજનો પ્રસંગ અનેરો છે. એવી થોડીજ સંસ્થાઓ હોય છે કે જે ઉત્તરોત્તર વિકાસ પામતી જાય છે અને સુવર્ણ મહોત્સવ જેવો પ્રસંગ ઉજવવા ભાગ્યશાળી બને છે અને તેમાં પણ એ પ્રસંગ ઉજવવામાં વર્ષો થયાં સેવેલી મહત્વાકાંક્ષા આપણે બર લાવી શકયા છીએ એ અહોભાગ્યની વાત છે. શ્રીમતી શકુંતલા કાન્તિલાલ જૈન ગર્લ્સ હાઇસ્કુલના નવા મકાનની ઉદ્દઘાટન ક્રિયા કરવા તમે મને જણાવ્યું તે સારૂં આભારી.

આ સભાનું જેવું નામ છે તેવોજ માંગરોળવાસી અને બીજા મુંબઇનાઓનોમાં સુમેળ છે. તેવો મેળ ચાલુ રહે એટલુંજ નહિં પણ સારીએ જૈન જનતા એકત્રિત થઇ પચાસ વર્ષ ઉપર શરૂ કરેલી આ સભાનું કામ જુદી જુદી દિશામાં આગળ ધપાવવાને માટે તન્મય રહે તેવી મ્હારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

સુવર્ણ મહોત્સવ માટે ફકત સભાના સભાસદોને જ નહિં પણ સારીએ જૈન કોમને આથી વધુ હર્ષનું કારણ ન મળે. છેલ્લાં પચ્ચીસ પચ્ચીસ વર્ષથી જે ભાવના તમારા કાર્યકર્તાઓએ સેવી તે ઉદાર જૈન ભાઇઓની સખાવતોને લઇ આજે બર લાવી શકયા; તેટલુંજ નહિ પણ જૈન કોમને શોભાવે તેવું એક આલીશાન મકાન જૈન બાળાઓના અભ્યાસ માટે અને તે પણ સગવડ પડતા લત્તામાં બંધાવી શકયા તે માટે તેમાં રસ લેનાર અને કાર્ય કરનાર સભાસદોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

હિંદુસ્તાનની વસ્તીમાં જો કે જૈનોની વસ્તી પ્રમાણમાં ઘણી ઓછી છે, છતાં છેલ્લા આઠ દશ સૈકાથી જૈનોએ તેના જાહેર જીવનમાં જે ભાગ ભજવ્યો છે તે પ્રમાણમાં ઘણો મોટો છે. દુઃખ એટલુંજ છે કે અત્યાર સુધી ઐતિહાસિક સ્વરૂપમાં કોઇ ચોપડી એવી બહાર પાડવામાં આવી નથી કે જેને લઇ જુદા જુદા સૈકાઓમાં જૈનોએ કરેલા મોટા મોટા કામો સૌની નજરે તરી આવે; છતાં આબુ દેલવાડાના કરોડોના ખર્ચે બંધાવેલાં આપણાં મંદિરો, પૂજ્ય કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિએ રચેલા સેંકડો ગ્રંથો કે પાટણના આપણા પુસ્તક ભંડારો અથવા તો મોગલ બાદશાહ અકબરના વખતમાં શાંતિદાસ શેઠ જેવાની લાગવગ અને કરોડોની ધીરધાર તો સુવિખ્યાત છે એટલુંજ નહિ પણ પચાશ વર્ષ ઉપરની શેઠ પ્રેમચંદ રાયચંદની અને અમદાવાદના હરકોર શેઠાણીની લાખોની સખાવતોથી કોણ અજ્ઞાત છે? એ જમાનામાં જ્યારે સ્ત્રી કેળવણી તરફ સામાન્ય લોકમત કેળવાયેલો ન હતો તે વખતે શેઠ પ્રેમચંદ રાયચંદે અમદાવાદમાં 'ટ્રેઇનિંગ કોલેજ' સ્થાપી હતી અને હરકોર શેઠાણીએ કન્યાશાળા શરૂ કરી હતી, જે બન્ને સંસ્થાઓ સરકાર હસ્તક આજે પણ ચાલુ છે. આ ઉપરથી સહેજે સમજાશે કે કેળવણીની કેટલી બધી અગત્યતા છે. તેથી સમૃદ્ધિવાળી અને પ્રભાવશાળી જૈન કોમની પહેલી ફરજ એજ હોઇ શકે કે તેનાં બાળક અને બાલિકાઓ માટે સુશિક્ષણ લેવા સારૂ સગવડ કરવી.

તમારા રીપોર્ટ ઉપરથી હું જોઇ શકયો છું કે દિવસે દિવસે શિક્ષણ લેવા આવતી બ્હેનોની સંખ્યા વધતી જાય છે અને તે એટલે સુધી કે તેને ખાસ પહોંચી વળવા ભાઇ કાન્તિલાલને એ વર્ષ માટે ખર્ચનો બંદોબસ્ત કરી આપવો પડયો. આ એક પ્રગતિની નીશાની ગણી શકાય, છતાં હું માનું છું કે ફકત સંખ્યા ઉપરથી કે જે વિશાળ મકાનમાં આ શાળા બેસાડવામાં આવનાર છે તેના ઉપરથી તેના શિક્ષણની તુલના કરવી તે અણજુગતું થશે. છેલ્લાં પંદરેક દિવસ ઉપર અમદાવાદમાં હરિજન કન્યાશાળાનું ઉદ્દઘાટન મારે કરવાનું થયું હતું તેમાં હરિજન બાળાઓએ જે રીતે પ્રાર્થના કરી અને ગીતો ગાયાં તેની મ્હારા ઉપર છાપ પડી. તેનું કારણ એ હતું કે તે બાળાઓની પ્રાર્થનામાં ભાવ હતો. સામાન્ય રીતે બીજા મેળાવડામાં શબ્દ ઉચ્ચારણ થાય છે તેમ આમાં ન હતું. તેનું કારણ એ હતું કે આ શાળા હરિજનોની હતી. અને તે બાળકો ઉપર સાચા સંસ્કાર પડે તે સારૂ શિક્ષકો તરફથી ખરેખરો પ્રયત્ન થઇ રહ્યો હતો તેનું આ પરિણામ હતું. મ્હારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે આ શાળાને સરસ ચલાવવી હશે તો તેના મકાનમાં કેટલા રૂપીઆ ખર્ચ્યાં, તેના મુખ્ય શિક્ષિકા બ્હેનને કેટલા રૂપીઆના પગારથી રાખ્યા કે તેમાં કેટલી સંખ્યામાં બાળાઓ અભ્યાસ કરી રહી છે એ ઉપરથી આપણે એનો મદાર બાંધી શકીશું નહિ, પણ તેમાં ભણતી વિદ્યાર્થીનીઓ ઉપર શિક્ષિકાઓ કેટલા સંસ્કાર પાડી શકી છે અને તેમની સંકુચિત મનોદશા કેટલે અંશે દૂર કરાવી શકી છે તેજ ખરા વિદ્યાભ્યાસની પરીક્ષા. મ્હને આશા છે કે સભાના સંચાલકો સંસ્કારી શિક્ષક મેળવવામાં વિશિષ્ટ ધ્યાન આપશે તો આપણી આ શાળા વધુ ઉજ્વળ બનશે.

જૈન કોમ એક વ્યાપારી કોમ છે જેથી શારીરિક ખીલવણી તરફ તેનું દુર્લક્ષ્ય રહ્યું છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે આધુનિક જમાનામાં જૈનોનો મ્હોટો ભાગ શરીરે નિર્બળ અને કાયર રહ્યો છે. આ વસ્તુસ્થિતિ અસહ્ય છે. વ્યવહારિક કામ કરવું હશે કે ધાર્મિક, પણ તે ત્યારે જ કરી શકાવાનું કે જો શરીર સુદૃઢ અને મજબુત હશે. ઉચ્ચ વિચારણા ત્યારે જ થઇ શકવાની કે જ્યારે શરીર તંદુરસ્ત હશે. આપણી મનોદશા કેટલી નબળી પડી ગઈ છે, આપણે કેવા કાયર બની ગયાં છીએ તેનો જનતાને ખ્યાલ ગયા એપ્રિલ મે માસમાં રમખાણો થયાં ત્યારે આવ્યો. જે માણસ પોતાની જાતને બચાવી શકે તેમ નથી તે પોતાની મા બ્હેનને કેમ બચાવી શકવાનો? આ જાતની કાયરતા પાછળ બે જાતની નબળાઇ રહેલી છે. એક તો શરીરની અને બીજી મનની. બન્ને આપણે દૂર કરવી જ રહી. જ્યારે આ વસ્તુસ્થિતિ મ્હેં જોઈ ત્યારે લત્તા લત્તાઓમાં વ્યાયામશાળાઓ સ્થાપવાનું નક્કી કર્યું, અને માબાપ, વાલી વારસોને વિનવ્યા કે ચૌદ વર્ષની ઉપરની ઉમરના દરેક ભાઇ બ્હેનોને તાલીમ લેવા આવી શાળાઓમાં મોકલે. આ પ્રમાણે કરવાથી વ્યાયામ પ્રવૃત્તિમાં એવો તો વેગ આવ્યો કે પુરૂષો જ નહિ પણ બ્હેનો પણ લાઠી ફેરવતી થઇ ગઇ. શરીર સુદ્રઢ બનાવવાની આવશ્યકતા સ્વીકારવામાં આવે તો શું એ વધારે પડતી આશા છે કે આ શાળામાં અભ્યાસ કરતી દરેક બ્હેન નિયમિત કસરત કરે?

મ્હને લાગે છે કે મ્હોટા શહેરોમાં હજુ કામની સુગ રહેલી છે. એટલે કે કચરો કાઢવાનું, પાણી ગાળવાનું, કે તેવું કાંઇ પણ શારીરિક કામ કરવાનું હોય તો તે કેમ કરાય એમ કેટલાક ભાઇ બ્હેનો માનતાં હશે. એ સુગ દૂર કરવાની ખાસ જરૂર છે. જમાનો એ આવી લાગ્યો છે કે ધનીક હશે કે ગરીબ હશે, તેણે પોતાનું બધું જ કામ હાથે કરી લેતાં શીખવું જ જોઇશે, અને જે બ્હેનો અત્રે અભ્યાસ કરવા આવે તે ફક્ત સરસ ભરત ગુંથણ કરી બેસી રહે અને રાંધતાં ન જાણતી હોય અથવા તો સારાં કપડાં પહેરી અત્રે આવે, પણ પોતાના ઘરમાં સઘળી ચીજો વ્યવસ્થીત રાખતાં મુકતાં ન શીખી હોય તો તે સુશિક્ષિત છે કે કેમ એ એક વિચારવા જેવો પ્રશ્ન રહેશે. મુંબઇ જેવાં મ્હોટા શહેરમાં ફર્સ્ટ એઇડનું કામ પણ અમુક વર્ષ ઉપરની બાળાઓએ જાણવું આવશ્યક છે અને મને લાગે છે કે કેળવણીને જેટલું વ્યવહારિક સ્વરૂપ આપી શકાય તેટલું તે બાળાનું જીવન વધુ સુખી અને આનંદદાયક બનશે. કેળવણીનો ઉદ્દેશ તેજ હોઇ શકે અને મને આશા છે કે સભાના કાર્યકર્તાઓ તે તરફ પણ લક્ષ આપશે.

# ખાદી: સાદાઈની માતા કે ગરીબની કામધેનુ!

(ગતાંકથી ચાલુ)

**(૨) કારીગીની દૃષ્ટિએ ખાદી:**—જેમ જેમ આપણે આપણી બનાવટના કાપડનો ઉપયોગ બંધ કરતા ગયા, જેમ જેમ કારીગરોને ઉત્તેજન મળતું અટકતું ગયું, તેમ તેમ કાપડનો ઉદ્યોગ અને કળા નાશ પામતી ગઇ. તે એટલી હદે કે એક વખતની દુનિયાભરમાં પ્રખ્યાત થયેલ જગતના રાજા મહારાજા અને અમીર ઉમરાવોના અંગને શોભાવતો, રાજ—મહાલયોની મગરૂરી, રાણીવાસનો શણગાર અને જગત આખાનું ધ્યાન ખેંચી ઇર્ષ્યા ઉપજાવે તેવો ભારતનો વણાટ ઝાંખો, કળા વગરનો થઇ ગયો, નાળીયેરના કાચલામાં આખું થાન સમાઇ શકે તેવી ઢાકાની બારીક મલમલ, સુરતનું જરીયાન કાપડ, અમદાવાદનો કીનખાબ કે જામનગરી અતલસ કે મશરૂ અને પાટણના પટોળાં જોઇને જગત આખું આશ્ચર્ય ચકિત થતું. આ બધી કીંમતી કારીગીરી હિન્દમાંથી સીરિયા, ઇજીપ્ત અને ત્યાંથી ઠેઠ યુરોપના આંગણા સુધી આરબ વ્યાપારીઓ ખચ્ચર ઉપર લાદીને લઇ જતાં અને નાણું અને નામના કમાતા. તે આજે મૃત્યુવત્ થઇ પડેલ છે.

હિન્દની પ્રાચીન કળાના નમુનારૂપ મહાલયો, મંદિરો, મકરબા અને મસ્જીદો, હિન્દની ચિત્રકળા, નકશીકામ, કે એવી એવી અનેક કળાઓ અત્યારે પણ દુનિયા આશ્ચર્યમુગ્ધ થઇને જ જુએ છે. હાલનાં મકાનો અને તેની કંગાળ દશા જોવાનો કદાચ પ્રસંગ આપણા પૂર્વજોને આવે તો તેઓ નિસાસો નાંખ્યા વિના રહે જ નહિ. આજે દરેક કામ ઉત્તેજન અને ઉપયોગને અભાવે માત્ર વેઠરૂપે જ થાય છે; તેવી જ હાલત આપણા વણાટની પણ થઇ છે. આજનું આપણું વણાટ શણના ગુણિયા જેટલું હલકી પંક્તિમાં આવી ગયું છે. (અલબત થોડાંક વર્ષ થયા પુજ્ય મહાત્માજીની પ્રેરણાએ તેમાં થોડોક પ્રાણ પુર્યો છે.) દેશનું દ્રવ્ય જતું રહે તેની ફીકર નથી. તે કોઇ દિવસે પણ પાછું આવશે, પણ જ્યારે તેની કળાઓ જાય, કળાનો શોખ જાય, કળાની કદર જાય ત્યારે જ દેશનું ખરૂં જીવન અને સત્વ જાય! કળારૂપ જીવન નર્યું વેઠરૂપ જેવું બની જાય! આ કળાનો ધ્વંસ કયારે અટકાવી શકીએ? પુનઃ ઠેર ઠેર ઢાકા, પાટણ અને અમદાવાદી કે સુરતી કળા કયારે સજીવન કરી શકીએ? દિવાને ખાસ, દિવાને આમ કે રાજ્ય-સિંહાસનોના આ ભુષણરૂપ ગાલીચા કયારે બનાવી શકીએ? અને બાપદાદાની જીવનમાં ઓતપ્રોત થયેલ એ મૃત્યુપ્રાય કળાને કયારે પુનઃ જગાડી દેશની આબાદી વધારી શકીએ? ત્યારે જ કે જ્યારે જીવનમાં કળા, કળાની કદર અને પ્રીતિ પ્રગટે. ઉછીતી લીધેલી પરદેશની કળાઓ આપણામાં પ્રાણ નહિ જ પૂરે. સ્વ. કલાપી કહે છે તેમ

> "કળા તે ભો[illegible] છે, ભોકતાવિણ કળા નહિ..
> કળાવાન કળા સાથે ભોકતાવિણ મળે નહિ."

કળા ગમે તેટલી મીઠી હોય પણ ભોકતાવિણ કળા પોતાની કળા ગુમાવે છે. અને જ્યાં સુધી કળાવાન ભોકતા વિનાનો હોય ત્યાં સુધી તે પોતે પણ કળાવિહીન બની જાય છે! કળા, કારીગર, અને ભોકતા ત્રણેનો સુખદ સંયોગ જ્યારે થાય ત્યારે જ કળા કળા કરે, નહિતર નહિ! આપણે ભારતની પ્રાચીન કળાને જીવતી રાખવા માંગતા હોઇએ, તેનો ઉદ્ધાર કરવાની સાચી તમન્ના હોય તો એક વખત દેશ જે [illegible] ઢાંકણુ આપે તેમાં જ ઢંકાવાનો નિર્ધાર કરીએ તો જ કારીગરોને નવું નવું બનાવવાનો ઉત્સાહ અને ઉત્તેજન મળે. દરેક દેશ આ રીતે જ કળાનો આદર્શ ધીમે ધીમે સાધી શકે છે. એક વખત માંગેલી રસીકતા છોડી આપણામાં જ રસની જમાવટ જમાવવાની ટેવ પડે, ત્યારે જ જીવનમાં કળાની પ્રીતિ અને કળા પ્રગટે. જ્યારે ખડબચડી કે બેડોળ કે થોડી મોંઘી ખાદી, "મારા દેશની ખાદી," કે જેમાં મારા દેશના અનેક "શ્રમજીવીની ભાખરી" અને મારા "ભારતની લલિતકળાના ગુપ્ત અંકુરો" અને "નાણાની નીક" છૂપાયેલાં છે તે જ મને ખપે તેવી ભાવના થાય ત્યારે જ સાચી કળા સજીવન થઇ શકે. નીચે આપેલ વાત્સલ્ય ભાવનો સત્ય પ્રસંગ સમજવા જેવો છે.

એક વખતે મારા એક સગાં પોતાના બહુજ બેડોળ, એક આંખે કાંણા, ગુમડાંથી ભરેલા, ગંદા અને કાળા કોલસા જેવા છોકરાને કેડમાં તેડીને જતા હતા. તેમને મેં પૂછ્યું "મામી! આવો છોકરો તેડવો કેમ ગમે છે?" તેણે જવાબ [illegible]ઓ કે "ગમે તેવો છે પણ મારો છે, પેટે પડયો છે. તે સોના જેવો માની નીભાવવો જોઇએને? આ છોકરાને બદલે કદાપિ સર્પનું બચ્ચું અવતર્યું હોત તો તેને પણ આમ જ તેડીને જાત, પણ પારકાના રૂપાળા છોકરાઉપર તો ન જ મોહી પડત!" આ બાઇ જેવો જ્યારે હૃદય જવાબ આપે કે ખડબચડી તો શું પણ તેથીયે ખરાબ હોય તો પણ અમારી ખાદી જ અમને ખપે, ત્યારેજ ખરૂં જીવન ખાદીમાં આવે. નિશ્ચય પર આવેલો દેશ ગમે તેવું કઠીન કાર્ય પણ સિદ્ધ કરી શકે, ત્યાં કળા, કળા, શું કરો છો? કળા તો આપણા નિશ્ચય પાછળ પડેલી જ છે. કારણ કે ભારત તો લલિત કળાનો દેશ! તેના મંદિર—મસ્જીદના પત્થરે પત્થરમાં અને જીવન વ્યવહારમાં કળા જ ભરેલી છે, જે આજે વિસ્મૃતિની ધૂળીથી ઢંકાઇ ગઇ છે. આપણો ઉત્સાહ, ઉત્તેજન, અને નિશ્ચયબળ જરૂર તે જ પુનઃ પ્રગટ કરી શકશે.

**કામગીરીની દૃષ્ટિએ ખાદી:**—આપણો ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. ત્યાં કાચા માલનો વિપુલ જથ્થો અને માનવ-સંખ્યા પડેલ છે; એટલે ઘરગતુ જરૂરિયાત પોતાની જમીનની પેદાશમાંથી જ ફુરસદને વખતે બનાવી ઉપયોગ કરવા ટેવાયેલો છે. મરદો ખેતરમાં કામ કરે, અને બૈરાંઓ તેઓના કામમાં મદદ કરવા ઉપરાંત જરૂરિયાતની વસ્તુઓ નવરાશને વખતે બનાવે. એક ખેડુતને ખાવા માટે અનાજ અને ઢાંકણુ માટે કપડાં તેની ખેતીવાડી આપતી. દૂધ, દહીં, છાશ, માખણ તથા ઘી તેઓની ગોરી ગાવડી આપતી. શેરડીનો પાક ગોળ અને સાકર આપે. તેના ખેતર કે વાડી-પડામાં પાકેલ એરંડી તેના ઘરમાં દીપક પ્રગટાવે, જમીનમાં ઉગેલા ઝાડ ઈંધન અને ખેતીના ઓજાર આપતા અને ગાય ખેતીના બળદ આપતી. વસવાયાઓ દર વર્ષે પાકમાંથી થોડોક હિસ્સો (માણાં માપ) મેળવી વર્ષભર સેવા આપતા. એટલે રોકડા પૈસાની ખેડુતને જરૂર બહુ જ ઓછી રહેતી. લગ્ન કે મરણ જેવા વ્યવહારીક પ્રસંગેજ થોડુંક રોકડ નાણું જોઇએ તે અનાજમાંથી મળી રહેતું. તે વખતે એ વરસની જરૂરિયાત ઘરના કોઠારિયામાં ભરેલી રહેતી. આજે વખત પલટાઇ ગયો છે. પરદેશી કાપડ અને બીજા માલનો શોખ, પારકા વૈભવની નકલ અને સરળતાથી સાંપડતા તૈયાર માલને લીધે ઉત્પન્ન થયેલ આળસુ વૃત્તિએ ઘરગતુ ધંધાને મારી નાંખેલ છે, એટલે મજુરીના જે પૈસા ઘરમાં રહેતા તે બીજાને આપી દેવા પડે છે. આ માટે તેને પરસેવાના ભોગે ટાઢ, તડકો અને વરસાદ વેઠીને પેદા કરેલ ધાન્ય, કપાસ તથા છેવટે ઢોરનો ચારો પણ સસ્તી કીમતે વેચી નાંખવો પડે છે, પણ જ્યારે પોતાને ચારાની જરૂર

પડે ત્યારે લગભગ અનાજના ભાવમાં ઘાસ મેળવવું પરવડતું નથી, એટલે ઢોર પણ બીજાને ખીલે બાંધી આવવા પડે છે. ગરીબ ખેડુતો પોતાના બાળબચ્ચાં, કે ઢોરઢાંખરના ગળેથી ઝુંટવી અનાજ, કપાસ તથા ચારાના રોકડા રૂપિયા કોઇ થોમસન, કુકસન, રાલી બ્રધર્સ કે ગ્રેહામ, કોઇ સાંગલિયા કે વાડીયા, બજાજ કે બીરલાની તીજોરીઓમાં કાપડ અને બીજી વસ્તુઓના બદલામાં જમે કરાવે છે, જ્યારે ઘર આગળ માણસો કામ વગરના બેસે છે. ભારતમાં મજુર વર્ગ બે છેડાથી બળતી મીણબતીની માફક બળી રહેલ છે, ત્યાં સુખ, શાન્તિ કે સંસ્કાર કેમ સંભવે ?

ભારતને સમૃદ્ધ બનાવવા માટે મોટી મોટી મીલો કરવાની હિમાયત અમુક વર્ગો કરે છે, અને કહે છે કે તેથી દેશમાં દ્રવ્ય વધશે અને પ્રજા સુખી થશે. આ દલીલ પણ "આર્થિક અને કામગીરીની" દ્રષ્ટિએ તદન સાચી લાગતી નથી. કારખાનામાં ભરતી થનાર મજુર ક્યાંથી, કેવી રીતે અને કેમ આવે છે તે જાણીએ તો ઘણું જાણી શકાય. કારખાનાંઓ ધીમે ધીમે આજુબાજુના ધંધા નાશ થાય તેવી જાતનો માલ બનાવે અને સાધારણ સરતે ભાવે વેચે; તેનો ઉપયોગ વધે તેથી લોકોના હાથમાંથી ઘરગતુ ધંધાઓ ધીમે ધીમે કમતી થતા જાય; તેથી ખેતીની પેદાશમાં પૂર્તી થતી અટકે; પરિણામે ખેતીવાડી અગાઉ જેવી લાભદાયક ન દેખાય; દિવસે દિવસે તંગી અનુભવાય; એટલે છેવટે નગદ રૂપિયા ઉપર મોહીને ગરીબ ગામડીઓ દેશના દ્રવ્યરૂપ ગામડું તજી, ખેતીવાડી છોડી, મીલોમાં કે કારખાનામાં ભરાય છે. પરિણામે ગામડાંઓ ભાગે છે અને ખેતીવાડી કે જેની ઉપર સારા હિન્દનો આધાર છે તેનું સત્યાનાશ નીકળતું જાય છે. ઘરગતુ નાના ધંધાઓ, તેમાં સમાયેલી લલિત કળાઓ, નિર્દોષ જીવન અને સ્વતંત્રતા આસ્તે આસ્તે સમાપ્ત થતાં મનુષ્ય પણ યંત્ર જેવો આત્માવિહીન બની જાય છે. એક કારખાનું બસો માણસોને રોજી આપી દશ હજારની રોજી છીનવી લે છે. ઘરગતુ ધંધાથી નાણાં દરેકના ઘરમાં રહેશે. કારખાનાથી માલીકો જ માલદાર થઇ વૈભવો ઉડાડશે. હિન્દમાં નાણું રાખવાનો હેતુ પાંચ પચાસ પૈસાદારો પાસે મોટું ભંડોળ ભેગું કરાવવાનો નથી, પણ દરેકે દરેક પાસે પોતાની જીવનમુડી રહે તેવું કરાવવાનો છે. દેશના થોડા પાસે દ્રવ્ય હોય કે કોઇ આફ્રિકાના સીદી પાસે કે વિલાયતના વ્યાપારી પાસે કે પારસીકને તળીયે હોય તે બધું શ્રમજીવીઓ માટે તો સરખું છે. ભારત નાણું માંગે છે યોગ્ય વહેંચણી માટે, પ્રજાના સુખશાન્તિવાળા જીવન માટે. મોટા કારખાના હિન્દનું કદી કલ્યાણ કરી શકશે નહિ. અગાઉ ત્રણ રૂપિયામાં આખા ઘરનું માસિક ગુજરાન ચાલતું: છથી આઠ પૈસે મજુર દિવસભર કામ કરતો અને આનંદ કરતો. અત્યારે પણ ભારતવર્ષ તો એનું એ જ છે. ખેતીવાડી પણ તેની તે જ છે. છતાં દસ રૂપિયે પણ એક માણસ પોતાનું એકલાનું પુરૂં કરી શકતો નથી. તેનું કારણ શું ? અગાઉ વ્યાપારી બે હજારની મુડીમાંથી ખર્ચ કાઢતો, વરાખરા ઉકેલતો, છતાં પણ મુડી ઉભીને ઉભી રહેતી, જ્યારે આજે કરોડના વ્યાપારો કરવા છતાં દર વરસે સેંકડો પેઢીઓ બંધ થઇ જાય છે તેનું કારણ શું ? નાદારોની સંખ્યા દેશમાં શા માટે ઉભરાતી જાય છે ? પોતાના ગામડાંમાંથી અને કામમાંથી ભાગ્યે જ માથું ઉંચકનાર આજે બીજાઓના દ્વારે નોકરી માટે શા માટે હડધૂત થઇ રહેલ છે ? આપણા ધીંગા, આશાવાદી ખેડુતો આજે નિરાશ થઇ ખેતી છોડી કારખાનામાં સવારની હાજરીમાં "હાજર સાહેબ" પોકારવા ભાનભૂલા થઇ દોડે છે તેનું કારણ શું ? રાતામાતા શરીરવાળી આપણી બહેનો, માતાઓ અને પુત્રીઓ આજે હિસ્ટીરીઆના દર્દથી બેભાન થઇ જીવનમાધુર્ય ગુમાવે છે તેનું કારણ શું ? કારણ દેખીતું છે કે દેશમાં ઘરગતુ ધંધાઓ નાશ પામતા કામગીરી નથી, કારખાનાઓની વૃધ્ધિ થતાં ખેતીવાડીમાં રસ પડતો નથી, તૈયાર માલ થોડી મહેનતે સહેલાઇથી મળતાં ઘર આગળ મહેનત કરવી કોઇને ગમતી નથી, નગદ નાણાની બાંધી આવક આગળ ભવિષ્યની આશા ઉપર જીવવા શ્રધ્ધા નથી, વૈભવ વિલાસની બુરી નકલ માટે અલ્પ કમાણી પૂરતી નથી, અને સ્ત્રીઓને કસરત મળે, વિકારોના જુસ્સા શમાવી દે તેવા કામની ઘર આગળ જોગવાઇ રહી નથી. Home Industry ગૃહઉદ્યોગો વ્યાપારની દૃષ્ટિએ ભલે નિર્માલ્ય લાગતા હોય, ભલે તેથી લક્ષાધિપતિઓ કે કોટયાધીશો ઉપજતા ન હોય, ભલે તેથી બસો પાંચસો મજુરોના શેઠ બનાતું ન હોય, પણ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ, દેશમાં ફેલાયેલ બેકારી ઓછી કરવા, કામગીરી વધારવા, અને કળાનો પુનરૂદ્ધાર કરવા માટે ગૃહઉદ્યોગની માતાસમ ખાદી ઓછી મહત્વની નથી.

અનુભવીઓ કહે છે કે "યંત્રવાદના પ્રખર હિમાયતી અને બાહ્ય દૃષ્ટિએ થોડાક ફાવેલા જાપાનને પણ હવે તો લાગવા માંડયું છે કે દુનિયાની ડામાડોળ સ્થિતિમાં પણ જો પ્રજાએ જીવવું હોય તો તેણે પોતાની પ્રત્યેક જરૂરિયાત યંત્રને બદલે માનવશ્રમમાંથી જ મેળવવી જોઇએ, જેથી જ્યારે જગત્‌ના બજારો જાપાન માટે બંધ થાય ત્યારે તેને કામ વગર બેસી રહેવું ન પડે. જગતમાં ગુલામી સ્થાપવા માટે, સામ્રાજ્યની ભૂખ પોષવા માટે અને અનેકનું લૂટી લઇ માલદાર થવા માટે યંત્રવાદ કામનો છે, પણ પ્રજાએ શાન્તિથી જીવવા માટે વ્યકિતગત માનવશ્રમ જ જરૂરનો છે." આ વાત આજે તદન સાચી લાગે છે. કારખાનાં વધુ પ્રમાણમાં માલ બનાવે, તેને માટે કાચો માલ મેળવવા અને તૈયાર માલ વેચવા બજારો જોઇએ, તે મેળવવા લડાઇઓ જોઇએ અને તેનું પરિણામ આજે જગત્‌ આખું જાણે છે.

**(૩) ધાર્મિક દૃષ્ટિએ ખાદી :-** "જીવીને જીવાડવું" તે માનવ દૃષ્ટિ છે, માનવ ધર્મ છે. આ દૃષ્ટિ અને ધર્મ જેટલો માનવશ્રમ અને તેના ઉપયોગમાં સ્પષ્ટ છે એટલો માનવશ્રમને મારી નાંખનાર યંત્રમાં કે નર્યા તેના ઉપયોગમાં નથીજ. ખાદી માનવ શ્રમનું જ ફળ છે. તેનો ઉત્પન્ન કરનારો અને વાપરનારો જીવીને જીવાડવાનો મહદ્‌ ધર્મ બજાવી રહેલો છે તે ભૂલવા જેવું નથી.

વિજ્ઞાન શાસ્ત્રે સાબીત કરી આપ્યું છે કે મીલોના કાપડમાં સાઇઝીંગ અને ગ્લેઝ (સફાઇ અને ચળકાટ) માટે ચરબી, ગ્લીસરીન, અને સરેસ જેવી પ્રાણીજન્ય વસ્તુઓ વાપરવામાં આવે છે. અને તે નિમિત્તે અનેક મુંગા પ્રાણીઓનો ભોગ લેવાય છે. ધાર્મિક દ્રષ્ટિએ જોતાં જે વૈભવો નિર્દોષના જીવનના ભોગે મળતા હોય તે ત્યાજ્ય છે. જે દેશમાં "અહિંસા પરમો ધર્મ" એ મૂલ્યવંતો મુદ્રાલેખ છે, અને જે દેશ આખી દુનિયામાં હમદર્દી દેશ તરીકે જુદો જ તરી આવે છે, જે ભૂમિ ધર્મભૂમિ ગણાય છે, જ્યાં દયામૂર્તિ બુદ્ધ, મહાવીર આદિ દયાળુ દેવતાઓ જન્મ્યા છે, તે દેશ આવી રીતે થતી નિર્દોષની કતલમાં પોતાનો હાથ કેમ આપી શકે ? આજે દુઃખની વાત છે કે આપણી દયા આપણી પોથી અને જીભમાં જ રહી ગઇ છે. આપણે પોતે તો લોહીથી તરબોળ ભોગો ભોગવીએ છીએ, પરન્તુ મંદિર, મઠોમાં બેસારેલા પવિત્ર પ્રભુઓને પણ ખુની ખોળો પહેરાવીએ છીએ ! પાપવિમોચક પવિત્ર પ્રતિક્રમણમાં આપણે હિંસક વસ્ત્ર પહેરીને શારીરિક તો શું પણ માનસિક પાપ

70



# શ્રી માંગરોળ જૈન સભાનો સુવર્ણ મહોત્સવ

છેલ્લા મહીનામાં મુંબઇની બે મોટી સંસ્થાના ઉત્સવો નિહાળવાનું સદ્ભાગ્ય જૈનજગતને પ્રાપ્ત થયું. ઠીક ઠીક સમૃદ્ધ થઇ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયે પચ્ચીસી પૂરી કરી. તેવી જ રીતે મકાન અને ઠીક પ્રમાણમાં ફંડ પ્રાપ્ત કરી માંગરોળ કન્યા-શાળાએ પચાસ વર્ષની કારકીર્દી વટાવી હીરક મહોત્સવની કાર-કીર્દીની દિશામાં પગલાં માંડયાં. શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ તથા તેમનાં પત્ની શકુંતલા બહેનનો ઉદાર હાથ કન્યાશાળા તરફ લંબાતાં કન્યાશાળાનું સ્વરૂપ બદલાયું. આ માટે તેમને બન્નેને આ પ્રસંગે જૈન સમાજનાં હાર્દિક અભિનન્દન ઘટે છે. તેમના દાખલાથી બીજાં ઘણાં દાનો ખેંચાઇ આવ્યાં. આ પ્રવાહ હીરકમહોત્સવ સુધી ચાલુ રહે એવી ભાવના સાથે સુવર્ણમહોત્સવ ઉજવાયો. પ્રણાલિ મુજબ પ્રમુખસ્થાને જાણીતા ગૃહસ્થની આગેવાની મેળવાય છે એ મુજબ આ પ્રસંગે અમદાવાદના શેઠ કસ્તુરભાઇ લાલભાઇ શેઠની પસંદગી થઇ હતી. નાના સરખા ભાષણથી તેમણે કન્યાશાળાને વધાવી. માંગરોળ સભાના પ્રમુખસ્થાનેથી શેઠ અમૃતલાલ કાળીદાસનો સતત ધ્વનિ શેઠ કસ્તુરભાઇને શાન્તિમાર્ગ સ્થાપવાનો પ્રયત્ન કરવા માટે અભિનન્દતો હતો. ઝઘડા જાણે ભુલચૂકના ન હોય? અને તેનો અંત જાણે પાંચ પચીસ માણસો ભેગા થઇ જવાથી ન થતો હોય? જૈન સમાજ હજી પણ ગૃહસ્થાશ્રમને સુરક્ષિત રાખીને સાધુ માર્ગ સ્થિર કરવા ઇચ્છે છે કે નહિ તેનો ખુલાસો આ 'અહોધ્વનિ'માં હતો નહિ. આ વસ્તુ અહિં પ્રસ્તુત નથી; પરંતુ સભાના સુવર્ણ મહોત્સવમાં પણ એ વસ્તુ પ્રસ્તુત નહોતી તેટલા પુરતો જ તેનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી ધાર્યો છે.

આ પ્રસંગે કન્યા કેળવણીની વૃધ્ધિ ઇચ્છતા ભાઇ બહેનોનો ભોજન સમારંભ ઉચિત ભોજન અને તેવાંજ ઉચિત ભાષણોથી પૂરો થયો. પરંતુ સૌથી યાદગાર પ્રસંગ કન્યાશાળાની બાળાઓએ ઉજવેલા રસોત્સવને લગતો હતો. મુંબઇ નગરી અલબેલી છે; પણ કોણ જાણે કેમ આપણા જૈન કુમાર અને કુમારિકાની ઉત્સવ ભૂમિકા બીજા અનેક ઉત્સવોથી ઉતરતી જ રહ્યા કરી છે. પરંતુ આ ઉત્સવદ્વારા કન્યાશાળાએ મુંબઇના ઉત્સ-વોની અગ્ર પંકિતમાં પોતાનું સ્થાન નોંધાવી લીધું છે, એટલું જ નહિ પરન્તુ પુનઃ પુનઃ આવું જોવા મળતું રહે એવી આતુરતા પ્રેક્ષક વર્ગમાં જાગૃત કરી છે. આ ઉત્સવને પાર પાડવામાં ફાળો આપનાર લેખકો, યોજકો, બાળાઓ તેમજ કન્યાશાળાના સંચાલકો સૌ કોઇને ભારે મુબારકબાદી આપવી જોઇએ. જૈન પ્રજાનો યશ અને ગૌરવ વધારવામાં તેમણે જે અપૂર્વ ફાળો આપ્યો છે તેનું મૂલ્ય સહેજે આંકી શકાય તેમ નથી.

દીકરીનું સ્થાન? સમાજની સંકડામણો વચ્ચે કે ભાવનાના પુરથી તૈયાર થતી, ભવિષ્ય રચતી, પોતાના અને પરણીને પોતાના કરેલા ઉભય કુળને તારવા માટે પ્રેરાતી બાળાઓથી દીકરીનું સ્થાન? રસોત્સવ નિહાળનાર ભાઇઓ સમક્ષ સમાજની સંકડા-મણોની મર્યાદા આ બાળાઓએ તોડી છે. બાળાઓના મનોરથોને અવકાશ મળવો જોઇએને? ઝાંઝરની ફરતું મનોરાજ્ય બાળાઓએ પ્રત્યક્ષ કર્યું અને ઘરડા માવતરે સંભાળી લીધું. આવો સુમેળ સમાજના પ્રત્યેક ઘરમાં જામે તેવું ચિત્ર-તે રચના–તે ભાવના આ રસોત્વસમાં "દાદીમાની દીકરી"થી પ્રાપ્ત થયાં છે. સુવર્ણ મહોત્સવના યોજકો અને કન્યાશાળાની કીર્તિ પર કળશ ચડા-વવામાં સહાયભૂત થનાર સૌ કોઇ અભિનન્દન[illegible]ય બને છે.

આશા છે કે કન્યાશાળાના હવેના વિકાસમાં દાનવીરો કશી ખામી પડવા નહિ દે. અત્યાર સુધી જે મધ્યમ વર્ગને આ શાળાનો લાભ મળ્યો હતો તેવો જ લાભ સ્થાનફેર થવા છતાં પણ ચાલુ રહે તેવી સંચાલકોને આગ્રહપૂર્વક વિનંતિ છે. એ દૃષ્ટિએ પાયધુની જેવા લતા ઉપર કન્યાશાળાની એક શાખા તરીકે પ્રાથ-મિક વર્ગો ખોલવાનું શાળા સમિતિ વિચારે અને એ રીતે આ કન્યાશાળાનો જૈન સમાજને મળતો લાભ અખંડિત ચાલુ રહે એટલું જ નહિ પણ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતો રહે એ ખાસ ઇચ્છવા યોગ્ય છે.

શાળાના ભવ્ય મકાનનો ઉલ્લેખ કરતાં એક બાબતની નોંધ કરવી જરૂરી છે. 'કઢી માટે વરો ન બગડે' તે કહેવત યાદ કરવી પડે છે. શાળામાં પાંચ માળ ઉંચે ચડઉતર પ્રતિદિન અનેક વખત બાળાઓ કરે તેને માટે લીફટનું સાધન પ્રાપ્ત થવું જોઇએ. બાળાઓની શકિત અભ્યાસ પાછળ સંચિત રહે, તે દાદરાઓની ચડઉતરમાં હ્રાસ ન થાય તે માટે યોજના કરવાનું આ શહેરના મ્યુનીસીપલ કમીશનર શ્રી. ભટે શાળાના મકાનની મુલાકાત લેતી વખત ધ્યાન ખેંચ્યું છે અને તે સૂચના ગમે તે રીતે પાર ઉતારવા શાળાના સંચાલકોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

સુવર્ણ મહોત્સવ પ્રસંગે નાની સરખી પ્રદર્શનની યોજના પણ ફતેહમંદીથી પાર ઉતારવા માટે શાળાની સમિતિને ધન્યવાદ ઘટે છે. ભોંયતળીયા સિવાય શાળાના મકાનનો કોઇ પણ વિભાગ ભાડે સિવાય આપવાને બદલે તે વિભાગનો ઉપયોગ કન્યાશાળાના સ્થાયી પ્રદર્શન જેવા ઉપયોગી કાર્યમાં થાય તો દાન આપનારાનું દાન વધારે સફળ થશે. દાનથી ચાલતી સંસ્થામાં ભોંયતળીયા સિવા-યનો બધો ભાગ કન્યાશાળાના હેતુની પુષ્ટિમાં જ જાય અને એમ કરતાં જે થોડું કંઇક ભાડું ખોવું પડે તે [illegible]ન સમાજના દાનપ્રવાહમાંથી મળી રહે તેવો વિશ્વાસ શાળાના સંચાલકોને આવ્યો હોય તેમ હજી લાગતુ નથી. શાળાના સમગ્ર વાતાવરણની એકરૂપતા જાળવવા ખાતર પણ હાલ તુરત ઉપયોગમાં ન આવે તેવા શાળાના મકાનના વધારાના વિભાગમાં ગૃહસ્થ કુટુંબોને વસાવવાને બદલે બીજી સ્ત્રી સંસ્થાઓને યોગ્ય ભાડાથી વસાવવામાં આવે અને એ રીતે આખા મકાનનો ઉપયોગ સ્ત્રીપ્રગતિની કોઇ ને કોઇ પ્રવૃત્તિમાં થાય એ ઇચ્છવા યોગ્ય છે. આ સૂચના સંસ્થાના સંચાલકો ધ્યાનમાં લેશે એવી આશા રાખવામાં આવે છે.

એક નિરીક્ષક.

---

માટે પણ હૃદયની માફી ચાહીએ છીએ. આમાં પ્રભુની પ્રભુતાઇ, દેવનું દેવત્વ, પીરની પીરાઇ કે પ્રતિક્રમણની પવિત્રતા કયાં રહી? વાયુકાયના જીવ બચાવવા માટે સ્વચ્છ હવાનો લાભ પણ ગુમા-વવાવાળા આજે પોતાના મોઢે ચરબી લગાવેલા કપડાની મુહપત્તી બાંધી બેસે ત્યાં અહિંસા કયાં રહી? ભારતને આરે યુગોયુગ જન્મવાની મુરાદવાળો કૃષ્ણ કનૈયો હિન્દનો કર્મયોગી વીર આજે વિલાયતી ચરબી લગાવેલો ગ્લીસરીનની ચળકારીવાળો વાઘો પહે-રીને હિન્દને દર્શન દઇ રહેલ છે. ભારત આખાના કર્મધર્મના રક્ષપાળો આજે પોતાનું ખરૂં કર્તવ્ય ભૂલી ગયા છે. વધસ્તંભ ઉપર મરતાં મૂંગા પ્રાણીઓ અને બેકારીથી મરતાં માનવબાળો પોકાર કરે છે કે 'બચાવો બચાવો! જીવીને જીવાડો!'

અપૂર્ણ

વ્રજલાલ ધ. મેઘાણી

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો — શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર — Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨૦

મુંબઇ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૨ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

## तन्मे मनः शिवसंकल्पमस्तु ।

(ગુજરાતી સાહિત્ય પરિષદ્ સંમેલનના ચૌદમા અધિવેશનના તત્વજ્ઞાન વિભાગના પ્રમુખસ્થાનેથી 'તત્વજિજ્ઞાસા' ઉપર અપાયલા વ્યાખ્યાનનો અન્તિમ ભાગ)

ગુજરાતમાં તત્ત્વજિજ્ઞાસા પ્રવર્તમાન થાય ત્યારે તે દર્શન–શાસ્ત્રોનો અભ્યાસ તો કરશે; વિજ્ઞાનના સિદ્ધ પદાર્થો ધ્યાનમાં લઇ 'સત્'નું સ્વરૂપ સમજવા મથશે; પણ એ તત્ત્વજિજ્ઞાસા વર્તમાન જીવનના મહાન પ્રશ્નોનું રહસ્ય સમજવા પ્રયત્ન નહિં કરે તો તે વન્ધ્ય થશે. વાસ્તવિક રીતે જિજીવિષા પ્રેરિત તત્ત્વ-જિજ્ઞાસા માટે એમ કરવું અશક્ય છે.

જિજીવિષા આપણી સમક્ષ હાલ બે મહાન [illegible] છે; આપણા દેશની પરતંત્રતા અને યુરો[illegible] કરેલો સર્વભક્ષી વિગ્રહ. આ અંગે તત્ત્વજિજ્ઞાસા[illegible] કહેવું છે એવી અપેક્ષા જિજીવિષા રાખે. આ બે પ્રશ્નો એવી રીતે જોડાયેલા છે કે એક વિચારમાંથી બીજાનો ખુલાસો ફલિત થાય છે, એટલે એક વિગ્રહનો જ વિચાર કરીએ.

આ લડાઇ અપૂર્વ છે એ વાત ખરી, પણ લડાઇ અને લડાઇનાં કારણો અપૂર્વ છે એમ નહિં કહી શકાય. એ માનવ જીવનમાંથી વારંવાર ઉત્પન્ન થતી ઘટના છે; પણ તે હવે વિજ્ઞાનની મદદથી અને બુદ્ધિની એકાગ્રતાથી એવા રૂપમાં આવી છે કે સર્વનાશ એ હવે તર્ક નથી રહેતો, નજીકનો સંભવ બને છે. આવી સ્થિતિ અટકાવવાને મનુષ્ય માટે કોઇ 'વર્તનમાર્ગ' કોઇ કર્તવ્ય–તત્વજ્ઞાન સૂચવી શકે? જવાબમાં મહાભારત ધરી શકાય! પણ મહાભારત પછીયે આપણા દેશમાં લડાઇઓ ઓછી થઇ નથી! તો સામુદાયિક જીવનમાં લડાઇ અનિવાર્ય માનવી? અત્યાર સુધીના ઇતિહાસથી તો એમ લાગે, પણ ઇતિહાસ એમ પણ શીખવે કે એના અમુક કારણો ફરી ફરી આવે છે અને યુદ્ધ ફરી ફરી થાય છે. (અત્યારની સાયકોલોજી વળી એમ પણ કહેશે કે instinct of pugnacity–લડવાની વૃત્તિ–માણસની એક સહજ વૃત્તિ છે–તો એને વાળવાનો કોઇ ઉપાય?) આ કારણોનું પુનરાવર્તન અટકાવી શકાય તો યુદ્ધ અટકાવી શકાય. ભગવાન બુધ્ધે સૈકાઓ પહેલાં કહ્યું કે: વૈરથી વૈર શમતું નથી, અવૈરથી વૈર શમે છે–એજ સનાતન ધર્મ છે. પણ બુદ્ધના આ ઉપદેશ છતાં વિગ્રહો તો થયા જ કર્યા તો આ ધર્મ સનાતન નહિં? પણ ધર્મ તો આચરે તેને કહેવાય, પ્રજાએ એ ધર્મ પ્રમાણે ક્યારે વર્તી કે એ ખોટો છે એમ કહેવાય? તો આ બધા શ્રમણો અને સન્યાસીઓએ શું કર્યું? તેઓ પોતે આ ધર્મ પ્રમાણે વર્ત્યા હશે, પણ જ્યાં જ્યાં કલહનાં નિમિત્તો હતાં ત્યાંથી અલગ થઇ જઇને અને તેથી ક્યારે પણ સમુદાયમાં આ ધર્મ આચરવામાં આવ્યો નથી!

ગમે તે સ્થિતિમાં પણ આ ધર્મ આચરવાનું બળ વિરલ હોય છે; તેથી સમાજ–સ્થિતિ એવી ઘડાય કે જેમાં આ ધર્મ સરલ થાય તો જ તેનું સમુદાય તરીકે એ પ્રમાણે આચરણ શક્ય બને! પણ આ શક્ય થવાને માટે યુદ્ધનું મુખ્ય કારણ ઐકાન્તિક પરિગ્રહ દૂર થવો જોઇએ. આ અપરિગ્રહની ભાવના પણ ભારતીય સંસ્કૃતિને અભ્યસ્ત છે. આગ્રહ વિના કલહ થતો નથી અને આગ્રહ દૂર કરવાનો ઉપાય અપરિગ્રહ છે. તત્ત્વજિજ્ઞાસાએ માણસને મુક્તિ માટે અપરિગ્રહી બનાવ્યો એટલે અપરિગ્રહ એજ તત્ત્વ છે એમ ફલિત થઇ શકે. આવો અપરિગ્રહી સમાજ બનાવવો એ એક જ માર્ગ તત્ત્વજિજ્ઞાસા સૂચવી શકે–અને તે આચરતાં જે અનેક વિરોધો ઉત્પન્ન થાય તેને શમાવવાનો માર્ગ અવૈર, અહિંસા અથવા પ્રેમ છે; અર્થાત્ કે ગાંધીજી અત્યારે જે મહાન ઉપદેશ અને મહાન પ્રયોગ કરે છે તે જ દિશામાં માનવલોકનું કલ્યાણ દેખાય છે; પણ તે વૃક્ષ ઉગવા માટે સામાજિક અપરિગ્રહનું ક્ષેત્ર જરૂરનું લાગે છે.

ભારતીય તત્ત્વજ્ઞાનની દિશાએ વિચારતાં એ પરમ ધર્મ લાગે છે. પણ એમ કહેતાંની સાથે 'મોક્ષ' પુરૂષાર્થનું શું સ્થાન એ પ્રશ્ન ઉઠે છે. આનો જવાબ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શોધવાનો છે અને તેથી જ તેનો હજી સુધી ઉલ્લેખ કર્યો નથી.

ભગવદ્ ગીતાના કર્મયોગમાં બે પ્રાચીન પરંપરાનો સમન્વય થયો છે. આપણે જોયું કે બ્રાહ્મણ યુગમાં 'કર્મ'ના તત્વ ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો; એ પરમધર્મ હતો. ગૃહસ્થનું જીવન પોતાના વર્ણ પ્રમાણે અનેક ઇષ્ટ અને આપૂર્ત ક્રિયાઓથી ભરેલું રહેતું. આની સામે શ્રમણ–ઉપનિષદ્ પ્રવાહ મુક્તિના ધર્મ અને આત્મ–સાક્ષાત્કાર માટેના આચાર–વિચારોના ઉપદેશમાં ખેંચાતો હતો, એટલું જ નહિં પણ યજ્ઞકર્મને તુચ્છકારતો હતો. આ બન્ને પ્રવાહમાંથી તત્ત્વજિજ્ઞાસા સંગતિપૂર્વક ત્રીજું તત્ત્વ શોધતી હતી. માણસ શું ખરેખર 'કર્મરહિત' રહી શકે છે–નિષ્ક્રિય થઇ શકે છે? '**प्रकृतिस्त्वां नियोक्ष्यति**'–માણસ માટે કર્મ અનિવાર્ય છે તો પછી એને નિષ્કર્મ રહેવા કહેવું એ નિરર્થક છે. પણ માણસ કર્મ કર્યા કરે તો કર્મ–ફળના નિયમથી હંમેશા બદ્ધ રહી કદી પણ મુકત ન થઇ શકે. પણ નિયતિ તો કર્મ ફળની છે. ફળની તૃષ્ણા રાખવી કે ન રાખવી એમાં માણસની Will free છે, ઇચ્છા–શક્તિ સ્વાધીન છે. ફળનો સંકલ્પ ન રાખવો એવો એનો જો પ્રયત્ન હોય તો કર્મ કરવા છતાં તે બદ્ધ ન થાય. બદ્ધ કરનાર રાગ દ્વેષ છે અને રાગ દ્વેષ ફળ–તૃષ્ણામાંથી જન્મે છે; તેથી જો માણસ ફળબુદ્ધિથી રહિત અનાસકત કર્મ કરે તો 'બન્ધ' લાગે નહિં. અને માણસ સાંસારિક ફળોનો ત્યાગ કરી શકે તે માટે તેને બીજું ધ્યેય જોઇએ. તે

# ખાદી: સાદાઈની માતા કે ગરીબની કામધેનુ!

(ગતાંકથી ચાલુ)

**(૪) સામાજિક દૃષ્ટિએ ખાદી:**–જેમ આપણા સાંસારિક વ્યવહારમાં સામાજિક દૃષ્ટિ છે, તેમ આપણા ધંધા, કારીગીરી અને તેના વિનિમય અને વપરાશમાં પણ તે દૃષ્ટિ બહુ જ સ્પષ્ટ રીતે રહેલી છે જ. આપણા ગામડાંઓની રચના જ એવા પ્રકારની છે કે ત્યાં દરેક જાતના કારીગરની સંખ્યા ખપ પૂરતી હોય જ. ગામનો ખેડુત અનાજ આપે, ગામનો સુતાર બધાનાં ઘર માળી આપે, ખેડુતોના ઓજારો વિગેરે કરી આપે, કડિયો ઘર ચણી આપે, મોચી વાડીના કોશ તથા ગામના કાંટા-રખા બનાવે અને ગામડાંની ચામડાંની પેદાશનો ઉપયોગ કરે, વાણીયો જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડે, તથા ખેડુતોની ઉપજનો વિનિમય કરી આપે, બ્રાહ્મણ ધાર્મિક વાતાવરણ જાગતું રાખે અને નિશાળ માંડી ગામના બાળકોને સરસ્વતી માતાના પાઠ ભણાવે, ભરવાડ કે રબારી દૂધ પીવરાવે, ગામના ઢોર ચારે અને ગામને ઉન પૂરી પાડે, લુહાર પોતાથી શકય બધી ગામની સેવા કરે અને વણકર આખા ગામે નવરાશને વખતે કાંતેલું વણી આપી ગામને ઢાંકે–આ રીતે ગામનો વ્યવહાર ચાલતો, અરસપરસ રોટલો કમાઇ ખાતા, એક બીજાને ઉપયોગી થતા અને એકજ કુટુંબના માણસો હોય તેમ રહેતા. આ ધંધામાં વસતી સામાજીક દૃષ્ટિ જેને આજે સંપૂર્ણ શુદ્ધ, સ્વદેશી કહેવામાં આવે છે તે પ્રકારનું પરસ્પર સહકારી જીવન જ હતું. જો તે ગામમાં બહારનો કોઇ લુહાર આવી પોતાનો માલ ગામમાં આપે કે ગામવાળાનાં કામ કરી જાય તો ગામના લુહારની આંખ ફાટી જાય. પરગામનો હજામ જો ગામમાં આવી હજામત કરવા માંડે તો તેની સાથે ગામવાળો હજામ જરૂર અસહકાર કરે કે બહારવટું પણ કરે. ગામમાં સલાહ સંપ એવો હોય કે ગામની વસ્તી પોતાની જરૂ-રિયાત, સગવડતા અને રોટલો ગામમાંથી જ મેળવે. જ્યાં સુધી આવી વૃત્તિ હતી ત્યાં સુધી ગામની વ્યવસ્થા સુંદર રીતે ચાલતી અને અસ્મિતા જળવાતી. કોઇ કોઇનો નોકર ન હોવા છતાં દરેક દરેકના સેવક રહેતા. કોઇ કોઇને મદદ કરતું કે કોઇ કોઇનું લેતું નહિ છતાં પણ એકને બીજાની સહાયની, ટેકાની અપેક્ષા રહેતી. વ્યાપારીને ત્યાંથી એક પાલી ચોખા ખરીદીને ખરીદનાર અવશ્ય થોડી મદદ કરે છે; કારણ કે પાલી ચોખાનો વ્યાપાર એ કોળીયા ભાત તેના મોઢામાં મૂકે છે. એક વણકરનું પાંચ વાર કાપડ ખરી-દીને ખરીદનાર અર્ધો વાર કાપડ તેના કબજા માં મૂકતો જાય છે. એક દરજી પાસે પહેરણ શિવડાવીને ગ્રાહક તેના છોકરાના લગ્નમાં પાંચ પૈસાની પૂરતી કરતો જાય છે. ગ્રાહક ઉપર વાણિયાને મહા-લવાનું કે જીવવાનું છે. વાપરનારા ઉપર કારીગરોની જીવનદોરી છે. એટલે સૌ સમાજચક્રના ધરા જ છે. એક બીજાને ખપને વખતે પોતાની આસપાસના માણસોદ્વારાજ કામ લેવું તથા સગ-વડતા મેળવવી તેમાંજ સમાજનું ખરૂં શ્રેય છે. જુદા જુદા [illegible] ગામ વસ્યું, સગવડતા જળવાણી, પણ જો આપણ [illegible] તેને કામ આપવાને બદલે, પરગામના કારીગરને કે યંત્રને ખટાવવા દોડીએ તો આપણા સમાજમાં વસેલાના આપણે ઘાતક બનીએ છીએ, તેમજ સમાજનો દ્રોહ કરીએ છીએ. પોતાના દેશ ઉપર પરદેશીના આક્રમણો નોતરનાર અને પોતાના દેશના સ્વદેશી માનવજન્ય ધંધાઓ ઉપર પરદેશી માલ અને યંત્રના આક્રમણો લાવનાર બન્ને સરખા સમાજદ્રોહી–દેશદ્રોહી છે. એક પ્રજાની સ્વતંત્રતા છીનવી લઇ તેને ગુલામ બનાવે છે, જ્યારે બીજો પ્રજાને જીવંત રાખતા ધંધાઓ છીનવી લઇ તેને હતભાગી બનાવે છે. ગુજરાતના માધવ અને કેશવે અલ્લાઉદ્દીનને નોતરીને ગુજરાતનું, કનોજના જયચંદે શાહબુદ્દીન ગોરીને બોલાવી ભારતદેશનું જેટલું અહિત કર્યું છે, તેટલું બલ્કે તેથી પણ વધુ અહિત પરદેશનો માલ દેશમાં લાવનારે અને યંત્રના લાવનારે કર્યું છે. અરસપરસ કામ આપીને કે લઇને આપણે સમાજમાં રહેવાનું છે, જીવીને જીવાડવાનું છે, મદદ દઇને લેવાની છે. તેમજ બીજાના કલ્યાણમાં પોતાનું કલ્યાણ શોધવાનું છે. આટલો જ સાચી સમાજરચનાનો હેતુ છે. ખપ પડે ગામના માણસોએ, દેશના માણસોએ મારો માલ ખરીદી મારા ધંધાને ઉત્તેજી મને કામ આપવું અને આગળ વધારવો એવી અપેક્ષા રાખવી અને જ્યારે મને ખપ પડે ત્યારે મને મદદ કરનારને પડતો મૂકી કોઇ પરદેશીને ત્યાં કે કારખાનાવાળાને ત્યાં દોડયો જાઉં, તેમાં સમાજમાં વસતા એક માણસ તરીકે મારી શોભા કે માણસાઇ નથી! "ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો" તે આનું નામ! આમ કર-વામાં ચોકખી દાંડાઇ અને એકલપેટાપણું છે. દરેકેદરેક માણસ પહેલો લાભ પોતાના સમાજમાં વસતા નિકટવર્તી મનુષ્યને આપવા નૈતિક રીતે બંધાયેલો છે.

ખાદી ખરીદી વણકરભાઇને, કાંતનારને, પીંજારાને, તેમજ તે અંગે કામ કરનાર ઘણાઓને રોજી, કામ, અને ઉત્તેજન આપી શકીએ અને સમાજની વ્યવસ્થા સુદૃઢ રાખી શકીએ.

(અનુસંધાન પૃષ્ટ ૧૯૯ જુઓ)

---

ધ્યેય તે પરમાત્માનો સાક્ષાત્કાર; તેમાં તે તેનાં સકલ કર્મોની આહુતિ આપે એ જ એનો પરમયજ્ઞ.

આ પ્રમાણે કર્મ કરવા છતાં મોક્ષ સંભવે છે એવું તત્ત્વ સ્થિર કરી માણસે લોકસંગ્રહની દૃષ્ટિએ કર્મ કરવાં એ જાતનો ધર્મ ગીતામાં પ્રતિપાદિત થતો દેખાય છે.

ગીતામાં હિંસાનો ઉપદેશ છે કે અહિંસાનો એની ચર્ચા અપ્રસ્તુત છે. તત્ત્વ–જિજ્ઞાસાની દૃષ્ટિએ અનાસકત રહી લોકસંગ્રહ માટે ઇશ્વર પ્રીત્યર્થે કર્મ કરવાં એટલું તાત્પર્ય બસ છે.

હિંસા અને અહિંસાનો વિચાર સ્વતંત્ર રીતે કરવાનો છે. આપણો ઇતિહાસનો પાઠ અને વર્તમાન વિગ્રહનો અનુભવ એ બે ધ્યાનમાં રાખી વિચાર કરીએ તો તરત સમજાશે કે હિંસાથી તાત્કાલિક નિકાલ થાય છે; છતાં સત્ય હિંસાથી વિજય પામનારના પક્ષમાં હોય તો પણ એ વિજય એટલું વેર મૂકતો જાય છે કે બીજા વિગ્રહનું–બીજી હિંસાનું–કારણ બને છે! માટે જ બુદ્ધે અવૈરતે શાન્તિનો સનાતન ધર્મ કહ્યો.

આથી સમસ્ત અને ચિરસ્થાયી લોકસંગ્રહ માટે અહિંસક કર્મ જ સાધક તત્ત્વ છે. ત્રિવર્ગ સાધનનો એ પરમ ધર્મ છે; અને અનાસકત રહી ઇશ્વરપ્રીત્યર્થે કરવાથી મોક્ષ સાધનનો પણ પરમ ધર્મ છે એમ તત્ત્વજિજ્ઞાસા કહે.

અને આનું તાત્ત્વિક સમર્થન 'શિવસંકલ્પ' મંત્રમાં છે, પ્રજાઓની અંદર જે અપૂર્વ 'યક્ષ' છે–વ્યકિત અને સમષ્ટિમાં રહેલું જે દિવ્ય પરમાત્મતત્ત્વ છે–તે જ મારૂં વ્યકિતનું ચિત્ત છે–એવું દરેક વ્યકિતને મળેલું ચિત્ત 'શિવસંકલ્પ' રહે તો જ જગતના દુઃખ અને અનર્થો દૂર થાય, તો જ જીવાત્મા પરમાત્મા થઇ શકે! તેથી એ ઋષિના મન સાથે મન મિલાવી આપણે દરેક પ્રાર્થના કરીએ–નાસ્તિક પણ કરી શકે એવી આ પ્રાર્થના છે.

**तन्मे मनः शिवसंकल्पमस्तु ।**

રસિકલાલ પરીખ.

# પાણી માટે કકળાટ

ડૉ. બહેરામ ખંભાતા જે મુંબઈના એક જાણીતા હાડવૈદ્ય છે તેમણે ગુજરાતના કેટલાક ગામડાઓમાં પાણીની અસાધારણ તંગીને લીધે ત્યાંના લોકોને તેમજ જાનવરોને ભોગવવી પડતી અસહ્ય હાડમારીઓનું એક હૃદયસ્પર્શી ચિત્ર 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને ઉદ્દેશીને નીચેના પત્રમાં રજુ કર્યું છે:—

ગુજરાતમાં આવેલ પલસાણા ગામનાં એક ગરીબ ખાનદાન ખેડુત ભાઈ જોશી ભગવાનજી ખંડુભાઇ પોતાની નજીકના પ્રદેશમાં આવેલ દશથી અગિયાર નાની મોટી વસ્તીવાળા ગામડાઓમાં માણસોને અને પશુઓને પાણી વિના પ્રતિપળ અસહ્ય દુઃખથી પીડાઇ કેમ મરણાધીન થવું પડે છે અને એ ગામડાના લોકોનો આત્મા પ્રાણીઓ ઉપર પડતું આવું દુઃખ નરી આંખે જોઇ કેમ દુભાય છે તે વિષે હૃદયદ્રાવક હકીકતો રજુ કરતાં જણાવે છે કેઃ–

"ન કલ્પી શકાય એવા કો'ક કારણે પ્રભુ અમ ગરીબડા ખેડુતવર્ગ ઉપર કોપાયમાન થયા હોય એમ દીસે છે! અમ ગરીબની પ્રાર્થના કોણ સાંભળે? આ સાલ ચોમાસુ નિષ્ફળ જવાથી અને વાવાઝોડાથી થયેલ પારાવાર નુકસાનીને કારણે અમારો અધમુવો ખેડુત વર્ગ પૂરો મરી જાય તેવો મામલો અમારી તરફ બની રહ્યો છે. આ અભાગિયા દેશમાં અમે ખેડુતો લાંબા કાળથી ભુખમરો તો વેઠતાં જ આવ્યા છીએ, પણ આ સાલ તો પાણીની તરસથી પણ મરવાનો વારો આવી ઉભો હોય તેમ છે. કારણ કે આ સાલ અહીં પાણીનો પણ દાટ વળી ગયો છે. તેથી નથી અમને અમારી ખેતીવાડી માટે પાણી મળતું કે નથી તે પીવા ન્હાવા માટે પણ મળતું. જ્યારે મનુષ્ય જીવનના આવા હાલ છે, ત્યારે અમારા બાપડાં ઢોર, બકરાં, ઘેટાનાં તો કેવા બુરા હાલ થતાં હશે, તે તો આપ જેવા દયાળુ ભાઇ બ્હેનોની કલ્પના ઉપર જ હું છોડું છું. અમારાં બાજુનાં મોતીવાડ, ખડકી, ડુંગરી, કળશર, દેગામ, કરાયા વિગેરે ગામોમાં ભરવાડ લોકો પાસે પાંસસોથી છસો બકરા અને બસોથી ત્રણસો ઢોરો ચરાવવા માટે છે. આ સઘળાં પાણી વગર વેંત વેંત જીભ બહાર કાઢી આમારી નજર સામે મરી જાય છે. મુંગાં પ્રાણીઓને આ પ્રમાણે મરતાં જોઇને અમારો આત્મા બહુ દુખાય છે. એટલે પ્રભુનાં એ મુંગાં પ્રાણીઓ તરફથી હું આ લખી આપને નમ્ર અરજ કરૂં છું કે અમને આવા એક એક ગામમાં કુવો બંધાવી આપવા કૃપા કરશો. અન્ન વગર માણસ દિવસો સુધી જીવી શકે, પણ પાણી વગર બે પાંચ દિવસ પણ જીવવું બેહદ મુશ્કેલ થઇ પડે છે. તેથી અમને કુવાના પાણીની તાત્કાલીક જરૂર છે. અહિં કુવો બંધાવવા પાછળ રૂ. ૧૨૦૦ નો ખર્ચ થાય છે. આવડો મોટો ખર્ચ અમે મરતા ખેડૂતો તે ક્યાંથી કરી શકીએ? માટે અમારી ઉપર અને અમારાં બાપડાં વહાલા ઢોર, બકરાં ઉપર દયા કરી એક એક કુવા પુરતી રકમ આપ તાત્કાલિક મેળવી આપો તો કેવી મોટી મહેરબાની? પ્રાણીઓની દયા કર્યા બદલ પ્રભુ તેનો બદલો જરૂર આપશે. એટલી વિનંતિ સાથે, હું છું, બે હાથ જોડી માફી માંગી લેતો, આપનો આજ્ઞાંકિત સેવક, જોશી ભગવાનજી ખંડુભાઇ."

'પ્રબુદ્ધ જૈન'ના પ્રિય વાંચકો! ઉપરનો પત્ર લખનાર ભાઇ ભગવાનજી કહે છે તે આપ સ્વીકારી શકતા હો તો પછી દયા ધર્મથી પ્રેરાઇને પાણીની આવી અસહ્ય તંગી મટાડવા, અથવા પાણી માટેનો ત્યાંનો કકળાટ કાંઇક અંશે ઓછો કરવા આપના તરફથી કાંઇને કાંઇ ફાળો મોકલીને સેંકડો જીવોને મરણાધીન થતાં આપ ન બચાવો? બાપડા ખેડુત વર્ગની આવી કરૂણ હકીકત જાણ્યા પછી પણ જો આપણે આંખ આડા કાન કરી બેસી રહીએ તો તે યોગ્ય કહેવાય ખરૂં? કાળચક્ર જગતની સપાટી ઉપર આપણી નજર સમક્ષ મનુષ્ય માત્રના પાપનો કર કેવી ક્રુરતાથી લઈ રહ્યો છે તે તો સૂર્યોદય થતાં આપણા શહેરોમાં પ્રગટ થતા છાપાઓથી આપણે બરોબર જોઈ જાણી શકીએ છીએ.

એમ છતાં, જે ભાઇઓ ઇશ્વર કૃપાથી બે પૈસે સુખી છે, ખાણીપીણીની તંગીથી મુક્ત છે, તે જ ભાઇઓ દેશમાં થોડા ગાઉને છેટે ગરીબડા ખેડૂત ભાઇઓને અને તેમનાં વહાલાં ઢોરોને હૈયાંશૂન્ય બની શું મરવા દેશે? અરે, રાજકર્તા અને પ્રજા બન્ને જ પોતપોતાની સ્વાર્થી પ્રવૃત્તિઓમાં પરોવાયલા રહી ગામડાંની વસ્તીનો નાશ જ થવા દેશે? તો પ્રભુના દરબારે કર્મના કાયદાનો હિસાબ કેમ ચૂકવાશે? જગપ્રસિદ્ધ મહાન કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આપણને એક ઠેકાણે કહ્યું છે કે: "He is there, where the tillers toil the soil." એટલે, "પરમાત્મા ત્યાં જ છે, જ્યાં ખેડૂત ખેતી ખેડે છે." ત્યારે આપણે સૌ શું ખુદ પ્રભુની હાજરી વચ્ચે વસતા આત્માઓની પણ અવગણના કરશું? શું તેમને સદા કાળ ભૂખે અને તરસે મરવા જ દઇશું? મહા જ્ઞાની પુરૂષોની આજ્ઞા છે કે, મનુષ્યે પોતાનું ચારિત્ર્ય ઘડવા, અને ચિત્તશુદ્ધિમાં મદદગાર થાય એટલા માટે દાન, તપ, ભક્તિ જેવાં સત્કર્મો કરવાં જ જોઇએ. વળી અપકર્મોનો ક્ષય કરવા, અને મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે પણ દાન, તપ, અને ભક્તિ મનુષ્ય માત્રે કર્યે જ છૂટકો છે. ગુજરાત, કાઠિઆવાડમાં તરસે પીડાતા માનવજીવ અને મુગાંપ્રાણીઓ આજે આપણી પાસેથી આવાં એક સત્કર્મની યાચના કરે છે. આપ સહુ જાણો છો તો ખરા કે, ઢોર તો આ દેશનું અમૂલ્ય ધન છે. એ ધનનો નાશ આ ગરીબડા દેશને કેમ પરવડે? ઘાસ પાણી વિના ભૂખ તરસથી સાવ લાચાર બની આ મુંગા દેશસેવકો મરણને શરણ થઈ, જમીન ઉપર પછડાઈ પડી કાગડા કે ગીધ પક્ષીઓને પોતાનું માંસ કેમ ચૂંથવા દે છે, અને ધીમે ધીમે કેમ મૃત્યુને શરણ થાય છે તેનું ચિત્ર કલ્પના સમક્ષ ઘડિભર પણ ઉભું કરતાં આપણું શરીર ધ્રુજે છે. દૂર બેઠે પણ આપણો આત્મા દુભાય છે. આજે આવું કરૂણ ચિત્ર ગુજરાત કાઠિઆવાડમાં ઠેર ઠેર નજરે પડે છે. છતાં એવાં દુઃખિયાની વહારે આપણે નહિ જઇશું? એ જાણીતી વાત ભૂલાવી ન જોઇએ કે માણસની કાયા ચંદન આદિના લેપથી નહિ, પણ પરોપકારનાં કૃત્યોથી અને ધન દાનથી શોભે છે. આપણા પરમ પૂજ્ય ગાંધીજીની પણ આપણને સલાહ છે કે: "તમારૂં ધન તમારૂં નથી પણ જગત માત્રનું છે, એમ સમજીને તમારા સાચા ઉપયોગ પૂરતું રાખીને બાકીના ધનનો ઉપયોગ સમાજને અર્થે કરો." ખેડૂત ભાઇ બેહેનોની કપરી ભીડને સમયે પણ આ સલાહ આપણે નહિ સાંભળશું તો ક્યારે?

આ વાંચીને જો કોઇ ભાઇ બહેનો ઉપર જણાવેલ પરોપકારના કાર્યમાં ખરચવા માટે મને નાની મોટી રકમો મોકલી આપશે તો તે દરેકની મદદનો પુરો સદુપયોગ થશે એની ખાત્રી આપવાની જવાબદારી જરૂર મારી રહેશે.

એલ્વેડીયર, ચર્ચગેટ રેકલેમેશન, કોટ, મુંબઇ } **બહેરામ ખંભાતા**

**નોંધ**.–ડૉ. બહેરામ ખંભાતા એક પ્રમાણીક અને ભાવનાશીલ સજ્જન છે. તેઓ ચુસ્ત ગાંધીવાદી છે અને પરોપકારનું કોઇ પણ કાર્ય કરવા તેઓ હંમેશા તત્પર હોય છે. તેમની ઉપર જણાવેલી વિજ્ઞપ્તિ ધ્યાનમાં લેવા અને તેમણે હાથ ધરેલ આ પ્રવૃત્તિને બનતી આર્થિક મદદવડે ટેકો આપવા 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. **પરમાનંદ.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ફેબ્રુઆરી ૧૫ ૧૯૪૨


## વ્યવહાર અને નિશ્ચય

મનુષ્ય વિકાસશીલ છે કે નહિં અને છે તો કઇ દૃષ્ટિએ અને નથી તો કઇ દૃષ્ટિએ-આમાં વિવાદને અવકાશ છે, પણ વ્યક્તિને પતન સહજ છે કે ઉન્નતિ-એ પ્રશ્નના જવાબમાં બહુ વિવાદને અવકાશ નથી. હિંસા, ચોરી, જૂઠ-આવા પાપમય ગણાતા વ્યાપારોમાં પ્રવૃત્તિ જેટલી સહજ છે તેટલું અહિંસા કે સત્યનું આચરણ સરળ નથી એ તો સૌ કોઇ કબૂલ કરશે જ. વસ્તુસ્થિતિ આવી છે એટલે જ પ્રાચીન જમાનાના ભગવાન મહાવીર કે બુધ્ધ, ક્રાઇસ્ટ કે મહમ્મદ અને અશોક જેવા આપણા આદરને પાત્ર મનાયા છે, જ્યારે પાપાચરણ કરનાર અનેકો કાલના ગર્તમાં લીન થઇ ગયા છે અને કોઇક યાદ રહ્યા છે તો તે ધૃણાપાત્ર જ થયા છે.

જુગે જુગે સામાન્ય જનતાથી પોતાનો માર્ગ નિરાળો કાઢીને એવા મહાપુરૂષો જનતાના આદરપાત્ર બનીને જનતાને માર્ગદર્શક બને છે. એમનો ઉપદેશ એ શાસ્ત્રનું રૂપ લે છે, એમની બાહ્ય જીવનચર્યા વ્યવહારનું રૂપ લે છે અને તેમનું આંતરિક જીવન ધર્મનું રૂપ લે છે.

પોતાના અનુભવને જ્યારે વાણીમાં મૂકવો હોય ત્યારે વકતા માત્ર પોતાના સામું નથી જોતો, પણ શ્રોતાની યોગ્યતાનો ખ્યાલ પણ તેને કરવાનો હોય છે; એટલે જીવનમાં એકસરખી અહિંસા હોય છતાં વાણીમાં-શાસ્ત્રમાં ભગવાન બુદ્ધ અને મહાવીરની અહિંસામાં આપણને ફેર જણાય તો તે સ્વાભાવિક જ છે. તે જ પ્રમાણે આંતરિક જીવનમાં એકસરખી અહિંસા છતાં બાહ્ય વ્યવહારમાં-આચારમાં વાતાવરણને લઇને અગર બીજા કોઇ કારણે એ મહાપુરૂષોમાં ભેદ દેખાય તે પણ સ્વાભાવિક જ છે. પણ આંતરિક જીવનમાં અને તે ખાસ કરીને આસુરી શકિતઓના વિજયમાં કોઇ પણ એ મહાપુરૂષોની સતત જાગૃતિ રહે છે-આ એક બાબતમાં તો તેઓનો જરા પણ ભેદ હોતો જ નથી. આનો અર્થ એવો તો નથી જ કે તેઓ બન્નેમાં આસુરી શક્તિ પરના વિજયમાં તારતમ્ય જ હોતું નથી. તે હોય છે, પણ કોઇ પણ પ્રવર્તક હોય-પછી તે મહાવીર હો કે બુદ્ધ હો કે ક્રાઇસ્ટ-પણ તે સૌનું એક લક્ષણ સમાન છે જ કે તેઓ આસુરી શકિતઓ સાથે સતત લડતા હોય છે અને પોતાના માર્ગમાં બીજાને પ્રેરતા હોય છે.

આસુરી શકિત સાથેનું યુદ્ધ એ જ ખરો ધર્મ છે અને એ જ નિશ્ચય ધર્મ કહેવાય. પણ મહાપુરૂષોના અનુયાયીઓએ એક બીજો ધર્મ પણ શોધી કાઢયો છે. કારણ આગળ જણાવી ગયો તે પ્રમાણે માણસ જાતને જેટલું પડવું સહેલું છે તેટલું ચડવું સહેલું નથી. તે બીજો ધર્મ તે વ્યવહાર ધર્મને નામે ઓળખાયે છે. કહેવાય તો એમ છે કે વ્યવહાર હશે તો નિશ્ચય આવશે, પણ ખરી રીતે એને ફેરવીને એમ કહેવું જોઇએ કે નિશ્ચય હશે તો વ્યવહાર આપોઆપ યોગ્ય રીતે ફલિત થઇ જશે. આમ કહેવાને બદલે કોઇ પણ ધાર્મિક સમાજમાં વ્યવહાર પર જ વધારે ભાર અપાય છે. તેનું કારણ પણ આપણી પતનની સાહજિકતા જ છે. આશ્ચર્ય છે કે જીવ વિનાના મડદા પ્રત્યેની ધૃણામાં જે ડહાપણ મનુષ્ય દેખાડે છે તે ધર્મની બાબતમાં અલોપ થઇ જાય છે.

ભગવાન મહાવીરના જીવનમાં અહિંસા ઉગી હતી. તેમને દર્શનમાં સર્વત્ર જીવો વ્યાપ્ત જણાયા અને તેથી જ આહાર-નિહારના સૂક્ષ્મ સૂક્ષ્મ નિયમોનું પાલન તેમને સહજ પ્રાપ્ત હતું. આથી ઉલટું આહારનિહારના સૂક્ષ્મ નિયમો પાળ્યા અને તેમ કરી જીવનમાં તેમણે અહિંસા સિદ્ધ કરી એટલે કે વ્યવહારમાંથી નિશ્ચયમાં ગયા એ કહેવું તે ભગવાન મહાવીરના જીવનને ઉલટું કરી સમજવા પ્રયત્ન કર્યો કહેવાય. તેમનામાં મમત્વ ઓછું થયું અને પરિણામ એ આવ્યું કે કપડાં વગેરે બાહ્ય વસ્તુઓનો ત્યાગ અનિવાર્ય બન્યો. પણ એમ તો નથી જ બન્યું કે ઘરબાર છોડયું એટલે તેમનામાં નિર્મમત્વ આવ્યું. અંતરમાં કોઇ પણ એક ગુણની જાગૃતિ થાય, એટલે માણસ તદનુકૂળ પોતાના બાહ્યાચારને બદલી નાખે છે.

પણ આનો અર્થ એ તો ન જ સમજવો જોઇએ કે કોઇ પણ એક ગુણ પ્રથમથી જ તેના પૂર્ણ રૂપમાં પ્રકાશે છે. સર્વ પ્રથમ તો માણસને અમુક અહિંસા કે નિર્મોહતા કે એવા કોઇ પણ ગુણનો આછો પ્રકાશ પોતાના અંતરમાં પ્રકટે છે અને એ ગુણને અનુસરીને તે જ્યારે પોતાના જીવનમાં ફેરફાર કરે છે ત્યારે વળી એ ગુણનો પ્રકાશ તે વધારે અનુભવે છે. વળી પાછો એ નવા પ્રકાશમાં પોતાના બાહ્ય જીવનને ઢાળે છે. આમ ઉત્તરોત્તર બાહ્ય જીવનના પરિવર્તન સાથે જ તે તે અહિંસાદિ ગુણો વિકાસની ચરમ સીમાને પામે છે. એટલે બાહ્ય જીવનના પરિવર્તનના મૂળમાં પણ એ ગુણનો સ્વતઃ પ્રકાશ આવશ્યક છે. એ વિના માત્ર બાહ્ય પરિવર્તન ધ્યેય વિના દરિયામાં નાવ હંકારવા જેવું છે. એટલે મારી સમજમાં વ્યવહાર હશે તો નિશ્ચય આવશે એમ કહેવું મનુષ્યના આધ્યાત્મિક વિકાસને તાળું દેવા બરાબર છે. જીવ વિના શરીરનો સંભવ જ કેવી રીતે હોઇ શકે?

પણ નિશ્ચય ધર્મનું-અને તે પણ માત્ર વ્યવહારશુન્યનું-સમર્થન પણ ભગવાનના અનુયાયીઓ કરવા મંડી જાય છે. આના મૂળમાં પણ માણસનો પતનગામી સ્વભાવ જ છે. વળી કોઇ બીજા કહે છે કે અમારે બાહ્યાચરણનું શું કામ? મૂળ નિશ્ચયધર્મ હોય તો બસ. પણ ખરી રીતે એમ કહી તેઓ ભોળા લોકને ઠગવાની જ કોશિષ કરે છે અને એ રીતે પોતાની પતિતતાને ઢાંકવાની જ કોશિષ કરે છે; કારણ વસ્તુતઃ જો ખરેખર અહિંસા જીવનમાં ઉગી જ હોય તો પછી બાહ્યજીવનમાં હિંસક વ્યવહાર સંભવી જ કેવી રીતે શકે? જો ખરેખર જીવનમાં નિર્મોહપણું આવ્યું હોય તો તેના બાહ્યાચારમાં પણ સ્વાર્થની માત્રા, મમત્વની માત્રા ઓછી થવી જ જોઇએ. એટલે ખરી રીતે એ નિશ્ચય ધર્મ કહેવાય જ નહિં, જે શુદ્ધ વ્યવહારનું રૂપ ન લે.

પણ મનુષ્ય પતનોન્મુખ સહેજે થતો હોવાથી જેમ બીજી બાબતોમાં મુખ્યપણે સગવડનો જ વિચાર કરે છે તેમ ધર્મના બાબતમાં પણ તેનું ધ્યાન સર્વ પ્રથમ સગવડ તરફ ખેંચાય તે સહજ છે. આંતરિક ગુણનું પ્રકટીકરણ જેટલું સગવડભર્યું નથી, તેથી વધારે સગવડ બાહ્યાચારના પાલનમાં છે. તેથી તે પોતાને તો ઠગે જ છે, પણ બીજાને પણ ઠગવા માટે બાહ્યાચાર બહુ કારગર નીવડે છે. આમ હોવાથી જ મનુષ્યે અવળી ગંગા વહેવરાવી કે બાહ્યાચાર હશે તો અંતરશુદ્ધ થઇ જશે. પણ

મુડદામાં તે ક્યાંઇ પ્રાણો પૂરાતા સાંભળ્યાં છે? રોગી હોય, જરા પણ ચેતના બચી હોય તો નિરોગ થવાનો સંભવ ખરો, પણ જ્યાં પ્રાણ જ ચાલી ગયા, ત્યાં જીવનની આશા કેમ કરી શકાય?

આ ઉલટી ગંગાનું પરિણામ એ આવ્યું કે સમાજમાં, સંપ્રદાયમાં એક રૂઢ બાહ્યાચારનું પાલન કરવાથી પ્રતિષ્ઠા મળી ગઇ એટલે એટલાથી સંતુષ્ટ ન થતાં મનુષ્ય થોડો આગળ વધ્યો અને કહ્યું કે અમુક ભગવાનનો ધર્મ અમુક વેશ અને અમુક બાહ્યાચાર હોય તોજ સંભવી શકે. પરિણામે સમાજમાં જેટલું ગુણપૂજાને મહત્વ ન મળ્યું તેટલું વેશપૂજાને મળ્યું. એટલે જ કોઇ પણ જૈન અગર બીજો સાધુસંન્યાસી માત્ર વેશધારી સાધુ હોવાને કારણે પોતાને મહાત્મા ગાંધી અગર તેવા બીજા મહાન પુરૂષો કરતાં ચડિયાતો માને મનાવે છે અને કહે છે કે તે ગમે તેવા પણ છે તો મિથ્યાદૃષ્ટિ જ, કારણ તેઓ અમારા જેવો વેશ કે બાહ્યાચાર ક્યાં પાળે છે? પણ એને ક્યાં ખબર છે –કે એવા જ કોઇ મહાન પુરૂષના બાહ્યાચારને વળગીને જ તેઓ પ્રતિષ્ઠાને પામ્યા છે? માત્ર વેશ કે બાહ્યાચારનું નહિ પણ તેવા જ કોઇ મહાન પુરૂષના આત્માનું–આંતરિક આચારનું અનુકરણ કરીને જ મહાત્મા ગાંધી જેવા પુરૂષો મહાન બની જાય છે. તેમને સાંપ્રદાયિક લોકો ભલે ન ઓળખે, પણ જેને આત્માની જરૂર છે, નહિં કે બાહ્યાચારની, તેઓ તેમને ઓળખી કાઢે છે અને તેમના ગુણોની પૂજા કરે છે, અને આજના તેવા મહાપુરૂષો ભવિષ્યના ભગવાન બની જાય છે. અને વળી પાછું એ જ વ્યવહાર અને નિશ્ચયનું ચક્ર શરૂ થાય છે. કોઇ તેમના માત્ર બાહ્યાચારને પાળી ગાંધી બનવાની કોશિષ કરે છે તો કોઇ તેમના આત્માને અનુસરી પૂર્ણ રીતે અનુસરી વળી નવો માર્ગ –નવો તો નહિ પણ લુપ્ત માર્ગ–ફરી શરૂ કરે છે અને એજ પાછો ભગવાન બની જાય છે.

ખરી રીતે મનુષ્યે નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કર્યે જ છૂટકો છે. કારણ ઉપર જણાવ્યું તેમ માત્ર નિશ્ચયનું અવલંબન લેવા જતાં માણસ પાખંડી બની જાય છે અને માત્ર વ્યવહારનું અનુકરણ કરવા જતાં પાખંડી તો બને જ છે, ઉપરાંત જડ બને છે એ વધારામાં. એટલે જેટલા પ્રમાણમાં આપણને ગુણનો પ્રકાશ મળ્યો હોય તેટલા પ્રમાણમાં આપણો વ્યવહાર શુદ્ધ બનાવવાની કોશિષ કરવી જ જોઇએ. આપણું બાહ્ય આચરણ સુધરી જ જવું જોઇએ. જેટલા પ્રમાણમાં જીવનમાં અહિંસા ઊતરે તેટલા પ્રમાણમાં જીવનકલહ ઓછો થવો જ જોઇએ અને મૈત્રી વધવી જોઇએ. અપરિગ્રહની માત્ર વાતો કર્યે કશું ન વળે, પણ જીવનમાંથી મમત્વ–સ્વાર્થ ઓછાં થયાં છે તેનું બાહ્ય જીવનમાં પ્રમાણ આપવું એ સાચો અપરિગ્રહ છે. એટલે કે પોતાની માલમિલ્કત પર જેને મોહ ઓછો થયો હોય. તે જ અપરિગ્રહનો દાવો કરી શકે.

તેજ પ્રમાણે બાહ્યાચારની અસર પણ જો આપણા આંતરિક જીવનના વિકાસમાં કાંઇ ન દેખાતી હોય તો તે પણ ત્યાજ્ય લેખવો જોઇએ. એ જ બાહ્યાચાર ઉપયોગી છે કે જેમાંથી આંતરિક શુદ્ધિ ફલિત થાય. માણસ દાનેશ્વરી કહેવરાવવા ખાતર પોતાનું બધું આપી દે તો તેથી તેની સંપત્તિનો ભલે નાશ થઇ જાય, પણ તેના સ્વાર્થ–મોહનો તો નાશ અશક્ય જ છે. દાન દેવામાં પણ જો તેની પાછળ એક મોહ ઓછો કરવાની જીવતી જાગતી દૃષ્ટિ હોય તો એ બાહ્યાચારથી અંતરમાં કદીક અજવાળું થાય અને એ બાહ્યાચાર પણ નિશ્ચય ધર્મમાં પરિણમે. જો તેમ ન બને તો એ બાહ્યાચાર તેને પોતાને ભસ્મ કરી નાખે અને તે રીતે તેનો આચાર નિરર્થક જાય. માટે ખરી રીતે નિશ્ચયમૂલક વ્યવહાર અને વ્યવહારથી પ્રમાણિત થતો નિશ્ચય– એમ જો પરસ્પર બન્ને સહાયક નીવડે તો તો જીવન ઉન્નતિશીલ બને. અન્યથા માણસને માટે પતનનો માર્ગ સહજ છે જ.

પુરા કાળથી નિશ્ચય અને વ્યવહારના એકાંતનો ઝગડો પ્રત્યેક સમાજ અને તેના સાહિત્યમાં જોવા મળે છે. જૈનાચાર્યોએ પણ આ પરત્વે બહુ જ લખ્યું છે અને આ વિષયને સૌથી વધારે ઝીણાવટથી તો શ્રીમદ્ યશોવિજયજીએ ચર્ચ્યો છે. તેમણે પણ છેવટે તો વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કર્યો છે. એમની આખી ચર્ચાનો સાર મેં જે કાંઇ થોડું ઉપર કહ્યું છે તેમાં આવી જાય છે.

દલસુખ માલવણિયા.

# "જૈનશાસનનો જય જયકાર"

થોડા સમય પહેલાં એક વર્તમાનપત્રમાં આવેલી હકીકતના મથાળાએ મારૂં ધ્યાન ખેંચ્યું. એ મથાળું હતું. "જૈનશાસનનો જય જયકાર." જૈન તરીકે જૈનોને લગતી હકીકત તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક છે. ઉપરોક્ત મથાળા નીચે અંધેરી મુકામે થયેલા ઉપધાન તપની માળની ઉછામણી વખતે ભેગી થયેલી એક લાખ ઉપરાંત રકમને લગતી હકીકત આપવામાં આવી હતી. ઉપધાન તપના ઇતિહાસમાં એ રકમે 'રેકર્ડ' તોડયો એમ જણાવવામાં આવ્યું હતું. પણ એથી જૈનશાસનનો જય જયકાર કેવી રીતે થયો તેની સમજ ન પડી. જૈનશાસનનો જય જયકાર પૈસા પર અવલંબે છે એ તો એ હકીકત વાંચી ત્યારે જ જાણ્યું!

તીર્થંકર દેવોએ અને અનેક કેવળજ્ઞાની મુનિવરોએ પોતાના અદ્ભુત સંયમ, પ્રખર તપ અને અસાધારણ સમભાવદ્વારા જગતમાં જૈન શાસનનો જયજયકાર કર્યો હતો એ આપણે જાણીએ છીએ. અનેક જાતનાં કષ્ટો સહન કરી એમણે જૈન ધર્મનો ડંકો વગાડયો હતો. એ પરમ જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનદ્વારા સર્વત્ર જૈનશાસનનો જય જયકાર કરાવ્યો હતો. પણ આજ કાલની શાસનનો જય જયકાર કરાવવાની આટલી સહેલી રીત એમના ધ્યાનમાં કેમ નહિ આવી હોય? એ ચાર લાખ રૂપીયા જે જે સ્થળે ગયા તે તે સ્થળે એકઠા કરાવી જૈનશાસનનો જય જયકાર કરાવવાનું એમને કેમ નહિ સુઝ્યું હોય? એવો વિચાર આપણને આજના જય જયકારની હકીકતો સાંભળી જરૂર આવે. અગર જો ધનથી જૈનશાસનનું ગૌરવ વધતું હોત, એનો પ્રચાર વધતો હોત, તો તીર્થંકર દેવો ત્રણ લોકની સંપત્તિ ભેગી કરવા સમર્થ હતા અને ધનદ્વારા જ ધર્મ થઈ શકે એમ એમણે માન્યું હોત તો અખુટ ધન એમને ચરણે હાજર થાત. ઇન્દ્રાદિ દેવો, રાજા મહારાજાઓ જેની સેવા માટે તત્પર હતા તેમને જો તપ સમારંભો કરાવવા હોત તો શું ન કરાવી શકત? આજે ઠેર ઠેર કરાવવામાં આવતા ઉપધાન સમારંભો એક માત્ર મુક્તિનું સાધન એમણે માન્યું હોય એમ આપણે જાણતા નથી. જો એમ હોત તો તેઓ જ્યાં જ્યાં જાત ત્યાં ત્યાં જરૂર એવા ઉપધાનો કરાવત. આજે તો જો કોઇ મોટા મુનિ કે જેમને શ્રીમંત ભકતો હોય એ કોઇ સ્થળે જાય તો ત્યાં ઉપધાન ન સંભવે એમ બને જ નહિ. આજે લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવાના જે માર્ગો સાધુવર્ગ પોતાના શ્રીમંત ભકતોને બતાવે છે એ પ્રભુ મહાવીરે પોતાના ભકતોને કેમ ન બતાવ્યા? એમણે આનંદાદિ શ્રીમંત શ્રાવકભકતો પાસેથી તપ સમારંભો કે મંદિરો કે વરઘોડા કેમ ન કઢાવ્યા? પોતે સ્વયં એ પ્રમાણે ભકતો પાસે લક્ષ્મીનો સદ્ઉપયોગ આ માર્ગોએ કરાવી ભવિષ્યને માટે દૃષ્ટાંત કેમ ન મૂકી ગયા? ભગવાન મહાવીરે આવાં અનુષ્ઠાનો

કરાવવામાં જ લક્ષ્મીનો પરમ સદ્‌ઉપયોગ છે, એથી શાસનની ઉન્નતિ થાય છે એવું જો માન્યું હોત તો એમણે સ્થળે સ્થળે આનો જ પ્રચાર કર્યો હોત. પણ એમણે તો કષાયોથી નિવૃત્ત થવાની મુખ્ય વાત ઉપદેશી છે. મુક્તિમાર્ગમાં નડતા રાગ, દ્વેષ લોભ, માન અને મોહના ત્યાગ માટે તેમણે તપનો માર્ગ બતાવ્યો. એકાંતવાસમાં રહી, અનેક ઉગ્ર તપસ્યાઓ દ્વારા એમણે આત્માની ઉપર છવાયેલા અજ્ઞાન રૂપી અંધકારને ભેદી પરમજ્ઞાનરૂપ પ્રકાશને મેળવ્યો અને બીજાઓને એ માર્ગે દોર્યા. આત્મોન્નતિ માટે કરવામાં આવતા તપને માટે લગ્નોત્સવ જેવી ધમાલ અને કોલાહલ કયાંય સાંભળ્યા નથી. પૂર્વે અનેક આત્માર્થીઓ—એ ઉગ્ર તપસ્યાઓ કરી છે, છતાં એમણે પોતાના તપનું પ્રદર્શન લોકો સમક્ષ કર્યું હોય એમ જાણવામાં આવ્યું નથી. એકાંતવાસમાં સૌ આત્મસાધન કરતા, વિવિધ પ્રકારની તપસ્યા કરતા, છતાં કોઇએ વરઘોડામાં ગાડીઓમાં બેસી વાજતે ગાજતે શહેરના રસ્તા પર ફરી પોતાના તપનું પ્રદર્શન જગતને કરાવ્યું હોય એવા તપસ્વીઓનાં વર્ણનો જડતાં નથી, અને આ ક્રિયાઓથી જૈનશાસનનો પ્રભાવ કે પ્રચાર વધે છે એવો કોઇ દાવો કરે તો પ્રચારની આ નવી શોધ માટે વિચાર થઇ પડે તેવું લાગે છે. આવી રીતે વાજતે ગાજતે તપસ્વીઓના ફરવાથી ધર્મનું માહાત્મ્ય વધતું હોત તો ભગવાન મહાવીર ધર્મનું માહાત્મ્ય વધારવા ત્રણ માઇલ લાંબા નહિ, પણ ૩૦ માઇલ લાંબા વરઘોડા કઢાવવા સમર્થ હતા અને તેમાં ઇન્દ્રાદિ દેવોને પણ સામેલ કરી જગતમાં જૈન ધર્મનો જયજયકાર કરાવી શકતા હતા. પણ આવી વસ્તુઓથી જયજયકાર થતો નથી એમ તેઓ જાણતા હતા. અલબત્ત કીર્તિના અભિ-લાષીઓ માટે કીર્તિ મેળવવાનું એ એક માની લીધેલું સાધન જરૂર છે; પણ જેમને ધર્મની લગની લાગી છે, મુકિતની તમન્ના જાગી છે, જેમણે પ્રભુ મહાવીરને પૂર્ણપણે ઓળખ્યા છે, એ તેનો પોતાની કીર્તિ માટે નહિ, પણ પોતાના પ્રભુની કીર્તિ માટે સર્વ કાર્યો કરે, પોતાનું વ્યક્તિત્વ પોતાના આરાધ્ય દેવમાં જ સમાવી દે.

દિવસે દિવસે જૈન સમાજમાં કલેષ કલહ શાથી વધે છે તેનો આપણે વિચાર કર્યો છે? એક જ પ્રભુના ઉપાસકો વચ્ચે કલહ શા માટે? આપણે જો પ્રભુ મહાવીરને ચાહતા હોઇએ તો એમના બધા ભકતો આપણને પોતાના જ લાગવા જોઇએ. મારા પ્રભુ તે મારા. પરસ્પર પ્રેમભાવ કેળવવાને બદલે આપણે ઝેર વેર વધારતા રહીએ છીએ. જેણે સમસ્ત વિશ્વને પોતાનું ગણ્યું એવા પ્રભુના ઉપાસક હોવાનો દાવો કરનારા જુદા જુદા વાડા બાંધી બેસી ગયા. જેમને જૈનશાસનના જય જય-કારની ભાવના જાગી હોય તે વાડાના બંધનમાં ન રહી શકે. પણ શાસનના જય જયકારને બદલે જેને પોતાના જયજયકારની પડી હોય તેજ વાડાની દિવાલો વચ્ચે રહી શકે. જૈન સમાજની ઘટતી જતી સંખ્યા પણ વ્યકિતગત કીર્તિ માટે ફાંફા મારનારાઓને જ આભારી છે. ધર્મના પ્રચારને બદલે પોતાની જ મહત્તાનો પ્રચાર પ્રયાસો આજે સૌ કોઇ કરે છે. ભગવાન મહાવીરને જગત ઓળખે કે ન ઓળખે, પણ અમને બધા ઓળખે અને તે કેવી રીતે ઓળખે તેના જ માર્ગો સૌ શોધી રહ્યા છે. જે ધર્મના પ્રચારકો પોતાની કીર્તિ અને નામ માટે મથતા હોય તે ધર્મની ઉન્નતિ ક્યાંથી સંભવે? પચ્ચીસો વર્ષ ઉપર સ્થાપેલા જૈનધર્મના અનુયાયીઓની સંખ્યા ક્રમે ક્રમે કેમ ઘટતી જાય છે અને બે હજાર વર્ષ પર શરૂ થયેલા ખ્રીસ્તીધર્મે અડધી દુનિયાને પોતાની કેવી રીતે કરી લીધી? એના પર આપણે કદિ વિચાર્યું છે? ઇસુના અનુયાયીઓ જગતને ખૂણે ખૂણે પોતાના ઇષ્ટદેવને ઓલખાવવા ફરી વળ્યા; અનેક કષ્ટો સહી, જોર જુલમ કર્યા વિના સેવાદ્વારા મનુષ્યોનાં દિલ જીતી એમની જીભે ઇસુનું નામ રમતું કરી દીધું; ભુખ્યાઓને અન્ન આપી, માંદા-ઓની માવજત કરી અને અશિક્ષિતોને શિક્ષણ આપી એમણે સૌને ઇસુને પરિચય કરાવ્યો; એમનો ઇસુના સિધ્ધાંતોનો પ્રચાર કરવા ન વરઘોડા કાઢવા પડયા કે ન સ્વામીવાત્સલ્યો કરવાની જરૂર પડી. સ્વધર્મમાં પ્રચાર માટે એમણે કરોડો રૂપીયા ખરચી નાંખ્યા, છતાં 'રેકર્ડ' તૂટવાની હકીકતો તેમણે બહાર પાડી નથી. જગતની સર્વ પ્રચલિત ભાષાઓમાં બાઇબલનું ભાષાંતર કરાવી નજીવી કિંમતે વેંચી જગતને ખૂણે ખૂણે ઇસુને પ્રસિધ્ધ કરી દીધો. એમ તો આપણે પણ ભગવાન મહાવીરને પ્રસિધ્ધ નથી કર્યા? તિથિઓ જેવી નિરર્થક બાબતો પર છાપાઓમાં જ્યારે વાદવિવાદો ચાલે છે, ત્યારે પ્રભુ મહાવીરના શાસનના અનુ-યાયીઓ એમના પ્રભુને પણ એ દ્વારા પ્રસિદ્ધિ [illegible] અપાવે જ છે! પ્રીવી કાઉન્સીલ સુધી તીર્થોના ઝઘડા પહોંચાડી પ્રભુની પ્રસિદ્ધિ પરદેશ સુધી કયાં નથી પહોંચાડી? કોના અનુયાયીઓ ઝઘડે છે એમ તો બીજાઓ જરૂર વિચારે. પ્રભુ મહાવીરના અનુયાયીઓ પોતાના મમત્વને ખાતર, પોતાની અહંતાને ખાતર, ધર્મના મૂળમાં પ્રહાર કરી રહ્યા છે એ તેઓ વિચારી શકતા નથી. ઉલટું પોતે બધું ધર્મની ઉન્નતિ માટે, શાસનના પ્રભાવ માટે કરે છે એમ તેઓ માને છે અને બીજાઓ પાસે મનાવવા પ્રયત્ન કરે છે!

ધર્મના સિધ્ધાંતોના પ્રચારની જેમને ભાવના હોય તેઓ પોતાના ભકતો વસતા હોય તેજ પ્રદેશોમાં ચક્કરો માર્યા ન કરે. તીર્થંકર દેવોએ અનેક કષ્ટો વેઠી મ્લેચ્છ અને અનાર્ય દેશોમાં પ્રવાસ કર્યો હતો. તેઓ એક જ સ્થળે મહીનાઓ સુધી બેસી રહેતા નહિ. પોતે પ્રાપ્ત કરેલો પરમ-સુખનો માર્ગ સૌને કેમ પ્રાપ્ત થાય એવી એમની ઉત્કૃષ્ટ ભાવના એમને સ્થળે સ્થળે પ્રવાસ કરાવતી. એને માટે એમણે અનેક કષ્ટો સહ્યાં. ભગવાન મહાવીરે ચંડકૌશિકને બોધ પમાડવા ભયંકર અરણ્યમાં જીવનની પરવા કર્યા વિના પ્રવાસ કર્યો. એમની એ કરૂણાએ જૈનશાસનનો જગતમાં જયજયકાર કર્યો. ઉત્કૃષ્ટ તપ, અદ્‌ભુત સંયમ અને વિશ્વપ્રેમથી તેઓ જગતમાં જૈનધર્મની જય બોલાવી ગયા. આજે તો આપણે આપણી મહત્વકાંક્ષાઓને પોષવાના જ ફાંફાં મારીએ છીએ; નામના મેળવવાની ભૂખને ધર્મના ઓઠા નીચે છુપાવવા પ્રયત્નો કરીએ છીએ; જૈનશાસનના જય જયકારને બદલે પોતાના જય જયકારને ઇચ્છીએ છીએ.

તપ માટે કોઇને વિરોધ ન હોય, આત્મોન્નતિના સાધન તરીકે, ઇંદ્રિયો પર કાબુ મેળવવા, તપની અગત્યતા વિષે કોઇને શંકા નથી. તપ કરવું અને કરાવવું જરૂરનું છે એનો વિરોધ કોઇ કરતા નથી. માત્ર વિવેકહીન ક્રિયાઓ માટેજ સૌને વિરોધ છે. સુડતાળીસ દિવસ સુધી સાધુજીવનની તાલીમ જેવા ઉપધાન તપને દરરોજ હજારો સંસારીઓની આવજાવ, કોલાહલ અને જમણવારોની ધમાલ વચ્ચે ચાલતું જોઇ સૌને આશ્ચર્ય થાય. આ ધમાલ વચ્ચે તપસ્વીઓ સાધુ જીવનની તાલીમ જીવનમાં સ્થિર કરી શકે ખરા? મનોવૃતિઓને શાંત કરવા તો એકાંત-વાસની જરૂર અનિવાર્ય છે અને તેમાં પણ શરૂઆતના નવા સાધકને માટે તો તદ્દન અનિવાર્ય જ. રોજ સગાંસંબંધીઓની આવજાવ ચાલુ હોય ત્યાં તપ કરનાર પોતાનું મન આત્મામાં કેવી રીતે જોડી શકતા હશે તેનો વિચાર થઇ પડે. યંત્રવત્‌ ધાર્મિક ક્રિયા કરી પોતે પણ અમુક તપ કરી

# ઐકય સમિતિના પ્રત્યાઘાતી ઠરાવો

## મુંબઈના જૈન સમાજનો ઉગ્ર વિરોધ

[ મુંબઇ સમાચારના તા. ૧૪-૨-૪૨ ના અંકમાં આ સભાનો અહેવાલ આવ્યો છે તેમાં શ્રી પરમાનંદભાઇના અને શ્રી અમીચંદભાઇના ભાષણનો જે સાર આપવામાં આવ્યો છે તે કેટલો ખોટો અને ગેરસમજુતી ઉભી કરનાર છે તે નીચેના પ્રમાણભૂત વૃત્તાન્ત ઉપરથી 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને માલુમ પડશે.

મંત્રી મું. યુ. જૈ. સંઘ.

તા. ૧૩-૨-૪૨ ના રોજ હીરાબાગના હોલમાં જાણીતા સત્યાગ્રહી શ્રી મણીલાલ જેમલ શેઠના પ્રમુખપણા નીચે શ્વે. મુ. જૈન વિભાગમાં ઉભી થયેલી ઐકય સમિતિએ બહાર પાડેલા બે ઠરાવો સામે વિરોધ રજુ કરવા માટે જૈનોની એક જાહેર સભા મળી હતી. આ સભામાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શાન્તિલાલ શાહ, પરમાનંદ કુંવરજી કાપડીઆ, દુર્લભજી ઉમેદચંદ પરીખ, મણિલાલ મોકમચંદ શાહ ડો. વ્રજલાલ મેઘાણી, અમીચંદ ખેમચંદ શાહ, વલભદાસ ફુલચંદ મહેતા, શ્રી વિજ્યાબહેન પરીખ વેણીબહેન કાપડીઆ વિગેરે જાણીતાં ભાઇ બહેનોએ હાજરી આપી હતી.

શરૂઆતમાં **શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ** નીચેનો પ્રસ્તાવ રજુ કર્યો હતો:—

"મુંબઇના જૈનોની આ જાહેર સભા શ્વે. મૂ. વિભાગના કેટલાક ગૃહસ્થોની આપમેળે બનેલી ઐકય સમિતિએ પ્રગટ કરેલા ઠરાવો એકતાવિરોધી અને પ્રત્યાઘાતી છે એમ જાહેર કરે છે અને તે સામે પોતાનો સખ્ત વિરોધ રજુ કરે છે."

આ ઠરાવ ઉપર બોલતાં તેમણે ઐકય સમિતિનો ઇતિહાસ, ૧૯૩૪ માં મળેલ મુનિસંમેલનના ઠરાવો અને તેનો તુરતમાંજ થઇ રહેલ છડેચોક ભંગ, જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિનો ઠરાવ, જુન્નેર અધિવેશનનો ઠરાવ વિગેરે અનેક બાબતો ઉપર પ્રકાશ પાડયો હતો અને આખી હીલચાલનો આશય આજે કશું પણ અસ્તિત્વ નહિ ધરાવતા મુનિસંમેલન અને તેના બીનઅમલી ઠરાવોના ઓઠા નીચે વડોદરા રાજ્યે કરેલા બાલદીક્ષાનો પ્રતિબંધ કરનારા કાયદાને જૈનસમાજના કોઇ પણ વિભાગનો જરા પણ ટેકો નથી એવી છાયા ઉભી કરવાનો છે અને ધાર્મિક સિદ્ધાન્તો અને અનુષ્ઠાનોના નામે આજે જે અનર્થપરંપરા ચાલી રહેલ છે તેને અમરપટો આપવાનો અને તેની સામે વિરોધ દર્શાવનારના મોઢે ડુચો દેવાનો છે અને એ રીતે ધાર્મિક પ્રશ્નો પુરતા વાણીસ્વાતંત્ર્યને નિર્મૂળ કરવાનો છે અને તેથી દીક્ષા આપવાની બાબતમાં સાધુઓને કેવળ નિરંકુશ બનાવનાર અને વાણીસ્વાતંત્ર્યને મૂળમાંથી દાબી દેનાર આવા ઠરાવોનો દરેક પ્રગતિશીલ જૈને સખ્તમાં સખ્ત વિરોધ કરવો જોઇએ એમ જણાવ્યું હતું.

ત્યારબાદ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** પ્રસ્તુત ઠરાવને અનુમોદન આપતા જણાવ્યું કે "ઐકય સમિતિના ઠરાવોને સીધો સંબંધ શ્વે. મૂ. વિભાગના જૈનો સાથે છે એમ છતાં પણ એ ઠરાવો એટલા બધા પ્રત્યાઘાતી છે કે તે સામે કોઇ પણ પ્રગતિશીલ વ્યકિતને જૈન તરીકે વિરોધ ઉઠાવવાનો હક છે, એટલું જ નહિ પણ તેની ફરજ છે. આ ઠરાવો પાછળ સમાજના પ્રગતિશીલ અને પ્રત્યાઘાતી તત્વોનોજ ઝગડો રહેલો છે. આપણે ઘણું ઇચ્છીએ કે જુના અને નવા વિચારના ભાઇઓ હળી મળીને સમાજસેવાનાં કાર્યો કરે, પણ સમાજનો જે પ્રત્યાઘાતી વર્ગ હોય છે તે જ્યાં સુધી તેને બધી બાબતમાં તમે નમતુ આપો નહિ ત્યાં સુધી તમને તે કદી સહકાર આપવા માંગતો નથી. નિંગાળાની કોન્ફરન્સ આનું જ્વલંત ઉદાહરણ છે. સ્થિતિચુસ્ત વિભાગને તમે સાથે લેવા તમારાથી બનતુ કર્યું, છતાં તેઓ તમારાથી તેઓ અલગા જ રહ્યા છે. એટલે કાંતો જુદા રહીને થાય તેટલી સેવા કરો અથવા તો તેઓની ખાતર તમારાં બધા સિદ્ધાંતોને અને માન્યતાઓને તીલાંજલિ આપો. એ સિવાય ત્રીજો કોઇ જ માર્ગ રહેતો નથી. પ્રસ્તુત ઠરાવો આવી તીલાંજલિ આપવાનું કહે છે તે માટે તમે તૈયાર છો?"

**શ્રી વેણીબહેન કાપડીયાએ** વિવેચન કરતા જણાવ્યું કે "શ્રીમાનો માને છે કે પૈસાથી આપણે બધાને નમાવી શકીએ છીએ અને એ બધા ટોળામાં આપણા વિચારના હોય તેમને એમ થાય છે કે આપણે આપણી જુદી પપૂડી કયાં વગાડીએ? આ ઠરાવો આપણા ભાઇઓની આવી નબળાઇનું પરિણામ છે. આવા ધોરણ ઉપર ઐકય કદી સધાય શકે જ નહી અને જૈન શ્વે. મુ. કોન્ફરન્સ આ ઠરાવો સ્વીકારશે તો સુધારક વિચારના યુવકોએ કોન્ફરન્સથી છુટા પડવું જ પડશે."

**શ્રી શાંતિલાલ હરજીવન શાહે** વિશેષ વિવેચન કરતાં જણાવ્યું કે "સમાજમાંથી કોઇપણ વ્યકિતને સાધુ બનાવવાનો પ્રશ્ન કેવળ ધાર્મિક નથી પણ સામાજિક છે. જ્યારે સમાજમાં સત્તા ધરાવતા સાધુઓ પોતાના સ્થાનનો દુરૂપયોગ કરતા જણાય અને તેમની દીક્ષા પ્રવૃત્તિ સામાજીક સ્વાસ્થ્યને જોખમાવતી લાગે ત્યારે સમાજને અને તેની વતી રાજસત્તાને વચ્ચે પડવાનો પૂરેપૂરો હકક છે. સાધુઓએ સમાજમાં રહેવું હોય તો સમાજની મર્યાદાને સ્વીકારીને જ ચાલવું જોઇએ. કેટલાક સમય પહેલાં દિગંબર સાધુઓને નગ્ન દશામાં ફરવાનો પ્રશ્ન ઉભો થયો. ત્યારે મેં એ મુજબ જ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આજની સમાજ નગ્નવિહાર સ્વીકારી શકે તેમ નથી, સહી શકે તેમ નથી. જો એ સાધુઓને સમાજમાં ફરવું હોય તો સમાજની મર્યાદા તેમણે સ્વીકાર્યે જ છૂટકો છે. નહિ તો જંગલો તેમના માટે ખુલ્લાં છે.

આવી જ રીતે ધર્મનો આશય જેટલો આત્મઉન્નત્તિ સાધવાનો છે તેટલો જ સમાજધોરણ ચિન્તવવાનો છે. ધર્મના અનુષ્ઠાનોનો પણ આજ આશય હોઇ શકે. સમાજની પરિસ્થિતિ કાળક્રમે બદલાતી જાય છે, તેમજ ધર્મનાં અનુષ્ઠાનો પણ બદલાવવાં જોઇએ. તેથી ચાલુ અનુષ્ઠાનોનો વિચાર ન કરવો, ટીકા ન કરવી કદી વિરોધ જ [illegible]ો એમ કહેવું તે ધર્મના મૂળ આશયનો જ દ્રોહ કરવ[illegible]ર છે.

વળી ઐ[illegible] નામે અનેક અનિષ્ટ ધર્મપ્રથાને ટકાવી રાખવાનો પ્રયત્ન [illegible] છે. ઐકય કોને નથી ગમતું? એમ છતાં ઐકયની વાતો [illegible]ખત કેવળ છેતરનારી હોય છે. આવી

પરભવનું ભાતું બાંધી લીધું એવો આત્મસંતોષ માનનારા માટે તો કંઇ વાંધો નથી, પણ જેમને કષાયો જીતવા છે, મોહના બંધનોથી મુકત થવું છે એવા આત્માર્થીઓ પોતાની આત્મોન્નતિ માટે એકાંત સ્થાન જ શોધે. પણ એકાંતમાં કીર્તિની ભૂખ નથી સંતોષાતી. કીર્તિની ભૂખ તો મોટા શહેરોમાં જ ભાંગી શકાય છે અને પૈસાદ્વારા શાસનનો તો નહિ પણ પોતાનો જયજયકાર કરાવી શકાય છે!

સરલાબહેન સુમતિચંદ શાહ.

વાતો જ્યારે પોતાના સિદ્ધાંતો ભોગ માગે ત્યારે તેવી વાતોથી દૂર રહીને સિદ્ધાંતોને વળગી રહેવાનો આપણામાં પુરો આગ્રહ હોવો જોઇએ."

ઠરાવને વધુ અનુમોદન આપતાં **શ્રી. અમીચંદ ખેમચંદ શાહે** નીચે મુજબ વિવેચન કર્યું હતું.

"મરીનડ્રાઇવના દરિઆની ઠંડી લહેરોમાં જે એકવીશ ગૃહસ્થોએ આ ઠરાવ ઘડી બહાર પાડયા છે, તેઓ બાળકો કે **અણસમજુ નથી,** પણ તેમાં સુધારાનો દાવો કરનારા, મહાસભાના વાણી સ્વાતંત્ર્યના સત્યાગ્રહના યુદ્ધને ટેકો આપનારા, સમાજના વિચારક અને સમજદાર ગૃહસ્થો છે; છતાં ઠરાવો વાંચતા એમ લાગે છે કે જૈન સમાજના વાણીસ્વાતંત્ર્ય અને કલમસ્વાતંત્ર્ય જેવા જન્મસિદ્ધ હક ઉપર ત્રાપ મારનારા ઠરાવ ઘડતાં અને એના ઉપર સહી કરતાં તેમની કલમ કેમ ચાલી હશે? શું એમના ચાવવાના ને દેખાડવાના જુદા હશે?

પહેલો ઠરાવ રાજનગર સાધુ સંમેલને કરેલા ઠરાવનો હવાલો આપી સંતોષ પકડે છે. સાથે વડોદરા રાજ્યે કરેલ બાળ દીક્ષાનો ધારો રદ કરાવવાની ભલામણ કરે છે. આ ગૃહસ્થોના ખ્યાલમાં હશે કે સાધુ સંમેલનના ઠરાવના ઘડવૈયા સૂરિસમ્રાટ, પ્રવચનકાર અને અયોગ્ય દીક્ષાના હીમાયતીઓએ છડેચોક એ ઠરાવનો ભંગ કર્યો છે. એટલે સગીરોને ખરીદી, ભગાડી મુસ્લીમ કે ક્રીશ્ચિયનોના ઘરોમાં સંતાડી મુંડવાનો ધંધો આજ દિવસ સુધી તેમણે ચાલુ જ રાખ્યો છે એ જગજાહેર હકીકત છે. છતાં એકવીશ ગૃહસ્થો શું સમજીને રાજનગર સાધુ સંમેલનના દીક્ષાના ઠરાવનો હવાલો આપે છે? સાધુ સંમેલનનો એ ઠરાવ જ પોલો છે એટલે એ ઠરાવનો ભંગ કરનાર માટે કશી જોગવાઇ જ નથી. એટલે તો કાગળ ઉપર કેવળ શોભાના જ એ ઠરાવો હતા અને રહ્યા છે. વડોદરા રાજ્યે એ ધારો પોતાની અઠ્ઠાવીશ લાખની પ્રજા માટે કર્યો છે, એટલે વડોદરાના રાજવી કે એના વિદ્વાન દિવાન આવા બેહુદા ઠરાવથી દોરવાય તેમ નથી. તેમને તો તેમની પ્રજાનું હીત જોવાનું છે. એટલે જ્યાં સુધી તેમની પ્રજા એ અયોગ્ય દીક્ષાના ધારાની જરૂરીયાત સ્વીકારે છે ત્યાંસુધી બીજાના બૂમબરાડા નકામા છે એ સૌ કોઇ સમજી લે.

બીજા ઠરાવમાં તો બુદ્ધિનું પ્રદર્શન જ ભર્યું છે. વાણી-સ્વાતંત્ર્ય અને કલમસ્વાતંત્ર્ય તો જન્મસિદ્ધ હક્કો છે. એના ઉપર કોઇથી તાળું મારી શકાશે નહિ. આ તો વીશમી સદી છે. સોળમી સદીના જમાના વહી ગયા છે. શું કોઇ આચાર્ય પોતાના ભક્તો મારફત હજારો ભાઇ બ્હેનોને ઉપધાનની ક્રિયામાં જોડી પાંચ દશ લાખ ખરચાવે, કોઇ હજાર ગાડીઓનો વડઘોડો કાઢી હજારો ખરચાવે, કોઇ ધર્મક્રિયાઓની ધામધૂમ પાછળ લાખો ખરચાવે, મરજી આવે એમ ધર્મના નામે કાર્યો કરાવે તો પણ આપણે તેના અંગે એક શબ્દ ટીકાનો ન ઉચ્ચારી શકીએ એ આ તાબામતના બીજા ઠરાવનો હેતુ છે. એઓ ભુલે છે. આ જમાનો ગાડરીયા પ્રવાહમાં ખેંચાઇ જનારાઓનો નથી.

જ્યાં જૈન સમાજમાં રોટી ને કેળવણીનો પ્રશ્ન લોકોને મુંજવી રહ્યો હોય, ત્યાં આવા કવખતના સમારંભો પાછળ લાખો ખરચાવવા એ ધૂમાડો નથી તો બીજું શું છે? શ્રીમંતો કહે અમારી મિલકતનો ઉપયોગ અમારી મરજીમાં આવે તેમ કરી શકીએ છીએ એમાં બીજાને કહેવાનો શું અધિકાર છે? એ શ્રીમંતો સમજે કે મિલકત સમાજ ઉપયોગી કાર્યોમાં ન ખરચાય તો સમાજ જરૂર તેમને પૂછી શકે છે.

મિત્રો! આજે આપણે જે ઠરાવ કરવા એકત્ર થયા છીએ તે કરીને આપણે વિખેરાઇએ તે પહેલાં નિશ્ચય કરી લેજો કે કદાચ આ ઠરાવ આપણી કોન્ફરન્સના માંચડા ઉપર આવે તો દેખાડી આપજો કે જૈન સમાજનો જુવાન વાણીસ્વાતંત્ર્ય અને કલમસ્વાતંત્ર્ય ખાતર ગમે તેટલું ઝુઝવાને સદા તૈયાર જ છે."

**શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે** પ્રસ્તુત ઠરાવનું વિશેષ સમર્થન કરતાં જણાવ્યું કે "જે ભાઇઓ ઐક્ય સમિતિના નામે એકઠા થયા હતા તેઓ આખા યુવક વર્ગને કેમ ભૂલી ગયા તે કલ્પનામાં આવતું નથી. તેમને એકતા કરવી હતી કે પોતે મનમાં ધારી રાખેલી બાબતો પસાર કરાવવી હતી? તેમનો ગમે તે આશય હોય, પણ આપણે આપણા કર્તવ્યને કદી ભૂલવું ન જોઇએ. યુવાનોની ફરજ સમાજની ચોકી કરવાની છે અને ઉગતા અનર્થોને બનતી ત્વરાએ અટકાવવાની છે.

સાધુ સંમેલનની વિગતો વાંચતા આપણને હસવું આવે છે. તેમજ તેમાં તરી આવતી બાલીશતા જોઇને આપણને ગ્લાનિ થાય છે. કેટલીક વિગતો તો કેવળ કુસ્તીબાજોનો અખાડો હોય તેવી લાગે છે. અને તેના ઠરાવો પાછળ કયે દિવસ કોઇનું પણ દીલ હતું? આજે કરીને આવતી કાલે એ ઠરાવોનો તેમણે પોતે જ ભંગ કર્યો છે. અયોગ્ય દીક્ષા સામે ખૂબ હીલચાલ ચાલી ત્યારે જરા મોઢું ઉજળું રાખવા તેમણે એ પાંચ ઠરાવો કર્યો અને બીજે જ દીવસે પસ્તીની ટોપલીને હવાલે કરવામાં આવ્યા."

સભાના પ્રમુખ **શ્રી. મણિલાલ જેમલ શેઠે** આખી ચર્ચાનો ઉપસંહાર કરતાં ઐક્ય વિરૂદ્ધ સિદ્ધાંત પાલનના પ્રશ્નની ચર્ચા કરી હતી અને આગળ વધતાં જણાવ્યું કે "શેઠ કસ્તુરભાઇ લાલભાઇ જેવા બાહોશ, અનુભવી અને દેશપરદેશ ફરેલા આગેવાનના નેતૃત્વ નીચે આવા પ્રત્યાઘાતી ઠરાવો કરવામાં આવે એ ખરેખર બહુ જ આશ્ચર્ય પમાડનારી બીના છે. કોન્ફરન્સની કાર્યનીતિ હંમેશા કોઇ પણ પક્ષને નારાજ નહિ કરવાની રહી છે અને આવી કોન્ફરન્સમાં બધા ભાઇઓ ભાગ લેતા થાય તે માટે યુવકોએ પણ પોતાની જાત ઉપર અસાધારણ અંકુશ મુકીને જેટલી હદ સુધી જઇ શકાય ત્યાં સુધી ગયા છે. નિંગાળાનું અધિવેશન યુવકોની ધીરજની મોટી કસોટી સમાન હતું. આમ કેળવણીપ્રચાર અને બેકારી નિવારણના પ્રશ્નો પુરતી મર્યાદા સ્વીકારીને કોન્ફરન્સે સૌને માટે દ્વાર ખુલ્લાં કર્યાં હતાં. એમ છતાં યંગ મેન્સ જૈન સોસાયટીએ કોન્ફરન્સનો બહિષ્કાર ચાલુ રાખ્યો છે. ઐક્ય સમિતિને આ બાબતમાં શું કશું જ કહેવાનું નહોતું? ઐક્ય સમિતિએ કેવળ એક બાજુજ જોયું છે. શું તે આવો ઠરાવ કરાવીને એવી આશા રાખે છે કે વડોદરા સરકાર બાલદીક્ષાની અટકાયત કરતો ધારો પાછો ખેંચી લેશે? આ તેમના ખાલી ફાંફાં છે."

ત્યારબાદ જે ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો.

એ સભામાં સદ્‌ગત શેઠ જમનાલાલજી બજાજનાં અકાળ અવસાન સંબંધે ખેદ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો અને તેના પ્રત્યે યોગ્ય સન્માન દર્શાવીને તેમના આત્માને શાન્તિ ઇચ્છવામાં આવી હતી.

### શ્રી મુંબઇ જૈન યુવકસંઘને મદદ

૧૧) શ્રી ફુલચંદ વેલજી
૨૫) ધી ન્યુ હિંદ એન્જીનીયરીંગ કું.
૨૫) ધી મીલ સ્ટોર કું.

ઉપરની આર્થિક મદદ આપનાર ગૃહસ્થોનો ઉપકાર માનવામાં આવે છે. **મંત્રી.**

(પૃષ્ટ ૧૯૨ થી ચાલુ)

**(૫) રાષ્ટ્રીય દૃષ્ટિએ ખાદી.**—"જે દેશ પોતાની રાષ્ટ્રિય અસ્મિતા ભૂલી જાઇ પારકાનો દોર્યો દોરાય છે, તે દેશ પોતાનું ખરૂં સ્વરૂપ અને સ્થાન ગુમાવે છે." જ્યારે જીવનમાં 'મારાપણું' જાગે છે, ત્યારે જ સ્વાર્પણની ભાવના પણ જાગે છે. "ભારત દેશ મારો છે" એ ભાવના જ પ્રજા પાસે ભારત માટે માથાનાં ખેલ ખેલાવે છે. 'જર્મન દેશ મારો છે' તે મારા–પણાએ આજે અનેક હુતાત્માઓ જન્માવ્યા છે. રાષ્ટ્રિયતાપોષક રાષ્ટ્રિય ભાષા, રાષ્ટ્રિય ધ્વજ, રાષ્ટ્રિય પોશાક અને રાષ્ટ્રિય ગીત એ રાષ્ટ્રપ્રીતિને જીવંત રાખનારાં વિધાનો છે. અહિં આપણે રાષ્ટ્રિય પોશાકનો જ વિચાર કરીએ. ખાદીને દેશની મહાસભાએ અપનાવી છે, તેને રાષ્ટ્રિય પોશાક તરીકે સ્વીકારી છે, એટલે ખાદીની ભાવના પાછળ રાષ્ટ્રિય ભાવના મૂર્તિમંત પડી છે. બહારની દુનિયા પણ આજે ખાદીને ભારતના રાષ્ટ્રિય પોશાક તરીકે જ ઓળખે છે. ભારતના ધ્વજમાં ખાદીસુચક "રેંટિયો" છે, જેની પાછળ અનેક આબાળવૃદ્ધ, સ્ત્રી અને પુરૂષોએ ભવ્ય ભોગ આપ્યા છે.

ભૂતકાળમાં આપણે ઘણું તજ્યું હતું. આપણી સ્વતંત્રતા મુસલમાની રાજ્યે લગભગ છીનવી લીધી હતી, આપણો ધર્મ પણ કાયમ ભયમાં હતો, ત્યારે પણ આપણે આપણો "વેશ" તજ્યો નહોતો. દેશ કદી છોડવો પડે તો છોડીએ, પણ વેશ ન જ છોડીએ આવી આપણી પુરાણી ભારતીય માન્યતા હતી, કારણ કે તેમાં પોતાનું મૂળ સ્વરૂપ ટકાવી રાખવાની તાકાત ભારતે ભાળી હતી.

ભારત અનેક નાત, જાત અને ધર્મના અનુયાયીઓથી ભરેલો દેશ છે. છતાં પણ તે "અખંડ અને એક છે" તેવું ભાન તેનો રાષ્ટ્રિય પોશાક કરાવે છે. તેણે ભિન્ન ભિન્ન વર્ગોને ઢાંકી દઇ એક નવો "ભારતીય વર્ગ" સરજાવ્યો છે. આ અસ્મિતા ભાંગતા ભારતમાં પણ પ્રાણ પૂરશે તે નિર્વિવાદ વાત છે.

સ્વરાજ્યના સ્વપ્ના પાછળ રાષ્ટ્રિય આબાદી, આઝાદી અને અને શાન્તિ જ મુખ્યપણે છે, જેને ખાદી સાથે પણ અગત્યનો સંબંધ છે.

આજે પરપદ–દલિત પ્રજા રાહ જોઇને બેઠી છે કે જ્યારે સ્વરાજ્ય આવશે, ત્યારે દેશની ધુરા ભારતના દુઃખ, દર્દ અને બીજા અનેક પ્રશ્નોના જાણકાર દેશવાસીઓના હાથમાં આવશે, ત્યારે કોઇને ધંધાવાંકે મરવાનું કમભાગ્ય રહેશે નહિ, ભૂખમરો, અને કંગાળિયાત દૂર થશે, અને પ્રજા આબાદ આઝાદ થઇ શાન્તિ ભોગવશે અને પોતાનું મૂળ સ્વરૂપ પુનઃ પ્રાપ્ત કરશે. આ આપણા સ્વરાજ્યનાં ભવ્ય સ્વપ્નાં!

ભારતનું દ્રવ્ય કઇ નીકવાટે પરદેશમાં વહી રહ્યું છે તેમજ આ દેશના થોડા માલદારોના કોઠારમાં ઠલવાઇ રહેલું છે તે તો બહુ જ જાણીતી વાત છે. તે નીકને ત્યાંથી વાળી લઇ પ્રજાની વચ્ચમાં વહેતી કરવી એ રાષ્ટ્રિય દૃષ્ટિએ જરૂરનું છે. વર્ગીય આબાદી કે આઝાદી તે સાચી આબાદી કે આઝાદી નથી. સામુદાયિક આબાદી કે આઝાદી જ ખરી રાષ્ટ્રિય આબાદી કે આઝાદી છે. સ્વરાજ્ય સ્થાપીને ગરીબડા ભારતને રોજી અને રોટલી આપવી છે કે બીજું કંઇ? તેની સુતેલી સુસ્ત પ્રજાને સચેન કરી પગ ઉપર ઉભી કરવી છે કે બીજું કંઇ? દ્રવ્યની છોળોથી જગતને આંજી નાંખવા માટે તો ભારતે કદી ઇચ્છા કરી જ નથી. તે માટે તેણે પોતાના પાડોશી ઉપર કદી પણ કોઇ પણ જાતનાં લશ્કરી કે વ્યાપારી આક્રમણો કર્યાં નથી. તે જગતનું મિત્ર બન્યું છે અને હજુ પણ તેવું જ બનવા માંગે છે. છતાં પણ આજે આબાદી ઇચ્છે છે, દ્રવ્ય માગે છે, દેશમાં ઉદ્યોગવૃદ્ધિ ચાહે છે તે પ્રજાકીય સુખસગવડતા માટે! પ્રજાની જરૂરિયાત પુરી પાડવા માટે જ! જગતને દાબવા માટે નહિ.

સાચી આઝાદી જ્યારે પ્રજાને સાંપડે છે, ત્યારે તેની પરવશતા જ નાશ પામે છે એટલું જ નહિ, પણ પરવશ કરનારા દરેકેદરેક કાર્યો અને ભાવના પણ નાશ પામે છે. તે અમુક જરૂરિયાત વિના પણ ચલાવી લે, પણ બીજા ઉપર આધાર રાખીને જીવવા ન માગે. તેથી જે જે સુખ, સગવડતાનાં સાધનો તેના માણસો, તેનો દેશ બનાવે તે જ વાપરે. એ જ સાચી આઝાદી છે, આબાદી અને આઝાદીના સુખદ સ્વપ્ના ફલિત કરવા માટે પ્રથમ તો જે જે રોજીનાં સાધનો આપણી બેદરકારીથી બંધ થયાં છે, તે ખુલ્લાં કરી આપવાં જોઇએ. દેશે શરૂઆતમાં કાપડ કે જેમાં દેશના કાચા માલ અને રોજીનો પ્રશ્ન સમાયેલો છે તે જ હાથ ધર્યો છે. તે પૂર્ણ કરવા દરેક હિંદીએ ખાદી પહેરવી એમ ભારતની રાષ્ટ્રિયતા પોકારે છે!

**(૬) નૈતિક દૃષ્ટિએ ખાદી:**—'Love of attirement is the snare of Devil." કે બાઇકે (રોજનીશી) નામના ગ્રંથમાં તેનો લેખક વૃધ્ધ પાદરી એક જગ્યાએ કહે છે કે "કપડાંલતાનો શોખ એ એક સેતાનની જાળ છે." આ સેતાનની જાળમાં આપણું અત્યારનું ભારત સપડાયું છે. પચાસ વર્ષ પહેલાં જે નૈતિક બંધારણ અને ધોરણ હતું તે હાલના ભારતમાં નથી. હિંદની સાદાઇ જતાં હિંદની નીતિરીતિના મીનારા ખળભળી ગયા છે, જેને જમીનદોસ્ત થવાને ઝાઝી વાર નથી.

એક વખતે વૈદિક આર્યાવર્ત વલ્કલ પહેરતું. તે વખતે તે ઉન્નત હતું. જગતગુરૂનું પદ ત્યારે જ પામેલું. ત્યારે જ પશ્ચિમના મેકસમુલર જેવા પ્રખર વિદ્વાને કહેલું કે "વિદ્વતા, ઉન્નત જીવન અને નૈતિક બંધારણની ઉચ્ચતા માટે કોઇ મને પૂછે છે કે તે કયાં છે તો હું ભારત તરફ આંગળી ચીંધીશ," આર્યાવર્તનાં વલ્કલો ગયાં અને ધીમે ધીમે પ્રજા પોતાના હાથે કપડાં બનાવીને પહેરતી થઈ. તે વખતે વેદની વિદ્વત્તા ભારતમાં નહોતી રહી, સ્મૃતિ અને ઉપનિષદોનો જમાનો આવી ગયો હતો. નૈતિક કઠિન જીવન મુશ્કેલ બનતાં આપદ્ધર્મ તરીકે અનેક પ્રકારની શિથિલતા પ્રજામાં આવી હતી. સમય જતાં આમાં પણ ફેરફાર થતા ગયા. સાદાઈ જતી રહી અને આપણું ઉન્નત જીવન લેતી ગઇ. શરૂઆતમાં શરીરની નગ્નતા ઢાંકવા અને ટાઢ, તડકા અને વરસાદથી રક્ષણ મેળવવા પૂરતી જ કીંમત અને જરૂરિયાત કપડાંની આંકી હતી. હવે કપડામાં સૌંદર્ય ભાવના પ્રાધાન્યપણે દેખાવા લાગી છે. તે બીચારા ભારત અને સૌંદર્યની કમબખ્તી છે! નૈતિક ધોરણ નીચું પડવાનાં બીજાં ઘણાં કારણો છે. તે માંહેલું મુખ્ય અગત્યનું કપડાંલતાનો શોખ, તેમાં થતી પરદેશીઓની નકલ એટલે સેતાની જાળ જ છે.

સાદાઇ પાસે આંખમાં ભક્તિભાવ, પૂજ્યભાવ આવે છે ત્યારે વૈભવ, ઠાઠમાઠ અને આછકડાઇ પાસે વિકારના નિશાનું આંખમાં ઘેન ચડે છે. આ ઘેને ભારતને પાયમાલ કર્યું છે. આ ઘેને દેશની નીતિમત્તા ખોવરાવી છે; આ ઘેને સંસારમાં ભયંકર આંધી ઉતારી છે. આ ઘેને ત્યાગમૂર્તી વિધવાઓને વૈધવ્ય અકારાં કરાવ્યાં છે, આ ઘેને માનવજીવન શીંગમાંથી સળતું કર્યું છે, આ ઘેને છુપા અત્યાચાર અને અનાચારો વધાર્યા છે. અત્યારે પોતાને પોતાની જાત ઉપર જ વિકાર આવે તેવો કપરો યુગ બેસી ગયો છે. આટલો બધો અધિકાર પેલી સેતાનની જાળે કપડાંલતાની ખુરી લતે આપણા પર જમાવ્યો છે.

## સૌજન્યમૂર્તિ ચંદુભાઇ-(સ્મરણાંજલિ)



સ્વ. ચંદુલાલ બાલાભાઇ નાણાવટી વિદેહ થયા સન ૧૯૪૦ ના નવેંબર માસમાં. એઓ વીલે પારલેના એક જુના વતની હતા. લગભગ બધી સાર્વજનિક સંસ્થાઓમાં એમની સંસ્કારમૂર્તિ અંકિત થયેલી છે.

આ નિત્ય આનંદી ને પ્રેરણાદાયી મૂર્તિ જતાં વીલે પારલેને, ઉપનગર જીલ્લાને ને સર્વ સાર્વજનિક પ્રવૃત્તિઓને અલ્પાધિક ખોટ પડી છે. વીલે પારલેની જુની રાષ્ટ્રીય શાળા કે જે અત્યારે શ્રીમતી ગોકળીબાઇ પૂનમચંદ પીતાંબરદાસ હાઇસ્કુલને નામે ચાલે છે તે શિક્ષણ સંસ્થાના સ્વર્ગસ્થ ચંદુભાઇ એક આધારસમા ટ્રસ્ટી હતા. આ ટ્રસ્ટીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવા માટે હાઇસ્કુલના નવા ભવ્ય મકાનના પટમાં એક સમારંભ રવિવાર તા. ૨૧-૧૨-૪૧ ને દિને સાંજના મુંબાઇ પ્રાંતિક મહાસભા સમિતિના ઉપ-પ્રમુખ શ્રી. નગીનદાસ માસ્તરના પ્રમુખપદે યોજાયો હતો. તે પ્રસંગ નિમિત્તે નીચેની લીટીઓ સદ્દગતને અંજલિરૂપે રચાઇ હતી. સદ્દગતનું ચેતનપ્રદ સ્મિત, એમની સરલતા અને એમનું નિરભિમાન વગેરે આપણામાં આવો એજ પ્રાર્થના.

વીલે પારલે ૨૧-૧૨-૪૧ ગોકુળભાઇ

સ્થૂલ દેહે હતા તેથી સમીપ વધુ ભાસતા,
તીરોભાવ થતાં આપે અધિક ગુણ દાખવ્યા.

રહ્યાં ના પાંદડી ફૂલ સ્થૂલનાં અવશેષ ક્યાં ?!
સ્મૃતિઓ નિત્ય જે જાગે તે કાયા ચિર ચેતના.

સ્થૂલાદર્શનથી હૈયે આઘાતો કારમા થયા,
દાંડે રાતે હતાં આંસુ વિયોગે માત્ર સાંત્વના.

દિનો માસો જતા વીતી વર્ષોયે વીતતાં જશે,
કાળગંગા વિષે વ્હેણો અનેક ભળતાં જશે.

યદિ કો સ્થૂલ ખાંભીને મકાનો સ્મૃતિ ચિત્રને,
કાલઝંઝા કરે લુપ્ત સ્મૃતિના અવશેષને,

છતાં યે ગુણ-કોરેલી અંતરે છવિ આપની,
ચંદુભાઇ! ન ભૂંસાયે સંસ્કારે સરજાયલી.

પરાર્થ આપદા વ્હોરી ટાળ્યાં દુઃખ અનેકનાં,
સ્વશક્તિ, બુદ્ધિ ને ધૈર્યે રચ્યાં છે કીર્તિકોટડાં.

પરોપકારમાં પુણ્ય દાનમાં એપણા નહિ,
પ્રભુ-દીધેલ દેવામાં કાર્પણ્ય દાખવ્યું નહિ.

નિરાશ્રિતે સદા ચાખી આપની રસવાનીઓ,
સુપાત્રોએ સદા મ્હાણી આપની યુક્ત લ્હાણીઓ.

સૌજન્યમૂર્તિ સોહંતા, મીઠાશ પમરાવતા,
વિના માંગ્યાં યશોગાન ચંદુભ નવાજતાં.

એવા એ બંધુની યાદ પ્રેરણા પ્રેમ પોષતી,
સાધવા જીવનાદર્શ સ્હાયરૂપ સદા બનો.

ચંદુભાઇ! શું સંભારૂં ?! સંભાર્યા કરતો રહું,
નેહભીની છબી થાઓ આપદા ભય હારિણી.

માયાનાં હર્ષ ને શોક દ્વંદ્વો માનવદાહક,
પ્રભુ! એ દ્વંદ્વની પાર દાખવો તેજ-મંડલ.

જ્યાં રાચે સૂક્ષ્મમાં યોગી સાધુસંતજનો તથા,
ચંદુભાઇ સમા સ્નેહી સ્વીકારો અમ વંદના!

**ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ.**

---

જે વાતના અત્યારે પણ લાળાં આવે છે. તે હૃદયની વિશાળતા-સમાનતાના થરો આજે ઉખડી ગયા છે. કોણે ઉખેડયા ? સેતાનની જાણે ! "કુવામાં હોય તો હવાડામાં આવે" તે કહેવત જ હઠી ગઇ છે. કુવો કુવાનોજ વિચાર કરે છે. એક કરમી બધાને કમાવે અને ખવડાવે તે વાત તો દેશની કારીગરીને ઉત્તેજન મળતું બંધ થતાં સ્વપ્નવત્ બની ગઇ છે. જડવાદીઓની સોબતમાં રહી તેની નકલ કરી આપણે આપણો આધ્યાત્મિક ભાવ ભૂલ્યા, હૃદયની વિશાળતા ખોઇ, સમાજની સામ્યતા તથા લક્ષ્મી પણ ખોઇ છે.

દેશમાં પવિત્ર સાદું જીવન પુનઃ જગાવવા અને અનેકને રોજી આપી ટકાવવા માટે સાદાઇની માતા, ગરીબની કામધેનુ, આપણી નીતિરક્ષક અને ભારતનો છૂપો ભંડાર "ખદી" ભારત પુત્રોએ અવશ્ય ગ્રહણ કરવી જોઇએ.

સમાપ્ત. **વ્રજલાલ ધ. મેઘાણી.**

---

## 'ધન્ય માતા ધન્ય પુત'

સ્વ. દયાળજીભાઇ ભરજુવાનીમાં વિધુર થયા છતાં તેમણે બ્રહ્મચારી રહેવાનો નિશ્ચય કર્યો, અને પોતે અને પોતાની માતા એક બીજાના જીવનમાં ઓતપ્રોત થઇ ગયાં. ગાંધીજીના પ્રવેશ સાથે તેમણે પણ રાજકીય જીવનમાં પ્રવેશ કર્યો; '૨૧ મા પોતાનું જે કાંઇ હતું તે બધું દેશના ચરણે ધર્યું. એમનાં ૯૦ વર્ષનાં માતુશ્રી એ દિવસની યાદ કરતાં કરતાં ભીની આંખે બોલેલાં; "બધું આપી આવીને દલુ કહે 'બા, તમને નહિ ગમે એવું હું કરી આવ્યો છું, પણ છૂટકો ન હતો. હવે આપણી પાસે એવું કશું રહ્યું નથી. કાલથી આપણે લોકો આપણને જે દાળ ચોખા આપે એ ઉપર રહેવાનું છે.' મેં તેને કહ્યું. ભાઇ, તને થોડા મહિનાનો તારા બાપ મૂકીને ગયા તે વેળા આપણી પાસે શું હતું ? ત્યારથી આજ સુધી તારા એકે કામમાં મેં અડચણ નાંખી છે ? તું છે એટલે બધું છે." પોતે દીકરાની દરેક પ્રવૃત્તિમાં પૂરો સહકાર આપ્યો છે તેની વાત કરતાં કહે. "પચ્ચીસ વર્ષ ઉપર ગાંધીજી દુધાભાઇના કુટુંબને લઇને અમારે ત્યાં આવેલા. મારે સગે હાથે મેં તેમને રસોઇ કરીને જમાડેલા ગાંધીજીને તે વેળા આશ્ચર્ય થયેલું. તેમણે દલુને કાગળ લખેલો કે, 'તમારાં માતુશ્રી દુધાભાઇને રસોડામાં દાખલ કરશે અને જમાડશે એવી આશા મેં તો રાખી ન હતી.

'હરિજનબંધુ'માંથી ઉધ્ધૃત.

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨૧


મુંબઇ: ૧ માર્ચ ૧૯૪૨ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

## વૈશ્ય–રૂષિ સદ્ગત જમનાલાલજી

શ્રી. ઘનશ્યામદાસજી બિરલાએ એકવાર મને પુછ્યું હતું કે "જેમ પુરાણોમાં બ્રહ્મર્ષિ અને ક્ષત્રિયર્ષિનું વર્ણન આવે છે તેમ વૈશ્યર્ષિ પણ સંભવી શકે છે કે નહિ?" મેં કહ્યું, "કેમ નહિ? પૂ. બાપુજી જે ટ્રસ્ટીશીપનો આદર્શ દેશ આગળ રજુ કરે છે તે જો કોઇ વૈશ્ય સ્વીકારે તો તે વૈશ્ય–ઋષિ થઇ જ જવાનો." આ જવાબ આપતી વખતે મારા મનમાં શ્રી જમનાલાલજીનું ઉદાહરણ હતું. શ્રી. જમનાલાલજીએ પોતાનું ધન, પોતાની શક્તિ અને પોતાનું ડહાપણ બધું દેશ માટે–એટલે કે સેવા માટે જ–છે એમ મન સાથે નક્કી કર્યું હતું. આજની ધનપરાયણ દુનિયાએ શ્રી. જમનાલાલજીની દાનશૂરતાના જ વખાણ મુખ્યત્વે કર્યા છે. પણ એમની કાર્યશકિત અને બુદ્ધિ-શકિત એમની દાનશકિત કરતાં જરાય ઓછી ન હતી. ધનસંગ્રહ તો તેઓ ઉત્તમ રીતે કરી શકતા જ હતા. પણ મનુષ્યસંગ્રહ કરવાની એમની શકિત નાનીસુની ન હતી. પોતાની ભકિત, શ્રદ્ધા, સેવા અને ત્યાગથી જેમણે ગાંધીજી જેવા વૈશ્ય મહાત્માને પોતાના કર્યા અને સેવાગ્રામમાં સ્થાપી દીધા, તેમની કાર્યશકિત વિષે વિશેષ કહેવાપણું ન હોય. અસહકાર, હરિજન સેવા, ખાદી, રાષ્ટ્રભાષા પ્રચાર, ગ્રામોદ્યોગ, સામાજીક સુધાર, સ્ત્રી કેળવણી, રાષ્ટ્રીય કેળવણી, ગૌસેવા વિગેરે જે જે ક્ષેત્રો ગાંધીજીએ ખોલ્યાં તે તે ખીલવી બતાવવાનું કામ શ્રી જમનાલાલજીનું જ. છૂટે હાથે એમણે કેટલું દાન આપ્યું છે એનો હિસાબ વખતે કરી શકાય, પણ પોતાના દીર્ઘદર્શી, સૂક્ષ્મદર્શી અને પાકટ ડહાપણથી એમણે કેટલી વ્યકિતઓને અને સંસ્થાઓને કીંમતી મદદ આપી છે એની ગણતરી શી રીતે કરી શકાય? દેશના મોટામાં મોટા નેતાઓની બુદ્ધિ સાથે પોતાની બુદ્ધિ ઘસીને એમણે ઉત્તમ રીતે તીક્ષ્ણ કરી હતી અને તેથી જ તેઓ દરેક પગલાનું રહસ્ય તરત પારખી લેતા.

સ્વ. શેઠ જમનાલાલ બજાજ



જો દેશી રાજાઓમાં ડહાપણ હોત તો એમણે શ્રી જમનાલાલજીની સલાહ લઇને પોતાનું અને પોતાની પ્રજાનું કોટિકલ્યાણ કરવાનો રસ્તો એમની પાસેથી મેળવ્યો હોત. ભગવાને એમને યત્કિંચિત દુઃખ આપ્યા વગર એકાએક પોતાને ત્યાં લઇ લીધા, પણ આખા હિંદુસ્તાનને ભગવાને એવો તો કારમો ઘા કર્યો છે કે આસ્તિકમાં આસ્તિક માણસ પણ ભગવાન ઉપર રીસાયા વગર રહે નહિ. ભારતમાતા એ જ એક આખી દુનિયાની ગૌમાતા છે. એની ઉત્કૃષ્ટ સેવા કરનાર શુદ્ધમાં શુદ્ધ અને સાત્વિકમાં સાત્વિક, નિઃસ્વાર્થી, નિર્ભય અને નિરલસ, એવા સેવકને કટોકટિને પ્રસંગે લઇ લીધા એથી વધારે નુકસાન શી રીતે ભગવાન કરી શકત?

એક જ ઉપાય છે. જેઓ શ્રી જમનાલાલજીના પ્રસંગમાં આવ્યા હોય તેઓ જો શ્રી જમનાલાલજીનું જીવનકાર્ય ધ્યાનમાં લઇ તેમનું યથાશક્તિ અનુકરણ કરશે તો દેશમાં સાત્વિકતાનો અને બુદ્ધિમત્તાનો ઉમેરો થશે, સામર્થ્ય અને સાધુતાનો સુમેળ થશે અને પછી યથાર્થપણે કહેવાશે કે શ્રી જમનાલાલજીએ મરીને દેશસેવકોના હૈયામાં ફરી જન્મ લીધો છે અને એ રીતે વ્યાપકપણે તેઓ અજરામર થયા છે.

શ્રી જમનાલાલજી જ્યારે ગુજરી ગયા ત્યારે હું પૂનામાં હતો. સમાચાર સાંભળીને કાન, બુદ્ધિ અને હૃદય જાણે બહેર મારી ગયાં. એ આઘાત એટલો તો ઉંડો છે કે એને શબ્દોમાં મૂકવાની હિંમત જ નથી; એટલે જાણી જોઇને બધી લાગણીઓ દબાવીને ઉપરની લીંટીઓ લખી છે. એ આઘાત જ્યારે જૂનો થશે અને દેશ દસવીસ વર્ષની પ્રગતિ કરશે, ત્યારે પણ દરેક દેશવાસીના મોઢામાંથી એ જ વચન નીકળશે કે 'ખરેખર શ્રી જમનાલાલજી એક અલૌકિક વૈશ્યર્ષિ હતા. એમણે ભારતવર્ષનું જીવન દરેક રીતે સમૃધ્ધ કર્યું છે અને ભારતીય સંસ્કૃતિનો ઉત્તમ નમૂનો પોતાના જીવનદ્વારા દેશ આગળ રજુ કર્યો છે.

કાકા કાલેલકર.

### પ્રાર્થના

ઇચ્છુ પ્રભુ હું નહિ વૈભવોને,
લક્ષ્મીતણા સંચયની ન વાંછા,
સત્તાતણોયે નથી મોહ મારે,
ઉપાધિઓની નહિ લાલસા કૈં,
માગું પ્રભુ માત્ર જ એટલું હું,
બૂરૂં કદી કોઇનું હું કરૂં ના.

અનન્ત.

# સાચું અહિંસાત્મક જીવન

(રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિના સભ્ય શ્રી શંકરરાવ દેવે આ લેખ મરાઠી ભાષામાં લખી મોકલેલો, તેનો ગુજરાતી અનુવાદ કરી આપવા માટે સૌ. સરલાબહેન સુ. શાહનો ઉપકાર માનવામાં આવે છે. તંત્રી.)

'પ્રબુદ્ધ જૈન'ના ૧૯૪૦ સાલના ૭-૮-૯ અને ૧૦ માં અંકમાં 'અહિંસાની ઉત્ક્રાન્તિ' આમ શિર્ષક હેઠળ શ્રી પરમાનંદભાઇએ ચાર લેખ લખ્યા છે. એમણે એ લેખો મને જેલમાંથી હું છૂટી આવ્યો ત્યારે વાંચવા આપ્યા. આ લેખ બોધક અને સુંદર હોવાથી મને ગમ્યા. લેખો વાંચ્યા પછી આજ વિષય પર 'પ્રબુદ્ધ જૈન'ના સુજ્ઞ વાંચકો માટે હું પણ કંઇ લખું એવો વિચાર મારા મનમાં ઉદ્દભવ્યો અને શ્રી પરમાનંદભાઇએ તેમ કરવા મોટી ખુશીથી પરવાનગી આપી. શ્રી પરમાનંદભાઇના લેખો પ્રસિદ્ધ થયે લગભગ એક દોઢ વર્ષ વીતી ગયું હોવાથી વાંચકો એ લેખોનો વિષય મોટે ભાગે વિસરી ગયા હોય તો તેમાં આશ્ચર્ય નથી. વાંચકોની સ્મૃતિને તાજી કરવા માટે શરૂઆતમાં હું એ ચાર લેખનો થોડો સારાંશ આપું છું તે આ પ્રમાણે છે.

"ભૂતકાળમાં જ્યારે મનુષ્યના મનમાં 'આત્મૌપમ્ય બુદ્ધિ'થી બીજા મનુષ્ય સાથે વર્તવાનો વિચાર પ્રથમ ઉત્પન્ન થયો હશે, તે જ ક્ષણને એના મનમાં અહિંસાવૃત્તિના ઉદ્દભવની પ્રથમ ક્ષણ સમજવી જોઇએ. (શ્રી. પરમાનંદભાઇએ આને જ ધર્મ-બુદ્ધિ એમ કહ્યું છે.) આ આત્મૌપમ્ય અથવા ધર્મબુદ્ધિ માનવ કુટુંબ, માનવ સમાજ અને માનવ ધર્મનો આધાર છે. આ અહિંસાના સર્વશ્રેષ્ઠ ઉપદેશક એટલે ભગવાન બુધ્ધ, મહાવીર, ખ્રિસ્ત વિગેરે ધર્મોપદેશકો. પણ આ મહાન વિભૂતિઓએ જે અહિંસાનો ઉપદેશ કર્યો તે મુખ્યતઃ મોક્ષસાધનાર્થે કર્યો. એમણે માનવોની અન્ય પ્રવૃતિઓમાં અહિંસાને ગૌણ સ્થાન આપ્યું છે. આ સંસારચક્ર જેમ ચાલતું આવ્યું છે તેમ હંમેશા ચાલ્યા જ કરશે. વિશેષતઃ રાજકારણમાં તો અહિંસાને જરાયે સ્થાન નથી. કારણ રાજકારણનો પાયો જ હિંસા છે. એટલે એને અહિંસક બનાવવા પ્રયત્ન કરવો એટલે કોલસા ધોઇ તેમાંથી સફેદ પાણી કાઢવાનો પ્રયત્ન કરવા જેવું છે. એટલે સંસારમાંથી હિંસાને કાઢી નાખવાનો પ્રયત્ન વ્યર્થ છે. મનુષ્યોએ પોતાનું અંગત જીવન સંપૂર્ણપણે અહિંસાત્મક કરવા પ્રયત્ન કરવો અને તે માટે પોતાનો સમાજ સાથેનો સંબંધ જેટલો તોડી શકાય તેટલો તોડી નાખવો એ જ આ મહાન પુરૂષોના ઉપદેશનો સાર હતો. સંસાર કરતાં સંન્યાસ, પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ પર જ એમણે અધિક જોર આપ્યું છે.

આનું પરિણામ એ આવ્યું કે મનુષ્ય સમક્ષ અહિંસા એ એક ભવ્ય આદર્શ તરીકે રાખવામાં આવી અને કેટલીક મહાન વ્યક્તિઓએ એ આદર્શને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રદીર્ઘ પ્રયત્ન કર્યો. સમાજે તેમને પૂજ્ય માન્યા. પરંતુ સમાજ પોતે તો જેવોને તેવો જ કાયમ રહ્યો. અહિંસા એ પોતાને કદિ પ્રાપ્ત ન થનારી વસ્તુ છે એવી એણે માન્યતા કરી લીધી. તેથી સમાજના પ્રત્યેક વ્યવહારનો પાયો હિંસા જ રહી. અહિંસાના માર્ગ ઉપર પોતાનો જીવનરથ ચલાવનારી કેટલીક મહાન વ્યક્તિઓના આચાર-વિચારથી સમાજ સુધારણામાં કંઇ થોડી મદદ થઇ ખરી. પણ અહિંસા એ સમાજનો અશકય આદર્શ છે એ સમજ આજે પણ મજબુત છે.

ટુંકામાં અહિંસા એ વ્યક્તિધર્મ હતો, સમાજધર્મ નહિ. અહિંસા પારલૌકિક સુખનું એટલે મોક્ષનું સાધન હતી, ઐહિક સુખનું સાધન નહિ. ક્ષમા, દયા, પ્રેમ, વિશ્વબંધુત્વ વગેરે ગુણો છેવટ સુધી વ્યક્તિગત આત્મસાધનાનાં સાધનો કિંવા ભાગ મનાતાં રહ્યાં. એનું પરિણામ થોડું ઘણું સામાજીક જીવન પર થયું, પરંતુ એ સામાજીક જીવનનો આધાર કદિ પણ બન્યાં નહિ. હિંસા જ સામાજીક જીવનનો આધાર રહી.

આર્વાચીન કાળમાં ટોલસ્ટૉય અને થોરોએ અનુક્રમે ખ્રિસ્તધર્મ અને સમાજધર્મના આધારે સામાજીક અને રાજકીય ક્ષેત્રોમાં અન્યાયોનો અહિંસાત્મક વિરોધ કરવાના તત્ત્વનો પુરસ્કાર અને પ્રસાર કર્યો. આ મહાન વિભૂતિઓ અને મોટા પુરૂષોના પગલે ચાલી મ. ગાંધીજી અહિંસાનું ક્ષેત્ર માત્ર વ્યકિત પુરતું કે મોક્ષ પુરતું મર્યાદિત ન કરતાં અખિલ સમાજની ઐહિક જીવનયાત્રા સફળ કરવા માટે શક્ય તેટલું વ્યાપક બનાવવા ઇચ્છે છે. મ. ગાંધીજીના અહિંસાવાદનો ઉદ્દભવ આ પ્રયત્નોમાંથી જ થયો છે.

મ. ગાંધીજીએ દ. આફ્રિકા અને હિંદુસ્થાનના સામાજીક અને રાજકીય ક્ષેત્રોમાં વિસ્તૃત પ્રમાણમાં અહિંસા એટલે કે સત્યાગ્રહના અને અસહકારના પ્રયોગો કર્યા. એમણે ઉપરોક્ત બે જગદ્વંદ્ય પુરૂષો પાસેથી ઘણી પ્રેરણા મેળવી.

દેશને અથવા કોંગ્રેસને મ. ગાંધીજીની અહિંસાનો સ્વીકાર કર્યે ૨૦ વર્ષ વીતી ગયાં. આ વીસ વર્ષની અવધિમાં અસહકાર એ કોંગ્રેસની એક પ્રકારે વૃત્તિ જ બની ગઇ છે અને એનાવડે અનેક સમય સત્યાગ્રહનું યુદ્ધ લડી કોંગ્રેસે લોકોની શકિત વધારી છે અને લોકસત્વનું રક્ષણ કર્યું છે. તથાપિ તેમનું આ બાળતનું સ્વપ્ન સત્ય-પ્રત્યક્ષ-સૃષ્ટિમાં કોંગ્રેસે ઉતાર્યું નથી એવું મ. ગાંધીજીનું કહેવું છે અને તે સત્ય છે કારણ કે જ્યારે કસોટીનો સમય આવ્યો ત્યારે કોંગ્રેસે અહિંસાને અપનાવી નથી એમ સિધ્ધ થયું જ છે. દાખલા તરીકે જ્યારે દેશના આઠ પ્રાંતોમાં કોંગ્રેસે સત્તાનો સ્વીકાર કર્યો ત્યારે દેશના કોમી હુલ્લડો શમાવવા કોંગ્રેસ સરકારે પોલીસ અને જરૂર પડયે લશ્કરનો પણ ઉપયોગ કર્યો છે. તેજ પ્રમાણે ૧૯૩૯ ના વર્ષમાં જ્યારે જગતમાં યુદ્ધની શરૂઆત થઇ ત્યારથી આજ પર્યંત બે વખત કોંગ્રેસે પોતે આ યુધ્ધમાં સશર્ત સશસ્ત્ર ભાગ લેવા તૈયાર છે એમ જાહેર કર્યું છે અને તે માટે જરૂર પડયે મ. ગાંધીજીના નેતૃત્વ-ત્યાગની પણ તૈયારી દાખવી છે.

જેણે પોતાનું જીવન અહિંસાનું એટલે સત્યના પ્રયોગોનું ક્ષેત્ર બનાવ્યું છે એવા અહિંસાના મહાન પુજારી પાસે કોંગ્રેસે છેલ્લા વીસ વર્ષથી અહિંસાના પાઠ લેવા છતાં અને તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન પણ કરવા છતાં આવી પરિસ્થિતિ નિર્માણ કેમ થઇ હશે ? આ પ્રશ્નનો ઉત્તર પ્રત્યેક વિચારવાન મનુષ્યે આપવો જોઇએ."

સંપૂર્ણ અહિંસા એટલે આચાર, ઉચ્ચાર અને વિચાર એ ત્રણે ક્ષેત્રોમાં અહિંસાનું પાલન એમ મ. ગાંધીજી શરૂઆતથી કહેતા આવ્યા છે. પરંતુ પ્રત્યક્ષ પરિસ્થિતિ એવી છે કે લોકોએ વિચારોમાં અહિંસાનું પાલન એ વાત લગભગ અશકય કોટિની માની છે. લોકોએ ઉચ્ચારમાં અહિંસા પાલનની આવશ્યકતા માની છે અને તે પ્રમાણે વર્તવાનો યથાશક્તિ પ્રયત્ન પણ કર્યો છે; માત્ર આચારમાં અહિંસા પાલન કરવામાં લોકોએ સારી સફળતા પ્રાપ્ત કરી છે. એટલે લોકોએ શારીરિક અહિંસા પાળી છે, વાચિક અહિંસાનો પ્રયત્ન કર્યો છે, પણ માનસિક

(અનુસંધાન પૃષ્ટ ૨૦૭ જુઓ)

# કેટલાક સમાચાર અને નોંધ

## ચાંગ-કાઇ-શેક દંપતી

ચીનની પ્રજાના સરસુખત્યાર શ્રી. ચાંગ-કાઇ શેક અને એમનાં પત્ની હિંદુસ્થાનનો ઉડતો પ્રવાસ કરીને આજે તો ક્ષેમ-કુશલ ચીનમાં પહોંચી પણ ગયા. તેમના આગમનહેતુ વિષે લોકોને કંઈ કંઈ તર્ક વિતર્કો આવ્યા અને ઉડી ગયા. એ તો હકીકતનો વિષય છે કે જાપાને અંગ્રેજી શહેનશાહત કે જેમાં હિંદુસ્થાનનો સમાવેશ થાય છે તેની સામે યુદ્ધ જાહેર કરીને હિંદના નસીબને ચીનના નસીબ સાથે સંકળાયલું બનાવ્યું છે. ચીન પ્રત્યે દેશની અને ખાસ કરીને રાષ્ટ્રીય મહાસભાનીસહાનુભૂતિ જગજાહેર છે. આજે આપણે સ્વતંત્ર અને સ્વાધીન હોઇએ તો ચીનને બનતી મદદ કરવી એ આપણી ફરજ લેખાય. આજના કઢંગા સંયોગમાં આ ફરજને [illegible] સ્વરૂપ આપવાનું બહુ જ ઓછું શકય છે. ચીન વર્તમાન યુદ્ધમાં સાથીદાર બનતાં એકમેકને શું મદદ લેવી દેવી શકય છે, હિંદની પ્રજાનો હિંદી સરકારને કેટલો સાથ છે, આજની દુન્યવી પરિસ્થિતિ સંબંધે અહિંના સરસુબા તેમજ રાષ્ટ્રીય આગેવાનો શું શું વિચારો ધરાવે છે–આવી અનેક બાબતો પરત્વે અંગત માહીતી મેળવવી એવા આશયથી ચાંગ–કાઇ–શેકનું અહિં આવવાનું બન્યું હોય એ સંભવિત છે. જાપાનના બર્મા ઉપર વધતા જતા આક્રમણને લીધે બર્મા રોડ કે જે દ્વારા ચીન દુનિયાભરની સાધનસામગ્રી મેળવી શકતું હતું તેની સલામતી ઘટતી જાય છે એ આજે આખા સ્વતંત્ર ચીનને માટે બહુ જ મહત્વનો પ્રશ્ન બન્યો છે. એ માર્ગ જોખમાઇ જાય તો બીજા કયા માર્ગો સુલભ છે તે પ્રશ્ન સરસુબા સાથેની ચર્ચાનો એક વિષય બન્યો હશે એમ કેટલાક અનુમાન કરે છે. યુધ્ધઆયોજન સાથે આપણને આજે કોઇ સીધી નિસબત નથી; કારણ કે તે આપણી હકુમત બહારનો વિષય છે. પણ ચાંગ–કાઇ–શેકનું પંડિત જવાહિરલાલ અને ગાંધીજીને મળવું એની અગત્ય ભાવીની દૃષ્ટિએ ઘણા મહત્વની છે. ચાંગ કાંઇ–શેક ચીની પ્રજાનો આત્મા છે એ વિષે બેમત છે જ નહિં. ગાંધીજી અને જવાહિરલાલ હિંદી પ્રજાના ઇષ્ટ દેવતાઓ છે એ પણ એટલીજ શંકા વગરની હકીકત છે. આવા ભવ્ય પુરૂષોનું આટલું સદ્‌ભાવ ભર્યું મીલન આઝાદ ચીન અને આઝાદ હિંદના ભાવી મૈત્રી અને તે દ્વારા નિષ્પન્ન થનાર સમસ્ત વિશ્વના કલ્યાણકારી નવવિધાનની આગાહી આપે છે. કલકત્તામાં બે મોટા રાષ્ટ્રના ભાગ્યવિધાતાઓ ગાંધીજી અને ચાંગ–કાઇ–શેક બીરલા પાર્કમાં મળ્યા અને કલાકના કલાક સુધી વાતો કરી–ઉત્તર રામ ચરિતમાં રામ અને સીતાનો પ્રસંગ વર્ણવતાં કવિ ભવભૂતિ કહે છે કે 'રાત્રી પુરી થઇ પણ તેમની વાતો પુરી ન થઇ' એ રીતે નાગપુર મેલ ઉપડવાની ઘડિએ એ બે મહાપુરૂષોને અધુરા વાર્તાલાપે છુટા પાડયા. એ બન્ને વચ્ચે શું શું મંત્રણાઓ થઇ હશે તેની તો આપણા જેવાઓએ કલ્પના જ કરવી રહી. પણ જરૂર તેમની સમક્ષ આ વિશાળ ધરતી ઉપર વસતી દલિત અને શોષિત પ્રજાના અનેક પ્રશ્નો પડયા હતા–હિંસાની ચુડમાં ફસાયલી વિશ્વજનતાની મુક્તિનો પ્રશ્ન પણ ઉકેલ માંગી રહ્યો હતો–સમીપ આવેલા જાપાનીઝ આક્રમણનો સામનો પ્રજાએ શી રીતે કરવો એ સમસ્યા વિચારવિનિમયની અપક્ષા રાખતી હતી, હિંસા વિરૂદ્ધ અહિંસા, મુડીવાદ વિરૂદ્ધ સામ્યવાદ, યંત્રોત્પાદન વિરૂદ્ધ ગ્રામોદ્યોગ–આવા અનેક પ્રશ્નો આ બે રાષ્ટ્રવિધાયકોની ચર્ચાના વિષયો થઇ પડયા હશે. જ્યારે દુનિયાની તે પશુબળ તે પ્રમત્ત શક્તિઓ સંહાર યોજનાઓનો અમલ કરવામાં રોકાયલી છે ત્યારે આ બે વિભૂતિઓએ કેવળ વિશ્વકલ્યાણની કથાઓ ચિન્તવી હશે! એ બન્નેનું મીલન નિરખતા દેવોએ મંગળ આશીર્વાદ વરસાવ્યા હશે અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી હશે! આ મંગળ મીલનથી દરેક હિંદીનું હૃદય હર્ષપુલકિત બન્યું છે અને વિશિષ્ટ ગૌરવને અનુભવતું થયું છે. ચાંગ–કાઇ–શેકનો આ પ્રવાસ અને ગાંધીજી સાથેનું મીલન આજે ઘડાતા ઇતિહાસનું જરૂર એક મોટું સીમાચિહ્‌ન લેખાશે.

## 'હું મરૂં, પણ તને રાંડ કરૂં!'

આવી અશિષ્ટ કહેવત અહિં રજુ કરવા માટે 'પ્રબુધ્ધ જૈન' ના વાંચકો મને માફ કરશે. ચાંગ–કાઇ–શેકે હિંદુસ્તાન છોડતાં હિંદી પ્રજાને જે વિદાય સંદેશ આપ્યો છે તેમાં તેમણે સાથે સાથે અંગ્રેજ સરકારને હિંદી પ્રજાની સંયુકત માંગણીની રાહ ન જોતાં સાચી રાજકીય સત્તા (Real political power) હિંદુસ્તાનને આપવા આગ્રહપૂર્વક ભલામણ કરી. આ ભલામણ વાંચીને મોસ્લેમ લીગના સરમુખત્યાર ઝીણા મીયાં છેડાઇ પડયા છે અને હિંદી પ્રજાને સાચી રાજકીય સત્તા આપવાનું કહેનાર ચાંગ-કાઇ-શેક તે કોણ એવી મતલબનું તેમણે તુરતાતુરત એક તુમાખી નિવેદન બહાર પાડયું છે. પાંચ પંદર દીવસ હિંદુસ્થાનમાં ફર્યા હર્યા અને બે પાંચ માણસોને મળ્યા કર્યા, એટલામાં ચાંગ-કાઇ–શેકને હિંદુસ્થાનની પરિસ્થિતિની ખબર શું પડે? અને આવી કાચી ખબર ઉપર હિંદુસ્થાનને સાચી રાજકીય સત્તા આપવાનું કહી દેવું એ ચાંગ-કાઇ-શેક જેવા માણસને જરા પણ શોભતું નહોતું ઇત્યાદિ અનેક આક્ષેપો તે નિવેદનમાં કરવામાં આવ્યા છે. જયારે કોઇ પણ જાણીતી વ્યકિત હિંદુસ્થાનને સ્વતંત્ર બનાવવાની–આઝાદ કરવાની-વાત કરે છે ત્યારે ઝીણા મીયાં આવીજ રીતે ફફડી ઉઠે છે અને તેમની નજરમાં હિંદુસ્થાન એક દેશ નથી, પણ અનેક પ્રજાઓનો બનેલો ખંડ છે, મુસલમાનો તેમાંની એક સ્વતંત્ર વ્યકિતત્વવાળી પ્રજા છે અને પાકીસ્તાન એટલે કે હિંદુસ્થાનના કોમી ધોરણે ટુકડા એજ હિંદુસ્થાનના ઉધ્ધારની સાચી યોજના છે. એ ન સ્વીકારે એ દરેક વ્યકિત કાં તો બેવકુફ છે અથવા તો દુષ્ટ છે. લોર્ડ એમેરી એનો ઇષ્ટ દેવતા છે કારણ કે બન્નેનું ધ્રુવપદ એક જ છે. હિંદ એક બને નહિં અને હિંદને સ્વરાજ્ય મળે નહિં. હિંદ ઉપર અંગ્રેજી સત્તા સદાને માટે કાયમ રહે તેનો તેમને વાંધો નથી; તેના સ્થાને કોઇ બીજી સત્તા આવીને બેસે તો પણ તેમને વાંધો નથી; પણ એક અને અવિભાજ્ય સ્વાધીન હિંદની કલ્પના તેમના માટે અસહ્ય છે. આ વળણમાં અને 'હું મરૂં, પણ તને રાંડ કરૂં' એ વલણમાં મહત્વનો કશોજ ફરક નથી. ઝીણા મીયાંને આજ એવો એક ભય પજવી રહેલો લાગે છે કે આજના વિશ્વવ્યાપી વિગ્રહમાં ફસાયલી અને અણધારી આફતોથી મુંઝાયલી અંગ્રેજ સરકાર રખેને હિંદુસ્થાનને આઝાદ બનાવી દે અને એ આઝાદીને હિંદુસ્થાન એક મતે વધાવી લે તો પોતાના પાકીસ્તાનનું શું થાય અને તેથી જ તેઓ વારે અને કવારે બુમ પાડયા કરે છે કે મોસ્લેમ લીગને સંમત ન હોય એવી કોઇ પણ જાહેરાત અંગ્રેજ સરકાર ન કરે અને સાથે સાથે ધમકી આપ્યા કરે છે કે આવી કોઇ પણ જાહેરાત કરવામાં આવશે તો કદિ ન ઉતરેલી એવી આ દેશ ઉપર કોમી આફત ઉતરી આવશે અને તેની સર્વ જવાબદારી એવી જાહેરાત કરનાર અને તેને સ્વીકારનાર વર્ગો ઉપર રહેશે.

(અનુસંધાન પૃષ્ટ ૨૦૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુધ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

માર્ચ ૧ ૧૯૪૨


## ક્યાં જવું—શું કરવું ?

જે જાપાનને તો ઘડીના છઠ્ઠા ભાગમાં પરાસ્ત કરી શકાશે એમ ધારેલું એ જાપાને તો ગજબ કરવા માંડ્યો છે. જોતજોતામા તેણે ફીલીપાઇનના ટાપુઓ, સીઆમ, અને મલાયા સર કર્યા છે; સુમાત્રા, જાવા અને બર્મા ઉપર તેનો કાળકરાલ પંજો ફરી વળ્યો છે, ઓસ્ટ્રેલીઆ ઉપર હવાઇ આક્રમણો શરૂ થયાં છે અને હિંદુસ્થાન ઉપર ગમે ત્યારે જાપાનીઝ હવાઇ તેમજ દરિઆઇ હુમલાઓની શરૂઆત થાય એવી દહેશત રાજા તેમજ પ્રજાના માનસને ઘેરી રહી છે. કલકત્તા, મદ્રાસ, મુંબઇ, કરાંચી જેવા મોટા આયાત નિકાસ કરનારાં મથકો ઉપર આ જોખમ વધારે મોટા પ્રમાણમાં ઝઝુમે છે અને તેથી તે તે મથકોમાં વસતા પ્રજાજનો ભયભીત બનીને દેશની અંદરના ભાગો તરફ નાગનાશ કરી રહ્યા છે. સીંગાપુર પૂર્વપ્રદેશોમાં બ્રીટીશ શહેનશાહતનું મોટામાં મોટું થાણું હતું. તે આજ સુધી અજેય ગણાતું હતું. તેની ઉપર દરીઆ બાજુએથી જ હલ્લો આવશે એમ ધારીને તે બાજુને અસાધારણ રીતે સુરક્ષિત કરવામાં આવી હતી. આ બાબતમાં અંગ્રેજોની ગણતરી ખોટી પડી અને ઉત્તરેથી આવતા અદમ્ય જાપાનીઝ સૈન્ય સામે સીંગાપુર એક મહીનો પણ ટક્કર ઝીલી ન શક્યું. આજે રંગુન ઉપર જાપાનીઝ મારો ચાલી રહ્યો છે અને તેનું પરિણામ શું આવશે તે કહી શકાય નહિ; પણ ત્યાંની પરિસ્થિતિ બહુ ચિન્તાજનક છે એમ તો સૌ કોઇને લાગે છે. તે બન્ને બાજુથી ભાગી છુટેલા અને અહિં આવી પહોંચેલા હિંદીઓની વીતક કથાઓએ લોકોની દહેશતમાં ખૂબ વધારો કર્યો છે. ઘણાની માન્યતા એવી છે કે જાપાન હજુ પૂર્વ પ્રદેશો સર કરવામાં અને પોતાની હકુમત પાકે પાયે સ્થાપિત કરવામાં ઠીક ઠીક સમય લેશે. વળી એમ પણ ધારવામાં આવે છે કે જાપાનનું વલણ હાલ ઓસ્ટ્રેલીઆ તરફ વધારે છે અને બર્માથી માંડીને ઓસ્ટ્રેલીઆ સુધી પોતાની સહીસલામતી પાકી કર્યા પહેલા જાપાન હિંદ તરફ નહિ આવે. આમ છતાં પણ હિંદી મહાસાગર અથવા તો બંગાળાનો ઉપસાગર તદ્દન સહીસલામત ગણાતો નથી અને છુટાછવાયા હુમલાની કે હિંદુસ્તાનના વિસ્તીર્ણ સમુદ્રતટના કોઇ પણ ખુણે જાપાનીઝ સૈન્ય ઉતરી આવવાની શક્યતા સરકારના લશ્કરી અધિકારીઓ જાહેર કરે છે. આને લીધે આખા દેશમાં એક પ્રકારના ભય અને ક્ષોભનું આન્દોલન ફેલાઇ રહ્યું છે.

આ ભય કે જોખમથી બચવા માટે નાનાં શહેરો કે ગામડાના લોકોને પણ શાન્તિ કે નિરાંત નથી. 'ગામ છોડી વનમાં ચાલ્યા, વનમાં લાગી આગ,' આવી જ કાંઇક સ્થિતિ ચોતરફ પ્રવર્તતી ભાસે છે. ચોરી, લુંટફાટ, ધાડના બનાવો વધારેને વધારે બનતા ચાલ્યા છે. અશાન્તિ એ ચોર લુટારૂઓનો અવસર છે. આજનો અંધારપટ ( Black-out ) તેમને ખૂબ સગવડ આપી રહેલ છે. મોંઘવારી અને ભૂખમરો પણ આડકતરી રીતે આ વૃત્તિને ઉત્તેજન આપે છે.

આ પરિસ્થિતિમાં લોકોએ શું કરવું, કેમ વર્તવું એ પ્રશ્ન પુરી વિચારણા માંગે છે. અલબત આજે લડાઇ આપણે આંગણે આવીને ઉભી છે એમાં કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ. તેથી માથે જોખમ તો છે જ. પણ એ જોખમીપણું ભયાક્રાન્ત બનીને જ્યાં ત્યાં ભાગવાથી ઘટનાનું નથી. ઉલટું ભય વાસ્તવિક જોખમને ખૂબ વધારે છે. તેથી ભય અને ક્ષોભથી મનને બને તેટલું મુક્ત રાખવું જોઇએ. મૃત્યુ કોઇ કાળે નિશ્ચિત છે; અશાન્તિનો આભ ફાટે ત્યાં માલમીલ્કત પોતાની બચાવી બચવાના નથી. આ રીતે વિચારી વિચારીને મનને ભયમુક્ત કરવું ઘટે છે.

આજે લડાઇની દૃષ્ટિએ અમુક સ્થાનકો વધારે જોખમવાળાં ગણાય છે. ત્યાંથી સ્ત્રી બાળકોને ઓછાં જોખમી સ્થળે લઇ જવામાં આવે તેમાં કશું અયોગ્ય નથી પણ તેમાંય તે જે ગભરાટ અને પડાપડી જોવામાં આવે છે તે યોગ્ય નથી. આવે વખતે ધીરજ અને શાન્તિની પુરી જરૂર છે. આ તો બહુ જ જોખમી ગણાતા હિંદુસ્થાનનાં બે પાંચ મથકોનો વિચાર થયો. બાકી તો જેઓ જ્યાં હોય ત્યાં તેમણે હિંમતપૂર્વક સ્થિર થઇને રહેવું એજ યોગ્ય છે. એક સ્થળેથી બીજે સ્થળે અને ત્યાંથી ત્રીજે સ્થળે ભાગનાશ કરનારને ભય કદિ છોડવાનો નથી. આવા લોકો ભય અને જોખમ ઉભયને આમંત્રણ આપે છે અને સાચું મૃત્યુ આવ્યા પહેલાં અનેકવાર મૃત્યુના ભોગ બને છે.

બીજું આજે બહારના આક્રમણ સાથે અંદરના અરાજક તત્વોનું જોખમ વધ્યું છે તેમજ વધવાનું છે. આ બન્ને જોખમને પહોંચી વળવા માટે આપણાથી બનતું કરી છૂટવું એ આપણો મુખ્ય ધર્મ બને છે. બહારના જોખમમાંથી બચવામાં કશું સક્રિય કરવા સામે અનેક પ્રકારની આપણને મર્યાદાઓ છે. તેથી તે દિશાએ તો જ્યારે હવાઇ હુમલા જેવા બનાવો બને ત્યારે કેમ ઓછું નુકસાન થાય અને ત્યારબાદ લોકોને કેમ રાહત પહોંચાડાય તે દિશાએ આજે સરકાર તેમજ કોંગ્રેસ તરફથી અનેક યોજનાઓ વિચારાઇ તેમજ યોજાઇ રહી છે. તેમાં બનતો સહકાર આપવો એ આપણ સર્વનું ખાસ કર્તવ્ય બને છે. અંદરની અરાજકતા સામે આપણને સરકાર જોઇતું રક્ષણ આપશે એવી આશાએ સુઇ રહેવું યોગ્ય નથી. સરકારની રક્ષણ આપવાની તાકાતની પણ મર્યાદા છે. આજે તો આપણે જ આપણા રક્ષણનો વિચાર કરવાનો છે. પોતપોતાના ગામ અને શહેરની ચોકીનો બોજો પોતે જ માથે ઉપાડવાનો છે. આમાં જેટલો પ્રમાદ સેવવામાં આવશે તેનું પ્રાયશ્ચિત આપણે જ કરવાનું રહેશે. આ કાર્ય ગામ ગામના અને શહેર શહેરના યુવાનોનું છે. આ કાર્ય ગરીબ અને પૈસાદારે એકત્ર થઇને કરવાનું છે.

ત્રીજું આજે મધ્યમ તેમજ નીચેના વર્ગોનો જીવનવ્યવહાર અતિશય કઠણ બની ગયો છે. ચીજોની મોંઘવારી પાર વિનાની છે. ટુંકી કમાણીમાં માણસ ખાય શું અને પહેરે શું? આવે વખતે સાધન સંપન્ન માણસોએ પોતાની સંપત્તિ છુટે હાથે વેરવાની જરૂર છે. જ્યાં ત્યાં સસ્તા અનાજની તેમજ કાપડની દુકાનો ખોલવાની આવશ્યકતા છે. અનાજનો ભુખમરો કાં તો માણસને આપઘાત કરાવે છે અથવા તો ચોરી કરવાને પ્રેરે છે. આ બન્ને બાબતો સમાજસ્વાસ્થ્યનો મૂળમાંથી નાશ કરે છે. તેથી લોકો ભુખમરાથી અકળાઇને આડે માર્ગે ન જાય એ જોવાની જવાબદારી સમજુ માણસોની અને શ્રીમાનોની છે.

શ્રીમાનો આજ સુધી ખૂબ કમાયાં અને ખૂબ માણ્યા, આજે કમાવાનુંયે નથી અને માણવાનુંયે નથી: આજે તો પોતાનાં ગરીબ ભાઇભાંડુ અને પાડોસીઓને ખવરાવીને ખાવાનો અવસર આવ્યો છે. જે શ્રીમાન આમ કરશે તેની શ્રીમન્તાઇ અમર રહેવાની છે. બાકીનાની શ્રીમન્તાઇ ઉપર કાળના લેખ લખાઇ ગયા છે.

જે રચનાત્મક કાર્ય ઉપર રાષ્ટ્રીય મહાસભા ભાર મૂકતી આવી છે તેનો અમલ આજે તો ખરેખર ભીડભંજક છે. કારણ કે અનાજ કાપડ મફત આપ્યે તો આપણે કદિ પહોંચી શકીએ તેમ છે જ નહિ. સસ્તુ આપો પણ તે ખરીદવાને લોકો પૈસા ક્યાંથી લાવશે? લોકોની ઉત્પાદન શક્તિને વધારવી એ જ લોકરાહતનો સાચો માર્ગ છે અને એ માટે આજે ગ્રામોદ્યોગ તરફ વળ્યા સિવાય આપણા માટે બીજો કોઇ રસ્તો જ નથી. મોટાં કારખાનાંઓ આજે જોખમમાં છે. નવા ઉભાં થઇ શકે તેમ છે જ નહિં. ગ્રામોદ્યોગનો આશ્રય લીધા સિવાય કેટલીક પ્રાથમિક જરૂરીયાતોની ચીજો પણ મળવાનું મુશ્કેલ બનવાનું છે. જે ગામ યા શહેરમાં જે જે ગ્રામોદ્યોગો ઉભા થવા શકય હોય તેને ઉભા કરવા અને સુતા હોય તેને જગાડવા અને એ રીતે ગરીબોને કામ આપવું અને રોટલો આપવો. આ જ આજે આપણા અસ્તિત્વને ટકાવવાનો સાચો અને સંગીન ઉપાય છે.

આજે અનેક સંપત્તિમાન ગૃહસ્થો મોટાં શહેરો છોડીને પોતપોતાને વતન જઇને વસ્યા છે. અનેક મધ્યમ સ્થિતિના માણસોએ સહકુટુંબ સ્થાનાન્તર કર્યાં છે. તેઓ જ્યાં જ્યાં વસી રહ્યા હોય ત્યાં ત્યાં લોકકલ્યાણ અને લોકરાહતની આવી અનેક પ્રવૃત્તિઓમાં સામેલ થાય અને એ રીતે આવી ભીડના વખતે જે સ્થળે તેમને આશ્રય આપ્યો તે સ્થળમાં તેમનું આગમન આશીર્વાદરૂપ બને એવી અપેક્ષા જરા પણ વધારે પડતી ન ગણાય.

**પરમાનંદ.**

---

## કેટલાક સમાચાર અને નોંધ

પૃષ્ટ ૨૦૩ થી ચાલુ

તેમની પાસે તો બે જ વિકલ્પ છે કાં તો પાકીસ્તાન અને નહિ તો ગુલામ હિંદ. એક વખતનો પ્રખર રાષ્ટ્રવાદી આજે કેવી વિકૃત મનોદશાનો ભોગ બની રહેલ છે? હિંદના કમનસીબની આ પરાકાષ્ઠા છે.

### જૈન સ્વયંસેવક મંડળનો વાર્ષિક ઉત્સવ

થોડા દિવસ પહેલાં મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે ચાર વર્ષના લાંબા ગાળે 'વન્દેમાતરમ્' ના તંત્રી શ્રી સામળદાસ ગાંધીના પ્રમુખપણાનીએ તા. ૮-૨-૪૨ ના રોજ પોતાનો વાર્ષિક ઉત્સવ ઉજવ્યો. આ પ્રસંગે અંગકસરતના પ્રયોગો, આસનો, કવાયત, ધનુર્વિદ્યાના પ્રયોગો તેમજ શ્રી-શકુન્તલા કન્યાશાળાની બાલાઓના ગરબાઓ રજુ કરવામાં આવ્યા હતા, મંડળની કાર્યવાહીની કદર કરતાં અનેક વિવેચનો થયા હતા. લાલબાગના ટ્રસ્ટીઓએ મંડળના વ્યાયામશાળાના ઉપયોગમાં આવતી જગ્યા લઇ લીધા બાદ વ્યાયામશાળાની પ્રવૃત્તિ અટકી પડી હતી. હમણાં હમણાંમાં મંડળ વ્યાયામશાળા તેમજ બેંડ ચલાવવા માટે યોગ્ય જગ્યા મેળવવા ભાગ્યશાળી થયું છે, એટલું જ નહિ પણ સ્વ. શેઠ જીવણચંદ કેશરીચંદના પુત્ર શ્રી. ધીરજલાલે વ્યાયામશાળાના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે દર વર્ષે રૂ. ૫૦૦) ની મદદ આપવાનું જાહેર કર્યું છે. આના પરિણામે જેની જૈન સમાજને ખુબ જ જરૂર છે તે વ્યાયામશાળા પુરી સાધન સામગ્રી સાથે બહુ થોડા સમયમાં ચાલુ થઇ જશે એવી આશા રાખવામાં આવે છે.

### લેડી લક્ષ્મીબાઇ જગમોહનદાસને અભિનંદન.

મુંબઇની જનતાની સેવા કરતી સ્ત્રી કાર્યકર્તાઓમાં લેડી લક્ષ્મીબાઇ જગમોહનદાસ જુનાં અને જાણીતાં બહેન છે. તેમણે જીવનભર અનેક સ્ત્રી સંસ્થાઓની સેવા કરી છે. મુંબઇમાં જાણીતી પ્રમુખ સ્ત્રી સંસ્થાઓ બે છે. એક ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ, બીજી ભગિની સમાજ. છેલ્લાં કેટલાય વર્ષોથી ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળના લેડી લક્ષ્મીબાઇ પ્રમુખ હતાં. આજે વૃધ્ધાવસ્થાના કારણે સર્વ જાહેર સંસ્થાઓના અધિકારપદની જવાબદારીથી તેઓ છુટા થાય છે. તે પ્રસંગે મુંબઇની જુદી જુદી ૩૧ સ્ત્રી સંસ્થાઓએ એકત્ર થઇને તા. ૧૨-૨-૪૨ ના રોજ શ્રીમતી પ્રેમલાલા બહેન ઠાકરશીના પ્રમુખપણા નીચે લેડી લક્ષ્મીબાઇને માનપત્ર આપવાનો એક ભવ્ય મેળાવડો યોજ્યો હતો. લેડી લક્ષ્મીબાઇએ અનેકવિધ સેવાઓ આપીને હિંદુ સ્ત્રી સમાજના ગૌરવમાં ખરેખર વધારો કર્યો છે અને તે માટે તેમનું જેટલું સન્માન કરવામાં આવે તેટલું ઓછું છે. માનપત્રનો ઉત્તર આપતાં તેમણે રજુ કરેલા નીચેના ઉદ્દગારો ખરેખર મનનીય છે:—

"આપણી સંસ્થાઓ માટે વધુ વિચાર કરતાં હજુ યે તે પ્રાથમિક શ્રેણીમાં હોય તેમ મને લાગે છે. આપના દેશની સ્ત્રી-શક્તિનો ઉપયોગ રાષ્ટ્રોદ્ધાર માટે કેવી રીતે થાય અને સમાજ કેમ ઉન્નત બને તેવાં ધોરણો હજુ પ્રાપ્ત થયાં નથી; કારણ કે એ શક્તિને સોળે કળાએ ખીલવવા આપણને હજુ સાનુકૂળતા સાંપડી નથી. આપણે જો સ્ત્રી-જાતિના આર્થિક સ્વાતંત્ર્ય માટે ઝંખીએ અને તેના શરીરવિકાસને ભૂલી જઇએ, આપણે તેના ઉચ્ચ શિક્ષણની ચર્ચા કરીએ અને અક્ષરજ્ઞાનની અપૂર્ણતાનો ખ્યાલ ન કરીએ, આપણે પુનર્લગ્ન અને છુટાછેડાના સવાલોનાં સમર્થન કરીએ અને વિધવાની પરિસ્થિતિ સુધારવાના માર્ગો ન શોધીએ તો પ્રગતિ અને પીછેહઠના કાર્યક્રમનો અંત ન આવે. આવા અનેક પ્રશ્નો છે જેનો વ્યવહાર બુદ્ધિથી ઉકેલ લાવી સમસ્ત સમાજને સાથે દોરી શકીએ. આ રીતે કામ કરવાની ઇચ્છા હોય તો આપણે આપણી ત્યજાયેલ ગ્રામજનતા અને પછાત ગણાતા સમાજને સહાનુભૂતિમાં લઇ આગળ વધવા તત્પર થવું જોઇએ. થોડી ઘણી સ્વતંત્ર બનેલ સ્ત્રીઓથી સમસ્ત દેશનું સ્ત્રીધન સમૃદ્ધ નથી. આપણે તો આખાયે સમાજની સુધારવા મહાન પ્રયાસો, મહાન યોજનાઓ, અને મહાન સંસ્થાઓ દ્વારા સામુદાયિક કાર્યો કરવાં જરૂરી છે. સ્ત્રીજાતિના ઉદ્ધારના એ રચનાત્મક કાર્યમાં કોઇ અભણ ન રહી જાય, કોઇ પરાવલંબી ન રહી જાય, કોઇ નિરૂદ્યમી ન રહી જાય, કોઇ રાષ્ટ્રભાવનાથી પર ન રહી જાય, કોઇ વૈદ્યકીય વિજ્ઞાનથી પરાઙમુખ ન રહી જાય, કોઇ નાહિમ્મત કે ભીરૂ ન રહી જાય તેવા માર્ગો લેવા જોઇએ. આજે આપણી સંસ્થાઓ દ્વારા ચાલતા વર્ગોથી સંતોષ માની બેસી રહેવાય તેમ નથી. જે કામ થાય છે તે પ્રમાણમાં નજીવું છે. આપણે પ્રચારિકાઓ પેદા કરી દેશના ગામડે-ગામડે શિક્ષણ, હુન્નર ઉદ્યોગ, ગૃહવિજ્ઞાન માટે પ્રચાર કરી દેવો જોઇએ: અને તે રીતે સમાજના પ્રચલિત સડાઓનો પણ નાશ કરવો જોઇએ. આ માટે આપણે દેશવ્યાપી યોજનાઓ હાથ ધરવી જોઇએ."

પરમાત્મા હજુ પણ લેડી લક્ષ્મીબાઇને ચિરાયુષ્ય આપીને તેમજ તન્દુરસ્ત રાખીને તેમની હાથે અનેક સેવાકાર્યો કરાવે!

**પરમાનંદ.**

## "જૈન મુનિઓ! હવે તો હદ થાય છે!"

ઉપરના લખાણથી "ફુલછાબ" ના તા. ૧૩-૨-૪૨ ના અંકમાં શિષ્યો બનાવવા માટે જે હાથમાં આવ્યા તે છોકરાઓને ભગાડવા-સંતાડવાના કેટલાક કીસ્સાઓ પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાં એક મુંબઇ બાજુએજ તાજેતરમાં બનેલા બનાવનો ઉલ્લેખ છે. તેની વિગતો નીચે મુજબ છે:—

"મુનિશ્રી મેરૂવિજયજી કે જેઓ શ્રી ભદ્રસૂરી રાંધણપુરવાળાના સાથના છે તેમને પુના લશ્કર ભોપાળ ચોકમાં રહેતા મારવાડી જીવરાજજીના અગીયાર વર્ષના છોકરા બખતાવરમલને મલાડમાં રાજમલ જોરાવરમલને ત્યાં સંતાડેલો. એ છોકરાને મલાડમાં એક મુસલમાન કડીયાને ત્યાં તા. ૨૯-૧-૪૨ પહેલાં ત્રણ દિવસથી રાખવામાં આવેલો, પણ આ વાતની એ છોકરાનાં સગાંઓને મુંબઇમાં ખબર પડતાં મારવાડી પંચ શંભુજી, પોખરાજજી, ચુનીલાલ ઉમેદમલ, સુરજમલ રૂપચંદ તથા પોખરાજ (રતનચંદ વનેચંદવાળા) મલાડ મુકામે મારવાડી રાજમલને ત્યાં આવ્યા અને છોકરાને આપવા સારૂ ઘણી વિનવણી અને સમજાવટ કર્યા છતાં તેણે કહ્યું કે "મને તો મેરૂવિજય મહારાજે તે છોકરો સંભાળવા આપ્યો છે તો તેમનેજ હું આપીશ". આવી વાટાઘાટમાં વખત કાઢીને તે છોકરાને પેલા મુસલમાન કડીઆ સાથે ટ્રેનમાં ભાયંદર મોકલી આપ્યો. પણ ત્યાં ગયેલા મારવાડીઓને તેની યુક્તિની ખબર પડતાં તેઓ પણ ભાયંદર જવા એજ ટ્રેનમાં ચઢી બેઠાં અને ભાયંદરના સ્ટેશને પોલીસ પાસે તે છોકરાને અને મુસલમાનને પકડાવ્યા. તેઓ બધા મલાડ આવ્યા. તે છોકરાના બાપને પૂનાથી તાર કરીને બોલાવ્યો. બીજે દિવસે છોકરાનો બાપ આવ્યો. પોલીસે પંચ સમક્ષ ખૂબ તપાસ કરી તે છોકરો તેના બાપને સ્વાધીન કર્યો. બાપ દીકરાને લઇને પૂના ગયો છે અને મુનિશ્રી મેરૂવિજયજી તે છોકરાને શિષ્ય બનાવવાના અને તેની પાસે ઘડપણમાં ચાકરી કરાવવાનો મોહ સેવતા હતા એ સ્વપ્ના હવામાં ઉડી ગયાં છે."

## મુંબઇ સમાચારમાં હીરાબાગની સભાનો અહેવાલ.

તા. ૧૪-૨-૪૨ ના 'મુંબઇ સમાચાર'માં હીરાબાગ ખાતે મળેલી જૈનોની જાહેર સભાનો જે વૃત્તાન્ત પ્રગટ થયો છે તે વાંચીને ખરેખર આશ્ચર્ય થાય તેવું છે. તેમાં જુદા જુદા વકતાઓ શું શું બોલ્યા તેની જે વિગતો પ્રગટ થઇ છે તેમાંની કેટલીક ખોટી અને કેટલીક ગેરસમજુતી ઉભી કરે તેવી છે. તે ખાતર 'પ્રબુધ્ધ જૈન'ના છેલ્લા અંકમાં તે સભાની પ્રમાણભૂત વિગતો આપવાની ખાસ જરૂર ઉભી થઇ હતી. 'શ્રાવકોના પૈસાનો ધુમાડો' એ મથાળાથી પ્રગટ થયેલા મુંબઇ સમાચારના અહેવાલે પણ આવી જ એક ગેરસમજુતી ઉભી કરી હતી. જ્યારે આ બાબતનો ખુલાસો અને પ્રમાણભૂત હકીકતો બહાર પાડવામાં આવે છે ત્યારે સામાન્ય જનતામાંથી કેટલાક એવો ખ્યાલ લે છે કે તેઓ બોલ્યા હશે પહેલાના અહેવાલોમાં જણાવ્યું છે તેવું અને આ તો બધું પાછળથી ફેરવી તોળવાની રીત. જૈન સમાજ આ બાબતમાં બરોબર સમજી લે કે આ રીત અમારી નથી. જે કોઇ જૈન યુવક જે કાંઇ બોલે છે તે સમજી વિચારીને બોલે છે અને તેમાંના પ્રત્યેક શબ્દને તે વળગી રહે છે. તેના બોલેલા શબ્દો એજ સ્વરૂપે પ્રગટ થાય તેમાં તેને લેશ માત્ર ખુલાસો કરવાનું કે ફેરવી તોળવાપણું કદિ હોય જ નહિ. આ તો જ્યારે એક જણના બોલેલા વાકયો બીજાના મોંમાં દાખલ કરવામાં આવે અથવા તો પોતે બોલેલ જ ન હોય એવા કટુતાપ્રેરક ઉદ્દગારો કોઇના ઉપર ઠોકી બેસાડવામાં આવે ત્યારે સત્યની ખાતર પણ બનેલી હકીકત યથાસ્વરૂપે બહાર પાડવી જ રહી. પોતાની પત્રનીતિ ગમે તેવી હોય તે સામે અમને વાંધો નથી, પણ જૈન પ્રશ્નો સંબંધમાં બનતી હકીકતો સત્ય આકારમાં રજુ કરવાની વધારે કાળજી અને ચીવટ રાખવા 'મુંબઇ સમાચાર'ના તંત્રી મંડળને અમારી વિનંતિ છે. આ વિનંતિ 'મુંબઇ સમાચાર'ને ઉદ્દેશીને એટલા માટે છે કે તેમનું પત્ર જૈન પ્રશ્નોની ચર્ચાને બીજા દૈનિક પત્રો કરતાં વધારે અવકાશ આપતું આવ્યું છે અને આ બાબતમાં તેની પુરતી કાળજીના અભાવે જૈન સમાજને ઘણી વખત બહુ જ નુકસાન થયું છે. **તંત્રી, 'પ્રબુદ્ધ જૈન'**

## ભિક્ષુ અખંડાનંદ

સ્વ. ભિક્ષુ અખંડાનંદ વિષે 'હરિજનબંધુ'માં લખતાં શ્રી. મહાદેવ હરિભાઈ દેસાઇ જણાવે છે કે:-

"સુરતના જાણીતા કાર્યકર્તા સ્વ. દયાળજીભાઇ માફક અધુરૂં રહી ગયેલું જીવન ભિક્ષુ અખંડાનંદજીનું નહોતું. એમણે તો એમના જીવનના કાર્યની મર્યાદા ૩૦-૩૨ વર્ષ ઉપર બાંધી દીધી હતી, અને અવિશ્રાન્ત પરિશ્રમથી અને મુંગે મોઢે એ કાર્યને તેઓ કર્યે ગયા. એમણે જોયું કે ગુજરાતમાં જે સાહિત્ય ઉત્પન્ન થાય છે તે લોકભોગ્ય નથી, અને તેથી જ તે લોકહિતકારી પણ નથી. ૩૦ વર્ષ ઉપર એ જોઇ ગયા કે લોકોમાં જીવન આણવું હોય, જાગૃતિ આણવી હોય, તો તેમને રૂચે એવું, તેમનાથી પચાવી શકાય એવું, તેઓ સહેજે કોઇની પણ મદદ વિના સમજે એવું સાહિત્ય તેમના માટે તૈયાર કરવું જોઇએ. આને માટે તે સ્થળે સ્થળે ભટકયા, અનેક જુવાનોને ખોળી કાઢી તેમની પાસે કામ લેવા લાગ્યા, અનેક ભાષાઓમાં લોકભોગ્ય થયેલા ગ્રંથોની શોધ કરી, અને તેમને ગુજરાતીમાં ઉતરાવવા લાગ્યા, અને પરિણામે એમણે ગુજરાતના હજારો સામાન્ય જનોને વાંચતા કરી મૂકયા.

ભિક્ષુ અખંડાનંદજી હતા તો સંન્યાસી, પણ એમણે નિષ્કામ કર્મનો સંન્યાસ કદી કર્યો નહોતો, પણ સકામ કર્મનો સંન્યાસ સંપૂર્ણ રીતે કર્યો હતો. એમના પરિશ્રમે 'સસ્તું સાહિત્ય' એ ગુજરાતના ઘરેઘરમાં પરિચિત શબ્દ થઇ પડયો છે. ઘણું ખરૂં, અભણ મનાતા અને મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા એવા ઘણાં જણોના ઘરમાં એમના પ્રસિદ્ધ કરેલા સ્વામી રામતીર્થના, સ્વામી વિવેકાનંદના ગ્રંથો, તુકારામની વાણી, રામાયણ, ભાગવત આદિ ગ્રંથો મળી આવે છે, અને સૌ તેને રસપૂર્વક વાંચે છે. એમનાં બધાં પ્રકાશનો સાહિત્યની દૃષ્ટિએ નિર્દોષ નથી, એમાં સુધારાને ઘણો અવકાશ છે, છતાં સ્વામીજી જે કામ કરી ગયા છે તે મહાભારત કાર્ય છે એ વિષે શંકા નથી. 'તેલ જુઓ, તેલની ધાર જુઓ' એવી વૃત્તિથી કામ કરવાની સ્વામીજીની ટેવ ન હતી. અમુક પુસ્તક તો સરસ નથી થયું, હજી એને માટે એ પાંચ વર્ષસુધી રાહ જોઇશું એ વૃત્તિ એમની ન હતી. એમને તો એ હતું કે મનુષ્યજીવન પરિમિત છે, કાચું, પાકું, પુરૂં કે અધુરૂં ઇશ્વર આપણા હાથે જે પીરસાવે તે સમાજને માટે પીરસી જવું. આ વિચારના લાભ અલાભ દેખીતા છે, પણ સ્વામીજી ગુજરાતની અલ્પાક્ષર જનતાની પુષ્કળ સેવા કરી ગયા છે અને ગુજરાતને એક મોટી સંસ્થાનો વારસો આપી ગયા છે એ વિષે શંકા નથી.

કેટલાક સમયથી તેઓ લકવાથી પીડાતા હતા. બોલવું, ચાલવું, લખવું એ બધું કષ્ટમય થઇ ગયું હતું, છતાંયે અપંગ દશામાં પોતે નડિયાદથી અમદાવાદ આવતા. છેવટના દિવસોમાં તો એ જીવન એટલું કષ્ટમય બન્યું હતું કે તેમણે જરૂર ઇશ્વર પાસે મુક્તિ ઇચ્છી હશે. પણ એમનું પ્રવૃતિમય જીવન જે કેટલાક સમય થયાં પુરૂં થયું હતું તે સંપૂર્ણ કહેવાય. સ્વામીજી નિષ્કામ કર્મયોગનું સંપૂર્ણ ઉદાહરણ હિંદુસ્તાનના અનેક ભગવાધારીઓ માટે મૂકી ગયા છે."

# ધર્મના સિદ્ધાન્તો અને અનુષ્ટાનો

જૈન શ્વે. મૂ. વિભાગની ઐક્ય સમિતિના બે ઠરાવોમાંથી એક ઠરાવ નીચે મુજબ છે.

"ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિધ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે, એટલું જ નહિં પણ તેના અધિકારી કે હોદ્દેદારો તરફથી તેને હીણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહિ."

આ આખો ઠરાવ ઉપરથી એવો સાદો, સીધો અને સરળ લાગે છે કે તેના મર્મને નહિ સમજનાર લોકોને ઉપરથી તો એમ જ લાગે કે આ ઠરાવમાં વાંધા પડતું કે ન સ્વીકારવા જેવું કશું હોઇ જ ન શકે. આ કારણને લીધે આ ઠરાવ જરા સવિસ્તર સમાલોચનાની અપેક્ષા રાખે છે.

પ્રથમ તો ધાર્મિક સિદ્ધાંતોનો વિચાર કરીએ. ધાર્મિક સિદ્ધાંતો એટલે ધર્મના મૂળભૂત તત્વો જેવાં કે આત્માનું અસ્તિત્વ, કર્મતત્વ, પુનર્ભવ, મોક્ષતત્વ, ઇશ્વર–અકર્તૃત્વ, એકેશ્વર–અસ્વીકાર ઇત્યાદી. જૈન ધર્મની આ તાત્વિક ભૂમિકા છે. તત્વજ્ઞાનના પણ આ બધા મૂળભૂત પ્રશ્નો છે અને તેથી જેઓ તત્વજ્ઞાનના અભ્યાસીઓ છે તેઓ આ બધા પ્રશ્નો ચર્ચે છે, વિચારે છે અને દરેક તત્વચિન્તક પોતપોતાની બુધ્ધિની મદદ વડે ચોકકસ નિર્ણયો ઉપર આવે છે અને તે નિર્ણયોની જાહેરમાં પ્રરૂપણા કરે છે. કોઇનાં મન્તવ્યો જૈન ધર્મના મૂળ મંતવ્યોને અનુકુળ હોય છે તો કોઇનાં મંતવ્યો અન્ય પ્રકારનાં હોય છે. ચાલુ તત્વવાદોમાંથી કેટલાક જૈનધર્મને અનુકુળ અથવા તો સમીપ હોય છે તો કેટલાક કેવળ પ્રતિકુળ હોય છે. તત્વચિન્તકોની દુનિયા સ્વતંત્ર છે અને કોઇને કોઇ પણ પ્રકારના મન્તવ્યનું પ્રતિપાદન કરતાં કોઇ અટકાવતું નથી. આજે હિંદના તત્વવેત્તાઓમાં સર રાધાકૃષ્ણનનું નામ અગ્રસ્થાને છે. જૈન સમાજમાં પણ તત્વવિદ્યામાં નિષ્ણાત ગણાતી કેટલીક વ્યકિતઓમાં પં. સુખલાલજીનું નામ આગળ આવે છે. આવી અનેક જૈન જૈનેતર વ્યકિતઓ પોતપોતાનું સંશોધનકાર્ય કર્યે જાય છે અને ધાર્મિક કે સાંપ્રદાયિક સિધ્ધાંતોના કશા પણ બંધન સ્વીકાર્યા સિવાય પોતપોતાના અનુભવો અને નિર્ણયો જનતા સમક્ષ રજુ કરતા જાય છે.

હવે પ્રસ્તુત ઠરાવના અનુસંધાનમાં કોણ ધાર્મિક સિધ્ધાંતોનો લોપ કરે છે અને કોણ તેની મર્યાદામાં રહીને બોલે ચાલે છે તેનો નિર્ણય તો આજના જૈનાચાર્યો જ કરવાના ને? એમ હોય તો હું પુછું છું કે આજના જૈનાચાર્યોને આજની તત્વવિદ્યાના વિકાસનું, આજના તત્વવિવેચકોના કાર્યવિસ્તારનું, આજના સમાજ ઉપર પ્રભુત્વ ધરાવતા ભિન્ન ભિન્ન વિચારવાદોનું જરા સરખું પણ ભાન છે ખરું ? તેમણે ઉપાશ્રયની ચાર દીવાલોની બહાર કદિ ડોકીયું કર્યું છે ખરું અને તેમને માથું નમાવતાં ભોળા નરનારીઓના ટોળાથી ઉપરની દુનિયાનો જરા પણ પરિચય છે ખરો? દાખલા તરીકે આજે સમાજવાદનો ચોતરફ પ્રચાર ચાલી રહ્યો છે. આ સમાજવાદ શું, તેનો જૈન ધર્મના સિદ્ધાંતો સાથે કશો મેળ છે કે નહિ આ બાબતની તેઓ જરા સરખી પણ સમજણ ધરાવે છે ખરા? ગાંધીજી ઉપર આક્ષેપો કરવામાં તેઓ ભારે શૂરા છે, પણ જૈન ધર્મની અહિંસા અને ગાંધીવાદની અહિંસા કયાં મળતી આવે છે અને કયાં જુદી પડે છે તેનો તેમને કશો પણ ખ્યાલ છે ખરો?

પણ વાત તો એમ છે કે જયારે તેઓ ધાર્મિક સિદ્ધાંતોની વાતો કરે છે ત્યારે આવા મૂળભૂત સિધ્ધાંતો અને તેને લગતાં સંશોધનની તેમને કલ્પના સરખી હોતી નથી. તેમના ધ્યાન ઉપર તો જૈન ધર્મના મૂળ તત્વો સાથે ખાસ સંબંધ નહિ ધરાવતી એવી પોતપોતાના સંપ્રદાયને વ્યકત કરતી કેટલીક વિશિષ્ટ બાબતો જ હોય છે. દાખલા તરીકે દેવદ્રવ્યનો અમુક જ રીતે ઉપયોગ થઇ શકે, મૂર્તિપૂજા જ ધર્મોપાસનાનું એક અને અનન્ય સાધન હોય શકે, નવકાર મંત્ર કોઇના મતે પાંચ જ પદનો તો કોઇના મતે નવ પદનો હોવો જોઇએ, સ્ત્રીને મોક્ષ મળે જ નહિ, મૂર્તિ નગ્ન જ હોવી જોઇએ સંવત્સરી ચોથની સાચી કે અથવા તો પાંચમની સાચી, ત્રણ થોઇ સાચી કે ચાર થોઇ, મુહપત્તી હાથમાં રાખવી કે મોઢે બાંધવી, સાધુ નગ્ન વિચરે કે કપડાં પહેરે, પાખી ચૌદશે કે પુનમે. આ બધી બાબતો તેમને મન સિધ્ધાન્તની હોય છે અને એમાંથી કોઇ પણ બાબત પરત્વે પોતાના સંપ્રદાયનાં ચોકકસ મન્તવ્યથી પ્રતિકુળ પ્રતિપાદન કોઇ કરે છે એટલે તે સંપ્રદાયના સાધુઓ અને તેમને અનુસરનારા પ્રમુખ શ્રાવકો ધાર્મિક સિધ્ધાન્તનો અનાદર થયાની–લોપ થયાની–બુમો પાડી ઉઠે છે અને એવા માણસને સંઘબહાર કરવાનો કોલાહલ શરૂ કરે છે.

આ મારા કથનની યથાર્થતા પ્રસ્તુત ઠરાવમાં રહેલા બીજા શબ્દો ઉપરથી વધારે પ્રતીત થશે. આ ઠરાવ 'જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ'ના સિધ્ધાન્તો માન્ય રાખવાની આજ્ઞા કરે છે. જૈન ધર્મ તો સમજાય છે, પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ તે વળી કયો ધર્મ? જૈન ધર્મના આજે ત્રણ અથવા ચાર સંપ્રદાયો જાણીતા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી. પણ બધાનો ધર્મ તો એક જ છે ભગવાન મહાવીરનો પ્રરૂપિત જૈન ધર્મ. આ ઠરાવ એક સંપ્રદાયને, એક પ્રશાખાને ધર્મનું નામ આપીને ઠરાવ ઘડનારાઓની સંકુચિત મનોદશા અને સિધ્ધાન્તના નામે સાંપ્રદાયિક મન્તવ્યોને કોઇ પણ ભોગે જીવતા રાખવાની તેમના દિલની ગડમથલ વ્યકત કરે છે. સ્પષ્ટતાની ખાતર આ ઠરાવ ઘડનારાઓએ પોતાના ધર્મને શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ વર્ણવ્યો છે તેને બદલે પીતાંબર મૂર્તિપૂજક ધર્મ વર્ણવ્યો હત તો વધારે યોગ્ય થાત, કારણ કે જેઓ મૂર્તિપૂજક છે તેના સાધુઓ પીળા વસ્ત્રથી જ તરી આવે છે અને જેના સાધુઓ શ્વેતાંબર છે તેઓ કાંતો સ્થાનકવાસી છે અથવા તેરાપંથી છે પણ મૂર્તિપૂજક તો નથી જ.

પ્રસ્તુત ઠરાવનો બીજો વિભાગ જે રીતે માન્ય રખાતા આવ્યા છે તે રીતના ધાર્મિક અનુષ્ટાનોને માન્ય રાખવાનો આદેશ કરે છે. આ વિભાગનો આશય ધર્મ સંસ્થાની સુધારણાને મૂળમાંથી દાબી દેવાનો છે. ધર્મના નામે આજે અનેક વહેમો ચાલે છે. દાખલા તરીકે સુપનાં, ઘોડીયાં પારણાં, કેશરીયાજીનું કેશર, ભોયણીજીની માનતા. ધાર્મિક અનુષ્ટાનાના નામે ભોળી જૈન જનતાના હાથે બીનજરૂરી મંદિરો, ઉજમણાં, વરઘોડા, જમણવારો, ઉપધાન સમારંભો, સંઘો અને એવી એવી અનેક ક્રિયા–પ્રક્રિયાઓ પાછળ જૈન સમાજના ધનનો પારવિનાનો ધુમાડો કરાવવામાં આવે છે અને બીજી બાજુએ બેકારી, અજ્ઞાન, સટ્ટો, સ્ત્રી વર્ગની અસહાયતા જૈન સમાજને નિર્વીર્ય, નિઃસત્ત્વ બનાવી રહેલ છે અને જૈનોની વસ્તીમાં ચોંકાવનારો ઘટાડો કરી રહેલ છે. શું આ બધું સૌએ મુંગે મોઢે જોયા કરવું અને ચાલતું હોય તેમ ચાલવા દેવું ?

સામે દલીલ એમ કરવામાં આવે છે કે તમને ગમતું હોય તે તમે કરો અને અમને ગમતું હોય તે અમને કરવા દો. કેવી સરળ વાત? પણ એવી દલીલ કરનારા સમાજના રચનાત્મક કાર્યોમાં પથરા નાંખવાનું અને વિઘ્નો ઉભાં કરવાનું કદિ ચુકતા જ નથી અને જે સાધુઓનું આજના જૈન સમાજ ઉપર વિશિષ્ટ

# સંઘના સભ્યો અને શિસ્તપાલન: કાર્યવાહક સમિતિનું નિવેદન

(તા. ૨૮–૧૨–૪૨ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં શિસ્તપાલનનો મુદ્દો ઉપસ્થિત થતાં તે વિષે કાર્યવાહક સમિતિ તરફથી તૈયાર કરવામાં આવેલું નિવેદન સર્વ સભ્યોની જાણ માટે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.

જે સંસ્થા સમાજની ચાલી આવતી પરિસ્થિતિમાં મૌલિક ફેરફારો કરવાનો મનોરથ સેવતી હોય અને વર્ષોથી ઘર કરી રહેલી અનિષ્ટ અથવા તો પ્રગતિબાધક સામાજિક તેમજ ધાર્મિક રૂઢિઓને નાબુદ કરવા માંગતી હોય, જે સંસ્થાનું સામાજીક ક્રાંતિ એ વિશિષ્ટ ધ્યેય હોય તે સંસ્થાએ પોતાના સભ્યો પાસેથી શિસ્તનિયમોના પાલનનો સખ્ત આગ્રહ રાખવો જોઇએ. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ આવી એક સંસ્થા છે એવો એ સંઘનો દાવો છે. સૌ કોઈ જાણે છે કે ચોક્કસ વાર્ષિક લવાજમ આપ્યું કે સંસ્થામાં દાખલ થઇ જવાય એવી સગવડ બીજી સંસ્થાઓ માફક મુંબઇ જૈન યુવક સંઘમાં જોડાવા માટે નથી. સંઘના બંધારણમાં દર્શાવેલા ચોક્કસ વિચારો અને અભિપ્રાયો જેને સ્વીકાર્ય હોય અને ચોક્કસ નિયમોનું પાલન કરવાને જે લેખિત કબુલાત આપે તે જ ભાઇ કે બહેન મુંબઇ જૈન યુવક સંઘમાં જોડાઇ શકે છે. આને લગતી બંધારણની જરૂરી વિગતો છેલ્લાં છેલ્લાં તા. ૧૫–૧૨–૪૧ના અંકમાં પણ પ્રગટ કરવામાં આવી છે.

તા. ૨૮–૨–૪૨ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં શિસ્તના નિયમોના પાલન સંબંધમાં સંઘના સભ્યોની શિથિલતાનો પ્રશ્ન ચર્ચવામાં આવ્યો હતો. અમુક અમુક સભ્યના શિસ્તભંગના કીસ્સાઓ રજુ કરવામાં આવ્યા હતા અને આ સંબંધે શું કરવું, તે તે સભ્યો સામે શિસ્તભંગ સંબંધમાં કશાં પગલાં લેવાં કે નહિ વિગેરે બાબતોની ચર્ચા ઉપસ્થિત થઇ હતી. દાખલા તરીકે સંઘનો એક શિસ્ત નિયમ એવો છે કે 'દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ ન થયો હોય એવાં મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિં. આ નિયમનો અવાર નવાર ભંગ થતો જાણવામાં આવે છે. કોઇ સભ્ય યાત્રાએ જાય છે અને એક યા બીજા નિમિતે ઘી બોલીને કે ટીપમાં રકમ ભરીને તે તીર્થસ્થાનની આવકમાં વધારો કરે છે. કોઈ સ્થળે મંદિર બંધાવવાનું હોય કે પ્રતિષ્ટા થવાની હોય ત્યારે તે મંદિરની ટીપમાં રકમ ભરીને અથવા તો મૂર્તિઓ બેસાડવા માટે કે બીજા નિમિત્તે ઘી બોલીને પણ ઉપરના નિયમનો ભંગ કરવામાં આવે છે. આ બાબતની ચર્ચાના પરિણામે કાર્યવાહી સમિતિ એવા નિર્ણય ઉપર આવી છે કે સંઘમાં જોડાયલા સભ્યોને શિસ્તના નિયમોનો હજુ પૂરો ખ્યાલ ન હોય એ સંભાવના ધ્યાનમાં લેવી ઘટે છે અને તેથી કોઇ પણ સભ્ય સામે તાત્કાલિક પગલાં લેવાને બદલે સંઘના દરેક સભ્યને આ બાબતની ચેતવણી આપવી એ હાલ તુરતને માટે વધારે યોગ્ય છે. દરેક સભ્ય બરોબર સમજી લે કે સંઘના શિસ્ત નિયમો માત્ર શોભાના કે દેખાવના નથી, પણ એ નિયમોનું દરેક સભ્ય અક્ષરશઃ પાલન કરે એવી અપેક્ષા અને આગ્રહ સંઘની કાર્યવાહી રાખે છે અને તેથી હવે પછીથી સંઘના કોઇ પણ સભ્યના હાથે શિસ્ત નિયમોમાંના કોઇ પણ નિયમનો ભંગ થયાનો બનાવ સંઘની કાર્યવાહીના ધ્યાન ઉપર આવશે તો તે સંબંધમાં યોગ્ય પગલાં લેવાની કાર્યવાહીની ફરજ અનિવાર્ય બનશે. તેથી નીચે આપેલ સંઘના શિસ્ત નિયમો દરેક સભ્ય બરોબર વાંચે, વિચારે અને તેનો અમલ કરવામાં જ્યાં જ્યાં પોતાથી ક્ષતિ થતી હોય તે દૂર કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. સંઘના શિસ્ત નિયમો નીચે મુજબ છે:–

(૧) દરેક સભ્ય રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય હોવો જ જોઇએ. (૨) દરેક સભ્યે પહેરવેશમાં સ્વદેશી વસ્ત્રોનો જ અને બની શકે તો ખાદીનો ઉપયોગ કરવો જોઇએ. (૩) દરેક સભ્યે પોતાના જીવન વ્યવહારમાં અસ્પૃશ્યતાની રૂઢિને તિલાંજલિ આપવી જોઇએ. (૪) કોઇ પણ અનિષ્ટ લગ્નમાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિ. (૫) કોઇ પણ જ્ઞાતિનું અધિકાર પદ આ સંઘનો સભ્ય સ્વીકારી શકશે નહિ. (૬) કોઇ પણ અયોગ્ય દીક્ષામાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિ. (૭) દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવાં મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરી શકશે નહિ. (૮) આ સંઘનો સભ્ય એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરી શકશે નહિ.

જે સભ્યને વધારે વિચાર કરતાં ઉપરના નિયમોનું અનુપાલન પોતા પુરતું અશક્ય લાગતું હોય તે સભ્ય સંઘથી છુટો થઇ શકે છે, પણ પોતાની નબળાઇથી સંઘને નિર્બળ રાખે કે બનાવે એ કોઇ પણ માટે ઇચ્છવા યોગ્ય નથી. પોતાની નબળાઇના કારણે સંઘથી છુટો થતો સભ્ય સંઘના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ પ્રત્યે પુરી સહાનુભૂતિ રાખી શકે છે અને બહાર રહીને પણ સંઘના કાર્યને અનેક રીતે ટેકો આપી શકે છે. સંઘને જીવતી સામાજિક શક્તિ બનાવવી હોય તો સંઘના સભ્યોની સંઘના બંધારણને સંપૂર્ણ વફાદારી હોવી એ અતિશય આવશ્યક વસ્તુ છે. સંઘમાં ઓછા સભ્યો હોય કે વધારે, પણ સંઘના સભ્યો બોલે છે તે પ્રમાણે વર્તે છે એવી પ્રતિષ્ઠા સંઘે પ્રાપ્ત કરવી જ રહી. આ કારણને લીધે સંઘના શિસ્ત નિયમોને અક્ષરશઃ અમલમાં મૂકવાનો અને સંઘના જે વિચારો અને અભિપ્રાયો બંધારણમાં રજુ કરવામાં આવ્યા છે તેને સર્વ પ્રકારે અનુરૂપ પોતાનો આચાર તેમજ વ્યવહાર ઘડવાનો સંઘના દરેક સભ્યને સંઘની કાર્યવાહી સમિતિ આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

---

પ્રભુત્વ છે તેમને આવી અનર્થ પરંપરા જીવતી રાખવા સિવાય અને તે પાછળ જૈનોનું અનર્ગળ નાણું ખરચાવવા સિવાય અને સાથે સાથે પ્રગતિસાધક સમાજ કે દેશની કોઇ પણ પ્રવૃતિ સામે કેવળ પ્રત્યાઘાતી વળણ દાખવવા સિવાય બીજો કોઇ વ્યવસાય હોતો જ નથી કાં તો આ સાધુઓએ દેશકાળની જરૂરિયાતો બરોબર સમજતા થવું જોઇએ, નહિ તો સમાજ ઉપરના તેમના વર્ચસ્વનો અન્ત આવવો જોઇએ.' ધર્મસંસ્થાનાં વિવિધ અંગો કાળે કાળે સંશોધન માંગે છે. તેમાં ઘર કરી બેઠેલી જડતાભરી માન્યતાઓ અને અજ્ઞાનભર્યા વહેમોની સાફસુફી થવી જ જોઇએ. ધાર્મિક અનુષ્ટાનો હંમેશાં બદલાતા આવ્યા છે અને આજે પણ તેમાં અનેક ફેરફારો થવાની જરૂર છે. અનર્થજનક ધાર્મિક રૂઢિઓ અને પરંપરા નાબુદ કર્યા સિવાય સમાજપ્રગતિ શકય જ નથી. આજસુધી માન્ય રખાતાં અનુષ્ટાનો એના એજ આકારમાં સૌ કોઇએ માન્ય ગણવા જોઇએ એમ કહેનારા બંધીયાર ગંધાતા પાણીની ઉપાસના કરે છે અને ફરતા જતા કાળધર્મની અને તેના અનુસારે સમાજની બદલાતી જતી જરૂરિયાતોની કેવળ ઉપેક્ષા કરવા માંગે છે. આવા પ્રત્યાઘાતી ફરમાનો કાઢવાને બદલે નવા વિચાર આંદોલનોને કેમ ઝીલવા અને એ રીતે પુરાણી ધર્મ સંસ્થાને અને ધર્મસમાજને કેમ વધારે પ્રાણવાન બનાવવા એનો કાંઇક વિચાર કર્યો હતે તો જૈન સમાજના ત્રીશ ડાહ્યા લેખાતા ગૃહસ્થોની બનેલી ઐક્ય સમિતિએ કેવળ પ્રત્યાઘાતી અને બીનઅમલી અને ઐકયને બદલે અનૈકયને વધારનારા ઠરાવો ઘડવા પાછળ ગાળેલા સમયનો વધારે સારો ઉપયોગ કર્યો લેખાત.

પરમાનંદ.

## સાચું અહિંસાત્મક જીવન

(પૃષ્ટ ૨૦૨ થી ચાલુ)

અહિંસા સામાન્યતઃ અશક્ય માની છે. પોતાના પર કોઇએ આક્રમણ કર્યું તો તેનો પ્રતિકાર ન કરતાં શાંતિથી તેનું પરિણામ લોકોએ સહન કર્યું છે. આ એકલી શારીરિક અહિંસાના પાલનથી પણ લોકોને ઘણો મોટો ફાયદો થયો છે. પરંતુ આનો અર્થ એ નથી કે એમના મનને અહિંસા રૂચી છે અથવા અહિંસા એમના જીવનનું અવિભકત અંગ બની ગઇ છે. મ. ગાંધીજી કહે છે તે પ્રમાણે લોકોને અહિંસા ઉપર જીવંત શ્રધ્ધા નથી. લોકોની અહિંસા શૂરવીરોની અહિંસા નહિ પણ કાયરોની અહિંસા છે. હિંસાથી પોતાનું વધુ અહિત થશે એમ માની લોકોએ અહિંસાનું પાલન કર્યું છે. લોકોની આજની અહિંસા એટલે દુર્બળોનું આત્મરક્ષણ કરવાનું એક શસ્ત્ર છે. એ એમના જીવનનું શાસ્ત્ર બની નથી.

પ્રતિપક્ષી બાબતમાં વિચાર, ઉચ્ચાર અને આચારમાં અહિંસાનું પાલન કરી તેનું મનપરિવર્તન અથવા હૃદયપલટો કરવો એ મ. ગાંધીજીની અહિંસાનો હેતુ છે. પરંતુ લોકોએ પ્રતિપક્ષીના મનપરિવર્તન કરતાં તેના પર દબાણ લાવીને અને શક્ય તેટલી અડચણો નાંખીને તેને પોતાનું કહેવું માન્ય કરવાની ફરજ પાડવા માટે જ અહિંસાનો મુખ્યતયા ઉપયોગ કર્યો છે.

પ્રતિપક્ષીનું મનપરિવર્તન અથવા હૃદયપલટો કરાવવા માટેની જે ક્રિયા પ્રથમ પોતામાં કરવી જોઇએ તેની સમજ લોકોને અદ્યાપિ આવી નથી. આજકાલની કોઇ પણ સરકારનો હેતુ પ્રસ્થાપિત સમાજરચનાનું રક્ષણ કરવું અને તેને કાયમ રાખવી એ હોય છે. અર્થાત્ આ સમાજરચનામાં રહેલી હિંસા, અન્યાય, જુલમ, નિચોવણી વગેરે બાબતોનું રક્ષણ એ આ સરકારના ટેકાથી ધર્મ બને છે. તેથી જે લોકો આવી સરકારનો અહિંસાત્મક વિરોધ કરવા ઇચ્છે છે, તેમણે સમાજમાં રહેલી હિંસા, અન્યાય, જુલમ અને નિચોવણીને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષપણે મદદ કરવી ન જોઇએ. આને જ મ. ગાંધીજી અહિંસાવાદની આત્મશુદ્ધિ કહે છે. આ આત્મશુદ્ધિ કિંવા ચિત્તશુદ્ધિ ઉપર જ મ. ગાંધીજીએ ખુબ ભાર મુકયો છે અને શુદ્ધિના સાધન તરીકે તેમણે લોકો સમક્ષ વિધેયાત્મક કાર્યક્રમ મૂકયો છે. પરંતુ દુર્દૈવને લીધે લોકોએ મ. ગાંધીજીના આ કથન તરફ ખાસ લક્ષ્ય આપ્યું નથી. તેથી જ ગત વીસ વર્ષમાં તેમના કાર્યક્રમનો જોઇએ તેટલો પુરસ્કાર થઇ શકયો નથી.

પ્રસ્થાપિત સમાજમાંની હિંસાવૃત્તિમાંથી ઉત્પન્ન થનારી વિષમતા આપણા જીવનમાં કાયમ રાખી સરકારનો અહિંસાત્મક વિરોધ કરવાની કલ્પના વ્યર્થ છે. જેવી રીતે વિરોધીઓના જીવનમાં રહેલી હિંસા કમી થતાં તેનું સ્થાન અહિંસા લેશે તેવી જ રીતે પ્રચલિત સરકારનો વિરોધ અહિંસાત્મક રૂપ ધારણ કરશે. પ્રત્યક્ષ આક્રમણ સામે મનુષ્યે હાથ ઉપાડયો નહિ તેથી એણે અહિંસાપાલન કર્યું એમ કહેવું એને અહિંસાની અતિ સ્થુલ કલ્પના કહેવી જોઇએ.

અર્વાચીન સમાજમાં હિંસા વિવિધ રૂપે પ્રસરેલી છે. વિશેષતઃ ઉત્પાદનના યાંત્રિક સાધનોની આશ્ચર્યજનક વૃદ્ધિ અને સુધારણાને લીધે તો હિંસાએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. આવી સ્થિતિમાં આજે પણ કોઇ વ્યકિત સ્થુલ સ્વરૂપે વિચાર, આચાર અને ઉચ્ચારમાં સંપૂર્ણ અહિંસક હોવા છતાં તેના હાથે ભયંકર સામાજીક હિંસા થતી રહેશે. દાખલા તરીકે એકાદ વ્યકિત તેના પર આક્રમણ કરનારનો શરીરથી પ્રતિકાર નહિ કરે, વાણીથી તેને નહિ દુભવે અને વિચારથી તેનું ખરાબ નહિ ઇચ્છે; તો પણ અજ્ઞાનવશ બનીને તે સમાજના સેંકડો-હજારો સ્ત્રી-પુરૂષોને નિચોવી અર્થોત્પાદન અને અર્થસંપાદન કરશે અને તેના પર પોતાના જીવનનું ધારણ યા પોષણ કરશે. આમ કરવાથી તે સંપત્તિ માટે પોતાના હાથે ભયંકર હિંસા કરી રહ્યો છે એમ કહ્યા વિના નહિ ચાલે.

આ પરિસ્થિતિમાં સમાજના જે જુલમ, અન્યાય અને અત્યાચારો છે તેનું મૂળ મુખ્યત્વે જીવનનું પોષણ કે ધારણ કરવા માટે સંપત્તિ એકઠી કરવાનાં મનુષ્યે યોજેલાં જે અર્થોત્પાદન અને અર્થસંપાદનનાં સાધનો અને પધ્ધતિ છે કે જે અતિ હિંસાત્મક છે તેમાં રહેલું છે. એથી જ જો સમાજમાં આ બાબતો અટકાવવી હોય તો ધનોત્પાદનનાં તથા ધનસંપાદનનાં સાધનો અને પધ્ધતિ શુધ્ધ અને અહિંસાત્મક થવાં જોઇએ. એટલે પ્રત્યેક વ્યકિતએ પોતાના ચરિતાર્થે બીજાઓના શ્રમનો ફાયદો ન ઉઠાવતાં શકય તેટલું પોતાના શ્રમ પર ચલાવતાં શિખવું જોઇએ.

પ્રત્યેકને પોતાના ચરિતાર્થ માટેની જરૂરી સાધનસંપત્તિ પોતે જ નિર્માણ કરવી એમ કહેવું એટલે માનવજીવન તદ્દન સાદું, દરિદ્રી અને નિરસ બની જશે એવો આક્ષેપ આવશે. તેનો ઉત્તર એટલો જ કે બીજાના શ્રમનો ફાયદો ન ઉઠાવવો એટલે જીવનને જરૂરી સાધનસંપત્તિ નિર્માણ કરવા માટે બીજાઓનો સહકાર ન લેવો એમ નથી. માત્ર આ સહકાર એ સ્વખુશીનો સહકાર હોવો જોઇએ, પરિસ્થિતિવશ બળજબરીથી મેળવેલો ન જોઇએ અને એ ઉપરાંત શ્રમફળનો સમવિભાગ થાય એવી સમાજરચના ઉભી કરવી જોઇએ.

પરસ્પરના સ્વેચ્છાપૂર્વકના સહકારના પાયાપર સામાજીક જીવન રચાય તો એને સંપન્ન થવા પુષ્કળ જગ્યા છે. માત્ર સમાજના સામુદાયિક જીવન માટે જોઇતી સાધનસંપત્તિ નિર્માણ કરવા માટે એકાદ વ્યકિતનું જીવન સમાજની પરવાનગીથી મુખ્યપણે બૌદ્ધિક બની શકશે, તો પણ સમાજની પ્રત્યેક વ્યકિતએ ખાસ શારીરિક શ્રમ કરવો જ જોઇએ એવી સમાજવ્યવસ્થા અને નિયમ હોવો જ જોઇએ. શારીરિક શ્રમનો કંટાળો અને તેની ઉતરતી કોટિની ગણના-આ માટે સમાજનાં ધનોત્પાદનનાં અને ધનસંપાદનનાં અશુધ્ધ અને હિંસાત્મક સાધનો અને પદ્ધતિ મોટા પ્રમાણમાં કારણભૂત બન્યાં છે. તેથી જ સમાજમાં બીજાઓને નિચોવવાની પદ્ધતિ ચાલી છે એટલું જ નહિ પણ એ સન્માનીય બની છે. આનું પરિણામ એ આવ્યું છે કે પોતાની જીવનયાત્રા સુરક્ષિત અને સુવ્યવસ્થિત ચલાવવા માટે મનુષ્યે થોડો ઘણો શ્રમ કરવાની જરૂર છે તે ટાળવાની અને તેને હીન ગણવાની વૃત્તિ ઉભી થઇ છે અને તે માટે બીજાઓ પાસેથી વગર અડચણે સેવા લેનાર વ્યકિત પોતાનું શરીર સારી રીતે અને તંદુરસ્ત રાખવા માટે વિવિધ પ્રકારની રમતોની અને વ્યાયામની આવશ્યકતા માને છે અને તેને માટે ફરી સમાજને નીચોવે છે. જે લોકોના કુટુંબમાં શ્રમ અને કષ્ટદાયક કામો માટે નોકર ચાકરની જરૂર પડે છે તેઓ જ કયારેક સમાજસેવા (Social Service) ના મોટા નામ નીચે બહાર સેવા કરતા જણાય છે.

પોતાના જીવનના પોષણ માટે જરૂરી સાધનસંપત્તિ મનુષ્યે પોતે નિર્માણ કરવી જોઇએ અને તેને માટે શારીરિક શ્રમ કરવો જોઇએ એમ કહેવાથી સમાજની સુધારણા, સંસ્કૃતિ અને સૌંદર્યની પ્રગતિ અટકશે એટલુંજ નહિ પણ જો શરૂઆતથી જ આવી વ્યવસ્થા હોત તો આ બાબતોમાં આજ પર્યંત જે પ્રગતિ થયેલી જોવામાં આવે છે તે પણ થાત નહિ એવી વિરૂધ્ધ

દલીલો કરવામાં આવશે. કારણ પોતાના જીવન માટે પોતે પરિશ્રમ ન લેવાથી કેટલાક લોકોને જે વિશ્રાંતિ અને ફુરસદ (rest and leisure) મળ્યાં તેને લીધે તેમનાથી આ ક્ષેત્રોમાં કામ અને પ્રગતિ કરવાનું બન્યું એમ કહેવામાં આવશે અને તે ખરૂં છે. પણ જેને આપણે સુધારણા, સંસ્કૃતિ અને સૌંદર્ય કહીએ છીએ તેનો ઉદ્ભવ, પોષણ અને આધાર આ પ્રમાણે ગરીબોની નિચોવણી હોવાથી આજે પણ આ બાબતોનો ઉપયોગ ગરીબોને વધારે નિચોવવા માટે જ અધિકતર થાય છે એ ભૂલવું ન જોઇએ. કારણું જેનો આરંભ અશુદ્ધ તેનું મધ્ય અને અંત પણ અશુદ્ધ જ રહેશે. તેથી જ આપણે જેને સુધારણા, સંસ્કૃતિ અને સૌંદર્ય કહીએ છીએ તેનો ઉપયોગ સમાજના મુઠ્ઠીભર લોકોનુ જીવન સંપન્ન અને સુખી કરવા માટે ન થતાં સર્વ સામાન્ય લોકોના જીવનને સંપન્ન અને સુખી બનાવવા માટે થાય એવી પરિસ્થિતિ નિર્માણ કરવી હોય તો આ બાબતોના આધાર અને પ્રગતિ જે ગરીબોની નિચોવણી છે તે અટકાવવી જોઇએ. સમાજનાં સર્વ સ્ત્રીપુરૂષો સહકારી થવાથી પોતાના અને સમાજના જીવન, ધારણ અને પોષણ માટે બૌધ્ધિક, માનસિક અને ખાસ કરી પ્રત્યેકે કરવાના શારીરિક કાર્યો-તેમાંથીજ સૌંદર્યની, સંસ્કૃતિની અને સુધારણાની વૃધ્ધિ નિઃસંદેહ થવી જોઇએ. સર્વસામાન્ય જીવનના વિકાસમાંજ માણસોએ આનંદ મેળવવો જોઇએ અને તેમાં જ એને સૌંદર્યનો અનુભવ થવો જોઇએ અને સુધારણા તથા સંસ્કૃતિનાં દર્શન થવાં જોઇએ. જે વસ્તુ સામાન્ય માણસોને મળતી નથી તેનો ઉપભોગ કરવાનો મ. ગાંધીજી સદા ઇન્કાર કરે છે. એમનામાં સામાન્ય જનતા માટે અપાર પ્રેમ ભર્યો છે એટલું જ નહિ પણ ખરી અહિંસા પણ ભરી છે. મ. ગાંધીજીની આ વૃત્તિ સર્વત્ર વ્યાપક બને તો આજે જે કળા, સંસ્કૃતિ અને સુધારાને નામે સામાન્ય જનતાની નિચોવણી થાય છે અને તેને લઇને સમાજ તરફથી જે હિંસા થાય છે તે અટકી જશે અને સમાજને અહિંસાત્મક બનાવવામાં ઘણી મોટી મદદ મળશે.

તે જ પ્રમાણે અનેકોએ શ્રમ અને કષ્ટ સહન કરવાથી અને થોડાઓએ તેમના શ્રમ અને કષ્ટોનો ફાયદો લઇ પોતાનું જીવન સુધારણા સંસ્કૃતિ અને સૌંદર્યને અર્પણ કરવાથી સામાન્ય જનો અને જીવન સંસ્કૃતિ વચ્ચે ભયંકર અંતર પડયું છે. આ વસ્તુઓના નિર્માણમાં ગરીબોને ભાગ લેવાનું ન બનવાથી તેમને એનો ઉપભોગ લેવાનું પણ મળતું નથી. એથી સમાજની હિંસા અજ્ઞાન અને નીચોવણી માત્ર વધે છે.


એટલે જેમને સમાજની નિચોવણી અને હિંસા અટકાવવી હોય અને સમાજની રચના અહિંસાના પાયા પર કરવી હોય તો તેમણે પોતાના જીવનમાંની હિંસાને પહેલાં અટકાવવી જોઇએ. એટલે પોતાના ચરિતાર્થના સાધનો પ્રથમ શુદ્ધ અને અહિંસાત્મક કરવા જોઇએ. પોતાનું જીવન શરીરશ્રમપૂર્વક સ્વાવલંબી બનાવવું જોઇએ. આવું જે જીવન તેજ ખરૂં અહિંસાત્મક જીવન અને જેનું જીવન આવું બન્યું હોય તે જ સાચો અહિંસાનો પૂજારી. પોતાના ચરિતાર્થ માટે બીજાને નિચોવતાં અટકી શુધ્ધ અને અહિંસાત્મક રીતે ચરિતાર્થ કરવાથી આજના માનવોના જીવનમાંથી ઘણી હિંસા ઓછી થઇ જશે. આટલું કર્યા બાદ પણ જો એને પોતાનું જીવન સંપૂર્ણ અહિંસાત્મક બનાવવું હશે તો બીજી પણ કેટલીક બાબતો કરવી જોઇશે. પરંતુ આજના યુગમાં મનુષ્યના હાથે પોતાના ચરિતાર્થ માટે જોઇતાં સાધનો સંપાદન કરવા માટે મોટામાં મોટી હિંસા થાય છે. એટલે જો એ હિંસા અટકશે તો અહિંસાના માર્ગ પર કદિ પાછાં ન પડનારાં પગલાં મંડાશે એમ કહેવામાં જરાયે હરકત નથી. જગતમાંની હિંસા અને યુધ્ધો જો અટાકાવવા હોય તો અને સમાજમાં પ્રેમ, શાંતિ, સમતા અને સુખનું સામ્રાજ્ય સ્થાપન કરવું હોય તો ઉપરનાં માર્ગોએ લોકોને અહિંસાના ઉપાસક બનવું જોઇએ. મ. ગાંધીજીએ છેલ્લા વીસ વર્ષથી હિંદી જનતા સમક્ષ જે સ્વરૂપમાં અહિંસા સ્પષ્ટ અગર અસ્પષ્ટ રીતે રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે તે સ્વરૂપમાં લોકોએ અહિંસાનો કદિજ સ્વીકાર કર્યો નથી. અહિંસાના ઉપાસકોએ કોઇ પણ જાતની નિચોવણી કરવી ન જોઇએ એની સમજ તેમને પડી જ નથી. પોતાના જીવનની સ્થુલ કિંવા સૂક્ષ્મ હિંસા સાચવી--કાયમ રાખીને તેમણે અહિંસાદેવીની ઉપાસના કરી છે. આ ઉપાસનાનાં જે ફળ તેમને મળવાં જોઇએ તે જ તેમને મળ્યાં છે. જે અહિંસાવાદી અને સત્યનો ઉપાસક હોય તે સ્વાવલંબી અને અપરિગ્રહી હોવો જ જોઇએ એની તેમને ખબર નથી પડી. તેમના જીવન અને માલમિલ્કત પર ભયનો સંભવ ઉત્પન્ન થતાં તેમણે અહિંસાદેવીની ઉપાસના છોડવાની અને મ. ગાંધીજીનું નેતૃત્વ ત્યાગવાની પણ તૈયારી દાખવી છે.

જેમને કોંગ્રેસનું આ ધોરણ અને કૃત્તિ માન્ય ન હોય અને કોંગ્રેસ ખરા સ્વરૂપમાં અહિંસાની ઉપાસક બને એમ જેઓ ઇચ્છતા હોય તેમણે કોંગ્રેસને અને અન્ય જનોને દૂષણ આપવામાં સમય ન વેડફતાં પોતાનું જીવન સંપૂર્ણપણે અહિંસાત્મક બનાવવાનો પ્રયત્ન શરૂ કરવો જોઇએ.

કોંગ્રેસને તો શું પણ સમસ્ત જગતને અહિંસાત્મક બનાવવાનો આજ એક માર્ગ છે.

શંકરરાવ દેવ.

## શ્રી ધીરજલાલ જીવણચંદ કેશરીચંદ



જેમણે તાજેતરમાં મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને દર વર્ષે રૂા. ૫૦૦ આપવાનું કબુલ્યું છે અને જેમણે થોડા સમય પહેલાં પોતાના પિતાના સ્મરણમાં નાતજાતના કશા ભેદ સિવાય પરોપકારાર્થે ખરચવા માટે રૂા. ૧૦૫૦૦૧ ની ઉદાર સખાવત જાહેર કરી છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો        શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર        Regd. No. B. 4260.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨૨        મુંબઇ: ૧૫ માર્ચ ૧૯૪૨ રવિવાર.        લવાજમ રૂપિયા ૨

## ગરીબની અમીરાત

'જીવનને જીવનાં કૃત્યો, આકસ્મિક સૌ અરે!
પાસા ફેં~ જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.'

કલાપી.

સ્વેચ્છાએ ગરીબાઇ સ્વીકારનારા વિરલ હોય છે, બાકી તો જ્યાં સુધી પાસે કંઇ હોતું નથી ત્યાં સુધી 'ગરીબીમાં અમીરી' જગતનો મોટો ભાગ માણે છે, પણ દૃષ્ટિ તો ધનિક સૃષ્ટિમાં પ્રવેશવાની જ હોય છે, તેવી જ રીતે યુવાન વેનલેસે પણ ઘણા વર્ષ સુધી દારુણ "ગરીબીમાં અમીરી" માણી, પરંતુ જ્યારે મેડીકલ કોલેજમાં પ્રોફેસર તરીકેની સારા પગારની નીમણુંકનો હુકમ તેના હાથમાં આવ્યો ત્યારે તેની દૃષ્ટિ પાસે કોઇ નુતન સૃષ્ટિ ખડી થઇ ગઇ અનેક સુખદ સ્વપ્નાં ક્ષણભરમાં તેને આવી ગયાં. અનેક ભાવી સુખની કલ્પનાઓ તેણે કરી કાઢી. પોતાનું પૂર્વનું દુઃખી; દીન જીવન આંખ સામેથી સરી જઇ અદ્રશ્ય થતું લાગ્યું. જગતૂમાં જ્યાં તેણે નર્યો સુનકાર જ જોયો હતો ત્યાં તેણે વિપુલતા ભાળી અને "જગત કંઇક જીવવા જેવું છે ખરૂ" એમ તેને થઇ આવ્યું. ગુલામી બંધ થતાં સ્વતંત્ર થયેલા ગુલામો જેમ ઉલ્લાસમાં આવી નાચ્યા હતા અને એક બીજાને મળવા ધસ્યા હતા તેમ વેનલેસનું હૈયું નાચ્યું અને આ ભાવી સુખનાં મંગળ ખબર તેની એકની એક બહેનને આપવા જ્યારે ગામને છેડે આવેલા અનાથાશ્રમ તરફ તે દોડયો ત્યારે તે લગભગ હર્ષોન્માદની સ્થિતિમાં હતો. તે પોતાના મન સાથે વાતો કરતો જતો હતો કે "હવે 'જેન'ને અનાથાશ્રમમાં રહેવાની શી જરૂર છે? મારૂં પોતાનું ઘર વસાવીશ અને બહેનને કોઇ રાજકુમારીની માફક રાખીશ. બિચારીએ બહુ દુઃખ ભોગવ્યું છે. આ દુનિયા પણ કેટલી બધી ભલી અને દયાળુ છે કે મને ગરીબને ઉછેર્યો, ભણાવ્યો અને સુખી કર્યો. આ અનાથાશ્રમવાળાઓએ પણ મહદ્ ઉપકાર કરીને માબાપ–વંચિત નાની બહેનને ઉછેરી મોટી કરી. જેણે જેણે મારા ઉત્કર્ષમાં પોતાનો હીસ્સો અને હાથ આપ્યો છે તેને હવે ખાત્રી કરાવી આપીશ કે જગત્ ઉપકારી છે તો ગરીબો અપકારી નથી. હુંયે ગરીબોને ઉપયોગી થઇ રૂણ ફેડીશ." આશા આવા તરંગોની ભવ્ય પળે તેણે અનાથાશ્રમમાં જેનના ઓરડામાં પગ મૂકયો, પરંતુ ત્યાંનો દેખાવ જોઇને જ તે થંભી ગયો. સૌ સ્વપ્નાં ઉડી ગયાં, ભાવના ભાંગી ગઇ અને આંખમાંથી આંસુ ખરી પડયાં. જેન તાવમાં પડી છે અને એક પરિચારિકા તેને માથે બરફ મૂકી રહી છે. અનાથાશ્રમનો અધિકારી ચિંતિત વદને ત્યાં ઉભો છે. સનેપાતમાં પડેલી જેન અસ્પષ્ટ શબ્દમાં બોલે છે કે "ભાઇ," તેજ વખતે વેનલેસ તેની પથારી પાસે પહોંચ્યો. પાસે પડેલી ખુરશી ઉપર બેસી જઇ બહેનને કપાળે હાથ મૂકયો. તાવ ભયંકર હતો.

ચાર દિવસ સુધી વૅનલેસ બહેનની પથારી પાસે અખંડ રાતને દિવસ બેઠો છે. પોતે ડોકટર છે છતાં પણ સારવાર કરનાર ડોકટરને વારંવાર આતુરતાથી એકનો એકજ પ્રશ્ન પૂછે છે કે "કેમ છે? સાજી તો થઇ જશેને? ભય તો નથીને?" ડોકટર અને નર્સ આશા તજી બેઠાં હતાં. બહેનનું જીવન ઝડપથી બીજી દુનિયા તરફ જઇ રહેલું હતું.

બાળકને મૂકીને દૂર દૂર જતી માતા જતાં જતાંય બાળકને કંઇ કહેવા જેમ વારંવાર પાછી વળે છે તેમ પાંચમે દિવસે ભાઇને કંઇ કહેવા બહેન ફરી વખત શુદ્ધિમાં આવી અને ટુટક ટુટક કંઇ સંદેશો આપતી ગઇ.

બહેનના મુખ ઉપર કોઇ ઉંડી, ઘેરી વિષાદની છાયા હતી. જીભ કંઇ ખાસ વાત કહેવા માગતી હતી તેમ ભાઇને થયું.

"ભાઇ દુનિયા દુઃખી છે. બીમારી અને ગરીબી સાથે હોય તો દુખની અવધિ! તેને કોઇ દુઃખમુકત ન કરે? આશ્વાસન અને આરામ ન આપે?" જરા થંભી "કંઇ નહિ ભાઇ! તને કહેવું તેનો અર્થ શું? તું તો ગરીબ છે એટલે તારાથી શું થાય? પણ......દુનિયા દુઃખીના નિશ્વાસથી જ સળગી રહેલી છે. પ્રભો! કોણ અટકાવે એ? કોણ માંદાના આળા આળા જખ્મોને–દર્દને–પંપાળી આરામ આપે? કંઇ નહિ ભાઇ મારાથી ફોગટનું લવાઇ ગયું."

ભાઈ પૂછે છે કે "બહેન બોલી દે, જે કંઈ કહેવું હોય તે કહી દે. આપણું દુઃખ તો ગયું. હું કોલેજમાં પ્રોફેસર થયો.

હવે તો આપણે સુખી થવા સરજાયાં છીએ, જે મનમાં હોય તો બોલી નાંખ."

"શું કહું. ભાઇ, સુખી થા. પ્રભુ તને આબરૂ અને ઐશ્વર્ય બન્ને આપે. પણ"—આટલું કહેતાં કહેતાં જેન થાકી ગઈ અને આંખ મીંચી દીધી. ખૂણેથી અશ્રુબિન્દુઓ ખરી પડયાં.

"જેન શા માટે મુંઝાય છે. કયું દુઃખ તને આ છેલ્લી ઘડિએ મૂંઝવે છે. આ તારો ભાઇ જે કંઇ તેનાથી બનશે તે કરી છૂટશે. બોલ." બહેને ફરી વખત આંખ ઉઘાડી. "ભાઈ, આપણે કયાં છીએ? આ બીમારો શા માટે બૂમ પાડે છે? તેને કોઇ કેમ શાન્તવન નથી આપતું? અરે! રે! દુનિયામાં દર્દીની કોને પડી છે કે તેને સંભાળે? ચાલ ભાઇ! આપણે કોઇ નવી દુનિયા સરજીએ કે જ્યાં દર્દી દર્દ ભૂલે, દુઃખીયા દુઃખ ભૂલે! આ માંદાઓ પાસે કોઇ ગાતું કેમ નથી? ભગવાને સંગીત તો આપ્યું છે." આમ કહેતાં કહેતાં પૂનઃ આંખ મીંચી ગઇ. ભાઇ અનિમિષ આંખે તેના ઝાંખા ચહેરા ઉપર અનેક સંદેશા વાંચી રહ્યો. પુનઃ થોડી વારે આંખ ઉઘાડી. "ભાઇ. મારૂં ગાવું ગમ્યુંને? દીલને કરાર થયોને?"

ભાઇ બહેનની ભ્રમણા સમજી ગયો. "હા, જેન, બહુ જ ભવ્ય સંગીત." આટલું કહેતાં ભાઇની આંખમાંથી આંસુની ધાર વહી બહેનના કપાળ ઉપર પડી.

"ભાઇ હું તો નહિ જીવું. બા અને બાપુને જોયાં નથી તે હવે જોઇશ. તું સુખી થજે."

"જેન સુઇ જા. જરા ઉંઘી જા એટલે શાન્તિ થશે. ચાલ હું તને એક ગીત સંભળાવું.

**ૐ શ્રી શાન્તિ, શાન્તિ કરો!**
**અઘ-દુઃખ-મોચન, અમીમય લોચન!**
**સંજીવનતા ઉત્સાહ ભરો!—ૐ શ્રી.**
**વિવેક સ્વાતંત્ર્યનો આનંદ બક્ષો**
**અલૌકિક શાન્તિ-સામ્રાજ્ય કરો!—ૐ શ્રી.**

(વિવેકાનંદના પત્રોમાંથી.)

ગીત સાંભળતાં સાંભળતાં બહેન ઉંઘી જાય છે. ભાઇ બાજુ પર બેઠો બેઠો બહેનના ભાંગ્યા તુટયા શબ્દોમાંથી સાર તારવે છે "દુનિયા દુઃખી છે. માંદગી અને ગરીબી ત્રાસદાયક છે. જગતમાં કુદરતે સંગીત આપ્યું છે, છતાં શા માટે ગરીબ દર્દીઓના દીલના કરાર માટે જગત તે નથી વાપરતું? તેને દુઃખમુક્ત કેમ કોઇ નથી કરતું? દુઃખીના નિશ્વાસથી જ સંસાર સળગી ઉઠયો છે. તું ગરીબ છે. તારાથી શું થાય? છેવટે ચાલ આપણે કોઇ એવી દુનિયા સરજીએ કે જ્યાં દુઃખી દુઃખ ભૂલે, દર્દી દર્દ તજે." વિગેરે વિગેરે વચનો તેને સૂચક લાગ્યાં. બહેન કેમ જાણે કહેતી ન હોય કે "ભાઇ આ કામ તું કરજે." એવું સ્પષ્ટ ભાન થયું.

પાંચ દિવસ પહેલાંનાં સ્વપ્નાં અને અત્યારે ચાલતું મંથન જુદાં હતાં, જીવનને જુદી દિશામાં લઇ જનારાં હતાં.

બહેન ફરી વાર જાગી, અને ભાઇ સામે દયાર્દ્ર આંખે જોઇ રહી.

"ભાઇ એક છેલ્લી માગણી છે કે તેં મને તારી ગરીબીમાં આપેલી નાનકડી માસિક રકમમાંથી મેં નવ શીલીંગ બચાવ્યા છે; તે કોઇ ગરીબ દર્દીના ઉપયોગમાં આવે તેમ કરજે. મેં વાંચ્યું હતું કે હિન્દમાં ગરીબી ઘણી છે. અનેક દર્દીઓ સાધન-વાંકે અકાળે મરે છે. તેના કોઇ ફંડમાં મારી આ નજીવી ભેટ મોકલી આપજે. આટલી જ મારી ઇચ્છા છે. બીજું તો શું કહું? સુખી થજે અને ગરીબ જગત કે જેમાં આપણે વર્ષો થયાં જીવ્યાં છીએ તેને ન ભૂલજે. પ્રભુ તારૂં કલ્યાણ કરે."

"ભલે જેન! તારી ઇચ્છા મુજબ કરીશ."

× × ×

તે રાત્રે તે ગરીબ પંદર સોળ વર્ષની બહેન અફાટ વિશ્વમાં ભાઇને એકલો મૂકી અનંતમાં ઉડી ગઇ, પણ કોઇએ ધાર્યું પણ ન હોય તેવું કંઇક પાછળ મૂકતી ગઇ.

× × ×

જેમ દીવામાં દીવેટ અને દીવેલ હોય અને દીવાસળી જો કોઇ ચાંપી શકે તો દીપ્તિ તુરત થાય તેમ યુવાન વોનલેસના જીવનદીપમાં દીવેલ હતું, દીવેટ હતી અને દુઃખી દીદીએ દીવાસળી દીધી અને અને દીપ્તિ થઇ, જીવન ઉઘડી ગયું, જીવન રાહ સ્પષ્ટ થઇ ગયો.

બહેન, અનાથાશ્રમમાં ઉછરેલી પંદર વર્ષની વયની ગરીબ છોકરી આખર વખતે હૃદયમાં દર્દી, દર્દ, દુઃખી અને દુઃખને દપટી અન્યોની સુખ સાહ્યબી સામે, ભર્યાં જગતમાં ગરીબ ભાઇની રંક ભેટનો પોતાની જાત માટે ઉપયોગ ન કરતાં આવો ઉપયોગ સુચવી કંઇ કંઇ ગુઢ વાત સમસ્યામાં સમજાવતી ગઇ. પોતે ગરીબ છે. પ્રભુએ જ્ઞાન અને લાગણીની બક્ષીસ કરી છે. તેનો ઉપયોગ કેમ કરવો તે મુંગી વાણીમાં બોલતી ગઇ. પોતાનું ભાવી જીવન કેમ ઘડવું તે વાત હૃદય ઉપર બહેને દયામય આંસુથી લખી આપી. કયા પ્રદેશમાં ગરીબી છે, કયાં તેની જરૂર છે તે કહી નાંખ્યું.

× × ×

બહેન! તેં તો માંગ્યું છે "વામન સ્વરૂપે" ત્રણ જ પગલાં પૃથ્વીનું દાન, પણ માપી ગઇ છે વિરાટની વસુંધરાને! તેં દીધું છે માત્ર નવ શીલીંગનું દાન, પણ કહેતી ગઇ છે દુઃખીના દુનિયાની દુઃખદ આરજુ! બહેન તું તો ગઇ. મારૂં પાર્થિવ જગત્ અંધારૂં થયું, પણ જતાં જતાંએ આંતરિક જીવન ઉજાળતી ગઇ.

તેં આપ્યું છે નવ શીલીંગનું દાન, પણ આ ભાઇ આપે છે પોતાના જીવનનું દાન દુઃખી અને દર્દીને!!!

× ×

વોનલેસને પોતાનું ભાવી જીવન સ્પષ્ટ થઇ ગયું. તે પ્રોફેસર મટી સેવાનો ભેખધારી થયો.

× × ×

એક દિવસે પોતાના સુખી જીવનનાં સ્વપ્નાં ભાંગી નાંખી, ગરીબ દર્દીને જીવન લક્ષ્ય બનાવી તે ચાલી નીકળ્યો. તેની પાસે અજાણ્યા પ્રદેશમાં આ મહાન દુર્ઘટ કાર્ય માટે સાધન ન હતાં, દ્રવ્ય નહોતું, કોઇનો સક્રિય સાથ નહતો. ઉભા રહેવા આશ્રય-સ્થાન નહોતું હતું. માત્ર એક દૃઢ સેવાપરાયણ દીલ, મરી ફીટ-વાની તમન્નાવાળું દુઃખી દર્દીના દર્દથી દયામય બનેલું મીણ જેવું નરમ હૃદય અને સદાય જાગૃત રાખતી બહેનની આખરી વાણી!

ભારતવર્ષમાં છ છ વર્ષ સુધી દેશની ભૂમિ તેણે પગ તળે ખુંદી નાંખી, પણ ધાર્મિક સંકુચિતતાએ તેને કોઇ પણ સ્થળે પગ ટકાવવા ન દીધો; ધર્મના ભેખધારીઓએ સેવાના દીક્ષિતને ઉભો રહેવા ન દીધો; અનેક સ્થળોથી જાકારો મળ્યો; અનેક સ્થળોથી અપમાનો મળ્યાં; અનેકે કર્ણને અપ્રિય કેટલીયે વાતો સંભાળાવી દીલ દુઃખી કર્યું.

સાધન સામગ્રી ખૂટયાં, કપડાં લગભગ ફાટી ગયાં. પૈસા ખૂટયા. નિરાશા તેના દીલને ભાંગી નાંખે તેવા પ્રસંગો રોજને રોજ બનતા. ઘણી વખત જીવન અકારૂં લાગે, પોતે લીધેલો સેવાનો માર્ગ દુષ્કર અને અફળ લાગે તેમ પણ થતું, પરન્તુ બહેને બતાવેલા દીન દર્દીઓના કરૂણ આક્રંદોની યાદી તેને પુનઃ ટટાર કરતી "ભાઇ! દુનિયા દુઃખી છે. તેને કોઇ દુઃખમુક્ત ન કરે? તેને આરામ અને આશ્વાસન ન આપે? દુઃખીના નિશ્વાસે સંસારને કાયમ સળગતો જ રાખ્યો છે. દુઃખી જગત્ કે જેમાં આપણે વર્ષો સુધી જીવ્યા છીએ તેને ન ભૂલતો." એવી અંતરિક્ષથી ગુંજતી બહેનની આખરી વાણીએ નિરાશા, નાસીપાસી, અને અનેક યાતનાઓ વચ્ચે પણ ઢાલ બનીને તેનું રક્ષણ કર્યું.

"વોનલેસ" કોઇ કાચા દીલથી સેવાનો સાધુ નહોતો થયો. દીક્ષા પાછળ જીવન ન્યોચ્છાવર કરવાની તેની તૈયારી હતી. પ્રતિજ્ઞામાં તેણે પ્રતિષ્ઠા માની હતી. એટલે 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ' એ તેનો નિર્ધાર હતો.

× × ×

એક દિવસે પરમાત્માએ તેની આરજુ સાંભળી. એક પાક દીલના મુસલીમે તેને પોતાના ઘરમાં આશરો આપ્યો.

આર્કિમિડિઝે કહ્યું હતું કે "પગ ટકાવવા જગ્યા અને સાધન માટે લાકડી મળશે તો દુનિયાને હચમચાવી દઇશ," તેમ

# કેટલાક સમાચાર અને નોંધ

## ઐકયસમિતિના ઠરાવો સામે વિરોધ

શ્રી. અમદાવાદ જૈન યુવક સંઘની તા. ૪-૩-૪૨ ના રોજ મળેલી સામાન્ય સભાએ ઐકયસમિતિના ઠરાવો સામે વિરોધ રજુ કરતો નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો છે.

"તા. ૯-૧-૪૨ ના રોજ મુંબઇમાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપદે મળેલી શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગના કેટલાક ગૃહસ્થોની આપમેળે નિયોયેલી ઐકય સમિતિએ પ્રકટ કરેલા બન્ને ઠરાવો એકતાવિરોધી અને પ્રત્યાઘાતી છે એમ આ સભા જાહેર કરે છે અને તે સામે પોતાનો સખ્ત વિરોધ નોંધાવે છે.

વળી આ સભા ભારપૂર્વક એમ જણાવવા માંગે છે કે આજના જૈન સાધુઓનું માનસ જોતાં અને તેઓ હજુ પણ જે રીતે બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષા આપી રહ્યા છે તે વિચારતાં વડોદરા દીક્ષા નિયામક નિબંધને યોગ્ય અને જરૂરી માને છે અને જ્યાં જ્યાં દીક્ષા નિયામક નિબંધ થઇ શકતો હોય ત્યાં ત્યાં તેને ટેકો આપવાની જૈન સમાજને વિનંતિ કરે છે.

કોઇ પણ સમાજમાં જે સિદ્ધાંતો રૂઢ થઇ ગયા હોય અને સમાજની પ્રગતિમાં બાધક હોય તેમાં ફેરફાર કરવાનો, પરિવર્તન કરવાનો કે તેને દૂર કરવાનો દરેક યુવકને અધિકાર છે. સમાજને બાધક હોય તેવી અનિષ્ટ પ્રથાઓને કોઇ યુવક ટકાવી રાખી શકે જ નહિ, એમ આ સભા માને છે અને તેથી ઐકય સમિતિના બીજા પ્રત્યાઘાતી ઠરાવ પ્રત્યે સખ્ત અણગમો જાહેર કરે છે.

શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ જેવા જૈન સમાજના એક અગ્રગણ્ય અને વિચારકની રાહબરી નીચે આવા ઠરાવો પસાર થવા બદલ આ સભા પોતાનો ખેદ વ્યકત કરે છે અને દરેક જૈનને ઐકય સમિતિના બન્ને ઠરાવનો વિરોધ કરવા વિનંતિ કરે છે."

---

યુવાન વેનલેસને પગ ટકાવવા માટે જગ્યા અને આશ્વાસન આપનાર એક ઉદાત્ત દીલ મળી ગયાં એટલે તેણે દુઃખી જગતને મીરજ હોસ્પીટલની ભવ્ય ભેટ આપી!

× × ×

વખત જતાં તે વૃદ્ધ થયો, કીર્તિની કલગી પણ ચડી, પરંતુ તેના દીલની ધગશમાં, બહેનને આપેલી પ્રતિજ્ઞાના પાલનમાં કદી ફેર નહોતો પડયો. બાળકોના વોર્ડમાં દયામૂર્તિ જેનની છબી છે. ત્યાં રોજ બપોરે મીઠા સરોદમાં બાળકો પાસે સંગીત કરવામાં આવે છે.

દર્દીઓના નિરીક્ષણને અંતે ડોકટર વેનલેસ તે છબી સામે ક્ષણભર જોઇ જ્યારે ગંભીર વદને ધીમે ધીમે પાછા વળતા, ત્યારે આખા વોર્ડનું વાતાવરણ અતિ ગંભીર અને પવિત્ર બની જતું.

દર રવિવારે તે મૂર્તિ સામે ઘુંટણુ પડીને જ્યારે ગળગળા સાદે પ્રાર્થના કરતાં કરતા તે કહેતાં કે "હે પ્રભુ! અંહિ આવેલા દર્દીઓને દર્દમુકત કરી તેના વહાલાંઓ પાસે મોકલી આપજે" ત્યારે તેની આંખો આંસુથી છલકાઇ જતી. આ દૃશ્યે અનેક દર્દીઓને ભાવથી રડાવ્યા છે.

પાછા ફરતાં ફરતાં આખરી દૃષ્ટિ છબી ઉપર નાંખીને ભકિતભાવથી માથું નમાવતા, તે વખતે કેમ જાણે તેનું હૃદય કહેતું ન હોય કે "ઓ નાનકડી બહેન! તારા નવ શીલીંગના દાને શું કર્યું તે તો જગત્ કહેશે, પણ તેં મને તો માણસ બનાવ્યો છે."

**વ્રજલાલ ધ. મેઘાણી.**

## ગોસેવા સંઘના ઠરાવ

થોડા સમય પહેલાં વર્ધા ખાતે શ્રી વિનોબા ભાવેના પ્રમુખપણા નીચે ગોસેવા સંઘ પરિષદ મળી હતી. આ પરિષદમાં ગોસેવા, પશુરક્ષા તેમ જ પાંજરાપોળમાં રસ લેતા દેશભરના અનેક કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. પાંજરાપોળની સંસ્થા સાથે જૈન સમાજ ગાઢપણે સંકળાયલો છે. સ્થળ સ્થળની પાંજરાપોળો કાં તો તે તે સ્થળના આગેવાનો જ ચલાવતા હોય છે અથવા તો તેના વહીવટમાં આગેવાની ભર્યો ભાગ ભજવતા હોય છે. 'હરિજન બંધુ'ના તા. ૮-૨-૪૨ તથા તા. ૧૫-૨-૪૨ ના અંકમાં આ પરિષદનો સવિસ્તર અહેવાલ આવ્યો છે તે તેમ જ ખાસ કરીને આ અતિ અગત્યના પ્રશ્ન ઉપર ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન આ વિષયમાં રસ લેતા જૈન ભાઇઓ બહેનોને વાંચી લેવા આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે. આ પરિષદમાં થયેલા ઠરાવો નીચે મુજબ છે:-

૧. હિન્દ ખેતીપ્રધાન દેશ છે, તેની ૮૦ ટકા વસ્તીનો ગુજારો ખેતી પર જ ચાલે છે, અને હિન્દની ખેતી બળદ પર જ નિર્ભર છે અને દૂધ ઘી આપવા ઉપરાંત, બળદ પણ, ગાય જ આપે છે તેથી આ સંમેલનનો નિશ્ચિત અભિપ્રાય છે કે બીજાં ઢોર કરતાં ગાય અને તેની ઓલાદની અત્યારની દશામાં અને તેની આર્થિક અવસ્થામાં સુધારો કરવો એ આ દેશના અર્થ-નિર્માણની યોજનામાં અનિવાર્ય છે.

૨. ઢોરને ભૂખે મારવાં, તેમને ગંદી જગ્યામાં રાખવાં, તેમના પર વધારે પડતો બોજો લાદવો, તેમની પાસે તેમના ગજા ઉપરાંતનું કામ લેવું; તેમને મારઝૂડ કરવી અને પરોણી અને ફુકકાની પીડા કરવી, એ જીવદયાની ભાવનાની વિરૂધ્ધ છે તેથી અને તેમ કરવાથી તે પશુઓની ઉપયોગિતા પણ ઘટે છે તેથી આ સંમેલન આમજનતાને સામાન્ય અને સંઘના સભ્યો તથા ગોપ્રેમીઓને ખાસ કરીને વિનંતી કરે છે કે તેઓ આ સંબંધમાં જાહેર ભાવના જાગ્રત કરે, આ નિર્દય વર્તન અટકાવવા બને તેટલી કોશિશ કરે અને આ કામમાં જરૂર પડે ત્યાં કાયદાની મદદ પણ લે.

૩. પાંજરાપોળો અને ધર્માદા ગોશાળાઓનો મૂળ ઉદ્દેશ બીમાર, ઘરડાં અને અપંગ પશુઓને આશ્રય આપીને તેમને કતલમાંથી અને કષ્ટમય જીવનમાંથી બચાવવાનો છે. આ સંમેલનનો અભિપ્રાય છે કે આ ઉદ્દેશનું યથાર્થ પાલન થાય તે માટે પાંજરાપોળોની વ્યવસ્થા અને કાર્યક્રમમાં નીચે લખેલા સુધારા અને પરિવર્તન થવાં આવશ્યક છે.

(૧) દરેક સંસ્થાઓમાં પશુઓના ઉપચાર અને તેમના ઉછેર વગેરેની શાસ્ત્રીય વ્યવસ્થા હોવી જોઇએ અને આ સગવડોનો લાભ આસપાસના લોકોને પણ મળવો જોઇએ.

(૨) સંસ્થામાં આવનારાં અપંગ અને હલકી જાતનાં ઢોરોની વંશવૃધ્ધિ તદ્દન અટકાવવી જોઇએ અને મજબૂત અને જાતવાન ગાયોને માટે સારો ખોરાક, દેખરેખ અને વંશસુધારણાની વ્યવસ્થા કરવી જોઇએ, જેથી વધારે દૂધ આપનારી ગાયો અને વધારે કામ આપનારા બળદો તૈયાર થાય.

(૩) દરેક સંસ્થામાં સારા સાંઢ રાખવા જોઇએ અને લોકોને પણ તેમનો લાભ લેવા દેવો જોઇએ.

(૪) દરેક સંસ્થા પાસે બને તેટલાં વિશાળ ગોચરની વ્યવસ્થા હોવી જોઇએ, જ્યાં આસપાસની વસુકેલી ગાયો અને વાછડા પણ ઓછા પૈસા લઇને રાખી શકાય. આ ગોચરોમાં સારા સાંઢ પણ રાખવા જોઇએ.

(અનુસંધાન પૃષ્ટ ૨૧૩ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

માર્ચ ૧૫ ૧૯૪૨


## બાલસ્વાતંત્ર્યનો આત્મા.*

સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફુર્તિ અને ઇન્દ્રિયોનો વિકાસ, એ તરફ હવે બાળકેળવણીના હીમાયતીઓ ઠીક ઠીક ધ્યાન આપતા થયા છે અને એ બધી રીતે ઇષ્ટ જ છે. પણ આપણે ભુલી ન જઇએ કે કેળવણીમાં જળવાતું સ્વાતંત્ર્ય એ નિયંત્રિત (regulated) સ્વાતંત્ર્ય હોય છે, અતંત્ર નથી હોતું. બાળકોની સ્વયંસ્ફુર્તિ પણ શિક્ષકોએ ઉપજાવેલા વાતાવરણની પ્રેરણાને અનુસરે છે અને એની પાછળ પાછળ જાય છે, જાણે અશ્વમેધ માટે છોડેલો રાજાનો ઘોડો. અને ઇન્દ્રિયોનો વિકાસ પણ શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ ગોઠવેલો અને ક્રમબદ્ધ હોય છે. બાળકેળવણી એ પોતાની મેળે વહેતો પ્રવાહ ખરો, પણ એ નદી નથી, પણ નહેર છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સમાજહિત આ બે સાર્વભૌમ જીવનતત્વો વચ્ચેનો વિરોધ કાઢી નાખીએ ત્યારે જ બાળકેળવણી હાથ આવશે. જ્યાં સુધી માણસ કેળવાયેલો નથી અને પોતાનો જ શત્રુ બની શકે છે, ત્યાં સુધી વ્યકિત અને સમાજ વચ્ચે વિગ્રહ પેદા થવાનો અને સ્વાતંત્ર્યને નામે વખતોવખત યુધ્ધો પણ ચાલવાના.

સ્વાતંત્ર્યને હું જરા બીજી રીતે સમજવા માગું છું. સ્વાતંત્ર્ય એવી વૃત્તિ છે કે જેથી માણસ ન તો બીજાના દબાણ તળે આવવા તૈયાર હોય અને ન બીજાને પોતાની શેહમાં રાખવા માગે; ન કોઇનાથી બીએ, ન કોઇને બીવડાવે; ન લાલચમાં ફસાઇને કોઇનો ગુલામ બને અને ન કોઇને લાલચનો ગુલામ બનાવી એનું અપમાન કરે. આવી વૃત્તિ કેળવવી એ જ શિક્ષણ-શાસ્ત્રનો એક મહત્વનો ઉદ્દેશ હોવો જોઇએ. આવું સ્વાતંત્ર્ય જ્યાં કેળવાય ત્યાં માણસની તમામ વૃત્તિઓ નીરોગી હશે અને એનામાં સામાજીક સદ્‌ગુણોનો ઉત્તમ વિકાસ થશે.

હવે એ તો દીવા જેવું સ્પષ્ટ હોવું જોઇએ કે બાળકોમાં સ્વાતંત્ર્ય ખીલવવું હોય તો કેળવણીની પદ્ધતિઓ પણ સ્વાતંત્ર્યને પોષક જ હોય. બાળકો ઉપર કોઇ પણ જાતનો દોર ચલાવીને—એને બધી બાજુએ અંકુશમાં જકડીને—એને સ્વાતંત્ર્ય માટે લાયક ન જ કરાય. બીક, લાલચ, કે અધિકારવાદનો એને પરિચય જ ન થાય એ રીતે બાળકોને કેળવવા જોઇએ.

આજ સુધી દુનિયામાં રાજભકિત, ગુરૂભકિત અને માત-પિતા પ્રત્યેની ભકિત હઠપૂર્વક કેળવવાની સંસ્કૃતિ પ્રવર્તેલી છે. હું તો હંમેશ કહેતો આવ્યો છું કે આજ્ઞાપાલન એ બાળકોનો કે કોઇનો ધર્મ છે જ નહી. નોકરે શેઠને વચન આપ્યું હોય, સીપાઇએ સેનાપતિને વચન આપ્યું હોય કે 'હું આજ્ઞાને વશ રહીશ,' તો તે આજ્ઞાપાલન વચનપાલનના ધર્મમાંથી ઉત્પન્ન થયેલું હોય છે, સ્વતંત્ર રીતે નહી. માબાપ અને સાચા શિક્ષક બાળકો પ્રત્યે પ્રેમ અને આદર રાખે, એમની ઉત્તમ સેવા કરે એટલે આજ્ઞાપાલન એ બાળકોનો સ્વભાવ થઇ જાય છે. મનુષ્ય-સ્વભાવની અને ખાસ કરીને બાળસ્વભાવની એ સુવાસ છે. એને આપણે ધર્મ બનાવી બગાડી ન નાખીએ. શું મારો મિત્ર મારી વાત ન માને તો હું એના ઉપર ચીડાઇ શકું છું? મારી આજ્ઞા નથી માનતો એમ કહીને કોઇ મિત્રે પોતાના મિત્ર સાથેનો સંબંધ તોડયો છે?

તો માતપિતા કે શિક્ષક બાળકો પાસેથી આજ્ઞાધારકતાની અપેક્ષા શા માટે રાખે? એ અજ્ઞાન છે તેથી? અસહાય અને આશ્રિત છે તેથી? શિક્ષકો જ્યારે નાના બાળકોને મારે છે અને મોટા વિદ્યાર્થીઓથી ડરીને ચાલે છે, ત્યારે એવા હિચકારા શિક્ષકોને શિક્ષકોની ન્યાતમાં રાખવા કે કેમ એવી શંકા મનનાં ઉત્પન્ન થાય છે. માબાપથી કે શિક્ષકથી ડરીને ચાલનારા બાળકો ગુલામી વૃત્તિ કેળવે છે, અસત્ય અને લુચ્ચાઇ કેળવે છે; સ્વાભાવિક સ્વમાન તેઓ જાણતા જ નથી. દરેક પિતાએ પોતાના મનને પૂછવું જોઇએ કે હું બંડખોર દીકરાનો બાપ કહેવડાવું એ શોભે કે ઘેંશ જેવા ગુલામ બાળકોનો બાપ કહેવડાવું એ શોભે? શિક્ષકો માટે પણ એ જ નિયમ હોવો જોઇએ.

આપણે અધિકારી થવાને પ્રયત્ન કરીએ છીએ. તેથી જ માબાપ અને શિક્ષક મટી બાળકો ઉપર અમલદારનો દોર ચલા-વવા માંગીએ છીએ અને બાળકોને બળીઆ સાથે બાથ ન ભીડવાનું વ્યવહારી ડહાપણ શીખવીએ છીએ. બાહ્ય અધિકાર ભોગવવામાં આપણે કેટલા ક્રૂર થઇએ છીએ એ જો શિક્ષકો સમજી જશે તો એમને સ્વાતંત્ર્યનું રહસ્ય સમજાશે અને પછી તેમને અંદરથી ઉગી નીકળતા વાર નહિ લાગે કે અહિંસા એજ સ્વાતંત્ર્યનો આત્મા છે. અને તેથી બાળ કેળવણીના પાયામાં અહિંસા હોવી જોઇએ એ વસ્તુ આપણે ભારપૂર્વક આગળ મૂકવી જોઇએ. કેળવણી દરમ્યાન બાળકોની કોઇ પણ જાતની હિંસા ન થાય અને બાળકોને પણ કોઇ પણ જાતની હિંસાની પ્રેરણા ન મળે એટલું જો આપણે સાધી શકયા તો કેળવણીના ક્ષેત્રમાં જગ જીત્યા. આટલું કર્યા પછી સ્વતંત્રતાના અને તેજસ્વિતાના નોખા પાઠ આપવા જ ન પડે. સ્વતંત્રતા કેળવવા માટે કોઇનો દ્વેષ કરવાપણું ન હોવું જોઇએ, કોઇ લોકોત્તર બહાદુરી બતાવવાનું હોય છે એવું પણ બાળકોને ન લાગવું જોઇએ. સ્વાતંત્ર્યવૃત્તિ શ્વાસોચ્છવાસ જેટલી સ્વભાવિક થવી જોઇએ.

આજની કેળવણીમાં અને આજના ઘણાખરા શિક્ષકોમાં અધિકારવાદ હોય છે. એની સાથે ઉચ્ચનીચભાવ પણ હોય છે. એમાંથી જ દંડનીતિ અને હિંસા પરિણમે છે. બાળ કેળવણીમાં અમે સ્વતંત્રતા દાખલ કરી છે એમ કહેનારા શિક્ષકો સમાજમાં કેમ વર્તે છે એ હું બારીકાઇથી જોઉં છું. જો એ શિક્ષકમાં હું દોર ચલાવવાની વૃત્તિ જોઉં અથવા એથી ઉલટું નમાલાપણું, દબ્બુપણું, ખુશામત અથવા આશ્રિતપણું જોઉં તો કેળવણીકાર તરીકે એની કિંમત હું ઝાઝી ન આંકું. પોતાના બાળકોને સ્વાતંત્ર્યની કેળવણી મળે એમ ઇચ્છનારા માબાપો અને સંસ્થાના સંચાલકો પોતાના શિક્ષકો પ્રત્યે કેવું વલણ રાખે છે એ પણ હું સુક્ષ્મતાથી જોઉં છું. જો એમનામાં હું દોર, અધિકારલાલસા, જોહુકમી, અનાદર અથવા નરી બેદરકારી જોઉં તો હું અનુમાન કરૂં છું કે એમને સારા શિક્ષકો મળવાના નથી, ભૂલેચુકે મળે તો એ ટકવાના નથી અને ટકે તો એ શિક્ષકો ઉતરી ગયા વગર રહેવાના નથી.

---

* ભગિની સમાજના રજતમહોત્સવ પ્રસંગે શ્રી કાકાસાહેબ કાલેલકરે આપેલું વ્યાખ્યાન.

ખાસ કરીને બાળકેળવણીમાં શિક્ષકો, માબાપો અને સમાજ એ ત્રણે વચ્ચે એ એકરાગ હોવો જોઇએ અને તેથી જ વખત મળતો નથી એવી ફરિયાદ કર્યા વગર શિક્ષકોએ માબાપો સાથે ભળવું જોઇએ અને સમાજને વિચાર કરતો કરવો જોઇએ.

ટુંકમાં બાળકો માટે આપણે એક નવી જ દુનિયા ઉભી કરવી રહી. અહિંસાના આદર્શો, રિવાજો અને વાતાવરણ અત્યાર સુધી આપણે જાણ્યાં જ નથી. તે બાળકોને નામે, ભવિષ્યકાળને કાજે, ઉત્પન્ન કરવું રહ્યું. શિક્ષકોનો અંદર અંદરનો એક બીજા સાથેનો વહેવાર, માબાપોનો વહેવાર, બાળકોના સંબંધીઓનો વહેવાર, સંસ્થા જોવા આવનાર સજ્જનો સાથેનો વહેવાર આ સ્વાભાવિક, તેજસ્વી, સર્વકલ્યાણકારી અહિંસાથી જ પ્રેરાયેલો હોવો જોઇએ.

આજકાલના યુદ્ધોનાં વર્ણનો વાંચી દુનિયાભરની માતાઓને મનમાં થતું હશે કે ગાંડા બનીને જગતભરના યુવાનોનું કચુંબર કરવા માટે શું અમે અમારા બાળકોને જન્મ આપ્યો હતો? દેશરક્ષણને અર્થે પ્રાણ અર્પણ કરવા એ ઉત્તમ છે. શરીરનો મોહ રાખી ગુલામીનું કલંક વહોરી લેવું એમાં માણસાઇ નથી. પણ શું દેશરક્ષણને અર્થે કત્તલ કરવાની કળા કેળવવી જ જોઇએ? કેળવણીકારોએ આનો જવાબ આપવો જ જોઇએ, નહિ તો કેળવણી જીવનવ્યાપી હોય છે એ દાવો છોડી દેવો જોઇએ. શિક્ષકો રાજદ્વારી બાબતોમાં ન પડે એ બરાબર છે, કેમકે રાજકારણ કરતાં મોટું અને વ્યાપક રાષ્ટ્રનિર્માણનું કામ એમણે હાથમાં લીધું છે. પણ નાનાં બાળકો ઉપર કોઇ પણ જાતના એકાંગી સંસ્કારો ન પડે એટલા ખાતર શિક્ષકોનું જીવન અને એમના જીવનના રસો સર્વાંગીણ હોવા જોઇએ.

આ વસ્તુ ઉપર હું એટલા માટે ભાર મૂકું છું કે મારા અભિપ્રાય પ્રમાણે બાળમંદિરો માતાઓએ જ ચલાવવાં જોઇએ. ગીજુભાઇ જેવો કે મારા જેવો કોઇ એ ક્ષેત્રમાં પ્રયોગ કરે તો તે અપવાદરૂપ જ ગણાવો જોઇએ. સ્ત્રીજીવન આજ સુધી અપૂર્ણ રીતે ખીલેલું છે એ વસ્તુનો ઇનકાર ન કરી શકાય. પરિણામે સ્ત્રીસ્વભાવમાં અમુક એકાંગીતા આવી ગઇ હશે, સ્ત્રીજાતિમાં આત્મવિશ્વાસ ઓછો હશે, પણ માતૃપદ ધારણ કરીને અને યુદ્ધ, તોફાન, મારામારી વગેરે માણસાઇને લજાવનાર પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાને કારણે, સ્ત્રીજાતિએ જાણ્યે અજાણ્યે અહિંસાની સાધના ઠીક ઠીક કરી છે. એ અહિંસાવૃત્તિ અને એમાંથી ઉત્પન્ન થતી પ્રેમશક્તિ, ધીરજ અને કુનેહ બાળકેળવણીમાં સૌથી મહત્વની વસ્તુઓ છે, અને તેથી જ મારો આગ્રહ છે કે બાળકેળવણી માતાઓના જ હાથમાં રહે એ ઇષ્ટ છે.

અપૂર્ણ ——— કાકા કાલેલકર.

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ઠ ૨૧૧ થી ચાલુ)

(૫) દરેક સંસ્થા પાસે લીલું ઘાસ અને ચારો પૂરતા પ્રમાણમાં પેદા કરવાની અને તેને સાઇલેજ વગેરે સ્વરૂપમાં સંગ્રહવાની વ્યવસ્થા હોવી જોઇએ.

(૬) પાંજરાપોળોનાં મકાનો સ્વચ્છતા અને તંદુરસ્તીનો ખ્યાલ રાખીને બનાવવાં જોઇએ અને ત્યાં કુવાઓની અને હવાડા વગેરેની રચના શાસ્ત્રીય રીતે અને નિશ્ચિત નમૂના પ્રમાણે કરવી જોઇએ.

(૭) દરેક સંસ્થામાં એક એક પશુવિદ્યાવિશારદ હોવો જોઇએ. તેની દેખરેખ નીચે સંસ્થા ચલાવવામાં આવે. તે વિશારદને પશુપાલનનું, તેને માટે થતી ખેતીનું અને પશુચિકિત્સાનું જ્ઞાન હોવું જોઇએ.

(૮) જે સંસ્થાઓને આ સંમેલને સ્વીકારેલા પાંજરાપોળોવાળા ઠરાવો મંજૂર હોય તે બધીની નીતિનું એકસરખું સંચાલન કરવા અને તેમની સારી રીતે વ્યવસ્થા કરવા માટે આ સંમેલન ભલામણ કરે છે કે આ બધી સંસ્થાઓ ગોસેવા સંઘનું પ્રમાણપત્ર મેળવે અને સંઘની સાથે જોડાય.

સંમેલન એ પણ ભલામણ કરે છે કે, સંસ્થાઓને સંઘ સાથે જોડાવાની અને પ્રમાણિત થવાની સગવડ થાય તે માટે સંઘ આવશ્યક નિયમો ઘડે અને પાંજરાપોળો તથા ધર્માદા ગોશાળાઓને સંઘ સાથે જોડાવા આમંત્રણ આપે.

### યથાર્થ સતીધર્મ

'હરિજન-સેવક' માં અનન્ય રાષ્ટ્રસેવક સદ્ગત જમનાલાલજીના અકાળ અને અણધાર્યા અવસાન પ્રસંગે તેમનાં પત્ની શ્રી જાનકીદેવીની મનોદશાનું વર્ણન કરતાં ગાંધીજી જણાવે છે કે "જાનકીદેવીના દુઃખની તો આપણે સૌ કલ્પના કરી શકીએ છીએ. તે તો ગાંડી જ બની ગઇ હતી, તે કહેતી હતી કે 'બસ મારે તો એમની સાથે સતી જ થવું છે, એમના વિના હું જીવી શકું તેમ છે જ નહિં' મેં કહ્યું કે 'એમ ન સમજતા કે એ રીતે સતી થવાથી લોકો તમારી પૂજા કરશે. એથી તો ઉલટી નિંદા થશે. હા જો થઇ શકે તો યોગાગ્નિ પેદા કરો અને એમાં ભસ્મ થઇ જાઓ. ન તો હું તમને રોકીશ કે ન તો બીજું કોઇ પણ રોકી શકશે. પરંતુ એ તો સંભવિત નથી. તેથી હું તમને કહું છું કે હવે તો એમની પાછળ જોગણી બનીને તમારે સાચાં સતી બનવાનું છે.' ઘનસ્યામદાસજી પાસે જ હતા. એમણે કહ્યું 'અમારે ત્યાં તો આવા પ્રસંગે કોઇ શુભ સંકલ્પ કરવાનો રીવાજ છે. જાનકીદેવીને એવો કોઇ શુભસંકલ્પ કરાવો!' જાનકીદેવીએ પોતે જ કહ્યું કે 'મારો સંકલ્પ તો એ છે કે તેઓ મારા માટે જે કાંઇ મુકી ગયા છે તે બધું એમના કામ માટે હું અર્પણ કરૂં છું.' તેમણે મને પોતાનો હિસાબ પણ બતાવ્યો. એ અઢી લાખની રકમ હતી. એ બધી એમણે ગોસેવા માટે અર્પણ કરી દીધી. ત્યારબાદ જ્યારે તેઓ જ્યારે ચિતાગ્નિના પ્રકાશમાં ઉભાં હતાં ત્યારે મેં તેમને એક બીજી પણ વાત સંભળાવી. મેં કહ્યું 'આમ આટલાથી કામ ન ચાલે. પોતાનું બધું ધન અર્પણ કરીને તમે ભિખારી બની ગયા છો. હવે તો દીકરો તમને ખવરાવે તો ખાશો અને નહિ ખવરાવે તો મારી પાસે તમારે આવવાનું રહેશે અને મારા ભિક્ષાન્નમાં તમે ભાગીદાર બનશો. પરન્તુ આ સાથે હવે તો તમારે આ ચિતાની સાક્ષીમાં તમારી જાતને પણ એ કામમાં સમર્પિત કરવાની છે. હવે તમારે પોતા માટે નહિ પણ જમનાલાલજી માટે પણ ગોસેવાના કાર્ય માટે જ જીવવાનું છે."

### સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સ આવે છે.

આખરે હિંદી રાજકારણની મડાગાંઠ ઉકેલવા અંગ્રેજી પ્રધાન મંડળનો પ્રતિનિધિ સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સ હિંદુસ્થાન આવે છે. સરકારી યાદી એમ જણાવે છે કે અંગ્રેજ સરકારે હિંદી રાજ્યવહીવટમાં હિંદીઓનું મન સંતોષવા માટે શું શું મહત્વના ફેરફારો કરવા તે નક્કી કરી રાખ્યું છે. પણ હિંદુસ્થાનના જુદા જુદા મહત્વના રાજકીય પક્ષોને સરકારી દરખાસ્તો મંજુર થઇ શકે તેમ છે કે નહિ તેની જાતે ખાત્રી કરવા માટે અથવા તો આગેવાન પક્ષોને સ્વીકાર્ય બને એવી યોજના જુદા જુદા નેતાઓ સાથે મસલત ચલાવીને નક્કી કરવા માટે સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સને મોકલવામાં આવે છે. એ તો વાત નક્કી છે કે આટલી મોડી મોડી પણ અંગ્રેજ સરકારની આંખ ઉઘડી છે અને કાંઇક ખરેખર મહત્વની જાહેરાત કરીને આજના કટોકટીના વખતમાં

ઉદાસીન બનેલી હિંદી પ્રજાનો બને તેટલો સહકાર મેળવવાની સરકારના દિલમાં પુરી ચિન્તા પેઠી છે. પણ આજે જ્યારે હિંદુસ્થાનના પૂર્વ દરવાજે જાપાનીઝ બંબગોળા વરસી રહ્યા છે અને જે હિસાબે સીયામ, બર્મા, સુમાત્રા, જાવા વિગેરે દૂરપૂર્વના દેશો જાપાનીઝ સત્તાને લગભગ અધીન બની બેઠા છે તે હિસાબે હિંદુસ્થાનનું ભાવી પણ આગામી આક્રમણના ત્રાજવે તોલાઇ રહ્યું છે, ત્યારે મસલતો ચલાવવાનો, વાટાઘાટ કરવાનો કે મન મનાવવાને અવકાશ છે ખરો તે એક પ્રશ્ન છે. આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવો જ આ પ્રયત્ન કેટલાકને લાગે છે. આજે ચાલી રહેલા વિરાટ વિગ્રહને અઢી વર્ષ ઉપર થવા આવ્યું. આજ સુધી અંગ્રેજ રાજકારણી નેતાઓની આંખ જ ન ઉઘડી. અહિંના આગેવાન પક્ષોના અણબનાવ ઉપર તેઓ નિરાંત કરીને સુતા રહ્યા અને હવે જ્યારે પૂર્વનો દાવાનળ પોતાની ભયાનક જ્વાળાઓ પશ્ચિમ તરફ વિસ્તારી રહ્યો છે ત્યારે રાજકીય મંત્રણાનાં મંડાણ શરૂ થાય છે. આ સંઘ કાશીએ પહોંચશે ખરો?

અને એ પણ બને અને આખા દેશને આજની ઘડિએ આઝાદ બનાવવાને અંગ્રેજ સરકાર ખરેખર તૈયાર હોય તો આજની વસ્તુસ્થિતિમાં જરૂર નવા પ્રાણ, ઉત્સાહ અને ચેતના આવે. પણ અંગ્રેજ સરકાર આ હદ સુધી જવાને તૈયાર છે ખરી? અને અંગ્રેજ સરકારની આ તૈયારી એટલે કે આઝાદીના જે જે રોધક તત્વો આજે ઉભાં થયાં છે કે કરવામાં આવ્યા છે તેનો પુરેપુરો સામનો કરવાની અંગ્રેજ સરકારમાં હીંમત છે ખરી? કારણ કે આજે એ કોણ નથી જાણતું કે આપણી સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં મોટામાં મોટી શૂળ કોઇએ ઉભી કરી હોય તો શ્રી. મહમદઅલી ઝીણાના પાકીસ્તાનની અનર્થ-પૂર્ણ કલ્પનાએ. આ પાકીસ્તાનના ખ્યાલને આજ સુધી સીધી કે આડકતરી રીતે પોષવામાં આવ્યો છે અને એ રીતે શ્રી ઝીણાને આજ સુધી હિંદી રાજકારણમાં અસાધારણ પ્રતિષ્ઠા મળતી ગઇ છે. આજે એ માણસ અને એની રાજનીતિ આઝાદ હિંદુસ્થાનને તેમજ અંગ્રેજ સરકારને મોટામાં મોટું ભયસ્થાન બની રહેલ છે. દિવસે દિવસે મુસલમાન કોમના નામે તેની માંગણીઓ મોટી અને મોટી થતી ગઇ છે અને આજે એક મોઢું કેટલા ભક્ષ્યથી સંતોષાશે એ એક પ્રશ્ન થઇ પડયો છે. અંગ્રેજ સરકારનું નિવેદન પણ સ્પષ્ટ કરે છે કે આજને તબક્કે કોઇ પણ સરકારી જાહેરાત રખેને હિંદુસ્થાનમાં કોમી સંઘર્ષણને નવું જોર આપે અને એમ બને તો ઓલમાંથી ચુલમાં પડવા જેવું બને એ દહેશત તેમને તુરતમાં કશી જાહેરાત કરતાં અટકાવે છે અને તેથી જ સ્ટ્રેફર્ડ ક્રીપ્સને સર્વ સત્તા સાથે હિંદુસ્થાન મોકલવાની તેમને ફરજ પાડે છે. આજે અંગ્રેજ સરકાર સામે ઉપસ્થિત થતા હિંદી રાજકારણની બે બાજુ છે. એક તો પોકળ આશા આપનારાં વચનોથી કે વિગ્રહના અંત પછી આમ કરીશું કે તેમ કરીશું એ વાતથી આજનું આઝાદી-ભુખ્યું હિંદ સંતોષાય તેમ છે જ નહિ. જે કરો તે આજે કરો; જે આપવું હોય તે આજે આપો. અને બીજું જે કાંઇ મહત્વનું રાજકારણી પગલું અંગ્રેજ સરકાર લેવા માંગશે તે સામે જેને મન આખા દેશની આઝાદી કરતાં પાકીસ્તાનની કીંમત ઘણી વધારે છે તે વર્ગ તો વિરોધ કરવાનો જ. આ વિરોધને પહોંચી વળવાની હીંમત આજના હકુમતધારીઓમાં હોવી જ જોઇએ. આ બે બાબતની પાકી ગાંઠ નહિ હોય તો સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સ તો શું પણ ખુદ ચર્ચીલ આવે તો પણ તેના નસીબે વાટાઘાટનાં વમળો અને પરિણામશૂન્ય ચર્ચાઓ જ લખાયલી છે એમ આજની પરિસ્થિતિને બરોબર સમજનાર માટે દીવા જેવું સ્પષ્ટ છે.

પરમાનંદ

# મારા પુત્રની તાલીમ

વીસ વર્ષ પહેલાં મેં મારા પુત્રની તાલીમ શરૂ કરી. મારૂં ધ્યેય એજ હતું કે તેનું જીવન ઉપયોગી બને અને તેનામાં આત્મવિશ્વાસ જાગે. હું માનું છું કે આપ[ણે] બાળકોની તાલીમની બહુ વિશેષ જવાબદારી શાળા પર છોડી દઇએ છીએ. ખરી રીતે તો બાળકો શાળાએ જાય તે પહેલાં ઘરમાં જ તેઓની તાલીમ શરૂ થવી જોઇએ, અને જ્યારે બાળકો શાળાએ જતાં હોય ત્યારે પણ સાથે સાથે તેઓની ઘરની તાલીમ ચાલુ રહેવી જોઇએ.

હવે મારૂં કામ પુરૂં થયું છે. મારા પુત્ર પ્રવીણની ઉમર ૨૩ વર્ષની છે. તંદુરસ્તી સારી છે. રમત-ગમત અને અભ્યાસમાં સારો શોખ છે. બધાની સૌથે હળીમળીને રહે છે. ગઇ સાલ તેણે કોલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો. હવે ખુબ શોખથી અને ઉત્સાહપૂર્વક ઇજીનીયરનું કામ કરી રહ્યો છે.

પ્રવીણને તાલીમ દેવામાં અમારો સૌથી મૂળ ઉદ્દેશ એ રહ્યો છે કે સાચી તાલીમનો પાયો આત્મનિર્ભરતા-સ્વાવલંબન છે.

સ્વાવલંબી જીવનને માટે સૌથી પહેલી જરૂર એ છે કે આપણે આપણા હાથોનો ઉપયોગ કરતાં શીખીએ. એથી પ્રવીણ જ્યારે ત્રણ વર્ષનો હતો ત્યારથી જ મેં તેના હાથોની તાલીમ શરૂ કરી. અમે બન્ને એકી સાથે જમીન પર બેસી લાકડાના ટુકડાઓથી ઘર બનાવતા હતા. કેવું ઘર બનાવવું છે તે તો પ્રવીણની ઇચ્છાની વાત હતી; પણ જ્યાં સુધી ઘરની દીવાલો સીધી, ઘરના ખુણા સમકોણ, અને ફેંટના થાંભલા પાકા નહોતા થતા ત્યાં સુધી હું છોડતો નહિ. હું એ ઇચ્છતો હતો કે પહેલેથી પ્રવીણના હાથના આંગળાંઓને સાવધાની અને ધ્યાનથી કામ કરવાની આદત પડે. જ્યારે પ્રવીણ સાડાત્રણ વર્ષનો થયો, ત્યારથી તેને ઓજારોનો પરિચય થવા લાગ્યો. મારો સિધ્ધાન્ત છે કે ઓજારોના ઉપયોગથી હાથ અને મગજ બન્નેને એક સાથે તાલીમ મળે છે, તેથી એકાગ્રતા આવે છે, વિચારશકિત વધે છે, કાર્ય-કારણનો સંબંધ સમજવાની બુદ્ધિ ખીલે છે, હાથને કામ કરવાની ઠીક ઠીક આદત પડે છે અને કામ કરવાની શકિત ધીમે ધીમે વધતી જાય છે.

દરવાજાના તાળાઓને તેલ દેવાની જરૂરત પડતી તો હું પ્રવીણને મારી મદદ માટે બોલાવતો. પહેલાં તો તેના હાથમાં ઓજાર આપતો. થોડા સમય પછી હું જ પૂછતો.

'પ્રવીણ, ભલા બતાવ કે આ તાળું કેમ ખુલશે?' પ્રવીણ જેમ જેમ બતાવતો, હું તેમજ કરતો. તે પોતે સમજી જતો કે તેના બતાવ્યા પ્રમાણે કામ થયું નહિ. પછી અમે બન્ને એક સાથે મળી એ સવાલ પર વિચારતા અને કોશિશ કરતા. છેવટે પ્રવીણનો ચહેરો ખુશીથી ખીલી ઉઠતો; કારણ કે પોતે જ પ્રયત્નથી પોતાનો રસ્તો શોધી શકયો હતો.

ચાવીનો કોઇ ભાગ ખરાબ થઇ જાય, યા સીવવાનું મશીન બગડી જાય અથવા તૂટેલું રમકડું જોડવાનું હોય, તો પણ અમારા કામનો એજ રસ્તો રહેતો. અમે બન્ને મળીને વિચારતા કે અમે કયા કયા ઓજારોનો ઉપયોગ કરીએ, કેવી રીતે આગળ વધીએ. પ્રવીણના હાથ જેમ જેમ મજબૂત થતા ગયા, તેમ તેમ હું તેને પોતાના હાથે કામ કરવા પ્રોત્સાહિત કરતો ગયો. જ્યારે તે પાંચ વર્ષનો થયો ત્યારે તે ઘરની નાની મોટી તોડફોડ સુધારી લેતો. હું કહેતો "ભાઇ કપડા ધોવાના ટબનો નળ ખરાબ થઇ ગયો છે." તે પેટીમાંથી જરૂરી ઓજાર લઇ થોડીજ વારમાં તૈયાર કરી મને કહી જતો—"બાપુજી, તે ઠીક થઈ ગયો."

મારા મિત્રો મારી મશ્કરી કરતા, "અરે ભાઇ આ છોકરાને તે બુદ્ધિનું કામ કરીને જીવન-નિર્વાહ કરવો છે. આને મજુરનું કામ શીખવવાનો શો અર્થ છે?" પણ હું તો મારી વાત પર મક્કમ રહ્યો. હું તો માનું છું કે આજે તેને જે કામ મળ્યું છે તેનું કારણ એજ છે કે તેના કોલેજના અભ્યાસનો અસલી ફાયદો મેળવવાને તૈયાર હતો. તેના એવા ઘણા સાથીઓ હતા, જેની મગજશકિત પ્રવીણથી પણ તેજસ્વી હતી, પણ તેઓને શારીરિક મહેનતની ટેવ ન હોવાને કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી, જ્યારે પ્રવીણની તાલીમની શરૂઆત હાથના કામથી થઇ હોવાથી તેનું બૌદ્ધિક કાર્ય પણ બધાથી આગળ રહ્યું.

જેમ જેમ પ્રવીણ મોટો થતો ગયો, તેમ તેમ તે મને પૂછવા લાગ્યો, 'આ ચીજ શું કામ ક..રે!' હું તેના જવાબમાં ફરી તેને જ પૂછતો, 'ભાઇ, ..જ કે બતાવ તે શું કામ આવતી હશે?' અને તેને ખોલીને જોવા કહેતો. તે વિચાર કરતો અને જાણી જતો. ... રીતે મારી દેખરેખમાં તેણે ઘરના બધા ઓજારો અને યંત્રોને ખોલી જોયાં. હું પણ કોઇ કારીગર નહોતો તેથી હું પણ પ્રવીણની સાથે સાથે શીખતો.

આજે તો અમારા ઘરમાં અને મોટરમાં એવું કોઇ મશીન નથી જેને પ્રવીણ ઠીક ન કરી શકે? તેને એવી આદત પડી ગઇ છે કે તે ખૂબ વિચાર કરીને એક એક ડગલું ઉઠાવે છે. જ્યારે કોઇ મશીનના ભાગ ખોલે છે ત્યારે એક એક ભાગનું કામ અને તેનો બીજા સાથેનો સંબંધ ખૂબ ધ્યાનપૂર્વક જુએ છે. આ રીતે તાલીમ પામવાથી આખી દુનિઆની તરફ તેની મનોવૃત્તિ એ પૂછવાની થઇ ગઈ છે કે આ ચીજ કેમ બને છે? શાથી ચાલે છે?"

પ્રવીણની માતા તથા મેં બન્નેએ એજ કોશિશ કરી કે જ્યાં સુધી તેને 'શા માટે?' એ સરલ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર ન મલે ત્યાં સુધી તેને શાન્તિ ન થાય. પહેલાં અમે તેને જ પૂછતા "ભલા, તું બતાવ, તને શું સુઝે છે?" અમારા બન્નેમાંથી કોઇને બરાબર જવાબ ન સુઝતો, તો અમે પુસ્તકો યા જાણકારોની મદદ લેતા હતા. એકવાર એક વસ્તુની ઓળખ આપવા માટે તેની સાથે મોટર સુધારવાના કારખાના સુધી જઇને એક મીસ્ત્રીને પૂછવું પડયું હતું.

પ્રવીણના બાળપણથી જ હું એવી કોશિશ કરતો રહ્યો કે કોઇ પણ સિદ્ધાંત યા વૈજ્ઞાનિક તત્ત્વ તેના મનમાં છબીની જેમ સાફ સાફ ઠસી જાય. એક વખત પ્રવીણે મને પૂછ્યું, 'લોઢાના નાના નાના ટુકડા તો પાણીમાં ડૂબી જાય છે, તો લોઢાના વહાણ કેમ નહિ ડૂબતાં હોય?' મેં તેને સમજાવવા બહુજ પ્રયત્ન કર્યો પણ તેના મનમાં સ્પષ્ટ છાપ ન પડી. થોડા દિવસ પછી જ્યારે તે પાણીના ટબમાં વહાણ ચલાવી રહ્યો હતો, ત્યારે મેં પાણીમાં એક ભારે પેપરવેઇટ અને કાચનું વાસણ મુકીને બતાવ્યું કે પેપરવેઇટ ડૂબી ગયું; પણ વાસણ જે તેનાથી પણ ભારે હતું તે ન ડૂબ્યું. ત્યારે પ્રવીણ બરાબર સ્પષ્ટ રીતે સમજ્યો. થોડા દિવસો પછી એજ સવાલ મોટા માણસને સરસ રીતે સમજાવતો મેં તેને જોયો.

તમે કદાચ કહેશો કે આ માટે તો બહુજ સમય અને ધીરજની જરૂર છે. સમયની તો નહિ, પણ ધીરજની જરૂર તો ખરી. બધાં માબાપો પોતાના બાળકોના પ્રશ્નોના જવાબ દેવામાં, તેને શિખામણ આપવામાં અને તેના મનોરંજનને માટે ઘણો સમય આપે છે. અમે પણ એટલો જ સમય આપ્યો, પણ માત્ર એટલુંજ કર્યું કે રચનાત્મક પ્રવૃત્તિઓમાં આ સમયનો ઉપયોગ કર્યો. જે કાંઇ તે પૂછતો તેને માટે તેને એવી રીત બતાવવામાં આવતી કે તે પોતેજ નવી ચીજની શોધમાં કોઇ નવો રસ્તો શોધી કાઢે. બાળપણમાં પ્રત્યેક બાળકમાં એક એવી વૃત્તિ હોય છે કે માબાપ થોડું પણ ધ્યાન આપે તો ઘણું ખરું કામ બાળક પોતે સ્વયંસ્ફુર્તિથી સર્જી શકે.

પ્રવીણને શીખવતાં શીખવતાં અમે પોતે પણ ઘણી વાતો શીખી લીધી. તેના પ્રશ્નોના જવાબ આપવાને માટે અમારે ઘણી ઘણી નવી વાતોની શોધ કરવી પડી. અમને એક મોટા પાઠ તો એ મળ્યો કે બાળકોની તાલીમમાં ધીરજ બહુજ જરૂરી છે. જો બાળપણમાં સારી આદતો પાડવામાં ન આવે, બાળકને યોગ્ય પ્રવૃત્તિ અને માર્ગદર્શન ન મળે તો બાળક તોફાન પર ચડે છે અને તોફાની વૃત્તિને વાળવામાં બહુજ અધિક સમય અને શકિત આપવાં પડે છે.

પ્રવીણ કાંઈ ખાસ બુદ્ધિમાન નહોતો, બીજા બાળકોનું બાળપણ જેમ ખેલવા-કૂદવા અને મસ્તી કરવામાં જાય છે તેમ તેનું પણ એમજ હતું. અમે માત્ર એજ કોશીશ કરી કે તેની સ્વાભાવિક વૃત્તિ જોઇને એવું કામ દેવા લાગ્યા કે જેમાં તેને આનંદ પણ મળે, તાલીમ પણ મળે અને તેના ભાવી જીવનને માટે કાંઇક પુંજી પણ એકઠી થાય. પણ તે એ રીતે કે તેને માલુમ ન પડે કે અમે તેને તાલીમ આપી રહ્યા છીએ. પ્રવીણની સાથેનો અમારો વર્તાવ એવો હતો કે જે મોટા માણસોની સાથે આપણે રાખીએ છીએ. અમે કોઇ દિવસ તેને સસ્તાં અને નકામાં રમકડાં આપીને તેનું અપમાન નથી કર્યું. અમે એ નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પ્રવીણને બધી ઉપયોગી વસ્તુઓ જ અપાવવી. જ્યારે તેણે મીસ્ત્રીના ઓજાર માંગ્યા, ત્યારે અમે તેને ઓજારોનો સુંદર સેટ લાવી આપ્યો. તેથી તે ઓજારોની કીંમત સમજતાં શીખ્યો. અમારા પૈસા સાર્થક થયા.

બીજી સાલ તેણે બહુ તકલીફ વેઠી થોડા પૈસા બચાવ્યા. તેને અમે હાથથી છાપી શકાય તેવું એક પ્રેસ અને થોડાં બીબાં લાવી આપ્યાં. થોડા દિવસ પછી મેં વિચાર કર્યો કે તેને શીખવાનું તો તે શીખી જ રહ્યો છે, પણસાથે સાથે થોડા પૈસા પણ કમાય તો કેવું મજાનું? મેં તે વિચાર તેની પાસે મુકયો અને કહ્યું 'ચાલો, આપણે એક નાનું છાપખાનું ખોલીએ અને આસપાસનું છાપકામ કરી આપીએ.' તેને માટે થોડા વિશેષ પૈસા મારે ખર્ચવા પડયા. અમે આ વેપારમાં ભાગીદાર બન્યા. હંમેશા સાંજે અને રવિવારના દીવસે હું તેને મદદ કરતો ... આ કાર્ય દ્વારા મેં તેને ધીરે ધીરે વ્યાપારમાં મુડી રોકતાં, તેના ઉપયોગ કરતાં, અને તેના લાભાલાભ વગેરે નિયમો શીખવ્યા.

મૂળ વાત તો એ છે કે આપણે સમજી લેવું જોઇએ કે જ્યારથી બાળક બોલવા અને ચાલવા લાગે છે, ત્યારથી તેની તાલીમ શરૂ થઇ જાય છે, નહિ કે જ્યારથી તે શાળાએ જવા લાગે છે.

આપણે તેની રમતો, તેના શોખ, તેની વૃત્તિઓ, તેના પ્રશ્નો વગેરેનો પૂરેપુરો ફાયદો ઉઠાવી તેનો સર્વતોમુખી વિકાસ સાધવા દ્રષ્ટિ રાખવી જોઇએ.

આપણે એમ સમજવું જોઇએ કે બાળકોના મનનો વિકાસ એક ગંભીર સાધનાની વસ્તુ છે. ત્યારે જ બાળ માનસ આપણા પ્રયત્નોથી વિકસિત થશે.

પ્રત્યેક પિતા, પ્રત્યેક માતા, પ્રત્યેક શિક્ષક અને પ્રત્યેક ગૃહપતિ આ રચનાત્મક પ્રવૃત્તિ અને હાથ પગની તાલીમ વિચારશે કે?

(એક અંગ્રેજી લેખ ઉપરથી) **ફુલચંદ હરિચંદ દોશી.**

# હું જૈન છું!

એક ભાઈ આવ્યા. ધર્માત્મા હતા. પૂજાપાઠ બહુ કરતા. એમના પૂજાપાઠ, કર્મકાંડથી સામાન્ય ધર્મશીલ માણસો પણ આવી થાકયા હતા; પણ, અને એમનામાં શ્રદ્ધા હતી. શ્રદ્ધા એ માટે, કે એમના ધર્માત્માપણામાં ભક્તિ અને નિષ્ઠા બંને હતાં, એ ઢોંગી ન હતા. બધી ક્રિયાએ મન, વચન અને કાયાથી કરતા હતા.

મારા કરતાં જૂદા વિચારો ધરાવનાર માટે પણ મારા હૃદયમાં હમેશાં માનની ભાવના રહી છે. હું તો પ્રત્યેક વ્યક્તિને એના જ દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરૂં છું. સર્વોદયની ભાવનામાં હું માનું છું અને જૈનોના અનેકાંતવાદમાં મારો પૂરેપૂરો વિશ્વાસ છે.

પ્રત્યેક વ્યક્તિની જુદી જુદી પરિસ્થિતિઓ હોય છે, જુદા વાતાવરણમાં એ ઊછરે છે. પ્રત્યેકનું માનસ-તત્ત્વ અને જીવન-તત્ત્વ એના માતાપિતાના રજ અને વીર્ય અનુસાર હોય છે. એટલે પ્રત્યેક વ્યકિત, એને અનુસરી, પોતપોતાની પરિસ્થિતિમાં પોતપોતાના વ્યકિતત્વ પ્રમાણે કામ કરે છે.

હું આજે ઇચ્છું કે આખી દુનિયા મારા કહેવા પ્રમાણે ચાલે તો એ અસંભવિત છે. કોઇ કહે કે એની જ વિચારશ્રેણિ દુનિયામાં સર્વશ્રેષ્ઠ અને કલ્યાણકારી છે, તો એ ભૂલ ભરેલું છે. ભગવાન મહાવીરના અસંખ્ય અનુયાયીઓ થયા, પણ આખી દુનિયા એમની અનુયાયી થઇ ગઇ હોય એમ એમના જીવન દરમિયાન કે એમના નિર્વાણ પછી આજ સુધીમાં બન્યું નથી. એટલા માટે મેં મારૂં પોતાનું કાર્યક્ષેત્ર પસંદ કરી લીધું છે. દરેક વ્યકિતને પોતપોતાનું કાર્યક્ષેત્ર હોય છે.

મારૂં અને મારા માતપિતાનું કાર્યક્ષેત્ર ભિન્ન હોય એમ બની શકે છે.

પેલા ગ્રહસ્થ શુભ નિષ્ઠાથી જ મારી જોડે વિવાદમાં ઉતર્યા હતા. કહેવા લાગ્યા—"ભાઇ, તમારૂં તો બહુ નામ થયું છે. તમે ખૂબ કામ કર્યું છે. મને બહુ આનંદ થયો. પણ તમે જૈન થઇને જૈન મંદિરે પણ નથી જતા એ વાત ઠીક નહીં. તમારે જૈનો માટે પણ કાંઇ કરવું જોઇએ."

મેં કહ્યું—"ઠીક, જે કાંઇ હું કરી રહ્યો છું તે ઠીક કરી રહ્યો છું. જૈનો તરફ મને કોઇ તિરસ્કાર તો છે નહીં. મારા નામ પાછળ પણ 'જૈન' શબ્દ આવ્યા કરે છે. 'જૈન' શબ્દનું મને અભિમાન છે—એટલા માટે નહી કે 'જૈન' શબ્દ લગાડી કોઇને ખરો ખોટો ખુશ કરવા માંગું છું કે મારામાં સાંપ્રદાયિકતા છે.

"જો દુનિયા આગળ વધીને કહે, કે કોઇ પોતપોતાના નામની પાછળ પોતપોતાના ધર્મગત, જાતિગત, સ્થાનગત યા ધંધાગત ઉપનામો ન લગાડે, તો આમ કરવા માટે તૈયાર થનારાઓમાં હું પહેલો હોઇશ. એ વાત નથી કે દુનિયા કહે તો હુ આમ કરૂં; એ આગળ ન વધી હોય તો પણ હું એમ કરવા તૈયાર થાઉં. પણ આમ કરવાની શી જરૂર છે તે હજી મારી સમજમાં નથી આવ્યું. વિશ્વબંધુત્વને મતઔદાર્ય માટે પણ હું એમ નથી માનતો કે નામની આગળથી આ જાતિગત કે સામ્પ્રદાયિક ઉપનામ કાઢી નાંખવાથી જ આપણે વધુ ઉદાર અને વિશાળ તત્ત્વના પુરસ્કર્તા થઇ શકીશું. આ જે કાંઇ ચાલે છે—ચાલવા દો. એ માટે ચિંતા યા સંકલ્પ વિકલ્પની શી જરૂર છે?

"હું જૈન છું. જૈનોની સેવા કરવાનો કોઇ અવસર મને મળે તો હું જતો ન જ કરી શકું. દુનિયાનું કોઇ પણ કામ હોય—જો મારી પાસે અવકાશ હોય, જો હું સમર્થ હોઉં, તો એ કરવામાં મને શું વાંધો હોય? હું હમેશાં તૈયાર રહું છું. માત્ર કર્મકાંડમાં મને શ્રધ્ધા નથી. વળી, એ કર્મકાંડ પણ પ્રથા-પાલન કે લોકોને બતાવવા માટે જ હો, તો એનો વિરોધ કરવાની પણ ફરજ પડે છે. હા, કોઇ કર્મકાંડી હોય, અને એમના કર્મ-કાંડમાં શ્રધ્ધા અને સત્યાસત્ય વિવેક બંને હોય, તો મને એ ચાલુ રહે એની સામે કાંઈ વાંધો નથી. એમનો ગન્તવ્ય માર્ગ એક હોય તો મારો કોઇ બીજો પણ હોય. એ પૂજા-પખાલ કરે તો હું પૂજા-પખાલ ન પણ કરૂં. મારામાં નિર્ગુણભક્તિ પણ હોઇ શકે. કોઇ કોઇ વખતે સગુણ ઉપાસના. પણ સામાન્ય જનતાના સામુહિક કે વ્યકિતગત પૂજાપાઠ કે સંગીત હરિકીર્તનમાં હું સામેલ થઇ શકું છું—જો મારો અંતરઆત્મા એ વખતે જાગ્રત થઇ એ કાર્યમાં લીન થઇ જાય તો. હું માનું છું કે સામુદાયિક ભક્તિમાં આત્માનો આનંદ તો [illegible] કરે છે જ.

દર્શનલાલસા પણ મારામાં અજબ [illegible] છે, કહેવું જોઇએ કે પૂરેપૂરી ધાર્મિક છે. જો પ્રસંગ પ્રાપ્ત થાય તો હમેશાં મંદિરમાં જઈ ભગવાન સામે ચોખા ચડાવીને દર્શન કરી આવવાને બદલે ગહન અંધકારમાં કે મધ્ય રાત્રીએ દિગંબર પ્રતિમાની સામે જઈ દિગંબર અવસ્થામાં ધ્યાનમગ્ન થઇ તત્ત્વ-ચિંતન કરવાનું કે ધ્યાનસ્થ પ્રતિમાના સ્વરૂપમાં લીન થઇ ચિન્મય સ્વરૂપની સૃષ્ટિ રચવાનું હું વધુ પસંદ કરૂં છું.

"આપણા બૃહત્તર જીવનમાં. આપણા વ્યવહારમાં ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ અકિંચનતા અને બ્રહ્મચર્યની—દશ ધર્મોની—સૃષ્ટિ જ ન રચાઇ હોય અને આપણે દશ ધર્મના પાલક કહેવાઇએ, ગમે તેવો બહેવાર કરીએ, અને વહેવારની મર્યાદામાં જૂઠું બોલીએ, અનીતિથી ધન કમાઇએ, ધન કમાવામાં એ વસ્તુનો વિચાર ન રાખીએ કે આપણી આ વસ્તુ સામાના સ્વાસ્થ્ય, શરીર અને ઉપયોગને લાયક છે કે નહીં, અથવા એ સમાજને બલવાન કરનારી છે કે સમાજ જીવનને નષ્ટ કરનારી, વ્યભિચાર કરીએ અને આપણી પત્ની હોવા છતાં પણ સંયમ-પુરૂષાર્થમાં પ્રવેશ કરવાને બદલે કામપુરૂષાર્થમાં પ્રવેશ કરીએ—શું આને હું જૈનત્વની સીડી-પગથિયું-કહી શકું?

"હું ખુદ મારી જાતને પણ આ માટે જૈનત્વની સીડી પર ચડવા માટે લાયક નથી સમજતો. પણ, જૈનત્વની સીડી પર ચડવાનું મારૂં લક્ષ્ય છે અને એ શુદ્ધ જૈનધર્મનો માર્ગ છે. હું જૈન બનવાની પ્રતિક્રિયા નથી કરવા ઇચ્છતો; ગંતવ્ય માર્ગ તરફ આગળ વધી રહ્યો છું; કર્ત્તવ્યકર્મ કરી રહ્યો છું; વ્યવહારમાં સત્ય ને ધ્યેયને સ્થાન આપવાનો મારો પ્રયત્ન છે. સદાચાર, સંયમ અને આત્મચિંતવનમાં રત રહેવાના હું પ્રયત્ન કરૂં છું. પૂર્ણપુરૂષ એટલે કે સિદ્ધ પુરૂષ નથી થઇ શકતો, પણ સિદ્ધત્વની કલ્પના આત્મા અને હૃદયના વિકાસનું શુભ લક્ષણ છે એટલા માટે હું જૈન છું. મારો માર્ગ ખોટા જૈનત્વનો માર્ગ નથી—શુદ્ધ જૈનત્વનો માર્ગ છે—અહિંસા અને અનેકાન્તનો માર્ગ છે. મારો ગંતવ્યમાર્ગ એક તૂટીફુટી લીંટી નથી, પણ સર્વગ્રાહી છે. આજ સંબંધથી મારે પોતા તરફ—મારા જીવન-લક્ષ્ય તરફ—ધપવું છે.

"એટલા માટે જ હું જૈન છું."

મૂળ લેખક-**ભાનુકુમાર જૈન.**

અનુવાદક-**બિપિન ઝવેરી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો    શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર    Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨૩

મુંબઇ: ૧ એપ્રીલ ૧૯૪૨ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

## મંગલમય મહાવીર

ચૈત્રનો પરમ પાવન મહિનો ભગવાન મહાવીરનું સૌ કોઇને સ્મરણ કરાવે છે. આ પુણ્ય માસમાં આજથી ૨૫ શતાબ્દિ પહેલાં તેઓ અવતીર્ણ થયા હતા. તેમણે પટણાની સમીપ આવેલા એક સ્થાનને પોતાની જન્મભૂમિ બનાવી. અશોક અને ગોવિન્દસિંહના સંપર્કને કારણે પટણા પવિત્ર મનાય છે.

પરંપરાથી એ મહાનુભાવની જન્મતિથિ ચૈત્ર શુદ ત્રયોદશીને માનવામાં આવે છે. આ દિવસ–મહાવીરની વર્ષગાંઠનો દિવસ–યુવકોના પંચાંગમાં સ્મરણીય છે. યુવાનોએ યાદ રાખવું જોઇએ કે આ તિથિ અનેક મહાવીરોની જનેતા છે.

યદ્યપિ ભારત દરિદ્ર છે, છતાંય એ શ્રી–સંપન્ન છે. એ શ્રી એના મનુષ્યોમાં વ્યાપેલી છે. એના કરોડો મનુષ્યો જો કંઇ કરવાનો સંકલ્પ કરે તો શું ન કરી શકે ? અને પ્રત્યેક શતાબ્દિમાં આત્મિક શક્તિમાં મહાન એવા કેટલાયે મહાપુરૂષો શું ભારતે પેદા નથી કર્યા ? કેમકે જેની કીર્તિનો પ્રચાર આજે આપણે કરી રહ્યા છીએ તેવા મહાવીર આપણા ઇતિહાસમાં એકમાત્ર નથી પણ અનેક થયા છે. તેઓ થયા છે અન્ય યુગોમાં. તેઓ આધ્યાત્મિક ક્ષેત્રના યોદ્ધાઓ હતા. તેમણે ભારત ભૂમિને પુણ્યભૂમિ બનાવી દીધી અને આધ્યાત્મિક આદર્શવાદની શ્રીથી સંપન્ન કરી.

આ મહાવીર અર્થાત મહાન વિજયી ઇતિહાસના સાચા મહાપુરૂષ છે. એ ઉદ્ધતતા અને હિંસાના નહિ, પરંતુ નિરભિમાનતા અને પ્રેમના મહાવીર હતા.

રશીયાના મહાન ઋષિ ટોલ્સ્ટોયે આ વિષય ઉપર વારંવાર કહ્યું છે કે "જે પ્રકારે અગ્નિ, અગ્નિનું શમન કરી શકતો નથી તેજ પ્રકારે પાપ પાપનું શમન કરી શકતું નથી." કહેવાય છે કે આ ઉક્તિ ઉપર ઇસુના 'પાપનો પ્રતિકાર ન કરો' એ પ્રવચનની છાપ છે. પરન્તુ ઇસુથી પણ પાંચ શતાબ્દિ પહેલાં અહિંસાની આ શિક્ષા ભારતના બે આત્મજ્ઞ ઋષિઓ–બુદ્ધ અને મહાવીર–દ્વારા ઉપદિષ્ટ અને આચરિત થઇ ચુકી હતી. જૈનો ભગવાન, ઇશ્વર, મહાભાગ ઇત્યાદિ કહીને મહાવીરને પૂજે છે.

તેઓ એમને 'તીર્થંકર' પણ કહે છે, જેનો અર્થ હું 'સિદ્ધ પુરૂષ' કરૂં છું. મહાવીરનું સ્મરણ એમને ચોવીસમા તીર્થંકર માનીને કરવામાં આવે છે. જૈનોના પ્રથમ તીર્થંકરનું નામ ઋષભનાથ અથવા આદિનાથ છે, જેઓ અયોધ્યામાં જન્મ્યા અને કૈલાસપર્વત ઉપર મહત્તમ આત્મજ્ઞાન (કૈવલ્ય) ના અધિકારી થયા. તેઓ એ ધર્મના સૌથી પ્રથમ પ્રવર્તક હતા કે જેને ઇતિહાસમાં જૈનધર્મ કહેવામાં આવ્યો છે. મહાવીર જૈનધર્મના પ્રવર્તકોની લાંબી સૂચીમાં ચોવીસમા છે. એમણે બૌદ્ધધર્મથી પણ પ્રાચીનતર આ જૈન ધર્મની પુનર્ઘોષણા કરી અને એનું પુનર્નિર્માણ કર્યું.

મહાવીરના વિષયમાં મેં જે કંઇ જાણ્યું, તેનાથી મારા ઉપર ઘણો પ્રભાવ પડયો છે. એમનું જીવન અદ્વિતીય ઉદારતા અને અદ્વિતીય સૌંદર્યથી પરિપૂર્ણ હતું. બુધ્ધના સમકાલીન હોવાથી એઓ બુધ્ધના ત્યાગ, બુદ્ધના તપ અને બુદ્ધના માનવપ્રેમનું સ્મરણ કરાવે છે.

એઓ ઇસુથી ૫૯૯ વર્ષ પહેલાં બિહાર પ્રાંતના એક શહેરમાં જન્મ્યા હતા. એમના પિતા 'સિદ્ધાર્થ' એક ક્ષત્રિય રાજા હતા. એમની જનની 'ત્રિશલા'–પ્રિયકારિણી–વર્જ્જીઓના પ્રજાતંત્રના મુખી ચેટકની પુત્રી હતી. મહાવીરને બીજા બાળકોની જેમ શાળામાં મોકલવામાં આવ્યા હતા, પરંતુ એમ માલમ પડયું કે એમને શિક્ષકની જરૂર જ નહોતી. એમના હૃદયમાં એ જ્ઞાન પ્રજ્વલિત હતું કે જેનું કોઇ વિદ્યાલય પ્રદાન કરી શકે તેમ હતું જ નહિ. બુદ્ધની જેમ આ જગત્‌નો ત્યાગ કરવા એ પણ વ્યાકુલ બની ઉઠતા. અઠ્ઠાવીસ વર્ષની અવસ્થા સુધી તેઓ કુટુંબમાં જ રહેતા હતા. જ્યારે એમના માતા–પિતા ગુજરી જાય છે ત્યારે ત્યાગ માર્ગમાં પ્રવેશવાની અંતઃપ્રેરણા એમને થાય છે. એટલે મોટા ભાઇ પાસે તેઓ અનુમતિ મેળવવા જાય છે. મોટા ભાઇ કહે છે કે 'હજુ માતપિતાના સ્વર્ગવાસનો ઘા રૂઝાયો નથી, માટે મને છોડીને ન જાઓ!' તેથી તેઓ બે વર્ષ વધારે સંસારમાં રહે છે. હવે એ ત્રીસ વર્ષના થાય છે. ઇસુની જેમ હવે તો તેમને જેનો વેગ ખાળી ન શકાય તેવી અંતઃપ્રેરણા થાય છે કે સર્વસ્વ ત્યાગી સંન્યાસના સુમાર્ગે જવું જ જોઇએ. બુધ્ધની જેમ એ પોતાની બધી સંપત્તિ દરિદ્રોને દાન કરી દે છે. કુટુંબત્યાગના દિવસે એ પોતાની બધી સંપત્તિ ગરીબોને આપે છે અને રાજ્ય ભાઇઓને. પછી પોતે તપશ્ચર્યા અને ધ્યાનમાં જીવન વ્યતીત કરે છે. બુદ્ધને છ વર્ષની સાધના બાદ પ્રકાશનાં દર્શન થયાં હતાં. મહાવીરને એ જ્યોતિ બાર વર્ષના અંતર્ધ્યાન અને તપસ્યા બાદ દેખાય છે. ઋજુવાલુકા નદીને કીનારે જૃંભક નામના ગામમાં એ પરમ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. ગ્રંથોની ભાષામાં હવે એ તીર્થંકર, સિધ્ધ, સર્વજ્ઞ અથવા મહાવીર થાય છે. એ હવે તેઓ અવસ્થાને પ્રાપ્ત કરે છે કે જેને ઉપનિષદોમાં કૈવલ્ય–દૃષ્ટાની અવસ્થા કહી છે. જૈન ગ્રન્થોને અનુસાર હવે એમને કેવલી કહેવામાં આવે છે.

પછી તેઓ બુદ્ધની જેમ ધર્મ–પ્રચારના મહાન મિશનને લઇ લોકોને જ્ઞાનનો ઉપદેશ દેવા નિકળી પડે છે. ત્રીસ વર્ષ સુધી તેઓ અનેક સ્થળે ફરે છે. બંગાળ અને બિહારમાં એ સાચા સુખનો સદુપદેશ આપે છે. એ પોતાનો સંદેશ જંગલી જાતો સુધી પણ લઇ જાય છે અને એમાં એમના માથે આવી પડતી અનેક ક્રૂર વિડંબનાઓની તેઓ જરા પણ પરવા નથી કરતા.

તેઓ પોતાનું મિશન સ્વવશ અને હિમાલય સુધી લઇ જાય છે. અનેક પીડકો અને પીડાઓ વચ્ચે એ કેટલા ગંભીર અને શાંત રહે છે અને આ ગંભીરતા તથા શાંતિમાં કેટલું સૌંદર્ય છે!

એ ગુરૂ પણ છે અને વ્યવસ્થાપક પણ છે. એમને અગીયાર મુખ્ય શિષ્યો છે. હજારો મુનિઓ અને લાખો શ્રાવકો એમના ધર્મને ધારણ કરે છે. બ્રાહ્મણ અને અબ્રાહ્મણ બન્ને એમના સમાજમાં સામેલ છે. એમને વર્ણ અને જાતિમાં વિશ્વાસ નથી. તેઓ દીવાળીના દિવસે પાવાપુરી (બિહાર)માં ૭૨ વર્ષની વયે ઇસુની પ૨૭ વર્ષ પૂર્વે નિર્વાણ પ્રાપ્ત કરે છે.

આ મહાવીરનું-જૈનોના આ મહાપુરૂષનું-ચરિત્ર કેટલું સુંદર છે! એ ધનવાન ક્ષત્રિય કુળમાં જન્મે છે અને ગૃહત્યાગ કરે છે. એ પોતાનું ધન દરિદ્રોને દાનમાં આપી વિરક્ત બની જંગલમાં અંતર્ધ્યાન અને તપસ્યા માટે ચાલ્યા જાય છે. કેટલાક લોક એમને અનેક પ્રકારની પીડાઓ આપે છે, છતાં તેઓ-શાંત અને મૌન બની રહે છે.

તપસ્યાની અવધિ પૂર્ણ થતાં તેઓ બહાર આવે છે. એ પોતાના સિદ્ધાંતનું શિક્ષણ આપવા સ્થળે સ્થળે ફરે છે, ઘણા લોકો એમની મજાક ઉડાવે છે, સભાઓમાં એમને તંગ કરે છે, એમનું અપમાન કરે છે, છતાં એ પ્રશાંત અને મૌન જ રહે છે. એમનો એક શિષ્ય એમનો ત્યાગ કરે છે અને એમની વિરૂદ્ધમાં લોકોમાં મિથ્યા પ્રચાર કરે છે છતાં તેઓ પ્રકૃતિગત સમભાવથી કદિ ચલાયમાન થતા નથી. તેઓ એક મહાવીર-એક વિજેતા-એક મહાપુરૂષ-થઈ જાય છે, કેમકે તેઓ શાન્તિની શક્તિનો અદ્દભૂત વિકાસ કરતાં કરતાં ચરમ સીમાને પહોંચે છે.

નિઃસન્દેહ એમના જીવને ભક્તો પર ઉંડો પ્રભાવ પાડયો. એમણે પોતાના સન્દેશને સર્વત્ર ફેલાવ્યો. કહેવાય છે કે પાયરો (Pyrrho) નામના યુનાની વિચારકે 'જીમિનોસોફિસ્ટ'ના નામથી ઓળખાતા લોકો પાસેથી દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એમ જણાય છે કે આ જીમિનોસોફિસ્ટ લોક એમનું નામ નિર્દેશ કરે છે, તે મુજબ જૈનધર્મના અનુયાયીઓ હતા.

બચપણમાં એમનું નામ 'વર્ધમાન' રાખવામાં આવ્યું હતું. પરંતુ આગળ જતાં તેઓ મહાવીર તરીકે પ્રસિદ્ધિ પામ્યા. મહાવીર શબ્દનો મૂળ અર્થ મહાન યોદ્ધો છે. કહેવાય છે કે એક દિવસ જ્યારે એ પોતાના મિત્રો સાથે રમી રહ્યા હતા ત્યારે એમણે એક મોટા સર્પને એની ફણા પર પગ મૂકી વશ કર્યો હતો. ત્યારથી એમને આ વિશેષણ મળ્યું. મને આ કથા રૂપક લાગે છે, કારણ કે મહાવીરે ખરેખર કષાયરૂપી સર્પને વશ કર્યો હતો. એ ખરેખર એક મહાન વીર-મહાન વિજેતા-હતા. એમણે રાગ અને દ્વેષને જીતી લીધા હતા. એમના જીવનનો મુખ્ય ઉદ્દેશ ચૈતન્ય* હતો. એ જીવન પરમશક્તિનું જીવન હતું. પીત વર્ણ અને સિંહ એ બે એમનાં પ્રિય ચિન્હ છે. આધુનિક ભારતને પણ મહાન વીરોની આવશ્યકતા છે. એકલું ધન યા જ્ઞાન ઘણા ઉપયોગનું નથી. ખરી જરૂર આવા પુરૂષાર્થી પુરૂષોની છે કે જેઓ પોતાના હૃદયમાંથી ભયને ત્યાગી સ્વાતંત્ર્યની સેવા કરે. મહાવીરની વીરતા એમના જીવન અને ઉપદેશમાં પ્રતિબિંબિત છે. એ જીવન અદ્વિતીય આત્મ-વિજયનું છે. એમનો ઉપદેશ પણ વીરતા-પૂર્ણ છે. "સર્વ જીવોને પોતાની જેવા સમજો અને કોઇને કષ્ટ ન પહોંચાડો." આ શબ્દોમાં અહિંસાના દ્વિગુણ સિદ્ધાંતનું પ્રતિપાદન છે. એક સ્પષ્ટ છે અને બીજું ગૂઢ. આમાં 'સ્પષ્ટ' સ્પષ્ટ ઐક્યના સિદ્ધાંતોનું અનુસરણ કરે છે અર્થાત્ પોતાને સૌમાં જુઓ; અને 'ગૂઢ' એમાંથી વિકસિત થાય છે, અર્થાત્ કોઇની હિંસા ન કરો. દરેકમાં પોતાનું દર્શન કરવું એ વિચાર જ કોઇને કષ્ટ આપતાં રોકે છે. અહિંસા સર્વ જીવોમાં અદ્વૈતના અનુભવથી જ વિકસિત થાય છે.

*The Central moto of his life was 'Virya' Vitality.

આપણા ઇતિહાસના આ મહાન વીર જીવન અને એમનો સંદેશો ત્રણ વાતોપર ભાર મૂકે છેઃ—

**૧ બ્રહ્મચર્ય**-ઘણા સાધુઓ ગોશાલકના નેતૃત્વ નીચે નીતિ-ભ્રષ્ટ જીવન વ્યતીત કરતા હતા. એ સાધુઓ સ્ત્રીઓના ગુલામ હતા. આ ગોશાલક એમનો એક [illegible]ગી ગયેલો શિષ્ય હતો, જે પાછળથી પાગલ થઇને મરી ગયો હતો. જે લોકો સાચું આધ્યાત્મિક જીવન વ્યતીત કરવા ઇચ્છતા હોય તેમને માટે મહાવીરે બ્રહ્મચર્ય તે વ્રત અનિવાર્ય ગણ્યું છે, [illegible] જે યુવકો ભારતનું પુનર્નિર્માણ એક મહાન દેશના રૂપે[illegible] કરવા ઇચ્છતા હોય તેમણે બ્રહ્મચર્યની શક્તિથી પૂર્ણ થવું જોઇએ.

**૨ અનેકાન્તવાદ યા સ્યાદ્વાદ**-મહાવીરે શીખવ્યું છે કે વિશ્વનું કોઇ પણ એક સ્વરૂપ સત્યનું પૂર્ણ પ્રતિપાદન કરી શકતું નથી કેમકે સત્ય અનંત છે. આથી મને આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ (Doctrine of Relativity)ના આધુનિક સંપ્રયોગનું સ્મરણ થાય છે. આપણે હમણાં થોડાં વર્ષોથી ધર્મને નામે વાદવિવાદ અને ઘૃણાને કારણે ઘણું કષ્ટ સહ્યું. મહાવીરની વાણી યુવકગણ સાંભળે અને એમનો સહાનુભૂતિનો અથવા સમાનતાનો સંદેશો ગામડાઓમાં અને શહેરોમાં પહોંચાડે. વિભિન્ન ધર્મોએ ભેદો અને ઝઘડાઓનું સર્જન કર્યું છે. તેઓ આધ્યાત્મિક જીવન સંબંધી નવા વિચાર, નૂતન દેશભક્તિ અને નવીન રાષ્ટ્રીય જીવનનું સર્જન કરે; કેમકે સત્ય અસીમ છે અને ધર્મોનો ઉદ્દેશ ભિન્નતા અને ઝગડાઓનું ઉત્પાદન કરવાનો નહિ પરંતુ ઉદારતા અને પ્રેમના પાઠ શિખવવાનો છે.

**૩ અહિંસા**-આ વસ્તુ આળસ અને કાયરતાથી પર છે. અહિંસા માત્ર કલ્પના નથી. આ સાધારણ ગુણોથી પર ઉચ્ચ શ્રેણીની વસ્તુ છે. આ એક શક્તિ છે. આ શક્તિ શાન્તિની છે કે જે ઝગડતી દુનિયામાં શાન્તિની અંતઃપ્રેરણા છે.

ઘણા સમયથી યુરોપમાં બળજોરી અને હિંસાના નવા નવા કાર્યક્રમો સ્વીકૃત થાય છે. આજે ભારતમાં પણ ઘણા લોકોને માટે એ આકર્ષક બન્યા છે. એક ફ્રેંચે હમણા જ પ્રગટ થયેલા એક પુસ્તકમાં લખ્યું છે કે "અમને જર્મનીના નાશની જરૂર છે." એક ભારતવાસીએ પણ રશિયોદ્ધાર ફંડમાં સહાયતા કરવાનો આગ્રહ કરતાં કહ્યું હતું કે "અમને જરૂર છે યુરોપીયનોના નાશની." આ જાતની વાતો મારા હૃદયમાં પીડા પહોંચાડે છે. આથી હું ભારતના જ્ઞાની મહાત્માઓને યાદ કરૂં છું કે જેમણે આજથી પચ્ચીશ શતાબ્દિ પહેલાં ભારતના લોકોને આ મહાન સંદેશો આપ્યો હતો કે 'દ્વેષને સહાનુભૂતિ અને નિઃસ્વાર્થતાથી જીતો.'

હું ઇતિહાસના પાનાંઓને નાશ અને ક્ષયથી આચ્છાદિત જોઉં છું. યુધ્ધ! નાશ! ધાર્મિક અત્યાચાર! આપણે આપણી જીવનયાત્રામાં અહિંસાને આદર્શ તરીકે નથી રાખી. આપણા ભોજનમાં, આપણા વ્યાપારમાં અને સામાજીક જીવનમાં શું અહિંસાથી હિંસા અધિકતર જોવામાં નથી આવતી?

અને વર્તમાન રાજનીતિમાં આપણે શું જોઇએ છીએ? કષાયોની મંત્રણા કે અહિંસાની શકિત?

(અનુસંધાન પૃષ્ટ ૨૨૫ જુઓ)

# સ્ત્રીપુરૂષ સંબંધ

આપણો સમાજ સંક્રાન્તિ અવસ્થામાં છે. જીવનના દરેક અંગોપાંગમાં કંઇક પરિવર્તન થતું આપણને જણાય છે. દરેક સંક્રમણ અવસ્થામાં આદર્શોનો સંઘર્ષ થવાનો જ. જૂના આદર્શોને બદલે નવા આદર્શો આ[illegible] મથે ત્યારે સમાજમાં અનેક જાતના ગોટાળા પણ ઉત્પન થવાના. એ ગોટાળા ઘણીવાર એટલી બધી હદ સુધી વધે છે કે આમાંથી સમાજની સુસ્થિતિ કાયમને માટે નષ્ટ થશે, એવો ભય પ્રજામાં [illegible] થાય છે. પણ આવો ડર રાખવાની જરૂર નથી. આદર્શોનો સંઘર્ષ એ મંથનાવસ્થા છે. જ્યારે દહીંનું મંથન આપણે કરીએ છીએ ત્યારે પણ તેના અંગોપાંગોમાં સંઘર્ષ પેદા થાય છે અને એ સંઘર્ષમાંથીજ આપણને માખણ જેવી કિંમતી ચીજ [illegible] છે. હિંદી સમાજના આજના સંઘર્ષમાંથી પણ સુસ્થાતનું માખણ આપણને જરૂર મળવાનું છે એવી આશા સૌએ રાખવી ઘટે છે.

બીજા બધાય સામાજીક પ્રશ્નો કરતાં સ્ત્રીપુરૂષ સંબંધની બાબતમાં વિચારોનો કલહ ઘણા જ ઉગ્ર સ્વરૂપમાં આપણને દેખાય છે. સમાજની સુસ્થિતિનો આધાર સ્ત્રીપુરૂષ સંબંધની આરોગ્ય દશા ઉપર હોય છે એ વાત સર્વસંમત છે. સમાજમાં અનેક જાતના ગુન્હા થાય છે. ચોરી, મારામારી, ખૂન વગેરે ગુન્હાને માટે સમાજ જે સજાઓ આપે છે, તેના કરતાં ઘણી જ આકરી સજા સ્ત્રીપુરૂષ સંબંધના આરોગ્યને બગાડનાર માણસને સમાજ આપે છે. શુદ્ધ ચારિત્ર્યના ઘટક તત્ત્વોમાં લૈંગિક આરોગ્ય સૌથી મોખરે રહે છે. જેણે પોતાનું લૈંગિક આરોગ્ય ગુમાવ્યું, તેને માટે સમાજમાં સ્થાન જ નથી રહેવાનું, એવી સ્થિતિ છે. કોઇ ચોર કે બહારવટીઓ રસ્તામાં પસાર થાય, તો લોક તેના તરફ આંગળી કરી કદાચ તેની બહાદુરીના વખાણ પણ કરે. કોઈ ખૂન કરનારને તેની તેજસ્વિતા માટે ધન્યવાદ આપે. પણ કોઇ સ્ત્રી તરફ પાપી નજરે જોનારે વ્યકિતને સમાજ સાંખી શકતો નથી. એનું કારણ શું? એના મૂળમાં કયું તત્વ રહેલું છે? કે આમાં સમાજનું અંધત્વ છે? લૈંગિક નીતિને આટલું બધું મહત્વ આપવા પાછળ સમાજનો શો હેતુ છે?

સ્હેજે વિચાર કરતાં જણાશે કે સૃષ્ટિની સુસ્થિતિનો આધાર જ લૈંગિક આરોગ્ય ઉપર છે. સમાજની મૂલભૂત સંસ્થા તે કુટુંબસંસ્થા છે અને કુટુંબસંસ્થાની સુસ્થિતિનો આધાર લૈંગિક સંબંધોની શુદ્ધતા ઉપર છે. લૈંગિક સંબંધમાંથી જ માનવ-સૃષ્ટિનો વિકાસ થતો હોવાથી તે સંબંધને અણીશુદ્ધ આરોગ્યની અવસ્થામાં રાખવાનો પ્રયત્ન સમાજ કરે છે. આ માત્ર આપણા જ સમાજમાં છે એમ નથી; દુનિયાભરના સમાજમાં છે. લૈંગિક આરોગ્યની કામનામાં દેશદેશના રીત રિવાજ પ્રમાણે ભલે ફેર હોય; પણ લૈંગિક પાવિત્ર્યની બાબતમાં બધાજ દેશમાં આગ્રહ જોવામાં આવે છે.

પણ આજની વિશિષ્ટ પરિસ્થિતિમાં લૈંગિક આરોગ્યનો પ્રશ્ન ઘણો જ જટિલ થઇ ગયો છે. લૈંગિક આરોગ્ય કોને કહેવું એ બાબતમાં ઘણા વિચારો જોવામાં આવે છે. સ્ત્રી અને પુરૂષ એક બીજા સાથે વાત કરે તો પણ ભયંકર પાપ થયું, એમ ગંભીરતાથી માનનાર લોકો આપણા સમાજમાં છે. આથી ઉલ્ટું સ્ત્રી પુરૂષ એક બીજાના શરીર સાથે પુષ્કળ છૂટ લે તો પણ તેમાં કશી જ હરકત નથી એમ માનનાર વિચારનો પ્રવાહ પણ દેખાય છે. **'न स्त्री स्वातंत्र्यमर्हति'** એ માન્યતા પણ છે અને સાથે સાથે સ્ત્રી સ્વાતંત્ર્ય એજ સમાજની સુસ્થિતિનો પાયો છે એવી પણ વિચારની પ્રણાલી જોવામાં આવે છે. લગ્નને સખ્ત બંધન માનનાર લોકો છે, તેમજ લગ્નની સંસ્થા જ નકામી છે, સ્ત્રી પુરુષ સંબંધ એ એક પ્રાણિશાસ્ત્રને લગતો વિષય હોઇ તેનો નીતિસાથે કશોજ સંબંધ નથી એવો વિચાર આપણા સમાજમાં છે.

આ ભીષણ સંઘર્ષમાંથી કયો માર્ગ સમાજ લેશે તે કહેવું મુશ્કેલ છે. પણ પરસ્પર–વિરોધી વિચાર–પ્રવાહોના સારાસારનો વિચાર કરી તેમાંથી દોહનરૂપે સમાજની સુસ્થિતિને માટે આવશ્યક એવો કોઇ મધ્યમ માર્ગ શોધવાનો પ્રયત્ન પણ આપણા દેશના સમર્થ વિચારકો કરી રહ્યા છે. આ લેખમાળાનો હેતુ પણ આ બધા વિચારપ્રવાહોમાંથી આપણા સમાજને ઉપકારક તત્વો મેળવી લૈંગિક આરોગ્યનો સ્વાભાવિક માર્ગ શોધવાનો છે.

હવે આપણે આપણા રૂઢ વિચારોને તપાસીએ. સ્ત્રીજાતિ જાણે એક સામાજીક ધન છે અને પુરૂષજાતિ તેને લૂટનાર લુટારા છે, એવી કલ્પનાથી જ સ્ત્રીપુરૂષ સંબંધના નિયમો જુના જમાનામાં ઘડાયા હોય એમ જણાય છે. જુનો જમાનો એટલે વેદ ઉપનિષદ કે મહાભારત કાલમાં તો સ્ત્રીઓને જે અવસ્થામાં આપણે જોઇએ છીએ તે ઉપરથી તે સમાજમાં સ્ત્રીઓને નૈસર્ગિક સ્થાન હતું એમ જણાય છે. દ્રૌપદી અને દેવયાનીના જીવન પરથી આપણે જોઇએ શકીએ છીએ કે તે સમયમાં સ્ત્રીઓને પુષ્કળ માન હતું અને સ્ત્રીઓ સમાજમાં મહત્વનું સ્થાન ભોગવતી હતી. પણ જેમ જેમ કાળ જતો ગયો તેમ તેમ ભારતવર્ષની અવનતિનો પ્રારંભ થયો. જાતિસંસ્થા ગુણકર્મ ઉપર આધાર રાખતી હતી તેને બદલે જન્મ ઉપર આધાર રાખતી થઈ, છૂતાછૂતનું આડંબર વધ્યું, લગ્નસંસ્થા નાની નાની જાતિઓથી મર્યાદિત થઈ. એક રાષ્ટ્રીયત્વની ભાવના નષ્ટ થઇ દેશભરમાં અલગઅલગ પંથ, વાડા, જાતિઓ થઇ અને ધીરે ધીરે દેશ અવનત સ્થિતિએ પહોંચવા લાગ્યો. રાષ્ટ્રની ઘટક શકિતઓ વિચ્છિન્ન થઇ અને ઉત્તર તરફથી યવનોનું આક્રમણ આવતાં દેશ તેની સામે ટકી નહિ શક્યો. પરદેશીઓની સત્તા પ્રસ્થાપિત થઇ અને પડદાનો રિવાજ દાખલ થયો. સોનું કે રૂપું જેમ તિજોરીમાં ઢાંકીને મૂકાય તેમજ સ્ત્રીધન ઘરના અંદરના ઓરડામાં પડદા પાછળ ઢાંકીને મૂકાય એવી ભાવના જાગી. એજ ભાવના સ્ત્રીજાતિએ પોતે ઉપાડી લીધી અને આજે પણ ઉત્તર હિંદમાં ઓઝલનો રિવાજ દેખાય છે. ગુજરાત કાઠિયાવાડમાં લાજનો રિવાજ છે, તે પણ ઓઝલનો જ એક પ્રકાર છે. આમાંથી સ્ત્રીજાતિની ગુલામી જાગી અને દુઃખની વાત એ છે કે એ ભાવના સ્ત્રીઓએ પોતે પણ ઉપાડી લીધી.

આ રિવાજ કે એની પછવાડે રહેલી માન્યતાના મૂળમાં જે ભાવના રહેલી છે, તેનો વિચાર કરવો જરૂરી છે. આમાં આપણે એક જાતનો ડર જોઇએ છે. સ્ત્રી અને પુરૂષ એક બીજાના દુશ્મન હોય, તેવી ભાવના આમાં જણાય છે. સ્ત્રીને પુરૂષથી અને પુરૂષને સ્ત્રીથી ડરવાનું કારણ છે; પુરૂષ હમેશા સ્ત્રી ઉપર આક્રમણ કરવાને જ તલસતો હોય છે; તેથી પુરૂષથી સ્ત્રીનું રક્ષણ કરવા માટે તેને પાંજરામાં પૂરી રાખવી જોઇએ, તેને બહાર જવું હોય તો પણ સગાવહાલાંના રક્ષણ હેઠળ જવું જોઇએ, એવી કલ્પના દૃઢ થઇ અને તે આજે પણ સર્વત્ર દેખાય છે. આને પરિણામે સ્ત્રી એટલે અબળા એ ભાવના દૃઢ થઇ.

સમાજના માનસમાં આવી જાતની છાપ મજબુત થવાથીજ સ્ત્રી પુરૂષના જે સ્વાભાવિક સંબંધ હોવા જોઇએ તે આપણે

(અનુસંધાન પૃષ્ટ ૨૨૧ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

એપ્રીલ ૧ ૧૯૪૨


## બાલસ્વાતં  નો આત્મા

(ગતાંકથી ચાલુ)

બાળકેળવણીમાં ચિત્રકળા, સંગીત અને રસિકતા ત્રણેને મહત્વનું સ્થાન હોવું જોઇએ. સ્ત્રીજાતિ સ્વભાવે જ પ્રિયમંડના હોઇ આ કેળવણી સ્વાભાવિક રીતે આપી શકે છે. ગાંધીજી તો ફરી ફરીને કહે છે કે બાળકેળવણીનો પ્રારંભ ચિત્રકળાથીજ થવો જોઇએ. અક્ષરજ્ઞાન પાછળથી આવે. ચિત્રકળા ઉપર જો હાથ બરાબર બેસી ગયો તો બાળકને હાથે પ્રથમથીજ સારા અક્ષરો નીકળશે. સંગીત પણ પહેલેથી જ શરૂ કરવું જોઇએ. એક શિક્ષકે મને પૂછ્યું હતું કે બાળકેળવણીમાં "સંગીત કઇ ઉંમરે શરૂ કરી શકાય?" મેં કહ્યું, 'જે ઉંમરે એ રડતા શીખે છે તે ઉમર થીજ તેમને તાલ, સ્વર અને રાગનો ખ્યાલ આપી શકાય. તમે શિક્ષકો એ ન જાણો. પણ દરેક માતાને અનુભવે એની ખબર પડે છે. અક્ષર પહેલાં ચિત્ર અને ભાષા પહેલાં સંગીત એ નિયમ માનસશાસ્ત્રને તેમજ કેળવણીશાસ્ત્રને અભિમત હોવો જોઇએ અને ભાષા ચોપડી મારફતે કેળવવાની વસ્તુ જ નથી. 'ભાષા' એ શબ્દ બતાવે છે કે એ બોલવાની ચીજ છે. શિક્ષકો સ્વચ્છ અને સ્પષ્ટ અવાજે અને છટાદાર રીતે બાળકોને વાર્તાઓ કહે, જોડકણાં શિખવે, કથાઓ વાંચી સંભળાવે અને સંવાદો ભજવી બતાવે.' બાળપણમાં સંગીત અને નૃત્ય સાથે સાથે જ ચાલવા જોઇએ અને બન્ને બિલકુલ સાદાં હોવાં જોઇએ. બાળકો દુનિયામાંથી જેટલા સંસ્કારો લેવા આતુર હોય છે, તેટલાંજ પોતાની અંદર ઉઠતા વિચારો, કલ્પનાઓ, ભાવનાઓ અને તરંગો વ્યક્ત કરવાને ઉત્સુક હોય છે. તેથી એમને નૃત્ય, સંગીત અને ચિત્ર ભાષા સાથે જ આપવા જોઇએ. બાળકો દસ વરસ સુધી નિરક્ષર રહે તો તે ઇષ્ટ છે એમ મારો ખાસ અભિપ્રાય છે. પણ દસ વરસ સુધી તેઓ 'વિચિત્ર' રહે એ કેમ પોષાય? [અક્ષર કાઢતા ન જાણે તે જો નિરક્ષર તો ચિત્રો કાઢતા ન જાણે તે વિચિત્ર કહેવાવો જોઇએ].

અને ભાષા કેળવણીની સાથે બાળકોનો મિજાજ અથવા સ્વભાવ પણ કેળવવો જોઇએ અને તેથી બાળકો આગળ કેવું સાહિત્ય આપણે મૂકીએ છીએ એનો ખૂબ ઉંડો વિચાર કરવો જોઇએ. આજકાલ એક ઘેલછા વધી છે કે બાળકો આગળ ઢગલાબંધ બાળસાહિત્ય ખડકી દેવામાં માબાપો માને છે. સાહિત્ય કેવું છે એ જોયા તપાસ્યા વગર સરસ છાપેલું છે, બાળકોની કાલી કાલી શૈલીમાં લખ્યું છે અને એની સાથે રમુજી ચિત્રો છે એટલું જોઇને જ બાળસાહિત્ય પસંદ કરવામાં આવે છે અને પછી બાળકો પણ ભુખ વગરનાં જાનવરો બીડમાં ચરે તેવી રીતે એ સાહિત્યનો આસ્વાદ લે છે. બાળસાહિત્ય થોડુંક જ હોય; ઉચ્ચ કોટીનું હોય, પૌષ્ટિક હોય અને સાથે સાથે હળવું હોય. એવું સાહિત્ય કુતરું ખડ ખાય તેમ જરાક જરાક ચાવવાનું નથી હોતું, પણ નિશ્ચિતપણે રસથી અને ભક્તિથી વાંચવાનું હોય છે, મનનપૂર્વક વાગોળવાનું જેથી અંતે એ સાહિત્યનો રસ જીવનરસ સાથે એકરૂપ થઇ જાય.

પણ બાળકેળવણીમાં સાહિત્યને હંમેશા ગૌણ સ્થાન જ હોવું જોઇએ. મુખ્ય વાત ઇન્દ્રિયોના વિકાસની છે. એ બાબતમાં મેડમ મોંટેસોરીએ ઘણું દિશાદર્શન કર્યું છે.  પાછળ શાસ્ત્રીયતા પણ છે. છતાં મારી દૃષ્ટિએ એ  ની બુર્જવા પદ્ધતિ છે. બાળકેળવણીને અંતે બાળકને  ારે સારી રીતે જીવતા આવડવું જોઇએ એ આદર્શ  છે. પણ એ આદર્શ સાથે એ પણ વસ્તુ સ્વીકારવી જોઇએ  જીવન માટેની એ કેળવણી બાળકોને સ્વાભાવિક રીતે જીવતા બાળજીવન મારફતે જ મળવી જોઇએ. કેળવણીનાં સાધનો પણ આસપાસના જીવનમાંથી જ ઉપજાવેલાં હોવાં જોઇ  કેળવણીકારનું કામ એ સ્વાભાવિક જીવનને ક્રમબધ્ધ કરવા  જીવનનાં સાધનો જુદાં અને કેળવણીનાં સાધનો જુદાં, જીવનની તૈયારી જુદી અને કેળવણીની તૈયારી જુદી એ દ્વૈત કોઇ પણ સમાજે   ાવું ન જોઇએ. તેથી જ ગાંધીજીએ આખા રાષ્ટ્રની કેળવણી માટે સમાજોપયોગી ઉદ્યોગ–હુન્નરનું જ વાહન પસંદ કર્યું છે. રાષ્ટ્રિય સરકાર મારફતે અપાતી સાર્વત્રિક કેળવણીનો પ્રારંભ સાત વરસ પછી જ થવો જોઇએ એમ અમે નક્કી કર્યું છે. બાળકેળવણી સાત વરસ પહેલાનાં નાનાં બાળકો માટે છે. ઉદ્યોગહુન્નરો હુન્નર તરીકે શીખવા જેટલી એમની ઉમર નથી હોતી એ વાત ખરી છે. બાળકોને તો કેવળ ઇન્દ્રિયોનો વિકાસ જ સાધવાનો હોય છે. છતાં એ ઇન્દ્રિયવિકાસ સમાજોપયોગી અને જીવનસ્પર્શી કર્મો મારફતે જ થવો જોઇએ અને એ કર્મો દ્વારા કેવળ ઇન્દ્રિયોનો જ નહિ પણ મુખ્યત્વે બુધ્ધિનો વિકાસ થવાનો છે એ ધ્યાનમાં રાખ્યું હોય તો કેળવણીનું તંત્ર વધારે સફળ થશે.

આપણા પૂર્વજોએ કુદરત પાસેથી જાણી લીધું અને નોંધી રાખ્યું કે बुद्धिः कर्मानुसारिणी–બુદ્ધિ હંમેશ કર્મોની પાછળ પાછળ આવે છે. જેવાં કર્મો તેવી બુદ્ધિ. કર્મો શુભ હોય અને કૌશલ્યયુક્ત હોય, તો બુદ્ધિમાં પણ શુભવૃત્તિ અને કુશાગ્રતા આવવાની જ. માટે કર્મ એજ કેળવણીનું વાહન છે. એ કર્મ પ્રથમથી ઓછેવત્તે અંશે સમાજને ઉપયોગી હોવું જોઇએ, કાંઇ નહિ તો સામાજિક જીવનનું પ્રતીક હોવું જોઇએ.

આપણે ત્યાં બાળકેળવણીકારો કેળવણીની ઘણી ચર્ચા કરે છે, પણ એ કેળવણીનો અંતિમ આદર્શ શો એની ચર્ચા નથી કરતા. જો તેઓ અહિંસાની દૃષ્ટિએ કેળવણીનો વિકાસ કરશે તો તેમને જણાશે કે અહિંસા એ જ કેળવણીનો આદર્શ છે અને કેળવણીની પદ્ધતિ પણ એ જ છે.

આ અહિંસાની વાત હું જૈન ધર્મની દૃષ્ટિએ નથી કરતો; યુધ્ધવિરોધની દૃષ્ટિએ પણ કરતો. હું તો પ્રધાનપણે કેળવણીના અને જીવનસિધ્ધિના સાધ્ય અને સાધન તરીકે જ અહિંસાનો વિચાર કરૂં છું. એ વસ્તુ જો બરાબર સમજાય તો આખું કેળવણીનું શાસ્ત્ર, અને જીવનનું શાસ્ત્ર હાથમાં આવશે અને પછી એ રીતે કેળવાયેલી પેઢી યુધ્ધમાત્રનો સ્વભાવિકપણે મનુષ્યજીવનમાંથી એકડો કાઢી નાખશે.

આવી આ અહિંસાની કેટલીક વિભૂતિઓ આપણે તપાસીએ.

ઉદ્યોગિતા, નિરલસજીવન, અખંડ પ્રવૃત્તિ એ અહિંસાનું મુખ્ય લક્ષણ છે. સ્વાવલંબન દ્વારા એ પરખાય છે. આપણે તપાસવું જોઇએ કે બાળ કેળવણીને અંતે વિધાયક બુદ્ધિ–Constructive intelligence–કેળવાય છે કે વિગ્રહ બુદ્ધિ–Combative intellegence–કેળવાય છે.

બાળ કેળવણીમાં પણ બાળકોનાં મન પર પ્રથમથી એ વાત ઠસવી જોઇએ કે મહેનત વગર કશું એની મેળે મળતું નથી. સ્વાવલંબન અને પરસ્પરાવલંબન એજ નિષ્પાપ જીવનનું વ્યાકરણ છે. જે કાંઇ લઇએ એની કિંમત એ યા બીજી રીતે તરત આપતા હોઇએ તો જ આપણું જીવન શુદ્ધ અને સમૃદ્ધ થવાનું છે. તેમ ન કરીએ તો આપણું ચારિત્ર્ય અથવા સત્વ જેને જુના લોકો 'સત' કહેતા હતા તે ક્ષીણ થવાનું છે.

સામાજિક ઋણ ન રહેવું, દરેક જાતનું ઋણ વખતસર અદા કરવું એ ધર્મ જુનુ નામ છે યજ્ઞધર્મ. એ યજ્ઞધર્મનું જે પાલન કરે જ સાચો નાગરિક. એ યજ્ઞ દ્વારા શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક બધી જ કેળવણી ખીલવી શકાય છે.

આ બધી વસ્તુઓ સમજી શકશે એમ નથી માની લીધેલું, પણ જો શિક્ષકો ગયા હોય અને એમનાં જીવનમાં આ વાત તો બાળકેળવણીમાં એ કઇ રીતે દાખલ કરવી એ તેમને એની મેળે સુઝશે.

સાદાઇ એ અહિંસક કેળવણીનું એક અપરિહાર્ય લક્ષણ છે. અહિંસા કહે છે કે નાની નાની સરસ રીતે ચાલતી અનેક સંસ્થાઓ ચલાવો. એક મોટી સંસ્થા ચલાવી એમાં યાંત્રિકતા ન આણો. કોઇ મધ્યવર્તી સંસ્થા ભલે આખા દેશને પ્રેરણા આપે, પણ બાળમંદિરો તો બે કે ત્રણ શિક્ષકોવાળાં જ હોવાં જોઇએ. આપણા આદર્શ પ્રમાણેનું બાળમંદિર વ્યવસ્થિત કૌટુંબિક જીવનનું પ્રતીક અને સામાજિક જીવનની પૂર્વતૈયારી જેવું હોવું જોઇએ. એટલે કે સાર્વભૌમ પ્રેરણા સાથે વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને decentralisation એ જ આવી કેળવણીનો આત્મા હોવો જોઇએ. આપણે જાણવું જોઇએ કે આપણે સત્યના સેવક છીએ, સત્તાના નહિ. સત્ય વરસાદ જેવું બધે ટીપાં ટીપાં પહોંચાડી દે છે, જ્યારે સત્તા રેલસંકટની પેઠે સામે જે આવે તેને તાણીને લઇ જાય છે. રેતનું ધોવાણુ શક્તિનું પ્રતીક છે, પણ જમીનમાં કસ રહેવા દેતો નથી.

જે ઉત્સાહથી અને નિષ્ઠાથી જુના ધાર્મિકો ધર્મપ્રચાર કરતા અને વિધિનિષેધ વ્રત ઉત્સવ આદિ અનેક ઉપાયોથી ધાર્મિક જીવન કેળવતા, તે જ ઉત્સાહ અને નિષ્ઠાથી કેળવણીનો સંદેશો આખા દેશમાં ફેલાવો જોઇએ, અને ઉછરતી પેઢીને અહિંસક સમાજની સ્થાપના માટે તૈયાર કરવી જોઇએ.

**કાકા કાલેલકર.**

---

## સ્ત્રીપુરૂષ સંબંધ

( પૃષ્ટ ૨૧૯ થી ચાલુ )

આજે સમાજમાં નથી જોઇ શકતા. સ્ત્રી અને પુરૂષ એક બીજાની સાથે આવે કે કંઇક અઘટિત પરિણામ આવે જ. એવી કલ્પના સાર્વત્રિક છે. અગ્નિની પડખે માખણુ મૂકાય કે દારૂખાનામાં અગ્નિની ચીનગારી મૂકાય તો જેવું પરિણામ આવે તેવું જ પરિણામ સ્ત્રી પુરૂષના પાસે આવવાથી આવે છે એવી કલ્પના રૂઢ થઇ. આ કલ્પનાનો પ્રતિધ્વનિ મહાન આદર્શ સાથે સ્થપાયેલા ધર્મગ્રંથોમાં પણ જોવામાં આવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંન્યાસીને સ્ત્રીનું દર્શન કરવાની પણ મનાય છે એ વાત જાણીતી છે. સ્ત્રીજાતિથી હંમેશને માટે બચવાના હેતુથી નાનપણથીજ બાળકને સાધુત્વની દીક્ષા આપવાનો રિવાજ પણ જણાય છે.

પણ આ બધી સાવચેતી અને રક્ષણ હોવા છતાં સમાજમાં અનાચાર ઘટયા નથી અને સ્ત્રી પુરૂષ સંબંધમાં જે ભયનું વાતાવરણ છે તે પણ ઓછું થયું નથી. શું કુદરતની યોજના એવી હશે કે સ્ત્રી અને પુરૂષ હંમેશાં એક બીજાથી ડરતા જ રહે? એમ બનવું અસંભવ છે. એવું હોત તો એક બીજા પ્રત્યે જે કુદરતી આકર્ષણ છે તે કદી હોત જ નહી. પુરૂષ એટલે વાઘ અને સ્ત્રી એટલે બકરી એવો જ સંબંધ કુદરતે સર્જ્યો હોત તો આકર્ષણનું સ્થાન જ નહોત. પણ સાચી વાત તો એ છે કે આખી પ્રાણી સૃષ્ટિનો આધાર જ સ્ત્રીપુરૂષના આકર્ષણમાં રહેલો છે.

આ કુદરતી આકર્ષણ જ સામાજીક અનર્થનું મૂળ છે, એમ માની તે આકર્ષણને અવકાશ જ ન મળે એવી પરિસ્થિતિ સમાજે પેદા કરી છે. પણ જે ઉપાય આકર્ષણ ઘટાડવા માટે યોજવામાં આવે છે, તેનાથી આકર્ષણ ઘટવાને બદલે ઉલટું વધે છે અને જે સંબંધ સ્વાભાવિક રીતે નથી આવી શકતો તે ચોરીછુપીથી કે છળકપટથી લાવવાના પ્રયત્ન થાય છે. ઓઝલની પાછળ સંતાઇને કોઇ સ્ત્રી રસ્તામાં ચાલે, તો પુરૂષ વર્ગનું ધ્યાન વધુ ખેંચે છે અને પડદા પાછળ કેવુંય અલૌકિક સૌંદર્ય છુપાયું હશે એવી કલ્પનાથી માણસની સ્ત્રીમુખદર્શનની જિજ્ઞાસા ઉલટી વધે છે. સ્ત્રીએ પુરૂષને કે પુરૂષે સ્ત્રીને સ્પર્શ ન જ કરવો જોઇએ, કારણ કે સ્પર્શમાંથી પાપવૃત્તિ જાગે છે, એ અનુભવમાંથી માણસ એવો તો ભડકી ગયો કે સ્પર્શમાત્ર ત્યાજ્ય છે એવો નિશ્ચય એણે કર્યો અને પરિણામ એ આવ્યું કે સ્ત્રી પુરૂષનો પરસ્પર સ્પર્શ થાય ત્યાં તે પાપ ગણાવા લાગ્યું. પણ આથી સ્પર્શની વાસના વધુ ઉગ્ર થઇ અને સ્પર્શમાત્રથી આખા શરીરમાં રોમાંચ ખડા થઇ બેભાકળી દશા થાય એવા અનુભવ આજકાલના નવયુવકોને થાય છે. સ્ત્રીના હાથમાંથી પુરૂષ પુસ્તક લેવા જાય અને તે લેતી વખતે સ્હેજ સ્પર્શ થાય તો આખું શરીર રોમાંચિત થઇ જાય એવાં વર્ણનો આપણે નવલકથાઓમાં વાંચીએ છીએ. અરે, સ્ત્રીના ઉડતા પાલવનો સ્પર્શ પણ પુરૂષને પુલકિત બનાવી દે એવા પ્રસંગો પણ આપણે સાંભળીએ છીએ! આ બાબતમાં જે પુરૂષોની સ્થિતિ છે તેજ સ્ત્રીઓની પણ છે. પ્રત્યક્ષ દંપતી જીવનમાં પણ સ્ત્રીએ પતિનું નામ ન લેવું, બીજાના દેખતાં પતિ સાથે વાતચીત ન કરવી, પતિ તરફ જોવું પણ નહિ વગેરે નિયમો સંયમિત જીવન સ્થાપિત કરવા માટે બનાવ્યા છે. પણ આથી સંયમને બદલે પરસ્પર આકર્ષણ વધે છે. મહારાષ્ટ્રમાં પતિનું નામ લેવાનો ભારે કાર્યક્રમ હોય છે. પતિના નામના ઉચ્ચારપર નિર્બંધ રાખી પતિના નામનું-તેના વ્યક્તિત્વનું-આકર્ષણ જ આપણે વધારી દીધું છે.

આ બધા ઉપરથી આપણે જોશું કે સ્ત્રી અને પુરૂષના સંબંધ ઉપર જેટલા નિર્બંધ મૂકવામાં આવ્યા છે, તે બધામાંથી અસંયમી વૃત્તિ ઘટી છે એમ જોવામાં આવતું નથી. તો પછી આ બધા નિર્બંધો કાઢી નાખવા? સ્ત્રી પુરૂષના સંબંધ અનિર્બંધ રાખવા? પાશ્ચાત્ય સમાજમાંથી આવેલી વિચારપ્રણાલિ દાખલ કરવી? ગમે ત્યારે ગમે તે પુરૂષ ગમે તે સ્ત્રીને સકારણ યા અકારણ સ્પર્શ કરે એવી છૂટ રાખવી? સ્ત્રી પુરૂષ એક બીજાના શરીરો સાથે ગમે તેવી છૂટ લઇ શકે તે ક્ષમ્ય ગણવું? વગેરે પ્રશ્નો ઉભા થાય છે. હિંદુસ્તાનમાં પરાપૂર્વથી ચાલી આવેલા રિવાજોવડે સંયમનું વાતાવરણ ઉભું થતું નથી, તેથી તે રિવાજોમાં પરિવર્તન કરવું જ જોઇએ એ વાત સાચી. પણ તેનો અર્થ એ નથી જ કે પાશ્ચાત્ય વિચારસરણીને અનિર્ગલ રીતે આપણા સમાજમાં દાખલ કરવી. શરૂઆતમાં કહ્યું તેમ આપણે એવો માર્ગ શોધવાનો છે કે જેમાંથી સ્ત્રી પુરૂષ સંબંધનું આરોગ્ય સ્થાપિત થાય.

અપૂર્ણ

**ગોપાળરાવ કુલકર્ણી**

# કેટલાક સમાચાર અને નોંધ

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું પારિતોષિક-પ્રદાન-સંમેલન

ઉપર જણાવેલ બોર્ડ શ્રી જૈન શ્વેતાંબર મૂ-કોન્ફરન્સે કેટલાંય વર્ષો પહેલાં ઉપસ્થિત કરેલ એક સંસ્થા છે. જૈન શ્વે. મૂ. સમાજને લગતા ધાર્મિક તેમ વ્યવહારિક કેળવણીના પ્રશ્નો હાથ ધરવા અને એ દિશાએ બનતી પ્રગતિ સાધવી એવો વ્યાપક અને વિશાળ એ સંસ્થાનો ઉદ્દેશ છે. પણ આજ સુધીની એ સંસ્થાની પ્રવૃત્તિ મુખ્યત્વે કરીને નકકી કરેલા ધોરણો મુજબ દર વર્ષે ધાર્મિક પરીક્ષાઓ લેવી અને તે પરીક્ષાઓમાં ઉંચી કક્ષા ઉપર આવેલા વિદ્યાર્થીઓને ઇનામો આપવાની રહી છે. એ સંસ્થાનો વાર્ષિક પારિતોષિક પ્રદાનનો મેળાવડો તા. ૧૫-૩-૪૨ ના રોજ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહના અધ્યક્ષપણા નીચે ભરવામાં આવ્યો હતો. એ પ્રસંગે જુદા જુદા વકતાઓએ આજની દુનિયાની પરિસ્થિતિ, જૈન સમાજની હૃદયદ્રાવક દશા, ધાર્મિક કેળવણીની ઉપેક્ષા અને આવશ્યકતા વિગેરે બાબતો પર કેટલાંક મનનીય તેમજ લાગણીપૂર્ણ વિવેચનો કર્યા હતા. પ્રમુખ મહાશયે ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે "ભૂતકાળની સમૃદ્ધિ કે જાહોજલાલી ઉપર રાચવાનો આજે વખત નથી. પ્રભુ શ્રી મહાવીર ક્રાંતિકારી હતા. હિંસા સામે "અહિંસા"ના વિજયધ્વજને ફરકાવવા ઉપરાંત તેઓશ્રીએ જૈન જેવી વીર કોમ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવના મર્મને સમજાવી સ્યાદ્વાદ ધર્મનો અમૂલ્ય વારસો આપણને સોંપેલો છે, આજની આપણી સ્થિતિ દયાજનક છે. આપણે ભીરૂ બન્યા છીએ. આચાર, વિચાર કે સંસ્કારમાં આપણે સમૃદ્ધ નથી રહ્યા, આર્થિક અને માનસિક હ્રાસ આપણે નોતરી ચુકયા છીએ. કયાં શ્રીમાલનગર અને પાટણની આપણી સમૃદ્ધિ અને કયાં આજની આપણી કંગાળ દશા? ગણ્યા ગાંઠયા શ્રીમંતો ઉપર આજે કોઇ રાચે કે નાચે તો તેનો મુર્ખતામાં જ સમાવેશ થશે. છાતી ઉપર હાથ મૂકી આજે કોઇ પોતાને વસ્તુપાલ, તેજપાળ કે ભામાશાના વારસ થવા લાયક કહી શકે એમ છે? આપણો શારીરિક અને આધ્યાત્મિક હ્રાસ અસહ્ય છે. અંદર અંદર ઝઘડાઓ કરતાં આપણે શીખ્યા છીએ. વાડા-વાડીના મોહમાં, અંગત કીર્તિની લાલચમાં આપણે ફસાયા છીએ. તે જતા કરી સારાયે જૈન ધર્મ અને સમાજ માટે આપણે કયારે જીવતા શીખીશું? વહેવારૂ ગણાતી જૈન કોમ આજે પોતાના સમાજ-પ્રત્યે કેટલું-અવહેવારૂ વર્તન દર્શાવી રહી છે તે દુઃખનો વિષય છે. આજે સર્વત્ર વિનાશ તરફ પ્રયાણ કરી રહેલ આપણા સમાજ તરફ જાણી બુઝીને આંખ આડા કાન કરવાની નીતિ આપણે કયારે છોડીશું? આજે કોમની સ્થિતિ સુધારવી હોય, જગત સમક્ષ ઉભા રહેવું હોય તો સમયને ઓળખો, પ્રગતિની નિશાની તમારી સમક્ષ છે. આંખ આડા કાન કર્યે આજે ચાલે તેમ નથી. જાગૃત થઇ આપણે કોમની ઉન્નતિ માટે સક્રિય ફાળો આપવો જોઇએ. નગ્ન સત્ય સ્વીકારવું જોઇએ. કેળવણીથી વિમુખ રહે પાલવે એમ નથી. આપણી અધોગતિના મૂળમાં કેળવણીનો અભાવ જોઇ શકાય છે. બાળકોને બાલ્યાવસ્થાથી જ સુસંસ્કાર-યુક્ત કેળવણી આપવા પ્રબંધ કરો કે જેથી તેઓ જૈન ધર્મનું જૈન કોમનું નામ ઉજાળે. ગોખણપટ્ટી કરતાં સમજણ પૂર્વક શિખવવાને મહત્વ આપો આપણા જીવનમાં ઓતપ્રોત થઇ જાય તેવી કેળવણીની જરૂર છે."

આ પ્રસંગે ધી ઇન્ડસ્ટ્રીયલ એંજીનીયરીંગ કંપનીની વતી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂ. ૨૫૧ પાઠશાળા મદદ માટે આપવાની પ્રમુખશ્રીએ જાહેરાત કરી હતી અને તે ઉપરાંત બીજી પણ કેટલીક પરચુરણ મદદ જાહેર કરવામાં આવી હતી.

## આ તે આત્મવંચના કે પરવંચના!

જૈન શ્વે. મૂ. વિભાગની ઐકય સમિતિના બીજા ઠરાવની સમાલોચના આગળના અંકમાં કરવામાં આવી હતી. આજે તેના પહેલા ઠરાવ વિષે થોડોક વિચાર [illegible] તે ઠરાવ નીચે મુજબ છેઃ-

"શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુસંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની કોઇ પણ સમિતિએ કરેલા વડોદરા રાજ્ય[illegible]દીક્ષા સંબંધના અને બીજા દીક્ષા સંબંધના ઠરાવો આથી રદ [illegible] છે. આ ઠરાવ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સે પાસ કરવાનો છે."

આ ઠરાવ વાંચતાં કોઇ પણ અનભિજ્ઞ[illegible]ના દિલ ઉપર સ્વાભાવિક રીતે એવી જ છાપ પડે કે જૈન સમાજમાં અયોગ્ય દીક્ષા સંબંધી પરત્વે કેટલાંય વર્ષો ઉપર પ્રબળ જે આન્દોલન ઉભું થયું હતું તે દ્વારા વ્યકત થયેલ લોકઅભિપ્રાયને સન્માનીને ૧૯૩૪ માં સાધુ સંમેલન ભરાયું હશે અને કોને કયારે કેવી રીતે દીક્ષા આપવી તે સંબંધમાં સૌ કોઇને સંતોષ થાય તેવી યોગ્ય મર્યાદાઓ જવાબદાર મુનિવરોએ સ્વીકારી હશે અને તે મર્યાદાઓનું આજ સુધી અક્ષરશઃ પાલન થઇ રહ્યું હશે અને તેથી તેવી મતલબના કોઇ પણ ઠરાવો કે રાજ્યના કાયદાની હવે બીલકુલ જરૂર રહી નહિ હોય અને જો એમ હોય તો આવી સાદી સીધી વાત સૌ કોઇએ સ્વીકારી લેવી જોઇએ અને એ રીતે સામાજિક એકતાને પુષ્ટિ આપવી જોઇએ.

પણ કમનસીબે આખી વસ્તુસ્થિતિ એથી ઉલટી જ છે. પ્રથમ તો સાધુસંમેલને જે કાંઇ ઠરાવો કર્યા હતા અને મર્યાદાઓ સ્વીકારી હતી તે સર્વ યુવકજનતા જે પ્રકારના નિયંત્રણોની માંગણી કરી રહી હતી તેની અપેક્ષાએ બહુ જ સાધારણ અને મામુલી હતા. બીજું એ ઠરાવો થયા તેના બીજા જ દિવસથી તે આજ સુધીમાં તે ઠરાવો ઉપર સહી કરનારાઓમાંના કેટલાક આચાર્યો તેમજ તેમના શિષ્યો તે તે ઠરાવોનો એક યા બીજી રીતે અનેકવાર ભંગ કરતા જ આવ્યા છે એ વાત જગજાહેર છે. ત્રીજું એ સાધુસંમેલને ઉભી કરેલ સાધુઓની નિયામક સંસ્થા કદી સજીવ સ્થિતિમાં જોવામાં આવી જ નથી તેમજ તે તે ઠરાવોનો ભંગ કરનાર આચાર્યો કે સાધુઓ પાસેથી કોઇએ કદિ કશો પણ ખુલાસો માંગ્યો નથી. આવા નિર્જીવ, બીનઅમલી અને બીનહસ્તી ધરાવતા ૧૯૩૪ માં મળેલ સાધુસંમેલનના ઠરાવોને ૧૯૪૨ ના જાન્યુઆરી માસમાં મળતી ઐકય સમિતિ વધાવે છે અને તેનો આશ્રય લઇને જૈં. શ્વે. મૂ. કોન્ફરન્સે કે તેની સમિતિએ અયોગ્ય દીક્ષાનો પ્રતિકાર કરવા માટે આજસુધીમાં જે કાંઇ ઠરાવો કર્યા હોય તે રદ કરવાની ભલામણ કરે છે. આના જેવી પ્રતારણા બીજી કોઇ હોઈ શકે જ નહિ. આખા ઠરાવનો હેતુ વડોદરા રાજ્યે બાલ દીક્ષા નિયામક જે ધારો પસાર કર્યો છે તેને સીધી કે આડકતરી જૈન સમાજના કોઈ પણ વિભાગ કે સંસ્થાની સંમતિ નથી એવી છાયા ઉભી કરવાનો છે અને સાથે સાથે જૈન સાધુ ફાવે તેને દીક્ષા આપી શકે, તે ખાટે કોઇના પણ છોકરા ભગાડી શકે, ઘર ભાંગી શકે, તેને ન પુછી શકે માબાપ કે ન પુછી શકે કોઈ સંઘ-આ પ્રકારના આજ સુધી પ્રવર્તી રહેલ દીક્ષાસ્વચ્છંદનું સમર્થન કરવાનો છે. ઉપરથી દેખાતા સાદા

અને સરળ ઠરાવ પાછળ કેવી આત્મવંચના તેમજ પરવંચના રહેલી છે તે ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થાય છે. શા માટે હબસી ભાઇના ડાબા કાન જેવી નીતિ આ ઠરાવ ઘડવામાં અખત્યાર કરવામાં આવી હશે તે સમજાતું નથી. ઐક્ય સમિતિએ સીધી જ વાત કરવી ી હતી કે કોઇને પણ દીક્ષા આપવાના હેતુથી નસાડવાનો, રૂ ડવાનો કે ભગાડવાનો અને સંઘની અનુમતિ મેળવવાની કશી પણ રવા રાખ્યા સિવાય ફાવે તેને દીક્ષા આપવાનો દરેક જૈન સા ે જન્મસિદ્ધ હક્ક છે અને તેથી એ હક્કનો રોધ કરતો વડોદર ના કાયદો સત્વર રદ થવો ઘટે છે. ઐક્ય સમિતિ આ નગ્ન આકાર છે. એ આકાર જેને સ્વીકાર્ય હોય તે જરૂર એ ઠરાવને ટેકો આપે. પણ વર્ષોનાં આન્દોલનના પરિણામે જાગ્રત બનેલો જૈન જનતાનો કોઇ પણ વિભાગ આવા બેહુદા યોગ્ય ઠરાવને કોઇ પણ કાળે સ્વીકારી શકે જ નહિ.

**જીવતો ભ્રમ પામશે**

શ્રી કે. આર. ગોપાલન મલબારના એક જાણીતા રાષ્ટ્રસેવક છે. મલબાર હુલ્લડ કેસના અંગે તેમને સેશન્સ જજે સાત વર્ષની કેદની સજા ફરમાવી હતી. તે શિક્ષા ઓછી છે એ મતલબની સરકારે અપીલ કરી અને મદ્રાસની હાઇ કોર્ટે તેમને ફાંસીની શિક્ષા ફરમાવી. પ્રજામાં આ શિક્ષાએ ભારે ક્ષોભ ઉત્પન્ન કર્યો અને સ્થળે સ્થળેથી ગોપાલનને બચાવવાની બુમો ઉઠી. ગાંધીજીએ પણ ગોપાલન પ્રત્યે રહેમ દર્શાવવાની માંગણીનું સમર્થન કર્યું. પરિણામે મદ્રાસના ગવર્નરે આ સંબંધેની તીવ્ર લોકલાગણી ધ્યાનમાં લઇને ફાંસીની સજા રદ કરીને જન્મદેશનીકાલની સજા ફરમાવી છે. આ શિક્ષા પણ ઘણાના મતે અતિશય આકરી છે પણ આજે તો શ્રી ગોપાલન ફાંસીના લાકડે લટકતા બચી ગયેલ છે તેટલા માટે આપણે ઇશ્વરનો પાડ માનવો રહ્યો. તે જીવતા છે તો કોઇ દિવસની શુભ સવારે મલબારની પ્રજા પોતાના માનીતા કાર્યકર્તાને પાછો મેળવવાને જરૂર ભાગ્યશાળી થશે એવી આશા રાખીએ!

**આંદામાન પડયું!**

કોઇ માણસને માંદગી આવે છે તો તે માંદગી સામે બરોબર ટક્કર ઝીલીને તે માણસ જેવો હતો તેવો સાજો થાય છે; કોઇ આવેલી માંદગીનો થોડો સમય સામનો કરીને ટકાવબળ ઘટી જતાં આખરે મરણશરણ થાય છે; કોઇ માણસ માંદગી વિના જ એકાએક હૃદય રોગ કે એવા અકસ્માતથી કશી પણ નોટીસ આપ્યા સિવાય પરલોકવાસી થઇ બેસે છે. આજના વિગ્રહમાં પણ કેટલાક દેશો બરોબર ટક્કર ઝીલે છે; કેટલાક થોડો સમય ઝુઝીને આખરે દુસ્મનને શરણ થાય છે; આંદામાન તો એમજ એકાએક જાપાનને હાથમાં માર્ચ માસની ૨૩ મી તારીખે જઇ પડયું એમ છાપાઓ જણાવે છે. આંદામાન પડવાથી હિંદુસ્થાનનો આખો પૂર્વકીનારો જોખમમાં મુકાઇ ગયો છે અને દૂર રહેલ દુસ્મન હવે સમીપ આવી ઉભો હોય એવો ભાસ થાય છે. નિરાંતે સુવાનો હવે હિંદુસ્થાનની પ્રજા માટે સમય રહ્યો નથી. જે કાંઇ બને તે આપણે તો જોયા જ કરવાનું છે અને સંકટ આવે તે સહ્યા જ કરવાનું છે. આજે પ્રજામાનસમાં ઘર કરી રહેલી કર્તવ્યશૂન્યતા પ્રજાની પરાધીનતાને આભારી છે. પ્રજા સ્વાધીન બને તો જ પ્રજાને અન્તરથી લાગે કે 'આ મારો દેશ જોખમમાં છે અને તેને આવતી આફતમાંથી બચાવવાને મારે બને તેટલું કરીને છુટવું જોઇએ.'

**ધીખતી ધરા!**

આજે આખાયે દેશમાં ધીખતી ધરાનો પ્રશ્ન અસાધારણ ચિન્તાનો વિષય બની રહેલ છે. ધીખતી ધરા એટલે આવતા દુસ્મનના હાથમાં કશી વસ્તુ ન આવે એ હેતુથી દેશનો કે દેશના કોઇ પણ વિભાગનો દુસ્મન કબજો લે તે પહેલાં તે દેશમાંથી કે તેના કોઇ પણ વિભાગમાંથી દુસ્મનને ઉપયોગી થાય એવી સર્વ વસ્તુઓનો સંરક્ષક સરકારના હાથે જ નાશ થવો. આ ધીખતી ધરાનો ખ્યાલ રશીઆ ઉપર જર્મનીએ આક્રમણ કર્યું ત્યારે રશીઆના સરસુખત્યાર સ્ટેલીને રશિઅન પ્રજાને આપ્યો હતો. ત્યાં તેનો મોટા પ્રમાણમાં અમલ થયો છે અને અંગ્રેજ સરકારે પણ દૂર પૂર્વના પ્રદેશો ઉપરના જાપાનીઝ આક્રમણ દરમિયાન સ્થળે સ્થળે ધીખતી ધરાના સિદ્ધાંતને વ્યવહારમાં મુકયો છે એમ છાપાઓના સમાચાર ઉપરથી લાગે છે.

આજે જાપાનીઝ લોકોની ચઢાઇ હિંદુસ્તાન ઉપર આવતી હોય એમ ભાસે છે. આ કટોકટીના પ્રસંગે અંગ્રેજ સરકાર પણ આપણા દેશમાં ધીખતી ધરાની પ્રથાનો અમલ કરશે કે કેમ એ જાતની ભીતિ તેમજ ચિન્તા પ્રજામાનસને આજે સારી રીતે મુંઝવી રહી છે.

દેશ ઉપર દુસ્મન ચઢી આવે તો જ્યારે દેશનો બચાવ થઇ શકે તેમ નથી એમ લાગે ત્યારે દુસ્મનને ઉપયોગી થાય એવી વસ્તુઓનો નાશ કરવો જોઇએ એ વાત એક વિચાર રૂપે ઠીક છે. પણ દુસ્મનને શું ઉપયોગી અને શું નિરૂપયોગી તેની ચોક્કસ મર્યાદા બાંધવામાં ન આવે તો દુસ્મનના હાથમાં જતા દેશની નાની સરખી વસ્તુ પણ ઉપયોગી તો હોવાની જ અને તેથી તો એમ ફલિત થાય કે દુસ્મનના કબજે થતા દેશના સર્વ કોઇ માનવી અને મીલ્કતનો આમૂળ નાશ કરવો જોઇએ. પણ ધીખતી ધરાની પાછળ રહેલા વિચારનો આવો વ્યાપક અમલ કદિ થઇ શકેજ નહિ. આપણા દેશમાં આમ પ્રજા લડતી નથી. એ પ્રજામાંથી સૈન્ય ઉભું કરવામાં આવ્યું છે; એ સૈન્યને લડવા માટે શસ્ત્રસામગ્રી સંગ્રહવામાં અને ઉભી કરવામાં આવે છે. સામા પક્ષની પણ પ્રજા લડવા આવતી નથી, પણ તે પ્રજામાંથી ઉભું કરેલું સૈન્યજ લડવા આવે છે. જ્યારે એ સૈન્ય સામે આ બાજુના સૈન્યથી ટકી શકવાનું સંભવિત ન રહે ત્યારે શસ્ત્રસામગ્રીનો સરંજામ અથવા તો શસ્ત્રનિષ્પાદક કારખાનાંઓનો નાશ કરી નાંખવો જોઇએ એ વિચારનાં ઔચિત્ય સામે કોઇએ વાંધો ઉઠાવવા જેવું હોય જ નહિ. પણ ધીખતી ધરાના નામે મોટાં મોટાં કારખાનાંઓ, ઉદ્યોગગૃહો, જળમથકો, ઇલેકટ્રીસીટીનાં ઉત્પાદન સ્થળો, અનાજના કોઠારો, કાપડના ભંડારો વિગેરેનો નાશ કરવાની વાત આવે છે ત્યારે પ્રજાનું દિલ કંપે છે અને તેમ કરવા જતાં નીપજતો પારવિનાનો અનર્થ ધીકતી ધરાના વ્યાજબીપણા વિષે લોકોના દિલમાં શંકા ઉત્પન્ન કરે છે. સર સ્ટેફર્ડ ક્રીપ્સ જે આજે હિંદી મડાગાંઠ ઉકેલવા માટે હિંદુસ્થાનમાં આવેલ છે તેમણે રશીઆથી પાછા ફરવા બાદ આ ધીખતી ધરાના અમલથી રશીઅન આમ પ્રજાની શી દુર્દશા થઇ છે તેનો કંપાવનારો ચિતાર આપ્યો હતો. કેટલાક સામ્યવાદીઓ આ ધીખતી ધરાના સિધ્ધાન્તનું બહુ જોસભેર સમર્થન કરે છે, પણ તેનું પરિણામ તેમના જ વ્હાલા–સોયા ખેડુતો અને મજુરો ઉપર શું આવે તેની તેમને કશી કલ્પના હોય છે ખરી? રાજ્યસત્તા દેશનું રક્ષણ કરવાને નિર્માયલી છે. રક્ષણ થઇ શકે ત્યાં સુધી કરે; જ્યારે ન થઇ શકે ત્યારે વિદાય થાય કે વિસર્જિત થાય. પણ દેશના લોકોએ–ગરીબોએ અને શ્રીમંતોએ–પરસેવો ઉતારીને અને પોતપોતાની ગંજાવર મુડીઓ રોકીને વર્ષોના પ્રયત્નના પરિણામરૂપ જાત જાતના ઉદ્યોગો આ દેશમાં ઉભા કર્યા છે; લક્ષાવધિ મજુરો આ ઉદ્યોગો દ્વારા પોષાય છે; એ બધી રચનાનો શા માટે નાશ કરવો? દુસ્મન લાભ લે તે માટે? પણ જો રાજ્ય કરતી સત્તાને પોતાના બળમાં અને અન્તિમ વિજયમાં શ્રદ્ધા હોય તો આખરે

તો તે રાજ્યસત્તા જ દુશ્મનને પાછો હાંકી કાઢવાની છે. તે પરિસ્થિતિમાં પારવિનાના વિનાશનાં પરિણામો તો આખરે પ્રજાને અને પુનઃ પ્રતિષ્ઠિત થનારી રાજ્યસત્તાને જ ભોગવવાના રહે છે. આ બાબત તેમજ ધીખતી ધરાના અમલ પાછળ થતી પ્રજાની પારવિનાની પાયમાલી ધ્યાનમાં લઇને સરકાર આ વિષયમાં પ્રજાને નિર્ભર અને નિર્ભય બનાવે એવી પ્રજાની માંગણી સરકારે જરૂર ધ્યાનમાં લેવી ઘટે છે.

### ઇન્દીરા-ફીરોઝ લગ્ન

પંડિત જવાહિરલાલના પુત્રી બહેન ઇન્દીરાનું લગ્ન શ્રી. ફીરોઝશાહ ગાંધી સાથે માર્ચ માસની ૨૬ મી તારીખે થયું. જ્યારે યોગ્ય ઉમ્મરના કોઇ પણ તેજસ્વી યુવક યુવતી લગ્ન સંબંધથી જોડાય છે ત્યારે સમાજ આનંદ અને ગૌરવની માગણી અનુભવે છે અને સ્ત્રીપુરૂષ સંબંધનું નિયમન કરવાને યોજાયલી લગ્નસંસ્થા સવિશેષ સાર્થક બનતી લાગે છે. દેશમાં અનેક તેજસ્વી પુરૂષો પાકે છે; તેજસ્વી સ્ત્રીઓ પણ જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે; પણ તેજસ્વી યુગલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેથી ક્ષિતિજ ઉપર કોઇ એવું યુગલ જ્યારે સર્જાતું દેખાય છે ત્યારે આપણા દિલમાં સહેજે આનંદ અને અભિનંદનની ઉર્મિ પ્રગટે છે. ઇન્દીરા-ગાંધી લગ્નને પંડિત જવાહીરલાલે પુરા પ્રેમપૂર્વક આવકાર્યું છે અને ગાંધીજીએ વાત્સલ્યભર્યા આશીર્વાદથી અંકિત કર્યું છે. આપણી પણ નવદંપતીને શુભેચ્છાઓ જ હોય!

આવા આન્તર્જાતીય લગ્નને કેટલાક ટીકાની નજરથી નીહાળે છે. શું આખા દેશમાં કોઇ હિંદુ યુવક ન મળ્યો કે ઇન્દીરા એક પારસીને પરણે છે? આવી ટીકા પણ થાય છે જે સાંભળીને ભારે વિસ્મય થાય છે. આવી ટીકા કરનારાઓ આજની સામાજિક વસ્તુસ્થિતિ કાં તો જાણતા નથી અથવા તો જાણવા છતાં ધ્યાન ઉપર લેવા માંગતા નથી. આજે આપણા દેશમાં એક એવો મોટો વર્ગ છે કે જેના ચાલુ જીવનવ્યવહારમાંથી જ્ઞાતિ કે વર્ણના ભેદભાવની કલ્પના સર્વથા લુપ્ત થઇ હોય છે અને જેની રીતભાત, આચરણ, સભ્યતા અને ખાનપાન પણ લગભગ એક સરખાં ધોરણ ઉપર જ રચાયલાં છે. આ વર્ગના કુટુંબો ભિન્ન ભિન્ન જાતિના હોવા છતાં જાણે કે એક જ જ્ઞાતિ-જાતિના હોય એવો તેઓ વચ્ચે પરસ્પર ખુબ ઘરોબો કેળવાયલો જોવામાં આવે છે. સામાન્ય જનતાને મન પંડિત જવાહિરલાલ હિંદુ છે અને ફીરોઝ ગાંધી પારસી છે. પણ એક હિંદુ અને એક પારસી વિષે આપણા મનમાં જે ચોક્કસ ખ્યાલ બંધાયલા હોય છે તેવા હિંદુ આજે પંડિત જવાહિરલાલ નથી રહ્યા અને તેવા પારસી ફીરોઝ ગાંધી હોવાનો સંભવ નથી. આવા લોકોને શિષ્ટ હિંદી સિવાય બીજી કોઇ રીતે ઓળખી શકાય તેમ છે જ નહિ, જો કે પંડિત જવાહિરલાલને તો કેવળ હિંદી તરીકે વર્ણવવા તે પણ તેમને થોડો અન્યાય કરવા બરોબર છે. જવાહિરલાલ તો આજે દુનિયાના મહામાનવ છે અને તેમનું રાષ્ટ્રીયત્વ પણ તેમના વ્યાપક અને વિશાળ આન્તરરાષ્ટ્રીયત્વમાંથી જ ફુટેલો એક ફણગો છે. આવા પિતાના સંતાનોના લગ્નસંબંધો આન્તર્જાતીય કે આન્તરરાષ્ટ્રીય ધોરણે જ યોજાય એ કેવળ સ્વાભાવિક છે. આજે દુનિયાના દેશો અને જાતિઓ એકમેકની બહુ જ નજીક આવતી જાય છે. ઉપરના વર્ગનો આચાર વ્યવહાર વધારે ને વધારે સમાનતા ધારણ કરતો જાય છે. સંપ્રદાય કે જ્ઞાતિના સંસ્કારો ભુંસી નાખતું આજની યુનીવર્સીટીનું શિક્ષણ પણ દેશભરના યુવક યુવતીઓને જ્ઞાતિજાતિને લગતા ભેદભાવથી મુક્ત કરતું જાય છે. ઇન્દીરા-ફીરોઝનું લગ્ન આજે વિકસતી તેમજ પલટાતી સમાજ-રચનાનો શુભઆશાપ્રદ વ્યતિકર છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત લગ્નને આપણે જોવું જોઇએ અને અન્તઃકરણથી આવકારવું જોઇએ.

### નવદંપતીને અભિનન્દન

ગયા માર્ચ માસની બારમી તારીખે ડૉ. કીર્તિલાલ ભણશાળી જેઓ લંડન યુનીવર્સીટીના એમ. આર. સી. પી. છે અને હાલ મુંબઇમાં કેટલાક સમયથી સલાહ આપનાર તબીબ-Consulting Physician-તરીકે પ્રેક[illegible] કરે છે. તેમનું આંખના જાણીતા ડૉ. ચીમનલાલ શ્રોફ [illegible] પુત્રી પુષ્પા બહેન જેઓ મુંબઇ યુનીવર્સીટીના સ્નાતક છે તેમની સાથે લગ્ન થયું. આવું સમાનધર્મી યુવતીનું લગ્ન[illegible] ખરેખર આવકારદાયક છે. નવયુગલને જૈન સમાજે [illegible]ન્દન ઘટે છે.

### સ્ત્રીકાર્યકર્તા તાલીમ વર્ગ

'ઓલ ઇન્ડીઆ વીમેન્સ કૉન્ફરન્સ' તરફથી નવસારી પાસે આવેલા અબ્રામા [illegible] માસ માટે માર્ચમાસની વીસમી તારીખથી સ્ત્રીકાર્યકર્તા[illegible]ર કરવા માટે તાલીમ વર્ગો ખોલવામાં આવ્યા છે. આ તા[illegible] વર્ગોની આખી વ્યવસ્થા રાખવાની જવાબદારી શ્રીમતી કમલાદેવી ચટોપાધ્યાય[illegible]વામાં આવી છે. એ તાલીમ વર્ગોનું ઉદ્ઘાટન કરતાં શ્રી[illegible]બહેને જે [illegible]વ્યું હતું તેમ હવે સારી સ્થિતિની અને ફુરસદના વખતે સેવા કાર્ય સંભાળતી બહેનોથી સંતોષ માનીને બેસી રહેવાનો વખત નથી. આજની સમાજસમસ્યાઓ ખૂબ જટિલ છે અને સામાજીક કાર્યપ્રદેશ અતિશય વિશાળ છે; તેને પહોંચી વળવા માટે રીતસર તાલીમ પામેલી અને નિયત સેવાકાર્યમાં યોગ્ય વેતનથી જોડાયલી બહેનોની જરૂર છે. તાલીમ વિના સામાજીક પ્રશ્નોની સાચી સમજણ હોવાનો સંભવ નથી. ફુરસદે અને વિનાવેતને કામ કરનાર બહુજ ઓછું કામ આપે છે અને તે પણ ગમે ત્યારે છોડી દે તો તેને કંઇ કહી શકાતું નથી. આ દૃષ્ટિએ વ્યવસ્થિત રીતે કાર્યકર્તાઓ તૈયાર કરવા માટે પ્રસ્તુત કોન્ફરન્સે જે પ્રયોગ હાથ ધર્યો છે તે ખરેખર આવકારપાત્ર છે અને તેની સફળતામાં અનેક સારાં પરિણામોની આશા રખાય છે. પ્રસ્તુત વર્ગોમાં જુદા જુદા વિભાગમાંથી લગભગ પચ્ચાસ બહેનો જોડાયલી છે અને આ વર્ગોમાં જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો આપવા માટે દેશના જાણીતા કાર્યકર્તાઓ તેમજ વિદ્વાન વિચારકોએ કબુલ્યું છે. તેમાં શિખવવામાં આવનાર અભ્યાસમાં પણ અનેકવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે અને કંપનું સામુદાયિક અને શિસ્તબધ્ધ જીવન પણ ત્યાં મળનારા શિક્ષણમાં મહત્વની પુરવણી કરે તેમ છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ પત્રિકા

કવિવર શ્રી. અરદેશર ફ. ખબરદાર ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાન ઉપર આવ્યા બાદ એ સંસ્થાને પ્રાણવાન અને સક્રિય બનાવવા માટે જે અનેકવિધ પ્રયત્નો કરી રહ્યા છે તેમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ પત્રિકા' નામની પરિષદના માસિક મુખપત્રનો જન્મ એક ખરેખર આવકાર યોગ્ય પ્રવૃત્તિ છે. આ પત્રિકા માર્ચ માસથી શરૂ કરવામાં આવી છે અને આજ સુધીમાં બે અંક બહાર પડી ચુકયા છે. વાર્ષિક લવાજમ રૂ. ૨ છે. જે કોઇ સાહિત્ય રસિક ભાઇ કે બહેન ગુજરાતી સાહિત્ય પરિષદના બે વર્ષ માટે કુલ રૂ. ૪ લવાજમ ભરે તેને પણ આ પત્રિકા બે વર્ષ સુધી મળી શકશે. ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ, ગુજરાત તેમજ મહાગુજરાતમાં આજે કાર્ય કરી રહેલી શિક્ષણની તેમજ સાહિત્યની સંસ્થાઓ, ગુજરાતી જનતાના પ્રમુખ પ્રશ્નો-વિગેરે અનેક બાબતોની ચર્ચા, સમાલોચના તેમજ માહીતી આપવી એવો આ પત્રિકાનો ઉદ્દેશ છે. ગ્રાહક યા પરિષદના સભ્ય થનારે 'મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦, હમામ સ્ટ્રીટ કોટ મુંબઇ' એ સરનામે લખવું. આ પત્રિકા પ્રવૃત્તિને પરિષદના સભ્ય બનીને બને તેટલું પ્રોત્સાહન આપવા 'પ્રબુદ્ધ જૈન' ના વાંચકોને ભલામણ કરવામાં આવે છે. **પરમાનંદ**

## મંગલમય મહાવીર

(પૃષ્ટ ૨૧૮ થી ચાલુ)

હું એક બીજી બાબત પણ વિચારૂં છું તે એ છે કે રાજકીય આન્દોલનોને એક નવીન ઉદાર આધ્યાત્મિક પ્રોત્સાહન મળવું જોઇએ. એક ભ્રાત[illegible]પ સભ્યતાનું નિર્માણ થવું જોઇએ. વિદ્વેષ આપણને સહાયરૂપ [illegible] અને. આજકાલ રાષ્ટ્ર પોતાની માનસિક શકિતઓની સંપત્તિ લડાઇ ઝગડાએમાં ખરચી નાંખે છે. આપણે આપણા રાષ્ટ્રીય જીવનમાં ઇશ્વરને ખેંચી લાવવો જોઇએ. માનવવિશ્વના પુનર્નિર્માણને [illegible] આધ્યાત્મિક શકિતની આવશ્યકતા છે.

કોઇ મને એકજ શબ્દમાં કહેવા કહે કે ભારતનો આત્મા શું છે? તો હું કહીશ કે 'અહિંસા'—ભારતનું અનન્ત અન્વેષણ અહિંસાને વિચાર, કલા, [illegible] અને જીવનમાં સમાહૃત કરતું રહ્યું છે.

[illegible] તે ભારતવર્ષના સાંસારિક સંબંધો પર પણ પોતાનો પ્રભા[illegible]ડયો છે. એણે સામ્રાજ્યનાં સ્વપ્ન સેવ્યા સિવાય ભારતે ચીન અને જાપાનનું ગુરૂપદ પ્રાપ્ત કર્યું છે. પોતાની આ આધ્યાત્મિક ઉન્નતિને કારણે આ અપરિચિત દેશ તે તે દેશોનો ઇર્ષ્યાપાત્ર બન્યો છે. ભારતવર્ષ કદિ યુધ્ધવાદીઓનો દેશ નહોતો. માનવતા પ્રત્યેની આદરબુધ્ધિએ જ એને સામ્રાજ્યવાદની આકાંક્ષાથી બચાવી લીધેલ છે. બુધ્ધે પોતાનાં વચનોમાં એક મહાન રાજનૈતિક સત્યને વ્યકત કર્યું છે કે "વિજેતા અને વિજીત બન્ને દુઃખી છે. વિજીત અત્યાચારોને કારણે અને વિજેતા એ ભયથી કે જીતાયેલી પ્રજા પાછા પોતાની ઉપર જ આક્રમણ કરીને વિજય પ્રાપ્ત ન કરે." ભારત વર્ષે કદી કોઇ દેશને ગુલામ બનાવવાનો પ્રયત્ન કર્યો નથી. ગુલામ બનાવવું એ જ હિંસાચરણ છે.

યુરોપ આ પ્રકારે પીડાય છે અને સંક્ષોભમાં ભટકે છે અને પ્રાય: લોકો પોતાની શક્તિને ભૂલથી સ્વતંત્રતા માની બેઠા છે. સાધનો વિના અને નૈતિકનિયમોના અભ્યાસ વિના સાચું સ્વાતંત્ર્ય સંભવતું નથી. યુરોપ આજસુધી રાષ્ટ્રીય અને જાતીય નિયમ સિવાય કોઇ નિયમને માનતું નથી. આનું પરિણામ છે રાષ્ટ્રીય સંઘર્ષ અને પશ્ચિમનો રાષ્ટ્રવાદ અને એનું પરિણામ આવ્યું સંસારવ્યાપી યુદ્ધ, કે જેનો આજસુધી અંત આવ્યો નથી.

મને ખબર છે કે યુવાનોને અહિંસાની કિમ્મતના વિષયમાં સંદેહ છે. તેઓ અનિયન્ત્રિત શાસનદ્વારા થતા પોતાના દેશના અપમાનને કારણે સંક્ષુબ્ધ છે, પરંતુ સ્વતંત્રતાના યુદ્ધમાં શકિતનું રહસ્ય ધર્મયુકત ઉદ્યમ અને આત્મયજ્ઞનો અભ્યાસ છે. જે અહિંસાની ચર્ચા હું કરી રહ્યો છું તે નિર્બળતા નથી. સાચી અહિંસામાં મૃત્યુનો ભય નથી પણ માનવતા પ્રત્યે આદરભાવ છે. મને દૃઢ વિશ્વાસ છે કે ભારત સ્વતંત્ર થઇ શકે, જો તે પોતાના પ્રત્યે સાચો બને. મને ઉપનિષદોના આ ઉપદેશ ઉપર પૂર્ણ વિશ્વાસ છે કે–'અહિંસા યજ્ઞ છે અને યજ્ઞ અથવા બલિદાન મહાન બળ છે.' જ્યારે હું મારા કામને માટે નિકળું છું ત્યારે ગીતાના એ ઉદ્‌ગારને મનમાં ગણગણ્યા કરૂં છું કે "હે કૌન્તેય, મારૂં ભારત કયારે પણ નષ્ટ નહિ થાય."

મૂળ અંગ્રેજી લેખકઃ–**સાધુ શ્રી ટી. એલ. વસવાણી**

અનુવાદક:–**સરલાબ્હેન સુમતિચંદ્ર શાહ**

## —વીરસ્તુતિ—

**સંસારદાવાનલદાહનીરં, સંમોહધુલીહરણે સમીરં।**
**માયારસાદારણસારસીરં, નમામિ વીરં ગિરિસારધીરં॥**

# સંઘ સમાચાર

## સંઘનું સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

શ્રી મુંબઈ જૈન યુવકસંઘ તરફથી ચાલતા પુસ્તકાલયને તા. ૧૫-૮-૪૧ થી તા. ૧૫-૩-૪૨ સુધીમાં નીચે જણાવેલ વ્યકિતઓ તથા સંસ્થાઓ તરફથી પુસ્તકો ભેટ મળ્યાં છે તે બદલ સર્વનો ઉપકાર માનવામાં આવે છે.

| | |
|---|---|
| ૨૩૮૦ | તા. ૧૫-૮-૪૧ સુધીમાં ભેટ મળેલાં |
| ૩ | શ્રી વૈકુંઠરાય છાપીઆ |
| ૧ | શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી |
| ૧૨૯ | શ્રી કુંવરજી આણંદજી |
| ૧ | શ્રી રમણલાલ મણિલાલ શાહ |
| ૩૬ | શ્રી કેશવલાલ નગીનદાસ |
| ૧ | શ્રી ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય |
| ૧ | શ્રી વખતચંદ જીવણલાલ |
| ૪ | શ્રી જીવરાજ બેચરદાસ કોઠારી |
| ૧ | શ્રી મહાવીર જૈન વિદ્યાલય |
| ૨ | શ્રી વખતચંદ જીવણલાલ |
| ૧ | શ્રી ભોગીલાલ હીરાલાલ |
| ૩ | શ્રી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ |
| ૭ | શ્રી બાબુલાલ નાનચંદ |
| ૪ | શ્રી બંસી |
| ૨૫૭૯ | કુલ ભેટ મળ્યાં. |

છેલ્લા પાંચ માસ દરમ્યાન કુલ ૪૮૨૮ પુસ્તકો પુસ્તકાલયમાંથી વાંચવા માટે બહાર અપાયાં છે. પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારાની સંખ્યા ૪૫૦ ઉપર ગઇ હતી તે ઘટીને લડાઇને કારણે લોકો મુંબઈ છોડી વતનમાં જતા હોવાથી આજે ૩૧૦ ની થઇ છે. વાંચનાલયનો લાભ તો આજે પણ એટલો જ લેવાઈ રહ્યો છે. વાંચનારાઓની સરેરાશ સંખ્યા ૧૦૦ની રહે છે. વાંચનાલયમાં સવાર સાંજ એટલી બધી ભીડ રહે છે કે તે માટે સભાની કચેરી નાની પડે છે. **મંત્રી, વાંચનાલય પુસ્તકાલય.**

## સંઘના સભ્યોને તેમજ 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને

આજના વિગ્રહક્ષોભને લીધે અનેક સાર્વજનિક સંસ્થાઓની આર્થિક પરિસ્થિતિ ઉપર ગંભીર અસર થઇ છે. તેથી મુંબઇ જૈન યુવક સંઘ મુકત રહે તેમ બને જ નહિ. એક બાજુએ સંઘની પ્રવૃત્તિઓને લગતો ખર્ચ એનો એજ ચાલુ રહ્યો છે. ઉલટું કોઇકોઇ બાબતમાં વધ્યો છે, જ્યારે સંઘને અપાયલાં આર્થિક મદદોનાં વચનો, સભ્યોનાં વાર્ષિક લવાજમો, તેમજ 'પ્રબુધ્ધ જૈન' ના ગ્રાહકોના લવાજમો વસુલ કરવામાં મુશ્કેલીઓ વધતી જાય છે. 'પ્રબુદ્ધ જૈન' કાગળ વિગેરેના ભાવો વધવા છતાં આજસુધી એક સરખી સેવા આપી રહેલ છે. સંઘની કાર્યવાહીમાં સગવડ અને સરળતા વધે તે માટે જે જે ગૃહસ્થોએ સંઘને આપેલ વચનો મુજબની રકમો મોકલી આપી ન હોય તેઓ સત્વર મોકલી આપવા કૃપા કરે તેમજ સભ્યો તેમજ ગ્રાહકો પણ પોતપોતાનું ચઢેલું લવાજમ વિના વિલંબે મોકલી આપે અને જેઓ મુંબઇમાં રહેતા હોય તેઓ સંઘના કલાર્કને મદદની કે લવાજમની રકમ માટે આંટા ન ખવરાવે એટલી સૌ કોઇને અમારી આગ્રહપૂર્વક વિનંતિ છે.

એ સૌ કોઈ જાણે છે કે સંઘપાસે કોઈ મુડી કે અનામત રકમ છે જ નહિ. દર વર્ષે આવક થાય તે ખરચાય અને તેમ કરતાં ખાડો પડે તેને પહોંચી વળવાનો પ્રયત્ન ચાલુ જ હોય. સંઘની આવી પરિસ્થિતિ ધ્યાનમાં લઇને સંઘની જે પ્રવૃત્તિમાં જેને ખાસ રસ હોય તે ભાઇ કે બહેન તે પ્રવૃત્તિમાં બનતી મદદ આપે તેમજ મેળવી આપે તથા 'પ્રબુધ્ધ જૈન'ના ગ્રાહકોનું દળ વધારી આપે એટલી સંઘના શુભેચ્છક વર્ગને અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

# મહાવીરજયંતી શા માટે?

વર્તમાન યુગના પ્રચંડ પ્રલયકારી યુદ્ધના ઝંઝાવાતથી સમગ્ર સંસાર આજે ત્રસ્ત છે. આ સમયે સમગ્ર જગતમાંના સાત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિવાળા જીવો પોતપોતાની દૃષ્ટિએ યુદ્ધના આંદોલનોમાં સપડાયલા છે. આજે આપણે ભલે ગમે તે દેશ-ગમે તે રાષ્ટ્ર-ગમે તે ધર્મ કે ગમે તે માન્યતાવાળા હોઇએ તો પણ જગતમાં વ્યાપી રહેલા આ યુધ્ધના ભલા યા બુરા છાંટા ઉડયા વિના રહેવાના છે જ નહિ. એક તરફ આપણે જગતને અહિંસા, સત્ય, તપ, અને શાન્તિનો મહામુલો મંત્ર શીખવનાર ભગવાન મહાવીરની ૨૫૪૦મી જયંતી ઉજવીએ છીએ ત્યારે બીજી તરફ સંસારમાં ઘોર અશાંતિ, નૃશંસ માનવસંહાર, અને ક્રૂરતાપૂર્ણ વૃત્તિ પૂરજોસમાં ચાલી રહી છે. જો આપણે એમ વિચાર કરીએ કે જગતની કુલ જનસંખ્યા લગભગ બે અબજ માણસો સામે આપણે દશ કે બાર લાખ જૈનો અને તેમાંયે માત્ર અમુક જ ટકા ભગવાન મહાવીરને નામે જગત સમક્ષ અહિંસા, સત્ય, તપ અને શાંન્તિની ટેલ નાંખીશું તો તેથી શું દા'ડો વળવાનો છે? મનમાં ઉદ્‌ભવતી આ કલ્પના પ્રારંભમાં જરૂર દરેક વિચારકને વિચાર કરતા કરી મૂકે, પરંતુ આપણે જગતનો ઇતિહાસ તપાસીશું તો સ્પષ્ટ જણાશે કે જગતમાં અનાદિ કાળથી બે દ્વંદ્વો-દૈવી આસુરી-આર્ય અનાર્ય-હિંસક અહિંસક-સાત્વિક તામસિક-ધર્મ અધર્મ-વ્યાપ્ત છે. તેમાં જ્યારે જ્યારે અધર્મ તત્ત્વનો અતિરેક થાય છે ત્યારે ત્યારે એક યા બીજા સ્વરૂપે કોઇ મહાપુરૂષ આ સંસારમાં અવતરે છે, જે પોતે એકમાત્ર પોતાના આત્મબળ ઉપર જ આધાર રાખી જગત્‌માં એકાકી હોવા છતાં પોતાનું ધ્યેય-દૃષ્ટિબિંદુ નિર્ભયતાથી સ્પષ્ટ રીતે રજુ કરે છે. આ પ્રમાણે જ્યારે જનતાના પૂરને ખાળવા માટે જે મહાપુરૂષો ઝંપલાવે છે તેમાંના ઘણાક તો પાશવી વૃત્તિના ભોગ બની નામાવશેષ બની જાય છે, ઘણાક પાશવી વૃત્તિનો ભોગ બનવા છતાં પોતાનું કાર્ય-ધ્યેય-દૃષ્ટિબિંદુ પાછળ રાખી જાય છે અને ત્યાર પછી તે મહાપુરૂષના સમકાલીન કે ત્યાર પછીના બીજા કોઇ અનુયાયીના પ્રચારકાર્યવડે તે મહાપુરૂષનું અધુરૂં રહેલું કાય સજીવ અને વેગવાન બને છે.ત્યારે ત્રીજા પ્રકારમાં એ મહાપુરૂષ અધર્મતત્ત્વ-પાશવી-વૃત્તિ ઉપર પોતાના જીવનકાળ દરમ્યાન જ વિજય મેળવી એ અધર્મ તત્વને દબાવી દે છે અથવા તો તે કાળ પૂરતું શકિતહીન બનાવી દે છે. પરંતુ તે અધર્મતત્વનો કદાપિ આમૂળ નાશ થઇ શકતો જ નથી.

જગતમાં જ્યારે જ્યારે અધર્મતત્વ-પાશવી વૃત્તિનો અતિરેક થાય છે ત્યારે ઉપરોકત બાહ્ય પ્રકારની ઘટનામાંથી ગમે તે એક ઘટના ઘટેજ છે-અનિવાર્યરૂપે ઘટે જ છે. મહાત્મા બુદ્ધ, મહાત્મા મહાવીર, મહાત્મા ઇશુખ્રીસ્ત, મહાત્મા મહંમદ પયગંબર આદિ નાં નામો તત્કાલીન પાશવીવૃત્તિ ઉપરના વિજેતા તરીકે ઇતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે અંકિત થઇ ચૂકયા છે. આજે આપણે ભગવાન મહાવીરને સ્મરીએ કે મહાત્મા બુદ્ધને-મહાત્મા ઇશુખ્રીસ્તને કે મહાત્મા મહંમદ પયગંબરને-બધાનો સાર એક જ કે તે તે મહાપુરૂષોએ અધર્મતત્વ-પાશવીવૃત્તિને હટાવવા-દૂર કરવા માટે નામશેષ કરવા માટે આજીવન યુધ્ધ સ્વીકાર્યું હતું અને તેમાં તેઓ પોતપોતાના દ્રષ્ટિબિંદુથી સફળ થયા હતા. તે તે મહાપુરૂષોને જીવનકાલ દરમિયાન જે જે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું હતું તેમાંથી જેમ સુવર્ણ ભઠ્ઠીમાં ચડી શુધ્ધરૂપે બહાર નીકળી આવે છે તેજ રીતે એ મહાપુરૂષો શુધ્ધ સુવર્ણ રૂપે વિજેતા તરીકે પોતાની ઇષ્ટ સિદ્ધિને વરી ચૂકયા હતા.

જગતને વર્તમાન પરિસ્થિતિમાં અહિંસા, સત્ય, તપ અને શાન્તિનો સંદેશ સાંભળવાની કોઇને ફુરસ[illegible]તી. સૌ પોતપોતાના માની લીધેલા-પહેલેથી દોરી રાખેલા-કા[illegible]મમાં મચ્યા પડયા છે. તેમને બીજું કંઇ આચરવું નથી, વિચારવું પણ નથી. તો પછી સાંભળે તો શાના? અહિંસ[illegible] વની આ સ્થિતિ છે તો બીજા રાષ્ટ્રો-દેશો--રાજ્યો કે જે [illegible] સમુદાયના પ્રતીક છે તેમની સ્થિતિ તેથી ભિન્ન કઇ રીતે [illegible]?

એટલે આવા વિકટતમ વમળમાંથી આપણે ભગવાન મહાવીરના જીવનમાંથી કંઇક [illegible] આપણા નાવને ક્ષેમકુશળ સામે પાર લઇ જવું એ આ[illegible]એક માત્ર અનિવાર્ય આવશ્યતા છે. મહાપુરૂષોના જીવનચરિત્રો દીવાદાંડી સમા [illegible] આપણા માર્ગમાં આવતા ખાડા ટેકરા કે બીજી [illegible]સણો[illegible] સુંદરમાં સુંદર ઉકેલ તેમના જીવનચરિત્રમાંથી મેળવી શકાશે. એટલે આવા કટોકટીના કાળમાં ભગવાન મહાવીરનું જીવન આપણ સર્વને માટે દીવાદાંડી રૂપ બને એવી પ્રત્યેક જૈન માત્રની ભાવના વ્યાપકસ્વરૂપ લઇ જગતમાં શાન્તિ ફેલાવવામાં અવશ્ય કારણભૂત બની શકે એ નિઃશસય છે. આજનું વિજ્ઞાન શબ્દના પુદ્‌ગલને નિર્જીવ રેડીયોમાં પૂરી સમગ્ર દુનિયાને જે રીતે આંદોલિત કરી મૂકે છે તેજ રીતે આપણે આપણા વિચાર પુદ્‌ગલોને આપણા જીવંત રેડીયા દ્વારા સમગ્ર વિશ્વમાં શાન્તિના આંદોલનો ફેલાવવામાં સહાયક રૂપ બનાવી શકીએ.

ભગવાન મહાવીરના આજે ગણાતા જે થોડાક લાખ અનુયાયીઓમાંથી થોડાક હજાર કે થોડાક સો પણ અનુયાયીઓ સાચા દિલે શાન્તિના આંદોલનો ફેલાવવાનો પ્રયાસ કરે તો એક વાર ફરીથી જગતમાં શાન્તિ અને વ્યવસ્થા અવશ્ય ફેલાવી શકાશે એમાં તલમાત્ર પણ શંકાને સ્થાન નથી. એટલે જરૂર છે માત્ર થોડાક પણ સાચા દિલના શાન્તિના આંદોલનો ફેલાવનાર અનુયાયીઓની. એ કંઇ તત્કાળ મળી જાય એ શકય નથી. એટલે જ્યારે જ્યારે પણ આવા મહાપુરૂષોની જયંતીઓ ઉજવવાનો શુભ અવસર મળે ત્યારે ત્યારે તેનો આ જ એક સદુપયોગ છે. ભગવાન મહાવીરની જયંતીદ્વારા આપણે જૈનો પણ સંસારમાં શાન્તિ અને વ્યવસ્થાના આંદોલનો વ્યાપક બનાવવાની આપણી ભાવનામાં સફળ થઇશું તો એ જગતને માટે એક આશીર્વાદરૂપ ગણાશે.

**હર્ષચંદ્ર કપુરચંદ દોશી**

---

## પુસ્તકોની પહોંચ

**સમાજવાદ** અથવા સહકારદ્વારા સર્વોદય
લેખકઃ-**શ્રી જગન્નાથ દેસાઇ** વીલેપારલે, **મુંબઇ.**

**Neem Tree:**—કેટલાંક અંગ્રેજી કાવ્યો
રચયિતા **શ્રી ભગીરથ મહેતા** ૩૫, મરીન લાઇન્સ, **મુંબઇ.**

**શ્રી સજજન સન્મિત્ર યાને એકાદશ મહાનિધિ**
સંગ્રહ કરનારઃ-શેઠ **શામજીભાઇ જેચંદભાઇ**
પ્રકાશકઃ-**ઝવેરી પોપટલાલ કેશવલાલ માસ્તર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો     શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર     Regd. No. B. 4206.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨૪

મુંબઇ: ૧૫ એપ્રીલ ૧૯૪૨ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

## સ્ત્રીપુરૂષ સંબંધ

(ગતાંકથી ચાલુ)

...અન... સંબંધ સામાન્ય રીતે કેવો હોવો જોઇએ? એ પ્રશ્ન હવે ઉ... થાય છે. જ્યાં સુધી એવા આદર્શ સંબંધનો પુરો ખ્યાલ આપણને ન હોય, ત્યાં સુધી તેની સિદ્ધિના ઉપાયો જડે નહિ. સ્હેજ ઉંડો વિચાર કરતાં જણાશે કે કુદરતે સમાજમાં સ્ત્રી અને પુરૂષ બન્નેને સરખું જ મહત્વનું સ્થાન આપ્યું છે. બન્નેનું સ્થાન અને કાર્યક્ષેત્ર ભલે જુદાં હોય, તેમ છતાંય વિશ્વની યોજના જ એવી છે કે બન્ને સાથે મળીને કાર્ય કરે તો જ દુનિયાના વ્યાપાર વ્યવસ્થિત રીતે ચાલે. લગ્ન સંસ્થા એ કુટુંબસંસ્થાનો પાયો છે. સ્ત્રી પુરૂષમાં જે પરસ્પર આકર્ષણ હોય છે, તેમાં પ્રજોત્પાદન માટે જે જાતના આકર્ષણનું પ્રાધાન્ય રહે છે, તે આકર્ષણ વિશિષ્ટ સ્ત્રી અને વિશિષ્ટ પુરૂષ વચ્ચે જ મર્યાદિત રહે એ લગ્ન સંસ્થાનો હેતુ છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચે જે બીજું અનેક પ્રકારનું આકર્ષણ રહે છે તેને નિયંત્રિત કરવાનો પ્રયત્ન અતિવ્યાપ્તિનો દોષ વહોરી લે છે. દરેક પ્રકારના આકર્ષણને કામવૃત્તિજન્ય ગણી લેવું એ ભૂલ છે. માતાને પુત્ર પ્રત્યે વિશેષ આકર્ષણ હોય છે, તેમજ માતાપ્રત્યે પુત્રને; ભાઇ બ્હેનના સંબંધમાં ખૂબ જ પ્રબળ આકર્ષણ રહે છે. પિતા પુત્રીમાં પણ તેવીજ જાતનું આકર્ષણ રહે છે. આ બધાં આકર્ષણો કાંઇ કામપ્રેરિત નથી. ડો. ફ્રાઉડ અને તેના જેવા બીજા માનસકોવિદો આકર્ષણ માત્રને કામજન્ય ગણે છે; પણ એ વસ્તુ–વિચારસરણી બીજા વિચારકો નથી સ્વીકારતા. સ્ત્રી અને પુરૂષ વચ્ચેના આકર્ષણના આપણે બે મુખ્ય વિભાગ પાડવા જોઇએ. એક કામવિકારજન્ય અને બીજું કામવિકાર રહિત. આમાં કામવિકારનું ક્ષેત્ર લગ્ન સંસ્થાએ મર્યાદિત કરી મુકયું છે. એક પુરૂષ એક સ્ત્રીને પરણે છે તેનો અર્થ એ છે કે પોતાનો કામવિકાર એ વિશેષ સ્ત્રી પુરતો જ તે મર્યાદિત કરે છે; તેમજ સ્ત્રી પોતાના પતિ પૂરતો જ મર્યાદિત કરે છે. મર્યાદિત કરે છે એમ કહેવા કરતાં તેમણે મર્યાદિત કરવો જોઇએ એવી સામાજીક, બંધારણની અને નીતિનિયમની અપેક્ષા છે એમ કહેવું જોઇએ. આવી રીતે એક સ્ત્રી અને એક પુરૂષ બંધાઇ ગયા પછી, તે પુરૂષની સામે સમાજની બીજી અસંખ્ય સ્ત્રીઓ હોય છે તેની પ્રત્યે તેણે કેવી જાતનો સંબંધ રાખવો? પરિણિત સ્ત્રીએ પોતાના પતિ સિવાય બાકીના જે અસંખ્ય પુરૂષો તેની સામે સમાજમાં આવે છે તેમની સાથે કેવો સંબંધ રાખવો? એ પ્રશ્ન મહત્વનો છે. આપણા દેશના રિવાજો પ્રમાણે કોઇ પણ સ્ત્રીએ પરપુરૂષ તરફ આંખ ખોલીને પણ નહિ જોવું જોઇએ. એ આદર્શ ઉચ્ચતમ ગણાયો છે. એજ વાત પુરૂષને માટે છે. રામાયણમાં લક્ષ્મણનું આદર્શ સંયમી જીવન બતાવવા માટે એક પ્રસંગ બતાવ્યો છે. સીતાનું હરણ થયા પછી, સીતાએ પોતાની ભાળ રાખવા ખાતર એકએક ઘરેણું નીચે ફેંકી દીધું. તે ઘરેણાં ભેગાં કરી વાનરો લઇ આવ્યા. ઘરેણાંની ઓળખાણ માટે બધાને પૂછયું, તેમાં લક્ષ્મણને પણ પુછયું. લક્ષ્મણ જવાબ દે છે કે:—

> नाहं जानामि केयूरे, नाहं जानामि कुंडले ।
> नूपुरे त्वाभिजानामि, नित्यं पादाभिवन्दनात् ॥

એટલે કે બંગડી કે કર્ણફુલ લક્ષ્મણ નહિ ઓળખી શકયો; પણ પગના ઝાંઝર તેણે ઓળખી કાઢયા; કારણ કે સીતાનું મુખ એણે કદિપણ જોયું ન હતું, કેવળ પાયવંદન પ્રસંગથી હંમેશાં તેના પગના ઝાંઝર તેને નજરે પડતા.

લક્ષ્મણની આ મનોદશાને એક વ્યકિતગત ખાસીયત તરીકે આપણે લેવી જોઇએ. લક્ષ્મણનું ચારિત્ર્ય અને સીતાનું પાવિત્ર્ય બન્નેનો વિચાર કરતાં, લક્ષ્મણે સીતાના મુખનું દર્શન કર્યું હોત, તો પણ વિકારની જાગૃતિ થાત એવો ડર રાખવાનું કારણ નથી. આપણા ઘરમાં વડિલ ભાઇની પત્ની પ્રત્યે માતૃત્વનો ભાવ રાખનાર ભાંડુઓ ડગલે અને પગલે જોવામાં આવે છે. આવા સામાન્ય ભાંડુઓ કરતાં પણ લક્ષ્મણની મનોવૃત્તિ વધારે કમજોર હતી, એમ માની શકાતું નથી. કવિઓનો સ્વભાવ જ દરેક વસ્તુને કાવ્યમય રીતે મૂકવાનો હોય છે. સંભવ એવો છે કે બંગડી અને કર્ણફુલ જેવી નાની ચીજો લક્ષ્મણના ખ્યાલમાં નહિ રહી હોય અને ઝાંઝર જેવી સ્થુલ વસ્તુ તેણે તરતજ. ઓળખી લીધી હોય આ પ્રસંગને કવિએ પોતાની કલ્પના શકિતથી લક્ષ્મણની સંયમની કલ્પના સાથે જોડી દીધો હોવો જોઇએ. એ ગમે તેમ હોય. સામાન્ય સમાજ માટે આ આદર્શ, એટલે કે પોતાની પત્નીથી બીજી સ્ત્રીના મુખનું દર્શન પણ ન કરવું એ આદર્શ ઇષ્ટ નથી. એ આદર્શ ખૂબ વખત સુધી ચાલ્યો છે અને તેમ છતાંય તેમાંથી સ્ત્રી પુરૂષ સંબંધનું આરોગ્ય સ્થપાયું નથી. જ્યાં ડગલે ને પગલે સ્ત્રી પુરૂષ એક બીજાના સંબંધમાં આવે છે, ત્યાં આંખે પાટા બાંધીને ચાલ્યા વગર એક બીજાના મુખદર્શનને ટાળી શકાય જ નહીં.

પરસ્ત્રીનું દર્શન વર્જ્ય ગણાવવામાં પરસ્ત્રીનું વિકારી દર્શન વર્જ્ય છે એમ ગણવાનું છે. એક ઘરની અંદર પતિપત્ની, ભાઇ, બ્હેન, ભાભી, માસી, મા, દાદીમા વગેરે રહે છે તેમાં પતિની પત્ની પ્રત્યે અને પત્નીની પતિ પ્રત્યે જે વિશિષ્ટ દૃષ્ટિ હોય છે, તે બીજા પ્રત્યે નથી હોતી. એટલા ખાતરજ "परस्त्री मात समान" નો આદર્શ તુલસીદાસજીએ મૂકયો છે. જે નિર્વિકાર વૃત્તિથી એકજ કુટુંબનાં સ્ત્રીપુરૂષો સામાન્ય રીતે સહવાસ અને સહકાર્ય સાધે છે, તે નિર્વિકાર વૃત્તિ સમાજના સ્ત્રી પુરૂષોમાં પ્રસ્થાપિત થવી જોઇએ.

કમનસીબની વાત એ છે કે આપણા સમાજમાં વ્યક્તિ-વિકાસની દૃષ્ટિએ જ વિચાર કરવાની ટેવ વધુ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો વિકાસ સાધવાનો પ્રયત્ન કરે અને તે માટેના ઉપાયો કરે છે. સામાન્ય જનસમૂહનો વિકાસ શામાં છે તેનો વિચાર ઓછો થાય છે. તેથી સાધકો, સાધુઓ; સિદ્ધો અને સમાજનો સામાન્ય વર્ગ એમાં મોટું અંતર પડી ગયું છે અને સમાજની નીતિની ઘડી બરાબર બેસી શકી નથી. આખા સમાજને માટે એવું વાતાવરણ પેદા કરવાની જરૂર છે કે એમાં સ્ત્રી અને પુરૂષ એક બીજાથી તદન નિર્ભય રહી શકે, એક બીજા સાથે હળી મળીને કામ કરી શકે અને બન્નેના સહકારથી જીવન વિકાસ સાધી શકે. આ નિર્ભય દશા નથી જૂની ઢબના નિયંત્રણથી આવવાની કે નથી પાશ્ચાત્ય દેશોમાં જે કેટલાક નિરંગલ વિચારપ્રવાહ ચાલે છે તેનું અવલંબન કરવાથી આવવાની. તે લાવવા માટે કોઇ મધ્યમ માર્ગ લેવો જોઇએ, જેમાં સંયમ હોય તે છતાં નિગ્રહ ન હોય; જેમાં સ્વાતંત્ર્ય હોય તે છતાં સ્વૈરાચાર ન હોય: જેમાં પરસ્પરાવલંબન હોય તે છતાં ગુલામી ન હોય; અને જેમાં સ્ત્રીપુરૂષ છૂટથી હળે ભળે છતાંય વિકારિતા ન હોય. એવો માર્ગ કયો હશે?

સ્ત્રીપુરૂષનો સંબંધ સામાન્યતઃ આરોગ્યમય થાય અને બન્ને એક બીજાથી નિર્ભય થઇને પરસ્પર સહકારથી જીવનની ફરજો અદા કરી શકે, એવી પરિસ્થિતિ શી રીતે પેદા થઇ શકે, એ પ્રશ્નનો વિચાર કરતાં આપણે એવા સંબંધ જે કુટુંબ સંસ્થામાં હોય છે તેના વિશિષ્ટ બંધારણ અને વાતાવરણ તરફ નજર કરવી જોઇએ. ભાઇ અને બ્હેન વચ્ચે કામ વિકાર જાગ્રત નથી થતો એમ ઘણે ભાગે બને છે. ઘણે ભાગે બને છે એમ કહેવાનું કારણ એ છે કે ભાઇ બ્હેન વચ્ચે પણ કામવિકારજન્ય અનુચિત સંબંધ બંધાયાનાં ઉદાહરણો વિકૃત મનોદશામાં મળી આવે છે. પણ એવાં ઉદાહરણોને અપવાદરૂપ ગણી સામાન્ય રીતે જે નિર્વિકાર પ્રેમ ભાઇ બ્હેન વચ્ચે દેખાઇ આવે છે, તેના મૂળમાં એવી કઇ પ્રેરક શક્તિ છે તે જોવું જોઇએ. આમાં કોઈ પ્રાકૃતિક શક્તિ કામ કરે છે એમ નથી જ. પશુઓમાં આપણે જોઇએ છીએ કે એક જ માનાં જણ્યાં પશુઓમાં પરસ્પર સંભોગની વૃત્તિ હોય છે. એટલે કે માણસોમાં એ વૃત્તિનો જે સંયમ છે તે પ્રકૃતિજન્ય નથી, પણ સામાજીક વાતાવરણને લીધે છે. જે સમાજમાં આવા સંબંધને રોકનાર સામાજીક વાતાવરણ નથી ત્યાં ભાઇ બ્હેન વચ્ચે પણ કામ સંબંધ સંભવે છે. ભાઇ બ્હેનની વચ્ચેના લગ્નનો રિવાજ પ્રાચીન જમાનામાં કોઇ કોઇ દેશમાં હતો. આજે પણ મહારાષ્ટ્રમાં મામાની છોકરી સાથે પરણવાનો આગ્રહ વિશિષ્ટ કોમોમાં દેખાય છે. મુસલમાન સમાજમાં પિત્રાઇ ભાઇ બ્હેન એક બીજા સાથે પરણી શકે છે. આ ઉદાહરણો બતાવે છે કે ભાઇ બ્હેન વચ્ચેનું સંયમનું વાતાવરણ પ્રકૃતિજન્ય નથી, પણ સંસ્કારજન્ય છે. આજ કારણસર શ્રી મનુએ **मात्रा स्वस्रा दुहित्रा वा, न विविक्तासनो भवेत् ॥** એટલે કે મા, બ્હેન, કે દીકરીની સાથે પણ પુરૂષે એકાંતમાં ન રહેવું એવો નિર્બંધ મૂકયો છે.

એટલે આમ સાબીત થાય છે કે વિશિષ્ટ વાતાવરણ પેદા કરી શકાય અને વિશિષ્ટ સંસ્કાર દૃઢ થાય તો સ્ત્રી અને પુરૂષ વચ્ચે ભાઇબ્હેનનો પવિત્ર સબંધ દૃઢ થઇ શકે. માનેલાં ભાઇબ્હેનો સાચા ભાઈ બ્હેન જેટલા જ પ્રેમના સંબંધથી રહે છે એવું આપણે જોઇએ છીએ. આ સંબંધ જે આજે વિશિષ્ટ વ્યક્તિઓમાં દેખાય છે, તેને જ સાર્વત્રિક કરવો એ કાર્ય સમાજે કરવાનું છે. જે કારણને લીધે આવા સંબંધો કુટુંબમાં દેખાય છે, તે જ કારણનો આલંબ લેવામાં આવે તો તે સર્વત્ર દેખાય, એમાં શંકાને સ્થાન નહી હોવું જોઇએ.

ભાઈ અને બ્હેન નાનપણથી જ સાથે ઉછરેલાં હોય છે. બન્ને ખુબ છૂટથી એક બીજાને સ્પર્શ કરે છે, રમે છે, કુદે છે. પણ આ બધું કરવાની સાથે જ કુટુંબ અને આસપાસનું વાતાવરણ એવું રહે છે કે ભાઇ બ્હેનના [illegible]ત્ર સંબંધ સિવાય બીજી કલ્પના પણ તેમના હૃદયમાં નથી આવી શકતી. નાનપણથી જ આવા સંસ્કાર દૃઢ થવાથી મોટી ઉમરે પણ નિર્વિકાર પ્રેમ ટકી રહે છે અને સમાજમાં [illegible]નો પ્રેમ આદર્શ પ્રેમ ગણાય છે. સામાજીક સબંધમાં પણ [illegible]ાત્રને બ્હેનના સંબોધનથી અને પુરૂષ માત્રને ભાઇના સંબોધનથી બોલાવવાનો રિવાજ આપણા ગુજરાતી સમાજમાં અને [illegible] છે, તેનો હેતુ પણ એજ છે.

જે સંસ્કાર સગાં ભા[illegible] [illegible]ના વાતાવરણમાં હોય છે, તે સંસ્કાર જ્યાં જ્યાં [illegible] ત્યાં સ્ત્રી પુરૂષના સંબંધનું પવિત્ર્ય બરાબર જળ[illegible] આપણે જોઇએ છીએ. એવા આશ્રમો આજે મો[illegible] છે કે જ[illegible] કશો પણ લોહીનો સંબંધ ન હોવા છતાં, સ્ત્રી પુરૂષના સંબંધમાં વિકૃતિ નહિ આવે, એવું વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન દેખાય છે. ગાંધીજીએ એક જ શાળામાં ભણતા વિદ્યાર્થી–વિદ્યાર્થિની કે એકજ સંસ્થામાં કામ કરતા શિક્ષક–શિક્ષિકાઓમાં વિવાહ ન સંભવે, એવું વાતાવરણ અમુક વર્ગમાં તો પેદા કર્યું જ છે. આવી જગાઓએ આપણે ધારીએ તેવું સંયમિત વાતાવરણ ઘણે ભાગે આપણને દેખાય છે.

આપણી જ્ઞાતિસંસ્થાઓમાં ગમે તે દોષો હોય, તો પણ રોટી–બેટી–વ્યવહારના નિયંત્રણને લીધે સંયમનું વાતાવરણ જાળવવામાં ખુબ મદદ થઇ છે. જુના જમાનામાં બ્રાહ્મણપુત્ર ભાગ્યે જ કોઇ વણિકની કન્યા સાથે પરણવાનો વિચાર કરી શકે એવી સ્થિતિ હતી. બ્રાહ્મણ કુટુંબની કન્યાઓ પૂરતી જ મર્યાદિત રહેતી. પણ આ પ્રથાની અસ્વાભાવિક સખ્તાઇને લીધેજ તે આજે ખૂબજ ઢીલી થઇ છે અને આજે સમાજમાં આંતરજાતીય વિવાહ વધુ પ્રમાણમાં થાય છે. ગાંધીજી જેવા આંતરજાતીય વિવાહની હિમાયત કરે છે, એટલુંજ નહી પણ એકજ પેટા જાતીની અંદર વિવાહ ન કરવો એવો એમનો આગ્રહ છે. આ રીતે વિવાહનું ક્ષેત્ર વિશાલ થવાથી અનુરૂપ વરકન્યાના જોડાણની સરળતા થઇ છે, એમાં શંકા નથી. પણ તેની સાથે સાથેજ લગ્નની દૃષ્ટિએ દરેક સુરૂપ કન્યા કે યુવક તરફ જોવાની વૃત્તિ પણ વધતી જતી જણાય છે.

સ્ત્રીપુરૂષ સંબંધનું વૈયકિતક સ્વરૂપ તેના સામાજીક સ્વરૂપ સાથે એવી રીતે સંકળાયેલું છે કે તે બન્નેને એક બીજાથી જુદા પાડવા અશકય છે. એટલે જ વૈયકિતક વિચાર કરતાં સામાજીક પ્રશ્નો પણ વિચારવા પડે છે અને સામાજીક પ્રશ્નોનો વિચાર કરતાં વૈયકિતક પ્રશ્નોનો વિચાર કરવો પડે છે. ઘણી વખત સામાજીક બંધનો સાથે વ્યકિતહિતનો વિરોધ પેદા થાય છે, ત્યારે વ્યકિત બંડનો વાવટો ઉઠાવે છે અને સમાજ તે બંડને દાબી દે છે. આ વસ્તુ આપણા સમાજમાં હમણાં ડગલે ને પગલે દેખા દે છે. આને જ આપણે શરૂઆતમાં મંથનના નામથી ઓળખાવ્યું છે. આ મંથનનો વિચાર કરતાં અનેક પ્રશ્નો ઉભા થાય છે. તેમાંનો એક મહત્વનો પ્રશ્ન સહશિક્ષણનો છે. એક વિચારની પ્રણાલિકા માને છે કે સહશિક્ષણ સ્ત્રીપુરૂષ સંબંધનું પાવિત્ર્ય પ્રસ્થાપિત કરવા માટે અપરિહાર્ય છે જ્યારે બીજી વિચારની પ્રણાલિકા માને છે કે સહશિક્ષણ મહાભયંકર વસ્તુ છે. તેને લીધે સમાજની નીતિ બગડી જવાની છે. આ બન્નેમાંથી કઇ વિચાર શ્રેણી ગ્રાહ્ય છે એનો વિચાર આપણે હવે પછી કરવાનો છે.

**ગોપાળરાવ કુલકર્ણી.**

# કેટલાક સમાચાર અને નોંધ

### શ્રી મોતીચંદભાઇને અભિનન્દન

આપણા શહેર મ્યુનીસિપાલીટી સમસ્ત હિંદમાં પહેલા નંબરની ગણાતી સં[illegible] છે. તેનો કરોડો રૂપીઆનો નમુનેદાર વહીવટ કરવા મા[illegible] તેની ખુબ ખ્યાતિ છે. વાર્ષિક લગભગ ચાર કરોડનો વહીવટ [illegible] કમિટી સંભાળે છે. પ્રજાને સુખ સગવડતા સા[illegible] [illegible]તારા પ્રમાણમાં મળે તે જોવાનું અને આવક ખરચને [illegible]લ બનાવવાનું મુખ્ય કામ સ્ટેન્ડીંગ કમીટીએ કરવાનું [illegible] છે. તેથી તેના પ્રમુખ તરીકે કોઇ વહેવારૂ અને વેપા[illegible] [illegible]ને ચુંટવા માટે મ્યુનીસિપાલીટીના [illegible] રાખવાની હોય છે. આ વખતે [illegible] [illegible]રધરલાલ કાપડીઆની સર્વાનુમતે સ્ટેન્ડી[illegible] [illegible] [illegible]ન તરીકે ચુંટણી કરવામાં આવી છે. તેઓશ્રીએ છેલ્લાં [illegible] વર્ષથી સ્ટેન્ડીંગ કમીટી આગળ આવતા દરેક પ્રશ્નનો ચીવટપૂર્વક અભ્યાસ કરી સારો અનુભવ મેળવ્યો છે અને તેમની સાથે કામ કરનારા સભ્યોમાં તેમના જ્ઞાન અને અનુભવની સારી છાપ પડી છે. તેઓશ્રીની ચુંટણી તેમણે મેળવેલ અનુભવ અને જ્ઞાનને આભારી છે. જૈનસમાજના એક



શ્રી મોતીચંદ કાપડીઆ

અદના સેવાભાવી સેવકને જ્યારે આવું ઉંચું માન મળે ત્યારે જૈન સમાજને ઘણો આનંદ થાય એ સ્વભાવિક છે. આજથી દશ વર્ષ પહેલાં ૧૯૩૨-૩૩ ના વર્ષમાં આ માન આપણી સમાજના કચ્છી ભાઇઓમાં ખુબ પ્રિય થયેલા અને અન્ય કોમો સાથે ખુબ લાગવગ ધરાવતા ડો. પુનશી હીરજી મૈશરીને મળેલું હતું. તે પછી લાંબા ગાળે આ માન આપણી સમાજના એક બીજા સેવકને મળે છે. તેમને મળેલું આ માન જૈન સમાજને ગૌરવ સમાન છે. જૈન સમાજમાં ગણ્યા ગાંઠ્યા રાષ્ટ્ર અને સમાજ સેવકો છે કે જેના હૃદયમાં દેશ અને સમાજનું દર્દ હમેશાં જોડાયેલું હોય. એવા સેવકોમાંના શ્રીયુત મોતીચંદભાઈ એક છે. તેમણે તેમના સોલીસીટર તરીકેના જંજાળ ભરેલા વ્યવસાયમાંથી ઘણો વખત કાઢીને રાષ્ટ્ર અને સમાજની સેવા કરી છે. સને ૧૯૩૦-૩૧ ની યાદગાર રાષ્ટ્રીય લડત વખતે એ વર્ષની જેલ જાત્રા પણ કરી છે. તેઓ કોન્ગ્રેસના વફાદાર સેવક છે. છેલ્લાં છેલ્લાં તેઓશ્રી કોરપોરેશનમાં કોન્ગ્રેસ પક્ષના નેતા પણ હતા. આ રીતે દેશની સેવા કરવામાં તેમણે પોતાથી બનતો ફાળો આપ્યો છે. આ ઉપરાંત જૈન ધર્મના તેઓ પ્રખર અભ્યાસી છે. તેઓએ જૈન ધર્મને લગતાં ઘણાં પુસ્તકો લખ્યાં છે અને એ પુસ્તકો જૈન સમાજમાં ખુબ આદર પામ્યા છે. ઘણા વર્ષ પહેલાં તેઓશ્રીએ લખેલાં 'અધ્યાત્મ કલ્પદ્રુમે' સમાજમાં જૈન ધર્મના અભ્યાસી તરીકે તેમને સારી પ્રખ્યાતિ અપાવી છે. ઉપરાંત શ્રી જૈન ધર્મ પ્રકાશમાં 'મૌક્તિક' ની સંજ્ઞા નીચે તેઓ હમેશાં કાંઇને કાંઇ લખે છે, જે લેખો ઘણાને પ્રિય થઇ પડે છે. આ ઉપરાંત સૌથી વધુ અને વર્ષો સુધી યાદ રહી જાય એવી સેવા તેમણે શ્રી મહાવીર જૈન વિદ્યાલય સ્થાપવા તેમજ વિકસાવવામાં આપી છે. ચૌદ પંદર વિદ્યાર્થીથી શરૂઆત કરાયેલું એ વિદ્યાલય આજે સવાસો વિદ્યાર્થીઓને ઊચ્ચ શિક્ષણ આપી રહ્યું છે. તેની સ્થાપનાથી આજ પર્યન્ત તેના મંત્રીપદ ઉપર ચાલુ રહી જે અતિશય શ્રમ તેમણે ઉઠાવેલો છે તેને માટે તો જૈન સમાજ તેમનો હમેશાં રૂણી રહેવાનો જ. આવા એક રાષ્ટ્ર અને સમાજ-સેવકને આવું ઉત્તમ સ્થાન પ્રાપ્ત થવા બદલ મુંબઇ જૈન યુવક સંઘના તેમને અભિનન્દન છે અને તેઓ આથી પણ વધુ માન મેળવવા ભાગ્યશાળી બને અને એ રીતે તેમના હાથે રાષ્ટ્ર અને સમાજના અનેક હિતવર્ધક કાર્યો થાય એવી સંઘની તેમને શુભેચ્છા છે.

**મણિલાલ મોકમચંદ શાહ**

### શ્રી. ગગનવિહારી લ. મહેતાને અભિનંદન

ફીડરેશન ઓફ ઇન્ડીયન ચેંબર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના આ વર્ષના પ્રમુખ તરીકે શ્રી. ગગનવિહારી લલ્લુભાઇ મહેતા ચુંટાયા છે તે માટે તેમને સમસ્ત ગુજરાતી જનતાના અનેક ધન્યવાદ ઘટે છે. શ્રી. ગગનભાઇ સીંધીયા સ્ટીમ નેવીગેશનની કલકત્તા શાખાના મેનેજર છે; કલકત્તાની ઇંડીયન ચેંબર ઓફ કોમર્સના પ્રમુખ છે. વ્યાપાર ઉદ્યોગ અને રાજકારણના તેઓ એક નિષ્ણાત અભ્યાસી છે. આ વર્ષે ઉપર જણાવેલ ફીડરેશનના પ્રમુખ થતાં તેમની જવાબદારી ખુબ વધી છે. કારણકે વિગ્રહની જવાળાઓ દેશ ઉપર પ્રસરી રહી છે. તેને લીધે દેશના વ્યાપાર ઉદ્યોગો ભારે જોખમાઇ રહ્યા છે અને ધીખતી ધરાના સિદ્ધાન્તનો અમલ આખા દેશના ભાવીને રુંગળાવી રહ્યો છે આવા સયોગોમાં પ્રજાહિતને સ્પષ્ટપણે અને નિડરપણે સરકાર સમક્ષ રજુ કરતા રહેવાની જવાબદારી ફીડરેશનના પ્રમુખના શિરે રહે છે. આજ સુધીમાં અનેક પ્રવૃતિઓએ શ્રી. ગગનભાઇની જીવનકારકીર્દીને ઉત્તરોતર ઉજ્જવળ બનાવી છે. જેમ વ્યાપાર ઉદ્યોગ તેમજ સાહિત્યના ક્ષેત્રમાં પણ તેમણે કટાક્ષ લેખો તેમજ મર્મપૂર્ણ વિવેચનો વડે વિશિષ્ટ પ્રતિષ્ટા મેળવી છે. આવીજ રીતે તેમની આ નવી ઉપાધિ તેમને વિશેષ યશ અને નામના આપે અને હિંદી પ્રજા તેમને દેશના વ્યાપાર ઉદ્યોગના સાચા સલાહકારક અને અનન્ય સેવક તરીકે પીછાણતી થાય એમ આપણે ઇચ્છીએ!

### શ્રી યુસફ મહેરઅલીને અભિનંદન

શ્રી યુસફ મહેરઅલી મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના મેયર તરીકે ચુંટાયા તે બનાવ દેશની યુવક જનતાને આનંદ, અભિમાન અને ગૌરવ આપનારો છે. આજસુધી ચુંટાયલા મેયરોમાં શ્રી મહેરઅલી ઉમ્મરે સૌથી નાના નથી, કારણકે શ્રી વિજય મરચંટે હમણા જણાવ્યું તેમ સદ્‌ગત વીઠ્ઠલદાસ ઠાકરશી ૩૪ વર્ષની ઉમ્મરે મેયર તરીકે ચુંટાયા હતા, જ્યારે શ્રી મહેરઅલીની ઉમ્મર ૩૬ વર્ષની છે. એમ છતાં પણ એક મહાસભાવાદી મુસલમાન અને તે પણ કટ્ટર સમાજવાદી યુવાન આવા મહત્વના સ્થાન ઉપર ચુંટાય અને તે પણ આટલી નાની ઉમ્મરે અને પૈસો કે બીજી લાગવગના કશાપણ અવલંબન સિવાય, માત્ર આજ સુધીના નિડર, પ્રમાણીક, અને આત્મ સમર્પણથી ભરેલા જાહેર જીવનનીજ ભલામણ ઉપર. આ રીતે શ્રી મહેરઅલીનું આવા

(અનુસંધાન પૃષ્ટ ૨૩૧ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

એપ્રીલ ૧૫ ૧૯૪૨


## નવરચના

**न देवा यष्टिमादाय, रक्षन्ति पशुपालवत् ।**
**यं तु रक्षितुं इच्छन्ति, बुध्ध्या संयोजयन्ति तम् ॥**

જ્યારે ભગવાન કોઈની રક્ષા કરવા ચાહે છે ત્યારે પશુપાલની માફક હાથમાં લાકડી લઈને તેની પાછળ ભમ્યા કરતા નથી; પરન્તુ તેને દરેક વખતે અણીના અવસરે ઉપયોગી થાય એવી સદ્‌બુદ્ધિથી યુક્ત કરે છે.

અને જ્યારે ભગવાન કોઈનો નાશ કરવા ચાહે છે ત્યારે પણ પોતાના હાથે તેને બરબાદ કરતા નથી, પરન્તુ તેને આપેલી સદ્‌બુદ્ધિ છીનવી લે છે. પછી પૂછવું જ શું? આદમી એવો કદાગ્રહી અને બેવકૂફ બની જાય છે કે પોતાના હાથે જ પોતાનો સર્વનાશ કરી બેસે છે. તેથી તો પુરાણી કહેવત ચાલી આવી છે કે 'પહેલાં બુદ્ધિ ગુમ થઇ જાય છે, પછી પુંજી.'

જ્યારે બે પક્ષ લડે છે ત્યારે પ્રત્યેક પક્ષ માને છે કે વિપક્ષીની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે, તેના ચારિત્ર્યનું દીવાળું નીકળ્યું છે, અને એને બધું ઉંધું જ સુઝે છે. આજ અંગ્રેજ અને જર્મન, જાપાનીઝ અને અમેરિકન એક બીજા વિષે આવું જ વિચારી રહ્યા છે. આ બાજુ ભગવાન કહે છે કે 'બુરાઇનો નાશ કરવા માટે હું હંમેશા ભલાનો જ ઉપયોગ કરૂં છું એમ જ માત્ર નથી. મારી પાસે 'સુન્દ-ઉપસુન્દ ન્યાય' પણ છે.' (સુન્દ અને ઉપસુન્દ પુરાણમાં એક બીજાથી ચડે એવા રાક્ષસ હતા. બન્નેએ અંદર અંદર લડીને એકબીજાને મારી નાખ્યા અને તે રીતે દુનિયાને ભયમુક્ત કરી. શસ્ત્ર-યુધ્ધનો આવો જ મામલો માલુમ પડે છે. લડવાવાળા બન્ને પક્ષ કહે છે કે અમે આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરીને વિજયના જોરથી નવી વિશ્વરચના કરવાના છીએ. ભગવાન હસીને કહે છે કે 'આજ સુધી કદિ પણ યુદ્ધદ્વારા નવી વિશ્વરચના થઇ નથી. વિશ્વરચના તો મારૂં કામ છે. હું મારા ભકતોદ્વારા એ કરાવું છું. પરાયા માણસોથી નહિ. પરાયા માણસો મારફત તો વુળકચરો સાફ કરાવવાનું જ હોય છે. જે મારૂં હૃદય સમજી શકે છે તે મારી નવી વિશ્વરચનામાં મદદગાર થઈ શકે છે.'

ભગવાન જ્યારે બચાવવા ચાહે છે ત્યારે બુદ્ધિયોગનું પ્રદાન કરે છે. આ જેવી અનુભવની વાત છે તેવી જ બીજી એક વાત છે જે આપણે ભૂલવી ન જોઇએ.

ભગવાન જ્યારે નવરચના કરવા ચાહે છે ત્યારે શાન્તિ અને સલામતીના દિવસો ખતમ કરી નાંખે છે. શાન્તિ અને સુરક્ષિતતા મામુલી વિકાસ માટે ઇષ્ટ છે. પરન્તુ જ્યારે યુગાન્તર કરવાનો હોય છે, જ્યારે નવનિર્માણ અભીષ્ટ હોય છે, ત્યારે પુરાણી સમગ્ર વ્યવસ્થા ઉપર કાતર મૂકવાની હોય છે, જ્યારે એવો દિવસ આવે છે કે કાલે શું થશે એનો કશો પત્તો જ ન હોય, પામર મનુષ્ય જે કાંઇ યોજનાઓ કરે તે પણ જોત જોતામાં ભાંગીને ભુક્કો થઇ જતી હોય, જાન અને માલ, પરંપરા અને અધિકાર બધું જ જોખમમાં આવી પડયું હોય, ત્યારે બુદ્ધિ તેજ બની જાય છે અને ક્ષુદ્ર વસ્તુ ક્ષુદ્ર ભાસવા માંડે છે; જીવનનું મહત્વનું તત્ત્વ જે હંમેશ દબાયલું અને ઢંકાયલું હોય છે, તે સર્વ સ્પષ્ટ અને પ્રગટ થાય છે અને હૃદય હૃદયમાં આત્મા જાગ્રત થઇ બેસે છે.

આ કારણથી આપણે તો ભગવાન [illegible] કૃપા જ સમજવી જોઇએ કે આપણા માટે હવે અનિશ્ચતતાનો દિવસ આવી પહોંચ્યો છે. હવે આપણને [illegible] પાલવે તેમ નથી. હવે તો આપણે દરેક બાબત[illegible] વિચાર કરવો પડશે. દરેક ચીજનું જીવનમૂલ્ય કેટલું છે [illegible]બર જોવું પડશે. હવે આપણી સર્વ શકિતઓ જાગૃત [illegible]શે. હવે તો સાચું છે તે જ સાચું દેખાશે. જે [illegible] માલુમ પડી જશે. સદીઓની રાખ આપણા ઉપ[illegible]વાને આજે એવી આંધી ચલાવી છે કે બધી રાખ [illegible] અને અગ્નિ પ્રદિપ્ત થવાનો જ છે.

જ્યારે પણ ભગવાન કોઇનો ઉદ્ધાર કર[illegible] ચાહે છે ત્યારે તેની મામુલી વસ્તુઓ તેની પાસેથી છીનવી લે છે. તેને એટલો બધો નિરાધાર કરી નાંખે છે કે પછી તો માત્ર હૃદયસ્થ ભગવાનના આધાર પર જ તે જીવવાનું શિખી જાય છે. ભગવાને એવો દિવસ આપણા ભાગ્યમાં લખ્યો છે એ ખરેખર તેમની અપાર કૃપા છે.

'સર્વોદય'માંથી સાભાર ઉધ્ધૃત **કાકા કાલેલકર**

## નિર્ભયતાની ઉપાસના

હિંમત, નિર્ભયતા આદિ મહાન ગુણોની શિક્ષા મળવી જોઇએ અને આપણે તેની કસોટીમાંથી પાર ઉતરવું જોઇએ. ડરપોકપણું તો અનીતિ જ માનવી જોઇએ. કોઇ મારી ઉપર એવો ભયંકર આક્ષેપ કરે કે તું વ્યભિચારી છે અને જો હું વ્યભિચારી ન હોઉં તો મારે સમજવું જોઇએ કે એવો આરોપ મુકનારની ભૂલ કે ગેરસમજુતી છે; પણ જો હું હોઉં તો મારે શરમાવું જોઇએ. કોઇ મારી ઉપર ડરવાનો આરોપ કરે તો મારી ઉપર કોઇએ અનીતિનો આરોપ કર્યો હોય એવો મને ગુસ્સો આવવો જોઇએ. પણ જો હું ડરપોક હોઉં તો મારે શરમાવું જોઇએ. અહિંસક નિર્ભયતાનું શિક્ષણ આપી શકાય છે. આની અનેક રીતો છે. રાત્રે બત્તી વિના બહાર જવાનો ડર લાગે છે. એકલા જંગલમાં જવાનો ડર લાગે છે. હું તેમને કહું કે અભ્યાસ કરો, ટેવ પાડો. જોઇએ તો શું થાય છે તે? સાપ-વીંછી કરડી જશે? શું એમને કરડવા સિવાય બીજો કોઇ ધંધો જ નથી? સાપ નકામો નથી કરડતો. જે ચીજનો ડર લાગતો હોય તેનો અભ્યાસ કરવો જોઇએ. અહિંઆ કેટલાક લોક 'ફાંસીઘાટ' જતાં ડરે છે. આ એક પ્રકારની કાયરતા છે. એમણે વિચારવું જોઇએ કે એમાં ડર છે કયાં? જે સ્મશાનથી ડરે છે તેણે એક રાત સ્મશાનમાં જઇને સુવું જોઇએ. જો ભૂતનો ડર લાગતો હોય તો ત્યાં જઇને જોવું જોઇએ કે ભૂત કયાં છે? તેને માલુમ પડશે કે ભૂત છે જ નહિ. જો ત્યાં ભૂત જોવામાં આવે તો તેની સાથે વાત કરવી જોઇએ કે 'જેણે મને પેદા કર્યો છે તેણે જ તને પેદા કર્યો છે. તું તો મારો ભાઇ છે.' એમ કહેતાં વેંત જ ભૂત અલોપ થઇ જશે. તેનો ડર પણ નીકળી જશે. ડર ભયાનક દોષ છે. જ્યાં સુધી ડર છે ત્યાં સુધી કોઇ પણ નૈતિક સદ્‌ગુણનો વિકાસ થઈ શકતો નથી.

**વિનોબા**

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ટ ૨૨૯ થી ચાલુ)

સ્થાને પહોંચવું ખરેખર સૌ કોઇનું ખાસ ધ્યા[illegible] ખેંચે એવી વિશિષ્ટતા ધરાવે [illegible] શ્રી મહેરઅલી એટલે ચંચલતા, તરલતા, રૂડી દેશદાઝ [illegible] ાચી કાર્યનિષ્ટા. તેઓ યુવક જનતાના માનીતા મિત્ર, અને [illegible]જના રાષ્ટ્રનેતાઓના સન્માનપાત્ર સાથી છે. તેમની કાર્યવાહી અ[illegible]સુધીના અનેક મેયરોની ઉજ્જવલ પરંપરાને કોઇ નવો જ ર[illegible] [illegible]ઇ નવું જ ગૌરવ આપે એમ આપણે આશા રાખી[illegible]

### સ્વર્ગવાસી મુનિશ્રી [illegible]ાવિજયજી

જૈન શ્વે. મૂ. [illegible] [illegible] મંગળવિજયજી સ્વર્ગવાસી શ્રી વિજયધ[illegible] [illegible] વાડા સમય પહેલાં થયેલા તેમના [illegible] [illegible]જન'માં નીચે મુજબ નોંધ કરવ[illegible]

"મુનિશ્રી [illegible]ગવિજયના અવસાનથી સમસ્ત જૈન સમાજને દુઃખ થયાવિના રહેજ નહિ. તેમણે 'સરાક' જાતિની સેવામાં પોતાની સર્વ શક્તિઓ જોડી દીધી હતી તે કદિ ભુલી શકાય તેમ નથી. બિહાર, છોટા નાગપુર વિગેરે પ્રાન્તોમાં 'સરાક' જાતિના લોકો સારી સંખ્યામાં રહે છે. આ લોકો એક વખત જૈનધર્માવલંબી હતા, પરન્તુ જૈનોની ઉપેક્ષાને લીધે તેમનો સંપર્ક જૈન સમાજ સાથે રહ્યો નહિ અને ગરીબાને લીધે તે લોકોનો ખૂબ હ્રાસ થતો ગયો. છેલ્લાં આઠ દશ વર્ષથી કલકત્તાની શ્રી જૈન ધર્મ પ્રચારક સભા તે લોકોમાં ધર્મ અને વિદ્યાનો પ્રચાર કરવાનું પ્રશંસનીય કાર્ય કરી રહી છે અને એ પ્રવૃત્તિનું સર્વ શ્રેય શ્રી. મંગળવિજયજીને જાય છે કે જેમની પ્રેરણા અને સક્રિય સેવાના બળ ઉપર જ સભાનું કાર્ય આજ સુધી ચાલી રહ્યું છે. જે સાધુઓ મોટા મોટા શહેરોમાં રહેતા પોતાના જૈની શ્રાવકોને વ્યાખ્યાન દેવાની પરિપાટી ચલાવી રહ્યા છે તેમના માટે સ્વ. મંગળવિજયજીનું ઉદાહરણ સદૈવ સ્મરણીય રહેવાનું. આવી રીતે સેવાની મૌન તપસ્યા કરવાવાળા કર્મવીર સાધુ જ જૈન સમાજની અને દુનિયાની પણ કાંઇ સેવા કરી શકે. ધર્મ-પરિવર્તનનો ઉદ્દેશ બાજુએ રાખીને અંગ્રેજ મીશનરીઓના સેવાકાર્યને અને એમના જેવી સેવાવૃત્તિને અપનાવે તો આપણા સાધુઓ ભારે કાર્ય કરી શકે. શું સ્વ. મંગળવિજયની સદ્‌પ્રેરણાથી અન્ય સાધુઓના હૃદયમાં પણ સેવાની ભાવના જાગૃત થશે ખરી? શું મંગળવિજયજીએ અધુરા મુકેલા કાર્યને પુરૂં કરવા માટે અન્ય કોઇ સાધુ ઉદ્યુક્ત થશે ખરા? અમે સ્વ. મુનિ મહારાજ પ્રત્યે અમારી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ."

આવા પવિત્ર સેવાપરાયણ મુનિવરને આપણાં પણ અન્તઃકરણનાં વન્દન હો!

### સ્વ. સાહિત્યકાર અંબાલાલ જાની

કેટલાકની જીવનજ્યોત ઝળહળતી અને અનેક પ્રદેશો ઉપર પોતાનો પ્રકાશપુંજ પાથરતી વિલય પામે છે તો કોઇનું જીવન એક સરખું મંદ મંદ તેજની તરતી દીવી જેવું હોય છે. નથી એ જીવનમાં હોતો કોઇ ઉલ્કાપાત કે ઇતિહાસમાં નોંધાઇ જાય એવા બનાવોની ઘટના. એમ છતાં પણ એકધારૂં, વ્યવસ્થિત, વિશદ અને કોઇપણ વિશિષ્ટ પ્રવૃત્તિને પરાયણ એવું તેમનું જીવન હોય છે. આ પ્રતિના એક સાહિત્યઉપાસક શ્રી. અંબાલાલ બુલાખીદાસ જાની થોડા દિવસ પહેલાં સદ્‌ગત થયા. સ્વ. અંબાલાલભાઇ એટલે 'ગત પેઢીના પાયા પુરનારાઓ પૈકીના એક પત્રકાર અને સાહિત્યકાર'. કેટલાંક વર્ષો સુધી 'ગુજરાતી' પત્રની સાહિત્ય બાજુ તેમણે સંભાળી અને શોભાવી. ત્યારબાદ મુંબઇની ફાર્બસ સભાનું સુકાન તેમણે હાથમાં લીધું અને તેને જીવતી સંસ્થા બનાવી આપી. 'ફુલછાબ'ના તંત્રી જણાવે છે તેમ 'ઉદાર અને પ્રેમાળ, પ્રપંચ અને ખુશામતથી વેગળા અને પોતાના વિદ્યાપ્રેમ વડે પત્રકાર-જીવનની ગરીબીને ગૌરવવંતી કરનારા શ્રી. અંબાલાલભાઇ ગુજરાતને લાંબો સમય સાંભરશે.'

### સમન્વયમૂર્તિ સ્વ. આનંદશંકરભાઇ

ઉપર આપણે એક નાની સરખી સાહિત્યદીપિકાના અવસાનની નોંધ લીધી તેની પાછળ પુરૂં પખવાડીયું પણ નહોતું થયું એવામાં ગુજરાતના એક મહાન જ્યોતિર્ધર શ્રી. આનંદશંકર બાપુભાઇ ધ્રુવનો અસ્ત થયો અને કંઇ કાળ સુધી ન પુરાય એવી અસાધારણ ખોટે વિદ્યાદરિદ્ર ગુજરાતને વધારે દરિદ્ર બનાવ્યું. શ્રી આનંદશંકરભાઇના સંસ્કારપ્રચુર વ્યક્તિત્વમાં એટલા બધા રંગો ભરેલા છે કે તેની ટુંકાણમાં પુરી નોંધ લેવી શકય જ નથી. તેમના જીવનના મુખ્ય ત્રણ વિભાગ પાડી શકાય. તેમણે ગુજરાત કોલેજના અધ્યાપક તરીકે કેટલાંક વર્ષો ગાળ્યાં. ૧૯૨૦ માં તેઓ બનારસ હિંદુ યુનીવર્સીટીમાં મહામહોપાધ્યાય તરીકે જોડાયા. ૧૯૩૩ માં ત્યાંથી નિવૃત્ત થઇને તેઓ પાછા ગુજરાતમાં આવ્યા અને જીવનનો અવશેષ કાળ તેમણે ગુજરાતની સેવામાં પુરો કર્યો. ગુજરાત કોલેજના અધ્યાપક તરીકે તેઓ વિદ્યાર્થીઓના ભારે પ્રીતિપાત્ર બનેલા. તેમની નીચે ભણવું એ સૌ કોઇને મન જીવનનો મોટો લ્હાવો હતો. તેમનામાં બુદ્ધિની ઉત્કૃષ્ટતા હતી અને હૃદયની વિશાળતા હતી. તેમની વાણી નિર્મળ હતી, વેધક હતી અને એમ છતાં વત્સલતાથી ભરેલી હતી. બનારસ યુનીવર્સીટીનો તેર વર્ષ સુધી કુશળતાપૂર્વક વહીવટ સંભાળીને ગુજરાત બહારની દુનિયામાં એક વ્યવહારદક્ષ પુરૂષ તરીકે તેમણે ભારે નામના પ્રાપ્ત કરી હતી. યુનીવર્સીટીમાં રહ્યા રહ્યા તેમને ગુજરાત પાછા આવવાની સતત ઝંખના રહ્યા કરતી હતી. અને આખરે એ યુનીવર્સીટીની ધુરા તેમણે છોડી પણ એજ કારણે અને તે પણ માલવીજીની ઇચ્છા વિરૂદ્ધ થઇને અને આગ્રહની સામે થઇને. ગુજરાતમાં તેઓ પાછા આવ્યા ૧૯૩૩-૩૪માં. તેમનું મોટું સ્વપ્ન હતું ગુજરાત યુનીવર્સીટી ઉભી કરવાનું. ગુજરાતની સંસ્કૃતિના પ્રતીકસમી ગુજરાત યુનીવર્સીટી કયારે ઉભી થાય એ એમના અન્ત સમય સુધીની એષણા હતી. એ સ્વપ્ન ફળીભૂત થતું તેઓ કમનસીબે જોઇ ન શકયા, પણ અમદાવાદમાં તેમના પુનરાગમન બાદ આજસુધીમાં જે અનેક કોલેજો અને શિક્ષણ પ્રવૃત્તિઓ ઉભી થઇ છે તે ઉભી કરવામાં તેમનો સંગીન ફાળો નોંધાયલો છે.

તેમનું જ્ઞાન અનેકદેશીય અને તલસ્પર્શી હતું. સંસ્કૃત તો મૂળથી તેમનો પ્રિય વિષય; અંગ્રેજી પણ તેઓ કોલેજમાં શિખવતા. તત્વજ્ઞાન-પૌર્વાત્ય તેમજ પાશ્ચાત્ય-તેમનો ખાસ વિષય હતો. ભિન્ન ભિન્ન લલિતકળાઓ ઉપર પણ તેમને ભારે પક્ષપાત હતો. તેમનું વાણીકૌશલ્ય અપ્રતિમ હતું. તેઓ ગર્ભ શ્રીમંત હોવા છતાં તેમની જ્ઞાનનિષ્ઠા અપૂર્વ હતી. ગુજરાત વિષે તેમને અમાપ મમતા હતી. દેશના રાજકારણમાં તેઓ સીધા પડેલા નહોતા. પણ રાજકારણની સર્વ વિગતોથી તેઓ સંપૂર્ણ વાકેફ હતા. દેશની આઝાદીની તમન્ના તેમના દિલમાં પણ એટલી જ પ્રજ્વલિત હતી. પંડિત માલવીયાજીએ તો તેમને હિંદુ યુનીવર્સીટીના મુખ્યપદે સ્થાપિત કર્યા હતા. ગાંધીજી સાથેનો પણ તેમનો નાતો બે કુટુંબીજનો વચ્ચે હોય તે કરતાં પણ વધારે

હતો. તેમની સાથેના સંબંધનું વર્ણન કરતાં ગાંધીજીએ તો એ હદ સુધી જણાવેલું કે અમારો સંબંધ આશક માશુક જેવો છે. જે મહાનુભાવે ગાંધીજીના દીલને પણ આટલું બધું જીતી લીધેલું તે મહાનુભાવની સંસ્કારકોટિ કેટલી ઉચ્ચ હશે તે શબ્દોમાં સમજાવી શકાય તેમ છે જ નહિ. કોઇ પુછે કે ભારતીય સંસ્કૃતિનો તમારા ગુજરાતમાં ઉત્તમ પ્રતિનિધિ કોણ ગણાય તો આપણા મોઢે એક જ નામ આવે આનંદશંકરભાઇનું.

ગુજરાતી સાહિત્યની આનંદશંકરભાઇએ કરેલી સેવા અનેકવિધ અને અજોડ છે. તેઓ વર્તમાન ગુજરાતી ગદ્યના સ્વામી તેમજ સૂત્રધાર છે. તેમની લેખિનીમાંથી ઝરેલું ગદ્ય લાલિત્ય તેમજ ગાંભીર્યથી ભરેલું છે. 'વસન્ત' માસિક સાથે તેમનું નામ સદાને માટે જોડાયલું છે. તેમના જેવી તલસ્પર્શી, વિદ્વતાપૂર્ણ અને અનેક પ્રદેશોને સ્પર્શતી નોંધો લખનાર આજે તો કોઇ જોવામાં આવતું નથી.

તેમનું આખું વ્યકિતત્વ અસામાન્ય હતું. તેઓ પંડિત હતા અને સાથે સાથે પુરા વ્યવહારદક્ષ હતા. તેઓ તત્વવિવેચક હતા અને એમ છતાં પુરા રસાળ હતા. આટલું અગાધ પાંડિત્ય ધરાવનાર સાધારણ રીતે ઓછાબોલા હોય છે. આનંદશંકરભાઇ પુરા મળતાવડા, ભારે વિનોદી અને ઉલટું ન બોલનારને બોલતા કરે તેવા વાર્તાલાપકુશળ હતા. તેમની પાસે બેસવું એટલે તેમની સદા વહેતી જ્ઞાનગંગામાં તરબોળ થવું. તેમનું પાંડિત્ય કદાચ અન્યત્ર જોવા મળશે; પણ તેમની પ્રાકૃતિક પ્રસન્નતા તો વિરલ જ જોવા મળે. આ પ્રસન્નતાની પાછળ તેમનું ઉચ્ચ ચારિત્ર અને અપ્રતિમ શીલ રહેલાં હતાં. બહુ નાની ઉમ્મરે પત્ની ગુમાવવા છતાં અને અનેક બાજુનાં દબાણ અને પ્રલોભન હોવા છતાં તેમણે પોતાનું એકપત્નીવ્રત અખંડિત રાખ્યું હતું. ગીતાજીમાં સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો રજુ કરવામાં આવ્યા છે તેમાંનાં કેટલાંક આનંદશંકર ભાઇના પરિચયમાં આવનારને અનુભવ ગોચર થયા વિના રહેતા નહિ.

કોઇ તેમને સૌજન્યમૂર્તિ કહે, કોઈ તેમને સંસ્કારમૂર્તિ કહે; કોઇ તેમને ધર્મમૂર્તિ કહે. આ બધું તેઓ અમુક રીતે જરૂર હતા પણ તેમને એકજ સમાસમાં જો ઓળખાવવા હોય તો તે માટે તો 'સમન્વયમૂર્તિ' સમાસ જ યોગ્ય છે. તેમનું આખું જીવન, વિચારસરણિ, સાહિત્યદૃષ્ટિ, લૌકિક વ્યવહાર, તત્વદર્શન-સર્વ કાંઇ સમન્વય બુદ્ધિ ઉપર જ રચાયલાં હતાં. તે નહોતા જુના વિચારના કે નહોતા નવા વિચારના, નહોતા પૌર્વાત્ય તત્વજ્ઞાનના આંધળા ઉપાસક કે પાશ્ચાત્ય તત્વજ્ઞાનના લેશમાત્ર ઉચ્છેદક. ક્ષીરનીરન્યાય એ તેમના સર્વ આચારવિચારનો સાર હતો. એટલા માટે જ જુના વિચારના લોકો તેમને ચાહતા અને નવા વિચારના લોકો પણ તેમના તરફ સદા આકર્ષાયલા રહેતા.

તેઓ છેલ્લાં છેલ્લાં ડીસેંબર માસમાં મુંબઇ આવેલા ત્યારે બે ચાર વખત તેમને મળવાનું બનેલું. તે વખતે તેમને એકજ અસંતોષ ખુબ પીડયા કરતો હતો કે દેશની ગુજરાતની આવી વિષમ સ્થિતિમાં આજે પોતાથી કશું જ થઇ શકતું નથી. નબળા પડેલા શરીરે નિપજાવેલી અસહાયતા આ રીતે તેમને વિષાદમગ્ન બનાવી દેતી. તેમની સાથેના વાર્તાલાપ દરમિયાન તેમણે મને એક વાત જણાવેલી કે 'મેં જૈન ધર્મને કદિ જુદો કે પારકો માન્યો કે કલ્પ્યોજ નથી. જૈન ધર્મ હિંદુ ધર્મનીજ એક બાજુ છે એમ હું હંમેશાં કહેતો અને માનતો આવ્યો છું. તેથીજ જૈન સમાજની દરેક પ્રવૃતિમાં હું ખુબ રસ લેતો આવ્યો છું.'

આવી એક અનુપમ માનવવિભૂતિ આપણી વચ્ચેથી આજે સરી ગઇ. તેઓ વૃદ્ધ હતા; શરીરે વિકળ થતા જતા હતા; મૃત્યુ કોઇ [illegible]જે તો આવે જ ને? કોઇપણ વૃદ્ધના અવસાન સમયે આપણે આ રીતે આશ્વાસન લઇ [illegible]મને સહેલાઇથી ભુલી જઇએ છીએ. પણ આનંદશંકર [illegible] સંબંધે આવું આશ્વાસન આપણ[illegible] મદદરૂપ બનતું નથી. સૂર્યનો અસ્ત થાય ત્યારે આપણે ગ્લાનિ અનુભવ્યા વિના રહી શકતા નથી. આસપાસના પ્રદેશન[illegible] કરતી કોઇ દીવાદાંડી ઓલવાઇ જાય ત્યારે ચોતરફ [illegible] અંધકાર જ ફેલાઇ જાય છે. આનંદશંકરભાઇનું પરલોકગ[illegible]થી જ કોઇ શુન્યતાનું-અંધકારનું-સંવેદન આપણા ચ્[illegible]ચિત ઉપર ઉપસ્થિત કરે છે. આનંદશંકર ભાઇ[illegible] પ્રસન્ન મુખમુદ્રા હવે જોવા મળવાની નથી. તેમન[illegible]ળાવાની નથી-આમ આપણું દિલ પોકારી ઉઠે છે. [illegible]લું જ આશ્વાસન લેવાનું રહ્યું કે તેઓ આપણ[illegible]ભૂમિમાં [illegible] બધાં સંસ્કારબીજો મુકી ગયા છે કે તેમાંથી જ કાળાન્તરે કોઇ બીજો આનંદશંકર પાકશે અને આજે પડેલી ખોટ ત્યારે જરૂર પુરાશે.

## ક્રીપ્સ સાહેબ આવ્યા અને ગયા,
## આપણે તો આખર હતા ત્યાંના ત્યાં.

બ્રીટીશ પ્રધાન મંડળના સભ્ય સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સ હિંદી પ્રજા સાથે સુલેહ સમાધાની થઇ જાય અને આજના વિશ્વવિગ્રહમાં હિંદી પ્રજા પુરેપુરો સહકાર આપે એ હેતુથી આજની રાજકીય મહાગાંઠનો ઉકેલ કરનારી સરકારી દરખાસ્તોનો એક ખરીતો લઇને હિંદુસ્થાન આવ્યા, દીલ્હી ઉતર્યા, દેશના ભિન્નભિન્ન રાજકીય પક્ષોના અનેક આગેવાનોને મળ્યા અને કેટલીયે ચર્ચા કરી. સરકારી દરખાસ્તો લડાઇ પછીની રાજકીય નવરચના કેમ કરવી તેને લગતી જ અનેક વિગતોથી ભરેલી હતી. તેમાં આજને તબકકે તાત્કાલિક કોઇ મહત્વના ફેરફારોનું કશું સૂચન નહોતું સિવાય કે પાછળની પ્રેસની મુલાકાતમાં ક્રીપ્સસાહેબે બે ત્રણ બાબતો સૂચવી હતી કે વાઇસરોયની આખી કારોબારી સમિતિ રક્ષણ ખાતાના અધિકારી સિવાય ભિન્નભિન્ન પક્ષોના પ્રતિનિધિઓની બને તથા બ્રીટીશ પ્રધાન મંડળમાં તેમજ પેસીફીક વોર કાઉન્સીલમાં પણ હિંદનો એકએક પ્રતિનિધિ બેસે. લડાઇ પછી આખા દેશનું નવું બંધારણ ઘડવા માટે અમુક રીતે પ્રજા પ્રતિનિધિ મંડળ (Constituent Assembly) ઉભું કરવું અને તે મંડળ જે બંધારણ ઘડે તે સરકારે મંજુર રાખવું. આ લડાઇ પછીના સમય પરત્વે સરકારની મુખ્ય દરખાસ્ત હતી અને તેમાં પ્રજાની માગણીનો મહત્વનો સ્વીકાર હતો. પણ સાથે સાથે બીજીપણ એવી બે ચાર બાબતો હતી કે જેનું પરિણામ બકરું કાઢતાં ઉંટ પેસવા જેવી દેશની સ્થિતિ રખેને થઇ ન બેસે એવી કોઇને પણ આ શંકા થયા વિના ન રહે. પ્રસ્તુત પ્રજાપ્રતિનિધિ મંડળમાં જુદા જુદા દેશી રાજ્યોના એટલેકે રાજાઓના જ નીમેલા પ્રતિનિધિઓ લગભગ તેત્રીશ ટકા બેસે એવી ગોઠવણ હતી. આ રચનામાં દેશી રાજ્યની પ્રજાના પ્રતિનિધિત્વને કશો અવકાશ જ નહોતો. બીજું ઉપર જણાવેલ પ્રજાપ્રતિનિધિમંડળ મહેનત કરીને આખા દેશને લાગુ પડતું એક બંધારણ તૈયાર તો કરે, પણ ત્યારબાદ જો કોઇ પ્રાન્ત અથવા તો દેશી રાજ્યને આવા સમુહતંત્ર (Union) માં ન જોડાવું હોય તે પ્રાન્ત તેમજ દેશી રાજ્યને અલગ રહેવાની છુટ આપવામાં આવી હતી. આવા અલગ રહેતા પ્રાન્તો એકત્ર થઇને પોતાનું સ્વતંત્ર

સમુહતંત્ર ઉભું કરી શ... અલગ રહેતા દેશી રાજ્યોએ તો અંગ્રેજ સરકાર સાથેજ સીધા જોડાયલા રહેવાનું. આનું પરિણામ હિંદુસ્થાનના અનેક ભાગલા થાય અને એક નહિ પણ અનેક પાકીસ્તાનો અને 'અલ્સ્ટરો' આ ...શા દેશમાં ઉભાં થાય. આખો દેશ એક, અખંડ આઝાદ બ... ...તો કેવળ સંભાવના અને સ્વપ્નાની જ વાત બની જાય.

ક્રીપ્સની સૌથી વધારે વાટાઘાટ ... સાથે જ ચાલી કારણકે કોંગ્રેસ સાથે સ... ...ધાન થાય તો જ આગળ ચાલી શકાય તેવી આપણા દેશ... ...તે છે. કોંગ્રેસની કારોબારી સમિતિના ઘણાખરા સભ્... ...કોઇપણ વ્યવહારૂ અને સ્વમાન જાળવનારૂં સમાધાન ... ...ઠીક ઠીક આતુર હતા. ગાંધીજી શરૂઆતમાં આવ્યા ... ચાલ્યા ગયા. આખી સરકારી યોજના પા... ...પ્રાય હતો તે હજુ સત્તાવાર બહાર ... પણ યુદ્ધમાં સાથ ન આપવો એ ... ...ર લડાઇ બાદ દેશને સ્વાધીન બનાવવાની ખા... કે આશ... ...ર વર્તમાન યુદ્ધમાં સહકાર આપવાની સૂચનાને સ્વીકારે એ સંભવિત લાગતું નથી. આ વખતની વાટાઘાટના સૂત્રધાર કોંગ્રેસ પક્ષે રાષ્ટ્રપતિ અબુલ કલામ આઝાદ અને પંડિત જવાહિરલાલ નેહરૂ હતા. કોંગ્રેસે પોતાના ઠરાવમાં ભાવી રાજ્યબાંધારણની યોજના સામે મહત્વના વાંધાઓ રજુ કર્યા એમ છતાં પણ વધારે ભાર તો તત્કાળ સરકાર શું કરવા માંગે છે એ બાબત ઉપર જ મુક્યો.

આજની રચનામાં એવા મહત્વના ફેરફાર કરવામાં આવે કે જેથી પ્રજાને એમ ખરા દિલથી ભાસે કે આ લડાઇ અમારી છે અને જાપાન આવતાં અમારી આઝાદી જ લુંટાઇ રહી છે તો જ પ્રજાનો વર્તમાન યુદ્ધમાં સાચો અને સંગીન સહકાર શકય બને અને તે માટે તો વાઇસરાયની આખી કારોબારી સમિતિ હિંદીઓની બનવી જોઇએ અને હિંદી રક્ષણની કુલ જવાબદારી હિંદી સભ્યના હાથમાં સોંપાવી જોઇએ. તે માટે પ્રસ્તુત કારોબારીના કોઇ પણ નિર્ણયને વાઇસરોય ઠેલી શકે નહિ એવો સંકેત સ્વીકારાવો જોઇએ. તથા સેક્રેટરી ઓફ સ્ટેટનું હિંદી વહીવટમાં ચાલુ દખલ કરનારૂં ખાતું બંધ થવું જોઇએ. વાટાઘાટો ખુબ ચાલી. આજને તબક્કે રક્ષણની જવાબદારી તો હિંદી સેનાધિપતિના માથે જ હોઇ શકે એમ સરકાર તરફથી દલીલ કરવામાં આવી. રક્ષણખાતાની કઇ કઇ બાબતો હિંદી સભ્યને આપી શકાય અને કઇ કઇ બાબતો અંગ્રેજ સેનાધિપતિને હસ્તક રહે એને લગતી પણ કોઇ વ્યવહારૂ ભૂમિકા શોધવાનો ઠીક ઠીક પ્રયાસ થયો. પણ આખી વાટાઘાટનો સાર એ આવ્યો કે મુખ્ય સત્તાની ચાવીઓ પોતાના હાથમાં રાખીને લડાઇ પછીની આશાઓ ઉપર સરકાર પ્રજાનો એટલે કે પ્રજાના રાજકીય પક્ષોનો સહકાર માંગતી હતી. આવી સરકારી દરખાસ્તોનો માત્ર કોંગ્રેસે જ નહિ પણ મોસ્લેમ લીગે, હિંદુ મહાસભાએ તેમજ બીજા પણ અનેક પક્ષોએ પણ પોતપોતાના કારણોસર અસ્વીકાર કર્યો અને ક્રીપ્સ સાહેબ નિષ્ફળ નીવડી પોતાને વતન વિદાય થયા.

વાસ્તવિક મૂળભૂત સત્તાઓ છોડવી નહિ અને અમે તમને હવે બધી સત્તાઓ લગભગ આપી દઇએ છીએ એવો ભાસ પ્રજામાનસમાં ઉત્પન્ન કરવો—આવી સરકારી નીતિ જોતાં નીચેની બેત યાદ આવે છે.

"મજલીસ અપની, સાકી ઉનકા;
આંખે અપની, બાકી ઉનકા."

પરમાનંદ.

# મહાવીર: માનવ દૃષ્ટિએ.

## વ્યક્તિ અને તેનું વ્યક્તિત્વ

અગાઉ કોઇ પણ વખતે શ્રી મહાવીરનો જેટલો ખપ માનવજાતને હતો તે કરતાં આજે વધુ છે. જગતમાં સળગી ઉઠેલી ભયંકર આગમાં બળતી માનવતા પ્રતિક્ષણે તેની પ્રતીક્ષા કરી રહેલ છે કે તે કયારે જાગે? શ્રી મહાવીર વ્યક્તિ તરીકે ભૂતકાળમાં સમાઇ ગયા, પણ જગતમાં કામ કરે છે ભગવાન મહાવીરનું વ્યક્તિત્વ, મહાવીરનું મહાવીરપણું. આ જ્યારે અને જ્યાં જાગે ત્યાં અને ત્યારે મહાવીરનો પૂનર્જન્મ થાય છે, આપણા હૈયામાં તે પુનઃ જાગૃત થાય છે: આ વ્યક્તિત્વની—મહાવીરપણાની—જાગૃતિ અને સ્મૃતિ કાયમ પ્રજાને તાજીને તાજી જ રહે તે માટે તેમની જયન્તી પ્રતિવર્ષે ઊજવવામાં આવે છે. જો તેના જીવનના સર્વ માન્ય પ્રેરણાદાયક તત્વો પ્રજાના જીવનમાં પુનઃ જાગૃત થઇ શકે તો આ જાગૃતિ માનવીને મહાવીરપણા તરફ લઇ જાય તે ચોકકસ છે.

કોઇ મહાપુરૂષની જયન્તી તે વ્યકિતને જીવતી નથી કરતી, પણ તેના વ્યકિતત્વને સદા સજીવન રાખે છે અને જેટલા પ્રમાણમાં તે સજીવન બનતી રહે તેટલા પ્રમાણમાં જયન્તી સફળ ગણાય છે.

આ વ્યક્તિત્વ શું હતું, કેવી રીતે વિકસ્યું હતું અને જગતને તેનો વારસો સોંપતા સોંપતા તે શોધનારને કેટલું ભોગવવું પડયું હતું તેનો થોડો વિચાર કરીએ તો અવશ્ય સમજી શકાય કે તે પરમ પિતાનો વારસો સ્વીકારી તેના સાચા વારસદાર બનવું તદ્દન સરળ કાર્ય નથી. જેમ વારસો આપનાર મહાન પિતાએ આ વ્યક્તિત્વને કેળવવા વર્ષો સુધી જાતને જલાવી હતી, દેહદમન કરી કાયા પીસી નાખી હતી અને બાહ્ય તેમજ આંતરિક, ઘરના અને પરના અનેક આકરા આંચકા અનુભવ્યા હતા, તેમ તેનો વારસદાર પણ જો કે સહન કરવા, તપ કરવા તૈયાર ન હોય સદાય જાગૃત ન હોય અને પોતાની જાતને લાગતા અનેકવિધ આંચકાઓ ખમવાની તેનામાં પુરી તાકાત ન હોય, તો તે વારસો જાળવી પણ શકાય નહિ કે કદિ ફળદાયક નીવડે નહિ અને તે વારસો આપનારની વફાદારી કે ઋણમુકિત સંભવે નહિ.

વ્યકિતના વ્યકિતત્વને પૂર્ણપણે સમજવા માટે અને તેનો ક્રમશઃ વિકાસ જાણવા માટે તે વ્યકિતને ચડી ગયેલાં આભુષણો અલંકારો અને લેપને દૂર કરવા જોઇએ. આપણી રૂઢ કે શાસ્ત્રોકત વાતોને બાજુ ઉપર મૂકી શ્રી મહાવીરને પ્રભુ તરીકે, ભગવાન તરીકે, કે કળિકાળ સર્વજ્ઞ કેવળી તરીકે દેખ્યાં કરતાં આપણા જેવા જીવનવાળા, આપણા જેવીજ જીવનની જરૂરિયાતવાળા આપણા જેવાજ જીવનકલહ સામે ઝુઝતા, આપણા જેવીજ સંસારિક ઘટમાળમાં અટવાઇ ગયેલા અને કાળનું કહેણ આવ્યે આપણી માફક જ જીવનયાત્રા પુરી કરનારા એક સામાન્ય માનવી તરીકે નિહાળવાથી આપણને તેમના માનવોચિત નૈસર્ગિક ગુણોનો વિકાસ કેવી રીતે થયો, કેવી રીતે આડે આવતી અંતરાયોની દીવાલોને તેમણે ઓળંગી અને કેવી રીતે અટપટા સંસારમાં પોતાનો માર્ગ સરળતા અને સફળતાપૂર્વક કાઢી અન્ય માટે તેઓ પગદંડી મુકતા ગયા તેનો ખરો ખ્યાલ આવી શકે. પ્રભુ તરીકે, દેવપુત્ર તરીકે જોતાં આપણે તેના જીવનની ચમત્કૃતિથી આલ્હાદ પામીએ, કે કદાપિ તેમને પૂજીએ, પણ આદર્શ ન પામી શકીએ; તેને અનુસરી જીવન ધન્ય ન બનાવી શકીએ.

### માનવ આદર્શ

સામાન્ય પ્રજા વિકટ અને કષ્ટસાધ્ય કે અસામાન્ય લાગતા કાર્ય નેજ 'ચમત્કાર' લેખે છે અને કવિઓ, લેખકો, કે ભકતજનોએ લગાવેલ અલંકારો અને રૂપકોને વગર વિચાર્યે 'લીલા" ગણે છે, જેથી લાંબા વખતે તે વ્યકિતમાં રહેલી ખરી માનવતા ઢંકાઇ જઇ તેમાં 'ઇશ્વરીઅંશ' "Superhumam Element" દાખલ થઇ જાય છે. આમ બનતાં સામાન્ય પ્રજા માટે તે વ્યકિત માર્ગદર્શક કે અનુસરવાયોગ્ય રહેતી નથી. તેના ગુણો કે કાર્યો વ્યવહારૂ આદર્શ બની શકતા નથી, માત્ર પૂજવા યોગ્ય જ રહે છે. પરિણામે એ વ્યકિત આ લોકની મટી ઇતર લોકની બની જાય છે. માનવીનો આદર્શ માનવી છે અને માનવ જાતને માનવ તરીકે જ ઉદ્ધારી શકાય-તે વાત કદી ફલિત થતી નથી.

ચમત્કાર અને અલંકારો કે ભક્તિના અતિરેકે ઉભી કરેલ અસ્વાભાવિક બાબતો સાચી ધર્મપ્રીતિ, સાચી સિધ્ધાંતપ્રીતિ અને માનવશક્તિના ખરા ખ્યાલનો નાશ કરે છે, માનવમાં વધુ પામરતા પ્રસરાવે છે અને માનવજાતની નબળાઇને કાઢવા સરજાયેલ તે વ્યક્તિના જીવનકાર્યને માનવજાત માટે નિરર્થક અને વિકૃત બનાવી દે છે.

આટલી ચર્ચા નાસ્તિક દૃષ્ટિથી નથી કરી, પરંતુ આપણા જેવા જ જીવનવાળો આપણો માનવબંધુ પ્રબળ પુરૂષાર્થ, પ્રેમ, સત્ય, ત્યાગ, તપ અને ચારિત્રબળથી કેટલો મહાન બની શકે છે, હજારો વર્ષો સુધી જીવવા જેવો ચિરંજીવી થઇ શકે છે અને અનેકના હૈયામાં વસી રહેવા જેવો બહુવ્યાપી અને કલ્યાણકારી નીવડી શકે છે, તે મહાન સત્ય બતાવવાના હેતુથી તેમજ માનવી અનેક શકિતઓનો ગુણોનો સ્વામી છે, પુરૂષાર્થ વડે તે સર્વ શકિતઓ, ગુણો પ્રગટ થઇ શકે છે અને એકની પ્રગટ થયેલી માનવશકિત અનેકમાં શકિત જન્માવે છે તેનો સાક્ષાત્કાર કરાવવાના હેતુથી તેમજ ઇશ્વરી શકિત કે ભગવાનની લીલા નીરખી જાણી રાચી શકાય છે કે પુજી શકાય છે, તેનાં ગુણગાન કરી કૃતકૃત્ય બની શકાય છે, પણ એ તો ઇશ્વરી શકિત છે, તે ચાહે તે કરી શકે છે એવા નક્કી કરી રાખેલા નિર્ણયથી તે શકિત કે લીલા કદી જીવનમાં સ્થાન લઇ શકતી નથી તે નકકર સત્ય બતાવવાની શુભ ભાવનાથી જ ઉપરની ચર્ચા કરવામાં આવી છે. જગત માટે માનવ આદર્શ જ ઉપકારક અને અને માર્ગદર્શક છે, ઇશ્વરી લીલા નહિ. તે આજે કોઇએ ભૂલવા જેવું નથી.

નરોત્તમોમાં પુરૂષસિંહોમાં હંમેશાં કંઇ પ્રેરણાદાયી જીવનતત્વ અને જીવનસંદેશ હોય છે, તેનું પ્રત્યેક કાર્ય માનવસમાજ માટે જરૂર કંઇ આપી શકે તેમ હોય છે, તે તત્વ મેળવવા માટે તે મહાપુરૂષોને અનુસરનારાઓ અને તેને પૂજનારાં ભકતો જો તેમના જીવનના પ્રત્યેક કાર્યને કે બીનાઓને ચમત્કાર તરીકે ગણાતી વાતોને અને ઉક્તિઓને માત્ર અંધશ્રધ્ધાથી ન દેખતાં તેને વિચારપૂર્વક તપાસે તો તેઓને ખાલી ચમત્કારને બદલે સાચો જીવનપ્રેરક ચમત્કાર ત્યાં દૃષ્યમાન થાય છે.

### ગર્ભપરિવર્તન એક રૂપક જ છે

શ્રી મહાવીરના જીવન માટે એક આશ્ચર્યકારક ઘટના પ્રચલિત છે કે તેનું ગર્ભપાલન એક બ્રાહ્મણી માતાના ગર્ભાશયમાં થયું હતું. પણ દેવોએ તે ગર્ભને ત્યાંથી ખસેડી ક્ષત્રિય માતાના ગર્ભાશયમાં મુકયો. એટલે તે ક્ષત્રિય તરીકે જન્મ્યા. આ વાતને ચમત્કાર તરીકે કે તેવા નામે આજે ઓળખવામાં આવે છે; પરન્તુ તાત્વિક કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરીએ તો એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આવી વાત સંભવિત છે ખરી ? તે ગર્ભ ફેરવવાની શી જ[illegible]ર હતી ? તીર્થંકર થવા સરજાયેલ બાળકના ગર્ભને ધારણ કરે[illegible]રી માતા તો પરમ ભાગ્યશાળી જ હોય. આવી પુણ્યમયી, ભાગ્યશાળી માતાની ખાતર તો ગર્ભને ત્યાંથી ફેરવી બીજી માતાના ગર્ભાશયમાં મૂકવાની જરૂર ન હોય. ત્યારે આ વસ્તુ સમજવી કેમ એ એક કે [illegible] આખો પ્રસંગ અમુક વસ્તુ સુચવ[illegible] એક રૂપક હોય [illegible] લાગે [illegible]થી વિચાર કરતાં [illegible] પડશે કે બ્રાહ્મણી [illegible]તા એટલે કે જ્ઞાનમૂર્તિ પાસેથી પોષણ મેળવા[illegible] ક્ષત્રિય માતા એટલે કર્મમૂર્તિ, શૌર્ય[illegible] મૂર્તિ પાસેથી પોષણ મેળ[illegible] સુચવતું આ એક રૂપક જ છે. જ્ઞાન લીધા પછી તેને [illegible]ત કરવા માટે, કર્મવાદી શુરવીર, મર્દ થવું જરૂરતું છે. [illegible] જ્ઞાનની એટલે બ્રાહ્મણ ભૂમિકા વિતાવી ક્ષત્રિય એ[illegible] ભૂમિકામાં તે બાળકને પ્રવેશ કરાવ્યો એટલોજ અ[illegible] લાગે છે. માનવ સમાજ આ વાતમાંથી એ [illegible] એકલા જ્ઞાનમાં પડ્યા રહેવાથી જીવનવિકાસ નથી [illegible] જ્ઞાન ક[illegible]માં પરિણમવાથી જ વિકાસ સંભવે છે. [illegible] 'મહા[illegible]રની બે માતાઓ' એટલે જ્ઞાનપ્રેરણા અને કર્મપ્રેરણા—આ જાતનું રૂપક છે. એમ માનવાથી આપણને એક પ્રેરણા મળે છે કે કર્મ વિના જ્ઞાન કામનું નથી. આ રૂપકને કેવળ ચમત્કાર તરીકે લેખવાથી આપણને કશું તત્વ પ્રાપ્ત થતું નથી.

### સંસારી જીવન

શ્રી મહાવીર પ્રભુને પણ માતાપિતા, બંધુ અને તેવા અનેક જાતના સ્નેહે ખેંચ્યા હતા અને સંસારત્યાગ કર્યા પહેલાં તેમને અનેક મંથનો થયાં હતાં, અનેક ચિતનશીલ રાત્રીઓ તેમણે વિતાવી હતી; અનેક જાતના રાગ અને ત્યાગની વચ્ચે માનસિક પરિભ્રમણ કર્યું હતું. ઉપકારક માતાપિતા અને વાત્સલ્યમય ભ્રાતાને તજવાં કે વૈરાગ્યની વૃત્તિ તજવી ? આ મથામણ ખૂબ થઇ હતી. રાગ જાણ્યા વિના ત્યાગ કેમ જણાય ? ત્યાગીજીવનની પૂર્ણતા માટે લાલસાના આખરના કણને સંતોષ્યા વિના, તૃપ્ત કર્યા વિના વાસના કેમ મરે ? માયાનું જોર જાણ્યા વિના તેની સાથે કેમ લડાય ? આવા આવા અનેક પ્રશ્નો તેમને ઉઠ્યા; માનસિક યુદ્ધ ચાલ્યું; અંતે આ સંગ્રામમાંથી તેઓ આરપાર નિકળી ગયા. માતાપિતાની આજ્ઞાએ અને બંધુપ્રેમે તેમને સંસારી બનાવ્યા. એક સંતાનના તેઓ પિતા પણ બન્યા. સંસારમાં તેમણે રાગ જાણ્યો અને તેને ત્યાગી પણ જાણ્યુ. તેમણે સંસાર ભોગવ્યો પણ તેનો મેલ જીવનને લાગવા ન દીધો. વૈભવ વિલાસ માણ્યો છતાં પણ તેમાં આસકિત ન જામવા દીધી. આ શ્રી વર્ધમાન કુમારનું સંસારક્ષેત્રમાં વીરપણું; આ સંસારનો અનુભવ ભવિષ્યમાં જ્યારે શ્રી ચતુર્વિધ સંઘનું નિયમન કરવાનું આવ્યું ત્યારે તેને અતિ ઉપયોગી થયો.

તેમની યુવાનીનો કાળ અતિ ચિંતનશીલ, અને અભ્યાસી હશે; રાજવીજીવન, ગૃહસ્થજીવન, પતિજીવન, પિતાજીવન, પુત્રજીવન, બંધુજીવન આવું અનેકવિધ સાંસારિક જીવન તેમણે આ સમયે જાણ્યું હશે: સંસારના દુઃખદર્દો અને વિકૃતિઓ તેમણે નજરે નિહાળ્યાં હશે; ત્યાર પછી જ સાધુજીવન—ત્યાગી જીવન અગર તો વિશ્વજીવન તેમણે શરૂ કર્યું અને એ દુઃખો અને વિકૃતિઓનો ઉપાય વિચાર્યો અને જગતને બતાવ્યો. આ ઉપાય તે જ જૈનધર્મ. તેમના જીવનમાં જે જે અગત્યના બનાવો બન્યા છે તે તેમના પ્રબળ પુરૂષાર્થને જ અનેક રીતે પ્રગટ કરે છે. તે સૌમાં તેમણે માનવોચિત પુરૂષાર્થ જ દાખવ્યો છે. ક્યાંય પણ તેઓ માનવીસહજ પ્રીતિ કે કર્તવ્યપંથેથી ભાગ્યા નથી. તેમણે સદા માનવજીવનમાંથી જ પ્રેરણા મેળવી છે.

સારી જીવનની શેષ રહેલી વાસના મારવા
ભૂમિકા તૈયાર કરવા તેણે ઇંદ્રિય નિગ્રહ,
યળનો જ આશરો લીધે છે. રસાસ્વાદ
કે જીવવાનું વ્રત, પગ ઉપર પરિભ્રમણ
ત્યાગ૦ પૂર્ણપણે પાળી પોતાના આત્માને
અને તે રીતે તેમ જગતને બતાવ્યું
માત્ર ભૂમિ પ્રથમ તૈયાર કરવી જોઇએ
ર્મળ કર્યો છે ત્યાગધારણ કરવા જોઇએ
કાર્યસિદ્ધિ માટે યો
અને તે કરવા માટે ઇન્દ્રિયા અને તે વખતે તેમણે દાખવેલી
અને પરવશતા તજવી જો આજે જગતને કહે છે કે
ભરવાડ સાથેનો પ્ર બધું મર્દાનગીથી ભોગવી
સહનશીલતા, પ્રેમમયત ાં પણ પોતાનું સ્થાન જાળવી
ધ્યેયમાં ચૂક્યા વિ
જાણનાર. ાતાવરણમાં અમીધારા ફેલાવી શકે છે.
શકે
શાસ્ત્ર છે કે સ્વી મહાવીરે પોતાનું ભક્તિભાવે કરવા તયાર થનાર ઇન્દ્રની સેવાનો અસ્વીકાર કરતાં તેને સંબોધીને કહ્યું હતું કે 'ભાઇ તું તારે માર્ગે જા, મને તારી મદદની જરૂર નથી.' મારો કોઇ દુશ્મન નથી મને કોઇના પણ રક્ષણની જરૂર નથી. આ વીરવાણી આત્માના અસલ બળની અચુક નિશાની છે તે તેમની નિજાનંદી મસ્ત દશા સૂચવે છે.

ચંડકોસી નાગનો પ્રસંગ તેના પ્રેમતત્વની બલિષ્ટતા દાખવે છે. આવા પ્રસંગે તેમણે દૈવી શક્તિનો ઉપયોગ કર્યો હોત તો જગત્ ચમત્કારથી અંજાત પણ આવા અસાધારણ ઉદાત્ત પ્રેમ અને સમભાવના અમૂલ્ય બોધપાઠથી જગતની જનતા વંચિત રહેત. સાધુ જીવનની પરાકાષ્ટાએ પહોંચ્યા પછી પણ આપસ આપસમાં થએલ મતભેદ અને તેના પરિણામ રૂપે ઉભો થએલો પોતાનાજ ઘરનો દુશ્મન ગોશાળો અને તેના ભયંકર પ્રચાર-કાર્ય સામે ભગવાન મહાવીરે દાખવેલું સૌજન્ય અને પરિણામે ગોશાળાનો પશ્ચાતાપ—આ બધી બીનાઓ આજે પણ જગતને કહે છે કે "તમારા માર્ગમાં અનેક વિઘ્નો ઉઠશે, તમારા પોતાના વૃંદમાં ભિન્ન ભાવના કદાપી જાગ્રત થશે, તમારા માર્ગમાં અનેક અંતરાયો નંખાશે અને સ્થાનભ્રષ્ટ થઇ જવાય તેવાં કારસ્થાનો ઉભા થશે; છતાં પણ પ્રેમ, દયા, અને સહિષ્ણુતાપૂર્વક વાસ્તવિકતાને દઢપણે વળગી રહેવાથી આખરે તમારો માર્ગ નિષ્કંટક બનશે.

**કેવળ જ્ઞાન**

ઉત્તરાવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાની વાત આવે છે. આ કેવળજ્ઞાનને શાસ્ત્ર ભલે ગમે તે રીતે વર્ણવે; પરંતુ માનવતાની દ્રષ્ટિએ તો એમ જ કહેવાય કે અનુભવને અંતે વાસનારહિત, પ્રેમમય નિર્મળ આત્મામાં જે આંતરદષ્ટિ ખુલ્લે છે તે જ કેવળજ્ઞાન. આ દૃષ્ટિ કોઇ દૈવી ચમત્કાર નથી, પરન્તુ પ્રબળ પુરૂષાર્થ, પવિત્રતા, વીતરાગ દશા, અનુભવ અને ચિંતનનું જ પરિણામ છે. આ જ્ઞાન માનવીને જ થાય છે. માનવી પૂર્ણ બને છે ત્યારે ચમત્કાર જેવી લાગતી અનેક બાબતો તેને સહજ પ્રાપ્ત થાય છે. શ્રી મહાવીર પ્રભુ કેવળી હતા; તેમના કાળમાં તેઓ યુગદ્રષ્ટા હતા. શ્રી મહાવીરનું સમગ્ર જીવન એક સામટી રીતે જોઇએ તો જણાશે કે તે પૂર્ણ ક્રાન્તિવાદી હતું. તે સમયે ચાલતી પ્રથામાં, વિચારસરણીમાં, ભાષામાં અને સાંસારિક રીતો કે જે તેના પુરોગામીઓએ, પૂર્વજોએ શરૂ કરી હતી તેમાં જ્યારે તેમણે વિકૃતિ નિહાળી, અનર્થપૂર્ણતા નિહાળી અને વિકાસ માર્ગમાં અંતરાય રૂપ ભાસી ત્યારે તેમણે તેની સામે બળવો પોકાર્યો, જગતને નવો સંદેશો આપ્યો, દેશભરમાં પરિભ્રમણ કરી તે વખતની લોકભાષામાં લોકોને કહ્યું કે જુની પ્રથાને પલટો. સંસારની રચના સ્વાર્થમય, હિંસામય અને અસત્યમય બની છે તેનો ત્યાગ કરો. ધર્મના નામે, પ્રભુના નામે, મોક્ષના નામે અનેક અત્યાચારો અનર્થો સેવાઇ રહેલા છે તેને નિર્મૂળ કરો; જુનો માર્ગ કોણે શરૂ કર્યો તેની પરવા ન કરો. ખોટું છે તે છોડો અને સાચા માર્ગને ગ્રહણ કરો. તેમણે જગતને નવી જીવનરીતિ બતાવી, નવી દૃષ્ટિ આપી. તેમના માર્ગમાં અનેક અંતરાયો હતા. પ્રતિદિન નવીનવી મુશ્કેલીઓ જુનવાણી જગત અને પાખંડી ધર્માચાર્યો ઉભી કરતા હતા, પરંતુ તેમણે તો તેનો સબળ સામનો કર્યો. તેમ કરતાં વર્ષો સુધી તેમણે ઉગ્ર તપ કર્યું, અનેક યાતનાઓ ભોગવી અને સમગ્ર જીવન સાધનાની સિદ્ધિરૂપ જગતને જૈન ધર્મ આપ્યો. આ રીતે આખું જીવન એક માનવ તરીકે જ પૂર્ણ કરી તેઓ ચિર નિદ્રામાં પોઢયા.

તેમના આખા જીવનમાં પ્રબળ પુરૂષાર્થ અને ખડકવત્ અડોલતા જ તરવરે છે, તે પ્રેમસાગર, દયાસાગર, જ્ઞાનસાગરને ભલે શાસ્ત્ર મહાવીર ભગવાન કહેતા હોય, ભલે ભક્તો તેજ સ્વરૂપે પૂજતા હોય, ભલે તેમના ચમત્કારભર્યા જીવનથી દુનિયા અંજાઇ જતી હોય, પરંતુ જગત માટે તો તેઓ એક પ્રખર પુરૂષાર્થી માનવ સિંહ, નરોત્તમ હતા.

શ્રી મહાવીર પ્રભુના જીવન ઉપરથી એક વાત જગતને જાણવા મળે છે કે—

"પ્રાણી માત્ર સાથેની મૈત્રી ભાવના અને જગદ્વ્યાપી અભયમય વાતાવરણ માનવજાતનું અનન્ય લક્ષ્ય હોવું જોઇએ. એ લક્ષ્યસિદ્ધિના અહિંસા અને સત્ય સાધન માર્ગ છે. દાન, શિયળ, તપ અને ભાવના અહિંસા અને સત્યની ભૂમિકા છે. આ જેનામાં છે તે જૈન છે, તે વિજયવંત છે."

શ્રી મહાવીર પ્રભુએ આવું જીવન જીવી બતાવ્યું અને તે આદ્યન્ત એક માનવી તરીકે માવન સંસારમાં.

**વૃજલાલ ધરમચંદ મેઘાણી**

## પ્રાર્થનાનું પ્રભુત્વ.

જો તમે ખરા દિલથી પ્રાર્થના કરવાની ટેવ પાડો તો તમારૂં આખું જીવન મૂળમાંથી અને કોઇનું પણ ધ્યાન ખેંચે તેવી રીતે પરિવર્તન પામ્યા વિના રહેશે નહિ. પ્રાર્થનાની આપણા આચરણ અને વ્યવહાર ઉપર સચોટ છાપ પડયા વિના રહેતી જ નથી. જેનું આન્તર જીવન પ્રાર્થના વડે સમૃદ્ધ બન્યું હોય તેની રીતભાતમાં એક પ્રકારની સમતા અને તેની આકૃતિ અને શરીર ઉપર ચોક્કસ પ્રકારની શાન્તિની છાયા દૃષ્ટિગોચર થઇ આવે છે; તેની ચેતનાના મૂળમાં એક દીપક પ્રગટે છે અને તે વડે માણસ આત્મસાક્ષાત્કાર કરે છે; પોતાની સ્વાર્થમયતા, બેવકુફીભરી અહંતા, ભય, લોભ, અને અન્ય ત્રુટિઓનું તેને સહજમાં ભાન થાય છે. તેનામાં નૈતિક જવાબદારીનું ભાન ઉગે છે અને બૌદ્ધિક નમ્રતા તે અનુભવે છે. આ રીતે ઇશ્વરકૃપાની પ્રાપ્તિની દિશાએ આત્માનો પ્રવાસ શરૂ થાય છે.

પ્રાર્થના ગુરૂત્વાકર્ષણ જેવી એક વાસ્તવિક શક્તિ છે. ડાકટરી બધા ઉપચારો નિષ્ફળ નીવડયા બાદ માત્ર પ્રાર્થનાના ગંભીર પ્રયત્ન વડે વ્યાધિ અને વેદનામાંથી મુક્ત થતા અનેક માનવીઓને મેં એક ડાકટર તરીકે જાણ્યા તેમજ જોયા છે. કહેવાતા કુદરતી કાનુનોને પણ પરાસ્ત કરે તેવી આ દુનિયામાં તે એક જ શક્તિ છે. પ્રાર્થના દ્વારા નીપજતા આવા બનાવોને 'ચમત્કાર' તરીકે ઓળખવામાં આવે છે. પણ જે નરનારીઓએ અનુભવ્યું છે કે ચાલુ દૈનિક જીવનમાં એક સરખી રીતે ટકાવી રાખે તેવું અખૂટ બળ તેમને પ્રાર્થના દ્વારા મળી રહ્યું છે તેમના અન્તરમાં સ્થાયી અને શાન્તતર ચમત્કાર હરઘડી બન્યાજ કરે છે.

[અંગ્રેજી પરથી અનુવાદિત] **એલેકસીસ કેરલી એમ. ડી.**

# અમદાવાદમાં ચોકીઆત દળ

મુંબઇમાં વાતો સાંભળેલી કે અમદાવાદમાં પોળોની ચોકી કરવા દરેક પોળમાં ચોકીઆત દળ ઉભું કરવામાં આવે છે. મને એ વાતથી નવાઇ લાગેલી. અમદાવાદમાં હિંદુ મુસ્લીમ હુલ્લડ વખતે જેઓ ડરપોક બની ભયના માર્યા લપાતા છૂપાતા ધરભેળા થવા માટે અનેક યુકિતઓ વાપરતા એવા અમદાવાદી શહેરીઓ ચોકી કરવા નીકળે એ ન માની શકાય તેમ હતું. પણ લગભગ પંદર દિવસ પહેલાં મારે અમદાવાદ જવાનું થયું. અમદાવાદમાં મુંબઇ જેવો જ કડક અંધારપટનો કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. સાંજના દિવાબત્તી પછી ખાસ જરૂરી કામ સિવાય કોઇ પોળની બહાર જતું જણાતું નથી. એથી જ ધણા ઓછા માણસોની અવરજવર હોય છે. દશ વાગ્યા પછી તો ભાગ્યે જ માણસો જતા આવતા મળી આવે. મેં લગભગ દશ બાર પોળોની મુલાકાત આવા વખતમાં લીધી હશે. દરેક પોળમાં [illegible] મોટાઓમાંથી મરજીઆત સ્વયંસેવકોની ભરતી કરવામાં આવે છે અને એમાંથી નાયક વિગેરેની ચૂંટણી થાય છે. પોળોની વસ્તી અને મોટાઇના પ્રમાણમાં અમુક સંખ્યામાં સ્વયંસેવકો ચોકી પહેરા માટે બોલાવવામાં આવે છે. ઘણુંખરૂં ૧૦થી ૧ અને ૧ થી ૫ વાગ્યા સુધી એમ બે ટુકડીઓને વારાફરતી ચોકી કરવાની હોય છે. હંમેશાં જે સ્વયંસેવકોને ચોકી કરવા હાજર થવાનું હોય છે તેમનાં નામ દરેક પોળની મુખ્ય અને તુરત નજરે પડે એવી જગ્યાએ ભીંત ઉપર સ્લેટ જેવો રંગ કરી તે ઉપર લખવામાં આવે છે. એ ઉપરાંત એ ભીંતનો ચોકી દળની સભાઓ તેમજ બીજી જરૂરી બાબતો જણાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જે સ્વયંસેવકો ચોકી કરવા માટે આવે છે તેઓ બબ્બે ત્રણ ત્રણની ટુકડીમાં પોળના અંદરના ભાગોમાં ખુણા ખચકામાં વારા ફરતી આંટાઓ મારે છે. આ રાતના ચોકીઆત દળની અમદાવાદ શહેરમાં લગભગ ધણા ખરા વિભાગોમાં ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદની ગુજરાત પ્રાંતીક સમિતિએ આ રીતે એક પણ પાઇનું ખરચ કર્યા સિવાય અમદાવાદના રહીશોમાં અસાધારણ જાગૃતિ અને ચંચળતા ઊત્પન્ન કરી છે. પોળના નાના મોટા સૌ કોઇ–ગરીબ કે શ્રીમંત–આ કાર્યમાં રસ લઇ રહ્યા છે અને પુરો સહકાર આપી રહ્યા છે. આ રીતની પ્રવૃત્તિ જો લાંબા વખત સુધી નિયમસર ચાલ્યા કરે તો અમદાવાદની પ્રજાને માટે નિર્માલ્યતાની જે છાપ છે તે જરૂર નિકળી જશે અને પ્રજામાં મર્દાનગી ખીલી ઉઠશે. શહેરની બહાર એલીસ બ્રીજ વિગેરે જગાએ છુટા છુટા બંગલાઓ છે ત્યાં પણ સોસાયટીઓએ ભેગા મળીને એક સુંદર ચોકીદળ ઊભું કરવાની યોજના હાથ ધરી છે. આ ચોકીદળ ઊભું કરવામાં વકીલો, ડાકતરો, મીલ માલેકો, અને સુખી શ્રીમંતો રસ લેઇ રહ્યા છે. તેથી એ યોજના પણ જરૂર સફળ થશે એમ-આશા રખાય છે.

આવતી આફત કે જે સૌને માટે સરખી છે એ આફતને પહોંચી વળવાના ઉપાયો આપણે શોધી લઇએ અને તે મુજબ બધા સાથે મળીને અમલ કરીએ તો જે આફતો આપણને ધણી ભયંકર લાગે છે તે આફતો પછી ધણી નાની બની જાય છે અને આપણે તેનો સામનો કરવાની શકિત ધરાવતા થઇએ છીએ. પછી આપણને એ આફત ડરાવી શકતી નથી. મુંબઇના શહેરીઓને અને નાગરીક દળને આવી યોજના જરૂર વિચારવા અને મનન કરવા જેવી છે. [illegible] ગોઠવણ કરવા પાછળ ખુબ પરિશ્રમ થશે તો થોડા ખરચે ઘણું સારૂં [illegible] લાવી શકશે. [illegible] શિ

ગામડામાં [illegible]તા ભાઇઓએ પણ [illegible] ગામડામાં પણ [illegible] કરાવવાની હિલચાલ કારણ કે શહેર[illegible] તાં ગામડામાં કાંઇ ત્યાંની વસ્તીમાંથી ઘણા ભા[illegible] હાથ ધરવાની જરૂર છે.

## સંઘ

### 'પ્રબુદ્ધ જૈન' ત્રણ વર્ષ પુરાં ક[illegible]

આ અંક સાથે 'પ્રબુદ્ધ જૈન' ત્ર[illegible] વર્ષ પુરાં કરે છે. ઉત્તરોત્તર વિકાસ પામતું 'પ્રબુદ્ધ જૈન' તેના વાંચકો અને ગ્રાહકોની એકસરખી સેવા કરતું આવ્યું છે. અને લડાઇને અંગે વધતી જતી મોંઘવારીએ અને ફરતા જતા સંયોગોએ પણ તેના કદ કે સ્વરૂપમાં હજુ સુધી જરા પણ ઊણપ આવવા દીધી નથી. પણ હવે તો વિગ્રહનો પંજો આપણા દેશ ઉપર ફેલાઇ ચુકયો છે. અને મુંબઇનું જીવન પણ જોખમાતું જાય છે. આ વિષમ સંયોગની સામે થઇને પણ 'પ્રબુદ્ધ જૈન' ને ચાલુ સ્વરૂપમાં નિયમિત રીતે પ્રગટ કરતા રહેવાનો અમારો પ્રયાસ રહેશે જ. એમ છતાં પણ પલટાતી પરિસ્થિતિ આ નિયમિતતા જાળવવા ન દે અને 'પ્રબુદ્ધ જૈન' અમે વખતસર પ્રગટ કરી ન શકીએ તો 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકો અને વાંચકો અમને ઉદારતાથી નીભાવી લેશે એવી અમે આશા રાખીએ છીએ.

**તંત્રી 'પ્રબુદ્ધ જૈન'**

### પુસ્તકાલયના વાંચકોને

આજે સૌ કોઇ જાણે છે કે મુંબઇની પરિસ્થિતિ દિનપ્રતિદિન જોખમાતી જાય છે. આવા સંયોગમાં પણ સંઘના પુસ્તકાલય તેમજ વાંચનાલય બને ત્યાં સુધી ખુલ્લાં જ રાખવામાં આવશે અને તેનો લાભ ચાલુ વાંચનારાઓને મળતો રહેશે. આમ છતાં પણ જે ભાઇઓ પુસ્તકાલયનો લાભ લેતા ન હોય અથવા લઇ શકે તેમ ન હોય તેમને ડીપોઝીટ બુક પાછી આપીને પોતપોતાની ડીપોઝીટની રકમ પાછી લઇ જવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

**મંત્રી, પુસ્તકાલય વાંચનાલય.**

## સાભાર સ્વીકાર

રૂા. ૨૫ શ્રી. ચીમનલાલ દેસાઇની કું.

રૂા. ૫ શ્રી. સેવન્તીલાલ મથુરાદાસ

**'મહાવીર વાણી'** સંગ્રાહકઃ પંડિત બેચરદાસ જીવરાજ દોશી

પ્રકાશકઃ **સસ્તા સાહિત્ય મંડળ**

કોનોટ હાઉસ, ન્યુ દીલ્હી.

**મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨